પ્રકૃતિનાં લાડકવાયાં

પંખીઓ

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

બે રૂપિયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

‘સસ્તુ’ સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું’ સાહિત્ય’

પ્રકૃતિનાં લાડકવાયાં

પંખીઓ

[મહાગુજરાત અને મુંબઈનાં
પક્ષીઓનો સચિત્ર પરિચય]

★

લેખક :
વિજયગુપ્ત મૌર્ય

★

મુનિરાજ શ્રી લલિતાંગ વિજયજી
પુસ્તક સંગ્રહ.

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ-૨

★

બે રૂપિયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું' સાહિત્ય'

પ્રકૃતિનાં લાડકવાયાં

પંખીઓ

[મહાગુજરાત અને મુંબઈનાં
પક્ષીઓનો સચિત્ર પરિચય]

★

લેખક :
વિજયગુપ્ત મૌર્ય

★

મુનિરાજ શ્રી લલિતાંગ વિજયજી
પુસ્તક સંગ્રહ

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠેઃ ભદ્ર પાસે અમદાવાદ અને પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

★

બે રૂપિયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સં. ૨૦૧૩ : : : : આવૃત્તિ ૨૭

[સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.]

2100-2-'57

મુદ્રક અને પ્રકાશક : ત્રિભુવનદાસ ક૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય, ઠે. રાયખડ : : અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુસ્તક સંગ્રહ.

નિવેદન

આ પુસ્તકની આ નવી આવૃત્તિ ઘણા સુધારાવધારા સાથે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ આવૃત્તિમાં પક્ષીઓના પરિચય સાથે જ જે તે પક્ષીનું ચિત્ર મૂકવામાં આવ્યું છે. ઉપરાંત કેટલાંક બીજાં પક્ષીઓનો સચિત્ર પરિચય પણ નવેસરથી ઉમેરીને આપવામાં આવ્યો છે.

સર્વોપયોગી સાહિત્યશ્રેણીના આ ૨૬મા પુસ્તક રૂપે આની પ્રથમ આવૃત્તિ પ્રકટ થયેલી. આ શ્રેણી દ્વારા સામાન્ય જનોને ઉપયોગી વિવિધ પ્રકારનાં પુસ્તકો સાદી, સરળ અને રોચક શૈલીમાં આપવામાં આવેલાં છે. અને તેને આજ સુધી ઘણો સારો આવકાર મળ્યો છે.

આ પુસ્તક જળમાં તથા જમીન પર વસનારાં પક્ષીઓની આસપાસ ગૂંથાયેલું છે. જમીન તથા જળમાં વસનારાં પક્ષીઓ વિષે આપણું અજ્ઞાન આ પુસ્તક દ્વારા દૂર કરવા પ્રયત્ન કરવામાં આવેલ છે. આપણી વચ્ચે વસનારાં પક્ષીઓને પણ આપણે પિછાની નથી શકતા! પક્ષીઓમાં આપણે રસ લઈ તેમને ઓળખતા થઈશું તો આનું પ્રકાશન સાર્થક થયું ગણાશે.

આગલી આવૃત્તિ કરતાં આ આવૃત્તિમાં અક્ષરનાં બીબાં નાનાં લીધાં હોવા છતાં શુમારે ૭૫ પાનાંનું વધુ લખાણ ઉમેરાયું છે. આમ છતાં પુસ્તકની કિંમત બે રૂપિયા રાખવામાં આવી છે.

આશા છે કે આ આવૃત્તિ પક્ષીજગતના રસિયાઓને તથા અન્ય વાચકોને વધુ ઉપયોગી નીવડશે.

મુંબઈ,
તા. ૧૨–૨–'૫૭

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ વતી
મનુ સુબેદાર (પ્રમુખ)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રસ્તાવના

છ વર્ષનો કાળ કંઈ ટૂંકો નથી, તેમ છતાં એટલા સમયમાં ગુજરાતી ભાષામાં પક્ષીઓ વિશે લખાયેલા પુસ્તકની અઢી હજાર પ્રત ખપી જાય અને તેની માંગ ચાલુ રહે તે એમ બતાવે છે કે વિજ્ઞાનનાં વિવિધ ક્ષેત્રો પ્રત્યે આપણી અભિરુચિ કેળવાતી જાય છે.

પશ્ચિમની પ્રજામાં પક્ષીઓ વિશે એટલો બધો શોખ છે અને એટલું બધું આકર્ષક સાહિત્ય છે કે તેની સરખામણીમાં આપણે તો બહુ જ શુષ્ક વૃત્તિની પ્રજા કહેવાઈએ. પ્રાચીન કાળથી આપણે ત્યાં પણ પક્ષીશોખ ખીલ્યો હતો. આપણા સાહિત્યમાં પક્ષીઓ ગૂંથાયેલાં છે. આયુર્વેદમાં પક્ષીઓના ઔષધીય ગુણોનું વર્ણન છે. શિકારી પક્ષીઓને પાળીને તેમના દ્વારા શિકાર કરવાની રોમાંચક કળા આપણે ત્યાં ખીલી હતી. લડાવવા માટે, સંદેશા મોકલવા માટે, સંગીત સાંભળવા માટે, ટહુકા સાંભળવા માટે, આપણી બોલીનું અનુકરણ સાંભળવા માટે, સૌંદર્ય જોવા માટે, સહચાર માટે, એમ વિવિધ હેતુથી આપણે જાતજાતનાં પક્ષીઓ પાળતા હતા. એ રીતે આપણે ઘણી જાતનાં પક્ષીઓથી અને તેમની રહેણીકરણીથી પરિચિત હતા. પરંતુ ગુલામી અને ગરીબીના કારણે એ શોખ મરી પરવાર્યો.

અંગ્રેજોમાં એક મહાન અનુકરણીય ગુણ છે. ફરજ કે શોખ તેમને દુનિયાના કોઈ પણ ભાગમાં લઈ જાય. પછી એ બરફસ્તાન હોય કે રેગિસ્તાન (રણ) હોય, જંગલ હોય કે પહાડ હોય, તેની પ્રજા અને પ્રકૃતિનો તેઓ તલસ્પર્શી અભ્યાસ કરશે. હિંદમાં તેઓ હવામાન, પશુ, પક્ષી, જીવડાં, જળસૃષ્ટિ, વનસ્પતિ, ભૂસ્તર વગેરે તમામ પ્રકૃતિનો તલસ્પર્શી અભ્યાસ કરીને ઉત્તમ સાહિત્ય મૂકી ગયા છે.

પશ્ચિમના દેશોમાં જેવું વિપુલ અને સોંઘું પક્ષીસાહિત્ય છે તેવું આપણે ત્યાં નથી. તેમ છતાં શ્રી સાલિમઅલીનાં અંગ્રેજી પુસ્તકો તથા શ્રી ધર્મકુમારસિંહજીનું અંગ્રેજી પુસ્તક લેખન અને રંગીન ચિત્રસમૃદ્ધિની દૃષ્ટિએ ઉત્તમ છે. હિંદનાં પક્ષીઓ વિશે શ્રી સાલિમઅલીએ લખેલું પુસ્તક રૂપિયા ૧૬થી ૨૦ની કિંમતે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સોળ વર્ષમાં છઠ્ઠી આવૃત્તિમાં પહોંચ્યું એ બતાવે છે કે આપણા દેશમાં આ ઉમદા શોખ જાગૃત થતો જાય છે.

પ્રકૃતિ વિશે લખાયેલાં પુસ્તકોમાં નૈસર્ગિક રંગે છપાયેલાં ચિત્ર અનિવાર્ય છે. પરંતુ ગુજરાતી ભાષામાં રંગીન ચિત્રોવાળાં પુસ્તકો ક્યારે છપાશે તે કોણ કહી શકે? તેમ છતાં અનિવાર્ય મર્યાદાઓમાં રહીને પણ આ પુસ્તકને શક્ય એટલું વધુ ઉપયોગી અને લોકભોગ્ય બનાવવાનો પ્રયાસ પ્રકાશક સંસ્થાએ અને મેં કર્યો છે. મહાગુજરાત અને મુંબઈનાં પક્ષીઓમાંથી ઘણાંખરાં પક્ષીઓ દેશના મોટા ભાગમાં પણ વ્યાપક છે.

ગુજરાતી ભાષામાં પ્રકૃતિવિજ્ઞાનનું ક્ષેત્ર વ્યવસ્થિત રીતે ખેડવાની પહેલ બે દાયકા પહેલાં શ્રી હરિનારાયણ આચાર્યે કરી. 'વનેચર'ના વિનમ્ર ઉપનામથી એ વિદ્વાને 'કુમાર'માં પક્ષીઓ વિશે જે લેખમાળા લખી એ હજી ગ્રંથસ્થ નથી થઈ. એથી ગુજરાત એક ઉત્તમ ગ્રંથથી વંચિત રહ્યું છે. શ્રી હરિનારાયણ આચાર્યે સ્થાપેલા ગુજરાત પ્રકૃતિ મંડળે તેમના તંત્રીપદે 'પ્રકૃતિ' નામનું ત્રૈમાસિક મુખપત્ર શરૂ કર્યું હતું. થોડાંક વર્ષોની મજલ પછી તે અટકી પડ્યું. એમાં શ્રી હરિનારાયણે ગુજરાતની પ્રકૃતિ વિશે જે સાહિત્ય આપ્યું છે તે અમૂલ્ય છે. તેમણે વહેતી કરેલી આ જ્ઞાનગંગાનો ગુજરાતની ઉદાસિનતારૂપી રેતીમાં લોપ થઈ ગયો, એ અફસોસની વાત છે. વ્યક્તિગત રીતે મારે શ્રી હરિનારાયણ આચાર્ય પ્રત્યે ઋણસ્વીકાર કરવો જોઈએ, કારણ કે પ્રકૃતિનો વ્યવસ્થિત અભ્યાસ કરવાની પ્રેરણા મને એ પંડિત પાસેથી મળી.

'જન્મભૂમિ' અને 'જન્મભૂમિ-પ્રવાસી'ના તંત્રી શ્રી સોપાનને પ્રકૃતિવિજ્ઞાન પ્રત્યે રુચિ ન હોત તો તેમની સાથે મારો પરિચય કદાચ ન થાત. આમ હું પક્ષીની પાંખે ચડીને 'જન્મભૂમિ' પત્રોના તંત્રીમંડળમાં જોડાયો એમ જ મારે કહેવું જોઈએ. 'પ્રવાસી'ના છેલ્લા પાના પર વર્ષો સુધી મેં 'પ્રકૃતિનાં લાડકવાયાં'ના શીર્ષક નીચે પક્ષીપરિચયના લેખો લખ્યા હતા, અને એ લેખો એવા લોકપ્રિય બન્યા કે શ્રી સોપાને તે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આશ્રયે ગ્રંથસ્થ કરવાનો વિચાર કર્યો. તે માટે બધું લખાણ મેં ફરીથી લખી આપ્યું અને આ પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રકટ થઈ.

પહેલી આવૃત્તિમાં મહાગુજરાતનાં ૧૨૫ જેટલાં સામાન્ય પક્ષીઓનો પરિચય હતો. પુસ્તક વધુ ઉપયોગી અને લોકભોગ્ય થાય તે માટે આ બીજી આવૃત્તિમાં ટાઈપ નાના કરીને અને પાનાં વધારીને ૩૫૦ જેટલાં પક્ષીઓનો પરિચય આપવામાં આવ્યો છે. વ્યાપક પક્ષીઓનો વિસ્તારથી અને લોકનજરે ઓછાં ચડે એવાં પક્ષીઓનો ઊડતો પરિચય કરાવવામાં આવ્યો છે. થોડાંક વધુ ચિત્રો આપવામાં આવ્યાં છે અને છેડે કક્કાવારી અનુક્રમણિકા આપવામાં આવી છે. આમ પુસ્તકમાં વધુ સાહિત્ય સમાવવા માટે પ્રકાશકોએ સગવડ અને સમય આપ્યાં તે માટે મારે તેમનો આભાર માનવો જોઈએ. તેમ છતાં મને આ પુસ્તકથી સંતોષ તો નથી જ થયો, કારણ કે પત્રકારિત્વની જંજાળમાંથી માંડ માંડ બચાવેલા સમયમાં હું પુસ્તકમાં સુધારાવધારા કરી શક્યો, નવેસરથી ન લખી શક્યો.

પક્ષીઓના તૈયાર બ્લોક આ બીજી આવૃત્તિમાં પણ 'જન્મભૂમિ' સંસ્થાએ વાપરવા આપ્યા તે માટે એ સંસ્થાનો આભારી છું.

પક્ષીઓનાં નામ પસંદ કરવામાં મેં કેટલીક મૂંઝવણ અનુભવી છે. ગુજરાતી ભાષામાં થોડાં જ પક્ષીઓનાં નામો છે, અને સ્થાનભેદે એક પક્ષી જુદા જુદા નામે પણ ઓળખાય છે. જે પક્ષીઓનાં ગુજરાતી નામો નથી તેમનાં હિંદી નામો અપનાવવામાં આવ્યાં છે. જુદા જુદા અભ્યાસીઓએ અપનાવેલાં હિંદી નામોમાં પણ સંપૂર્ણ એકવાક્યતા નથી, કારણ કે હિંદીમાં પણ સ્થાનભેદે એક પક્ષી જુદા જુદા નામે ઓળખાય છે. આમ આપણાં પક્ષીઓનાં નામોનું Standardization કરવું હવે અત્યંત જરૂરી છે.

શ્રી હરિનારાયણ આચાર્યે 'પ્રકૃતિ'માં મહાગુજરાતનાં પક્ષીઓનાં નામોની એક ઉપયોગી યોદી આપી છે. મારા સ્નેહી શ્રી. પદ્મકાન્ત દેસાઈએ સૌરાષ્ટ્રનાં પક્ષીઓની એક યાદી મને આપી હતી. તે પછી શ્રી પદ્મકાન્તે મહાગુજરાતનાં પક્ષીઓનાં નામોની યાદી તૈયાર કરી. તેમાં તેમણે કેટલાંક પક્ષીઓનાં યોગ્ય ગુજરાતી નામ યોજ્યાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. ગઈ સદીમાં ડૉ. જર્ડને ઘણાં પક્ષીઓનાં હિંદી નામ આપ્યાં હતાં. આ પુસ્તકમાં નામો પસંદ કરવામાં મેં આ બધા સાહિત્યની સહાય લીધી છે, તેનો ઋણસ્વીકાર કરું છું. નામોનું Standardization થાય અને બધા અભ્યાસીઓ એકસરખાં નામ અપનાવે એ હવે જરૂરી છે.

પહેલી આવૃત્તિ પ્રકટ થઈ ત્યારે મહાગુજરાતમાં શ્રી સાલિમ-અલીએ માત્ર કચ્છનાં પક્ષીઓનું અન્વેષણ કરી 'કચ્છનાં પક્ષીઓ' નામનું અંગ્રેજી પુસ્તક પ્રકટ કર્યું હતું. તે પછી તેમણે ગુજરાતનાં પક્ષીઓનું અન્વેષણ કરીને તેમની યાદી બોમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીના મુખપત્રમાં પ્રકટ કરી છે અને ગુજરાત સંશોધન મંડળે તે ગ્રંથસ્થ કરી છે. પક્ષીઓના અઠંગ અભ્યાસી ભાવનગરના કુમાર શ્રી ધર્મકુમારસિંહજીએ સૌરાષ્ટ્રનાં પક્ષિઓનું અન્વેષણ કરી જે મૂલ્ય-વાન ગ્રંથ પ્રકટ કર્યો તે રંગીન ચિત્રો અને મુદ્રણકળાની દૃષ્ટિએ પણ એટલો ઉત્તમ છે કે ભારત સરકાર તરફથી એ ગ્રંથને પારિતોષિક મળ્યું છે. આમ મહાગુજરાત અને મુંબઈમાં કયા વિસ્તારમાં કયાં પક્ષીઓ વસે છે અથવા ઋતુઋતુમાં આવે-જાય છે તેનું ચિત્ર હવે આપણી સમક્ષ સ્પષ્ટ થયું છે.

શ્રી ધર્મકુમારસિંહજીના અંગ્રેજી પુસ્તક માટે શ્રી સોમાલાલ શાહે જે નૈસર્ગિક રંગોમાં મહાગુજરાતનાં પક્ષીઓનાં ચિત્રો તૈયાર કરી આપ્યાં છે તે ગુજરાતની ચિત્રકળામાં અજોડ છે. આમ મહા-ગુજરાતનાં પક્ષીઓના અન્વેષણ, અભ્યાસ અને આલેખનમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે, અને જો મહાગુજરાતની પ્રજા પક્ષીઓમાં વધુ ને વધુ રસ લેતી રહેશે તો આ પ્રગતિ ઉત્તરોત્તર વધતી જશે.

આ પુસ્તકની મર્યાદાનું મને ભાન છે. ચિત્રોની દૃષ્ટિએ તે વધુ નબળું છે. તેમ છતાં ગુજરાતી સાહિત્યમાં આટલાં બધાં પક્ષીઓનો પરિચય આપનાર આ એક જ પુસ્તક છે, અને તે પણ કેટલું બધું મોંઘું! જો આ પુસ્તક લોકોમાં પક્ષીઓ પ્રત્યે કુતૂહલ, જિજ્ઞાસા અને અભિરુચિ પ્રેરવામાં સહાયરૂપ થશે, તો તેનું પ્રકાશન સાર્થક ગણાશે.

'જન્મભૂમિ' ભવન,
મુંબઈ, તા. ૪-૨-૧૯૫૭

વિજયગુપ્ત મૌર્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પક્ષી પરિચય

ગુલામીનાં બસો વર્ષ દરમ્યાન ગરીબી, અજ્ઞાન અને જંજાળમાં પડીને આપણે આપણાં એક વખતનાં લાડકવાયાં પંખીડાંને સાવ ભૂલી ગયાં. પ્રાચીનકાળથી પંખી આપણે ત્યાં ઘરઘરનાં માનીતાં હતાં. કોઈને રૂપાળાં પંખીનો શોખ હતો, કોઈ ગાનારાં પંખી પાળતા, કોઈ બોલકણાં પંખીને વસાવતા, કોઈ શિકારી પંખીઓને શિકાર પર છોડવા માટે પાળતા. આયુર્વેદમાં વિવિધ પક્ષીઓના ઔષધીય ગુણો વર્ણવેલા છે. આપણું લોકસાહિત્ય બતાવે છે, કે આપણા જીવનમાં પક્ષીઓ કેવાં ઓતપ્રોત હતાં. કબૂતરો સંદેશવાહક તરીકે કામ કરતાં. એ શોખ, એ કળા, એ વિદ્યા, બધું આપણે ભૂલી ગયા. આપણે જ્ઞાન સાથે આનંદ પણ ગુમાવ્યો. સદ્‌ભાગ્યે અંગ્રેજોએ આપણા દેશની વિપુલ પક્ષી-સમૃદ્ધિનો તલસ્પર્શી અભ્યાસ કર્યો અને આપણા માટે અમૂલ્ય વારસો મૂકી ગયા છે. આપણા પક્ષીશાસ્ત્રીઓમાં શ્રી સાલિમઅલીએ અભ્યાસ અને સંશોધન વડે જગતમાં નામના મેળવી છે.

પક્ષીઓનો ઋતુપ્રવાસ

પક્ષીનિરીક્ષણનો શોખ જ્ઞાન સાથે આનંદ આપે છે; અને પક્ષીજગતની અનેક અજાયબીઓ અભ્યાસીને તાજુબ કરે છે. દુનિયામાં એક મહાન અજાયબી કહી શકાય એ છે પક્ષીઓનો ઋતુપ્રવાસ. આપણે ત્યાં પંચાંગની નિયમિતતાથી ભાદરવા–આસોમાં ઉત્તર એશિયા અને યુરોપમાંથી વિવિધ જાતનાં અસંખ્ય પક્ષીઓ આવે છે અને ચૈત્ર માસમાં તેઓ પ્રજનન માટે પોતાના વતનમાં પાછાં ઊડી જાય છે. આ આગમન અને નિર્ગમનમાં એટલી બધી નિયમિતતા અને ચોકસાઈ છે, કે એનું નજરે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નિરીક્ષણ ન કરીએ તો માનવામાં ન આવે. છેક જર્મની, સ્કેન્ડીનેવિયા અને સાઈબેરિયાથી પંખીઓ નિયમિત રીતે અહીં આવે અને નિયમિત રીતે પાછાં જાય એ શું જેવી તેવી અજાયબી છે? નવાઈની વાત તો એ છે, કે જયારે તેઓ પોતાના વતનથી નીકળે છે, ત્યારે ત્યાં હજી શિયાળાનાં પગરણ નથી થયાં હોતાં, એટલું જ નહિ પણ કેટલાંક પક્ષીઓનાં બચ્ચાં આગળ જાય છે અને માબાપ પાછળથી નીકળે છે. કોઈનાં મા-બાપ આગળ જાય છે અને બચ્ચાં પાછળથી આવે છે. આ બચ્ચાંઓને કોણ કહે છે કે તેઓએ શિયાળો ગાળવા ઉષ્ણ પ્રદેશોમાં જવાનું છે? અને તેમને માર્ગ કોણ બતાવે છે? વળી દર વરસે આ યાયાવર પંખીઓ ભૂલા પડ્યા વિના નિયત સ્થાને કેવી રીતે પહોંચે છે? તેમને રસ્તો કોણ બતાવે છે? પ્રકૃતિની આ મહાન અજાયબી છે. આ વિષયનો પરિચય આપવો હોય તો એક પુસ્તક ભરાય. પક્ષીજગતમાં આવી તો અનેક અજાયબીઓ છે.

પંખી કોણ કહેવાય?

જેને પાંખ હોય તે બધાં પંખી નથી. કેટલાંક જીવડાંને અને અંધાછાપા તથા વડવાગળાંને પણ પાંખો છે, પણ તેઓ પંખી નથી. પંખીને શરીરે પીછાં છે અને મોંમાં દાંત નથી. તેઓ ગંધ ભાગ્યે જ પારખી શકે છે, બધાં પક્ષીઓમાં સ્વાદેન્દ્રિય એકસરખી નથી ખીલી, પણ તેમની દષ્ટિ તેજસ્વી અને કાન ખૂબ ચપળ છે. એમના શરીરની ગરમી આપણા શરીરની ગરમી કરતાં બેથી ચાર ડિગ્રી વધારે હોય છે, અને તેમનાં પીછાં એવાં મંદવાહક છે કે અતિશય ગરમી અને અતિશય ઠંડી તેઓ સહન કરી શકે છે.

પક્ષીઓનું ઉડ્ડયન જોઈને માણસે તેનું અનુકરણ કરી વિમાનો બનાવ્યાં; પરંતુ ક્યાં પંખીના ઉડ્ડાણની પરિપૂર્ણતા અને ક્યાં વિમાનની ત્રુટીઓ! વિવિધ પક્ષીઓના ઉડ્ડયનનો અભ્યાસ માણસને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અખૂટ આનંદ આપે છે. એવાં પક્ષીઓ પણ છે કે જેઓ દિવસો-ના દિવસો સુધી સતત ઊડ્યા કરે તોપણ ન થાકે! એમની પાંખોના સ્નાયુઓમાં કેવી પ્રચંડ તાકાત હશે!

સૃષ્ટિના આયોજનમાં પક્ષીસૃષ્ટિનું સ્થાન અનિવાર્ય છે. એક કારખાનામાંથી એક ચક્ર કાઢી લેવામાં આવે તો બધું સાંચાકામ ખોરવાઈ જાય, તેમ પક્ષીઓનું પણ છે. પક્ષીઓ ન હોત તો માણસને અનાજ ખાવા ન મળત; કારણ કે અનાજનો નાશ કરનારાં જીવડાં-નો અને ઉંદરોનો નાશ પંખીઓ કરે છે. પક્ષીઓ ન હોત તો આપણી પૃથ્વી પર વનસ્પતિ કેટલી હોત? કારણ કે ફૂલોમાં સ્ત્રીકેશર અને પુંકેશરનું મિલન કરાવીને ફળાવવાનું અને ખી વગડામાં વેરીને વનસ્પતિનો ફેલાવો કરવાનું કામ પક્ષીઓ પણ કરે છે.

સૃષ્ટિની રચનામાં આવું અગત્યનું સ્થાન ધરાવતા પક્ષી-વંશનો પરિચય મેળવવો હોય, તો આપણે તેમની ઓળખાણ પદ્ધતિસર કરવી જોઈએ.

પ્રાણીસૃષ્ટિ વિષે સાચો ખ્યાલ મેળવવો હોય તો એ સૃષ્ટિમાં કયા પ્રાણીનું ક્યાં સ્થાન છે અને વિવિધ પ્રાણીઓને પરસ્પર શું સગપણ છે તે સમજવું જોઈએ. એટલા માટે પ્રાણીસૃષ્ટિનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આમાં પક્ષીઓનું સ્થાન કયે ઠેકાણે છે તેનો ખ્યાલ મેળવવા આપણે આ વર્ગીકરણમાં વિભાગી-કરણ કેવી રીતે કરવામાં આવ્યુ છે તે જોઈએ. સમગ્ર સજીવસૃષ્ટિ (Animal-kingdom) સમુદાય(Phylum)માં, સમુદાયને વંશ(Class)માં, વંશને વંશશાખા(Sub-class)માં, વંશ-શાખાને વર્ગ(Order)માં, વર્ગને વર્ગશાખા(Sub-order)માં, વર્ગશાખાને યૂથ(Group)માં, યૂથને ગણ(Tribe)માં, ગણને વિભાગ(Section)માં, વિભાગને કુળ(Family)માં, કુળને કુળ-શાખા(Sub-family)માં, કુળશાખાને ગોત્ર(Genus)માં અને ગોત્રને જાતિ અથવા યોનિ(Species)માં વહેંચી નાખવામાં

આવેલ છે. આ સજીવ જગત(Animal–kingdom)માં, પૃષ્ઠ-વંશવત્ (Vertebrata) એટલે કે કરોડરજ્જુ ધરાવનારા સમુદાય(Phyllum)માં પક્ષીઓનો વંશ(Class) છે.

આ પુસ્તકમાં પક્ષીઓનો પરિચય શાસ્ત્રીય વર્ગીકરણના ક્રમમાં નથી આપ્યો, કારણ કે તેમાં શુષ્કતા આવવાનો ભય હતો. એટલે આપણે ફરવા નીકળ્યા હોઈએ અને જે રીતે પક્ષીઓ જોવા મળે તે રીતે તેમને ઓળખાવવામાં આવ્યાં છે. આ રીતે કયાં પક્ષીઓ ક્યાં જોવાની અપેક્ષા રાખવી તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે, છતાં વિવિધ પક્ષીઓને પરસ્પર શું સગપણ છે તે જાણવું જરૂરી છે. પક્ષીને ઓળખવા માટે પણ તે જરૂરી છે. એક વખત તમે અમુક પક્ષી કયા વર્ગનું કે કુળનું છે એ જાણો એટલે તેની જાતિ ઓળખવાનું કામ સહેલું બને.

ગુજરાતનાં પક્ષીઓનું વર્ગીકરણ આપણા સમર્થ પક્ષીશાસ્ત્રવિદ્ શ્રી હરિનારાયણ આચાર્યે 'પ્રકૃતિ'માં આપેલ છે. એ વર્ગીકરણ પ્રમાણે પક્ષીવંશની બે શાખાઓ પૈકી એક શાખા પ્રાગ્-વયસ્ (Archaeornithes) શાખાનાં પક્ષીઓ નાશ પામ્યાં છે. બીજી શાખા અર્વાગ્વયસ્(Neornithes)ના બે વિભાગ છે. આમાં પહેલા વિભાગ પુરાણહનુ (Paleognanthe) વિભાગનાં પક્ષીઓ, જેવાં કે શાહમૃગ, એમુ, કીવી વગેરે પાંખો વિનાનાં પંખી ભારતમાં નથી. બીજા વિભાગ અર્વાગ્હનુ(Neognathe)નાં જે પક્ષીઓ ભારતમાં વસે છે તેમને પંદર વર્ગ(Orders)માં વહેંચી નાખવામાં આવ્યાં છે, જેમાંથી મહાગુજરાતમાં ચૌદ વર્ગનાં પંખી છે. આ વિભાગનાં બધાં પંખી ઊડી શકે છે.

આંતરરાષ્ટ્રીય પક્ષીશાસ્ત્રીઓ અત્યારે જે ક્રમમાં અને જે રીતે પક્ષીઓને વિવિધ કુળમાં વહેંચી નાખે છે તે ક્રમ અને રીત અપનાવવાની પહેલ શ્રી સાલિમઅલીએ આપણે ત્યાં પણ કરી છે. આથી આ પુસ્તકમાં જે પક્ષીઓ ઓળખાવવામાં આવ્યાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે તેમાં કયું પક્ષી કયા કુળમાં આવે છે તે જોવા માટે નીચે તેમનું વર્ગીકરણ અત્યારના આંતરરાષ્ટ્રીય ક્રમ પ્રમાણે આપેલ છે. કુળ જોવાથી પક્ષીને ઓળખવામાં સહાય મળશે.

કુળનો ક્રમ	કુળનાં પક્ષીઓ	પાનું
૧	Grebes, Dabchicks : ડૂબકી	૨૭૨
૨	Pelicans : પેણ	૨૬૮
૩	Darters, Cormorants : જળકૂકડી અને કાજિયાં અથવા જળકાગડા	૨૪૯–૫૧
૪	Herons, Egrets, Bitterns : અંજનબગલા, રાતબગલો, ઢોરબગલો, ખોખડબગલો, પાનબગલી	૨૬૦–૬૪,૨૦૮
૫	Storks : ઢોંકબગલા અથવા ધોકડા, ફાટીચાંચ	૨૫૮–૬૦
૬	Ibises, Spoonbills : કાંકણસાર, ચમચો	૨૫૫–૫૮
૭	Flamingos : સુરખાબ	૨૬૩
૮	Ducks, Geese, Swans : બતક, હંસ ને રાજહંસ	૨૬૯–૭૨
૯	Hawks, Kites, Vultures, Eagles : શકરા, સમડી, ગીધ, ગરુડ	૧૭૭–૨૦૬
૧૦	Falcons : બાજ (લગડ, ભેરી, શાહીન, તુરમ્તી, લઝીં)	૧૯૦–૯૮
૧૧	Junglefowl, Partridges and Quails : જંગલી કૂકડા, તેતર, ચકોર, બટેર અને લાવરી...	૨૧૬–૨૬
૧૨	Button Quails and Bustard Quails: બીલબટેર અને હોન બટેર	૨૨૦–૨૩
૧૩	Cranes: સારસ, કુંજ અને કુલંગ ...	૨૩૮–૪૫
૧૪	Rails, Crakes, Waterhen Watercock, Moorhen, Coot : પાનલવા, સંતાકૂકડી, ડવાક, જળમુરઘી, આડ અથવા દસાડી ...	૨૭૨–૭૪
૧૫	Bustards, Floricans : ઘોરાડ, ખડમોર અથવા લીખ (આ પુસ્તકમાં નથી.)	

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુળનો ક્રમ કુળનાં પક્ષીઓ પાનું

૧૬ Jacanas : જલમાંજાર ૨૭૫–૨૭૬
૧૭ Oyster–catchers : દરિયાઈ અખલખ ... ૨૭૯
૧૮ Plovers, Lapwings. Sub-family : Curlews, Sandpipers, Snipes, Wood-cock, Redshank, Greenshank : ટિટોડી, બાટણટિટોડી, ખલેલી, તુતવારી, ગારખોદ, વનચોર, ટીમટીમા ૨૫૨–૨૫૩, ૨૮૦–૨૮૩
૧૯ Stilt, Avocet : ગજપાઉં અને ઊલટીચાંચ ૨૭૬–૨૭૮
૨૦ Painted Snipe : પાનલૌવા ૨૮૧
૨૧ Crab Plovers : કરચલાખાઉ (આ પુસ્તકમાં નથી.)
૨૨ Stone–curlews : ચકવા–ચકવી ... ૨૫૪
૨૩ Coursers : રણગોધલા ૨૫૪
૨૪ Gulls, Terns : ઘોમડા અથવા ફૂલા અને ઘોમડી અથવા વા બગલી ૨૬૪–૨૬૮
૨૫ Sandgrouse : બટ્ટા, બટાવડા અથવા ભાતતેતર ૨૨૬
૨૬ Pigeons, Doves : કબૂતર, હરિયલ અને હોલા ૨૧૦–૨૧૬
૨૭ Parakeets : પોપટ ૨૨૮–૨૨૯
૨૮ Cuckoos : કોયલ, ચાતક, બપૈયો, કૂકડિયો કુંભાર ૧૦૨–૧૧૫
૨૯ Barn Owl : કરેલ ઘુવડ અથવા રેવીદેવી ... ૨૦૪
૩૦ Owls, Owlets : ઘુવડ અને ચીબરી ... ૧૯૯–૨૦૬
૩૧ Nightjars : દશરથિયા ઘુવડઅથવા છાપાં ... ૨૦૬–૨૦૮
૩૨ Swifts : કાનકડિયા ૧૩૫–૧૪૧
૩૩ Trogons : લાજના (આ પુસ્તકમાં નથી)
૩૪ Kingfishers : કલકલિયા ૨૩૦–૨૩૮
૩૫ Bee–eaters : પતરંગા ૧૬૯–૨૭૧
૩૬ Rollers or Blue Jays : ચાસ અથવા નીલકંઠ ૭૬–૭૯
૩૭ Hoopoes : હુડહુડ અથવા ઘંટીટાંકણા ... ૭૩
૩૮ Hornbills : ચિલોત્રા (આ પુસ્તકમાં નથી.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુળનો ક્રમ	કુળનાં પક્ષીઓ	પાનું
૩૯	Barbets : કંસારા અથવા ટુકટુક ...	૬૯–૭૩
૪૦	Woodpeckers : લક્કડખોદ	૬૩–૭૨
૪૧	Pittas : નવરંગ (આ પુસ્તકમાં નથી.)	
૪૨	Larks : ચંડૂલ (ભરત, અગન, ભોંયચકલી, ધાવસ, રેતલ, પુલક વગેરે)	૧૪૬–૧૬૦
૪૩	Swallows, Martins : અબાબીલ અને અબાલી	૧૪૧–૧૪૬
૪૪	Cuckoo-Shrikes, Wood Shrikes, Minivets : કાંટના લટોરા, કશ્ય અને રાજાલાલ	૮૬–૮૯–૨૩–૨૫
૪૫	Fairy Blue-birds, Ioras, Chloropsis : શોબિંગો અથવા શોબીગી, હરેવા ...	૧૯–૨૩
૪૬	Bulbuls : બુલબુલ	૧૨–૧૫
૪૭	Flycatchers : માખીમાર પક્ષીઓ (ચટકી, અધરંગ, દૂધરાજ, નાચણ અથવા પંખો વગેરે) ...	૧૬૦–૧૬૭
	Subfamily : Babblers લલેડાં અથવા બડઅડિયાં	૧૫–૧૯
	" Warblers ટીકટીકી, કીટકીટ, દરજીડો વગેરે કુત્કીઓ ...	૩૦, ૮૯–૯૧
	" Chats, Robins & Thrushes : દૈયડ, કાળાદેવી, સ્યામા, પિદ્દા, થરથરા, કરતુરા	૪૨–૫૩
૪૮	Wagtails, Pipits દિવાળીઘોડા અને ધાનચીડી	૧૭૧–૭૭
૪૯	Shrikes : લટોરા	૭૯–૮૮
૫૦	Nuthatches, Tree-Creepers : થડચડ અને ઝાડચડ (આ પુસ્તકમાં નથી.)	
૫૧	Tits : રામચકલી (આ પુસ્તકમાં નથી.)	
૫૨	Flower-peckers : ફૂલસૂંઘણી ...	૪૦–૪૧
૫૩	Sunbirds : સક્કરખોરા અથવા ફૂલચકલી	૩૩–૪૦
૫૪	White-eyes : શ્વેતનયના	૨૬
૫૫	Buntings : ગંદમ	૧૩૨–૧૩૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુળનો ક્રમ	કુળનાં પક્ષીઓ	પાનું
	Subfamily : Rosefinches. ગુલાબીતુતી	૧૩૪
૫૬	Weaver Finches, Sparrows, Munias : સુગરી, ચકલી, રાજી અને મુનિયા ...	૧૧૬–૧૩૨
૫૭	Mynas (Including Rosy Pastors, Starlings) : કાબર, મેના, વૈયા	૫૩–૬૨
૫૮	Orioles : પીળક	૯૭–૧૦૨
૫૯	Drongos : કાળિયાકોશી અને ભીમરાજ અથવા ભૃંગરાજ	૨૬–૩૦
૬૦	Crows (Including Tree Pies) : કાગડા અને ખેરખટ્ટા અથવા ખખેડા	૪૧–૯૨–૯૬

આ પુસ્તકમાં પક્ષીઓના કુળના સગપણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને તે તેમની ઓળખાણ કરાવવામાં સહાયરૂપ થશે. પક્ષીઓના આકાર અને આહારવિહાર ધ્યાનમાં રાખશો તો તેમની ઓળખ સરળ થશે.

છેવટે ‘ નવા નિશાળિયા ’ માટે પક્ષીનિરીક્ષણ વિશે થોડી સલાહ આપવી જરૂરી છે. પક્ષીઓને જોવા અને ઓળખવા માટે શ્રેષ્ઠ સમય વહેલી સવાર છે. જ્યાં માણસની આવજાવ ન હોય એવા સ્થળની પસંદગી કરવી જોઈએ, અને બહુ ફર્યા કરવાને બદલે એક ઠેકાણે સ્થિર બેસીને જોયા કરશો તો પક્ષીઓને સારી રીતે જોઈ શકશો. કયા પક્ષીને કયાં જોવાની અપેક્ષા રાખવી તે પણ જાણી લેવું જોઈએ. શિયાળુ પક્ષીઓને ભાદરવા–આસોથી ફાગણ–ચૈત્ર સુધી જોઈ શકાશે. પક્ષીઓના ઋતુપ્રવાસની દષ્ટિએ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છનું મહત્ત્વ ઘણું છે. કચ્છમાં તો તમે ઋતુપ્રવાસ નજરે જોઈ શકશો.

પક્ષી ઝાડનું છે કે ધરતીનું, જંગલનું છે કે વેરાનનું, વ્યોમવિહારી છે કે જમીન પર રહેનારું, પાણીકાંઠાનું છે કે પાણી પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરનારું, શિયાળુ છે કે સ્થાયી અધિવાસી, એ બધું જાણી લીધા પછી તેને કયાં જોવાની અપેક્ષા રાખવી તે તમે જાણી શકશો. એક દૂરબીન હોય તો વધુ સારું. એટલા તૈયાર થઈને તમે સહેલાઈથી એ પક્ષીને શોધી કાઢીને ઓળખી શકશો. એક વખત ઓળખ્યા પછી તમને તેની સાથે આત્મીયતા જાગશે. પછી તો તમે તેના અવાજ અને તેના ઉડ્ડયન ઉપરથી પણ ઓળખી શકશો અને તમે તેના આજીવન મિત્ર બની જશો. એ આત્મીયતામાં જે આનંદ છે એ તો તમે અનુભવ ઉપરથી જ સમજી શકશો.

અનુક્રમ

(પક્ષીઓનાં નામો પ્રમાણે કક્કાવારી અનુક્રમ માટે જુઓ પુસ્તકની છેવટે)

૧	ઘરઆંગણે	૯
૨	પાદર અને ખેતરમાં ...	૪૨
૩	વગડામાં	૬૨
૪	ઝાડનાં ઝુંડમાં ...	૯૨
૫	કણભક્ષી પંખીઓ ...	૧૧૬
૬	આકાશના સહેલાણીઓ	૧૩૪
૭	માખીમાર પંખીડાં ...	૧૬૦
૮	પ્રકૃતિનું સુધરાઈખાતું ...	૧૭૭
૯	રાતના રખેવાળો ...	૧૯૯
૧૦	કેટલાંક રાંક પંખીડાં ...	૨૦૯
૧૧	પાણીનાં પંખી ...	૨૩૦
૧૨	પાણીકાંઠે	૨૫૨

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકૃતિનાં લાડકવાયાં

પંખીઓ

૧ : ઘરઆંગણે

દૈયડ (The Magpie Robin)

પ્રભાતની પહેલી ટશર ફૂટે છે. વિદાય લેતા શિયાળાનો ઉત્સાહ વેરતો ઠંડો પવન ઉત્તરાખંડમાંથી આવી રહ્યો છે. બ્રાહ્મમુહૂર્તનું એ વાતાવરણ કેવું આનંદમય છે! પ્રકૃતિ જાણે પ્રફુલ્લતાથી તરબોળ છે. ફળિયામાંથી અવાજ આવ્યો : 'શી–ઈ–ઈ–ઈ.' કોણ છે એ ? બીજી ક્ષણે ઊડીને આંખને વળગે એવા ધોળા અને કાળા રંગનો લિસોટો ઝબકીને અદૃશ્ય થઈ જાય છે. હં, ઓળખ્યો તને! તું તો છે પ્રકૃતિનો લાડકવાયો દૈયડ. અરે સાંભળો, એણે તો ઊંચે ચડીને સંગીતની ઝડી વરસાવી. તપી ગયેલી ધરતી પર જાણે ઋતુના વરસાદનું પહેલું ઝાપટું પડ્યું! દૈયડ હમણાં

દૈયડ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુધી તો મૂંગો હતો. પણ તે જાણે છે કે ગ્રીષ્મઋતુ આવી રહી છે અને ઉનાળો તો તેની પ્રેમ કરવાની ઋતુ છે. અગાસી પર ચડીને તે હૃદયંગમ સંગીતનો પ્રવાહ વહાવે છે. આવો, આપણે ઘરઆંગણે આવીને તેને જોઈએ અને સાંભળીએ. જ્યારે પૂર્વ દિશામાં સૂર્ય-નારાયણની સવારી આવવાની તૈયારી છે અને ઉષાએ એમના માનમાં આકાશમાં રંગોળી પૂરી છે, ત્યારે આવા ઉલ્લાસમય સમયે પથારીમાં પડ્યા રહેવાનો કે ઘરના ખૂણે ગોંધાઈ રહેવાનો વખત નથી.

જુઓ તો ખરા, પ્રકૃતિ કેવી ખીલી નીકળી છે! પેલો દૈયડ છાપરે બેસીને જાણે સૂર્યનું સ્વાગત કરવા ગાય છે. એના સ્વરમાં ભારોભાર મીઠાશ છે, સારંગીના તાર પર ગજ ફરે અને તાર ઝણઝણી ઊઠે એમ એનું માદક સંગીત પક્ષીપ્રેમીઓનાં દિલના તારને ઝણઝણાવે છે. છે તો એકલો, પણ એનો અવાજ હવામાં ક્યાં સુધી પહોંચી જાય છે! એકલો કેમ? એની માદા ક્યાં? સંભવ છે કે એ નવોઢા હોય અને શરમાતી હોય. તે એટલામાં જ હશે, ક્યાંય છુપાઈને પ્રિયતમનું સંગીત મુગ્ધપણે સાંભળી રહી હશે. દૈયડની માદા શરમાળ છે, તે ગાતી નથી, તે વિનમ્ર છે, તે પતિ જેવો દેકારો પણ નથી કરતી.

તમે દૈયડને જોયો? કાબરથી તે બે ઇંચ નાનું પક્ષી છે અને કાબરા રંગમાં તે બહુ જ રૂપાળો લાગે છે. તમે એકવાર તેને જુઓ તો ઓળખી કાઢો અને કદી ભૂલો નહિ. માથું, છાતી, પીઠ, પાંખો અને પૂંછડી ચળકતા કાળા રંગનાં છે, પરંતુ પાંખોમાં એકેક આડો પટો અને પૂંછડીની બંને બાજુઓ ધોળા દૂધ જેવા રંગનાં છે; એ જ પ્રમાણે પેટાળ પણ ધોળા દૂધ જેવું છે. આ કાળો અને ધોળો પોશાક એવો શોભીતો લાગે છે કે પહેલી જ નજરે તમને એ પંખી ગમી જાય. તે ઊડે ત્યારે હવામાં જાણે તેજ અને છાયાનો લિસોટો બની જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દૈયડનું માત્ર રૂપ જ મોહક નથી, તેની રીતભાત પણ એવી આકર્ષક છે. બીડેલા પંખા જેવી ચડઊતર પીછાંની તેની લાંબી કાબરી પૂંછડી જુઓ. મોર કળા પૂરે તેમ રહીરહીને દૈયડ પૂંછડીને આંચકા મારી પીઠ ઉપર ઊંચી કરે છે, પાંખો નીચે ઢાળે છે અને બે પગે કૂદે છે, નાચે છે અને આનંદ કરે છે. એના જીવનમાં ક્યાંય ગમગીની નથી. સૂર્ય તપી નીકળે ત્યાં સુધી તે ગાયા કરે છે. એને પૂછવાનું આપણને મન થઈ જાય કે, ભાઈ, તું આખો દિવસ ગાયા કરીશ તો ખાઈશ ક્યારે? એ ગાયન માત્ર માદાને રીઝવવા માટે નથી, હરીફને પડકારવા માટે પણ છે. સ્વાતંત્ર્ય પહેલાંના સૌરાષ્ટ્રમાં જેમ થોડાંક ખેતર જેવડાં રાજ્યોમાં પણ રાજાઓ ખુમારીથી ખોંખારા મારતા, તેમ દૈયડને પણ પોતાનું નાનું રાજ્ય હોય છે, જેમાં તે બીજા દૈયડને ફરકવા નથી દેતો.

દૈયડ ક્યારે ખાય છે? શું ખાય છે? તમારા બગીચામાં જોજો. જ્યાં ધરતી પર પાંદડાં હશે, ભેજ હશે ત્યાં દૈયડ બે પગે ઠેકડા મારતો સજોડે ફરતો હશે અને જીવડાં વીણી ખાતો હશે. તે વખતે તમે પાસેથી તેનો દમામ જુઓ, રૂપ જુઓ અને રંગ જુઓ, તો જરૂર તેના પર મોહી પડો. પણ માદા એટલી બધી સુંદર નથી; કારણ કે તેનો કાળો રંગ ઝાંખો છે.

દૈયડનો આ ઉલ્લાસ શાનો છે તે જાણો છો? ચૈત્ર મહિનો બેસશે ત્યારે તેના પ્રેમ અને લગ્નની ઋતુ શરૂ થશે અને જેઠ માસ સુધી ચાલશે. ત્યારે કુંવારાં પણ પરણશે, પરણેલા પ્રેમ કરશે અને પછી તો તેઓ ઝાડ, ભીંત કે છાપરાના પોલાણમાં મુલાયમ માળો બાંધશે. માદા લીલી ઝાંયવાળાં, આસમાની રતાશ પર ભૂરાં પુષ્કળ છાંટણાં અને છૂંદણાંવાળાં પાંચેક ઈંડાં મૂકશે. બચ્ચાં પણ માબાપ જેવાં જ રૂપાળાં હોય છે અને માબાપ તેમને લાડ–ચાગથી પાળી-પોષીને ઉછેરશે. બધાં બચ્ચાં તો થોડાં જ ઊછરે છે? કારણ કે પેલા દુષ્ટ કાગડા એમને ખાઈ જવા ટાંપી રહ્યા હોય છે. પક્ષીજગતમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવા કરુણ બનાવો તો રોજ બને છે, પણ પક્ષીઓ તેનો લાંબો શોક નથી કરતાં. શોખીનો દૈયડને તેના સૂર અને શોભા માટે પાળે છે.

દૈયડ આખા હિંદનું વ્યાપક પંખી છે, એટલે સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં જરૂર દેખાશે. એનો અડ્ડો મોટે ભાગે વાડી અને બગીચામાં હોય છે. કચ્છમાં આ પક્ષી નથી એ કમનસીબી છે. થોડાંક દૈયડ લાવી ભૂજના બગીચાઓમાં છોડી મૂકવાં જોઈએ.

શ્યામા (The Shama)

સઘન જંગલમાં જઈને જો તમે શ્યામાને જોઈ શકો અને તેને ગાતાં સાંભળી શકો તો તમે ભાગ્યશાળી ગણાવ. તેમ છતાં દૈયડના પિતરાઈ તરીકે આ પંખીનો હું ઉલ્લેખ કરું છું, કારણ કે તે હિંદુસ્તાનનું શ્રેષ્ઠ ગાયક પંખી છે. ગુજરાતમાં ડુંગરાળ જંગલમાં જ્યાં વાંસનાં ઝુંડ છે ત્યાં શ્યામા વસે છે. મુંબઈના સરોવર વિસ્તારના જંગલમાં મેં તેને જોયેલ છે અને માથેરાન–મહાબલેશ્વરમાં તમે તેની મુલાકાત લઈ શકો. દૈયડના આ કુટુંબીને દૈયડ જેવું કાબરું શરીર, લાંબી પૂંછડી અને વધારામાં પેટાળ છે.

બુલબુલ (The Red-vented Bulbul)

'પીક–પેરો, પીક–પેરો.'

આ કોણ બોલ્યું? મીઠાશના છાંટા કોણે ઉડાડ્યા? એને ભલે આપણે સંગીત ન કહીએ અને એ બોલનાર સંગીત જાણવાનો દાવો પણ નથી કરતો; પરંતુ આવો રણકો કરનાર આ પંખીના ગળામાં મીઠાશ તો જરૂર ભરી છે. કોણ છે એ? ચાલો, આપણે પ્રભાતના પહોરમાં ઘરમાંથી બહાર નીકળ્યા છીએ, તો પ્રકૃતિની પ્રફુલ્લતાનો આનંદ લૂંટીએ અને આ પંખીનો પણ પરિચય કરીએ.

કાળી ટોપી, કાળું માથું અને મટોડી રંગનું દૈયડ જેવડું જ પેલું પંખી અહીંતહીં ઊડાઊડ કરે છે તે જોયું? એ જ આપણું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બુલબુલ. ના, એ રૂપાળું નથી, છતાં દેખાવડું તો છે જ! એ ઘાટીલું છે. એના માથે ટોપી જેવી ટૂંકી કલગી શોભે છે અને મેલુંઘોળું પેટાળ પસાર કર્યા પછી પેડુ નીચે મનોહર લાલ રંગનો ચગદો જોયો? આવું રૂપાળું આભૂષણ એણે ગુદા પર પહેર્યું છે! અજબ છે આ કુદરત અને અજબ છે એનાં પક્ષીઓ! તેની પૂંછડી-નો છેડો જરા ખાંચવાળો અને સફેદ છે. હું ધારું છું કે બુલબુલ-ને ઓળખવા માટે આટલું વર્ણન પૂરતું છે.

હિમાલયનાં વિકરાળ જંગલોથી માંડીને આપણા ઘરઆંગણા સુધી વસનારાં બુલબુલ માણસનાં પણ લાડકાં છે અને સહેલાઈથી તેમને પાળી શકાય છે. એ ફળાહારી છે અને જીવાતભક્ષી પણ છે. એ જેમ આનંદી છે એમ કજિયાખોર પણ છે, અને કેટલાક શોખીનો તો તેમને લડાવીને તેમની હારજીત પર જુગાર રમવા માટે તેમને પાળે છે! જંગલી બુલબુલો પણ કોઈ વાર જરા લડી લે છે, પરંતુ તેમના ગૃહસંસારમાં આ લડાયક વૃત્તિનો છાંવડો નથી પડતો. તેઓ જોડું બંધાઈને રહે છે અને એમના લગ્નજીવનમાં પ્રેમ, મીઠાશ, આનંદ અને અન્યોન્યની ભક્તિ છે. આપણા સમાજમાં થાય છે એવા પતિ–પત્નીના ઝઘડા બુલબુલના સમાજમાં નથી થતા.

મહા મહિનાથી આસો માસ સુધી ગમે ત્યારે પણ મોટા ભાગે ઉનાળાની આખરમાં અને ચોમાસામાં તેઓ ઝાડ, છોડ કે વેલની ઘટામાં પ્યાલા આકારનો મુલાયમ માળો બાંધે છે અને માદા ગુલાબી ઝાંયવાળાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે. ઈંડાં પર જાંબુડા રંગનાં પુષ્કળ છાંટણાં હોય છે.

આખા હિંદુસ્તાનમાં વસનારાં આ બુલબુલ આપણે ત્યાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં જાણીતાં છે. એમને વસવા માટે થોડાં ઝાડ જોઈએ અને ઘરઆંગણે તથા શહેરોની બજારમાં પણ ઝાડ હશે તો બુલબુલ તેમાં જરૂર આવશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સફેદ ગાલવાળું બુલબુલ (The White-eared Bulbul)

બુલબુલની બીજી જાત પણ ઓળખાવી દઉં ? કચ્છમાં જેને જોગીડો અને સૌરાષ્ટ્રમાં કનરા બુલબુલ કહે છે, એ આ સફેદ ગાલવાળું બુલબુલ બહુ ઝાંખી લીલાશ પર પડતી ઝાંયવાળા ભૂરા રંગનું છે. બંને ગાલ પર સફેદ ચગદાં છે. બાકીનું માથું કાળું છે. તેને માથે કાળી ટોપી છે, ગુદા પર લાલ ચગદાને બદલે પીળા રંગનું સુંદર ચગદું છે. પેટાળ મેલા સફેદ રંગનું છે. પૂંછડી છેડેથી સફેદ છે. દરિયાકાંઠે તે મોટા ભાગે પીલુના ઝાડમાં જરૂર દેખાશે; કારણ કે પીલુનાં ફળ તેને બહુ ભાવે છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને આખા ભારતમાં તેની વસ્તી છે. સૌરાષ્ટ્રમાં તેની વસતિ દરિયાકાંઠાના પ્રદેશમાં છે.

પ્રજનન : લાલ ગુદાવાળા બુલબુલ પ્રમાણે જ.

દક્ષિણ ગુજરાતમાં **સફેદ નેણ બુલબુલ** અથવા **ખર બુલબુલ** નામે ઓળખાતી એક બીજી જાત છે. તેનું અંગ્રેજી નામ The White-browed Bulbul. એ એવું દેખાવડું નથી, પણ સારું મીઠું બોલે છે. રંગે લીલાશપર ભૂરું, પેટાળ ધોળું, માથે કલગી નથી, પણ આંખ પરની સફેદ રેખા નજરે તરી આવે છે.

સિપાહી બુલબુલ અથવા લાલ થોભિયાંવાળું બુલબુલ (The Red Whiskered Bulbul)

એક વધુ બુલબુલની ઓળખાણ કરાવું. એની વસ્તી કચ્છ અને સૌરાષ્ટ્રમાં તો નથી, પણ આબુ, તાપીની દક્ષિણે, દક્ષિણ ગુજરાત અને મુંબઈમાં તો તે બહુ જાણીતું પંખી છે અને આપણાં બુલબુલોમાં એ સૌથી રૂપાળું અને પાળવા લાયક છે. એટલે એવા આકર્ષક પંખીનો પરિચય ન કરાવું તો તમે કદાચ નારાજ થઈ જાવ.

આ બુલબુલ છેલબટાઉ છે. વાંકી ટોપી પહેરી હોય તેમ તેની કાળી કલગી કપાળ ઉપર કમાન વાળે છે. ધોળા પેટાળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



વચ્ચે છાતી પર વચ્ચેથી ભાંગેલો આડો ઝાંખો કાળો પટો અને કાળા માથામાં ગાલ પર સફેદ ચગદાં અને આંખ નીચે નાનાં લાલ થોભિયાં શોભે છે. બાકીનું શરીર ભૂરું છે. પણ પૂંછડીના મૂળમાં પેલું રૂપાળું લાલ ચગદું તો ખરું અને પૂંછડીનો છેડો ધોળો. તે પોશાકનો આવો ઠરસો કરી રુઆબથી ટટ્ટાર બેસે છે.

બધાં બુલબુલો આનંદી અને ચપળ પંખી છે. તેઓ એક ઠેકાણે બેસી રહેતાં નથી. એમની દરેક હિલચાલમાં સ્ફૂર્તિ અને ઉલ્લાસ ઉછાળા મારે છે. પણ આપણાં બધાં બુલબુલોમાં લાલ થોભિયાંવાળું બુલબુલ સૌથી

લાલ થોભિયાંવાળું બુલબુલ

વધી જાય. એને જો પાળ્યું હોય તો તે તમારું લાડકું થઈ પડે.

પ્રજનન : બીજાં બુલબુલો પ્રમાણે.

લેલાં (Babblers)

આ કોલાહલ શેનો મચ્યો છે? સવારના પહોરમાં આ ઉશ્કેરાટ કેમ વ્યાપ્યો છે? કોઈ મહા અનર્થ થઈ ગયો? પક્ષીની દુનિયામાં શું ઊથલપાથલ થઈ ગઈ? આપણા ફળિયાના ખૂણે પેલાં લેલાં અથવા બડબડિયાં જે ઉશ્કેરાટથી શોરબકોર મચાવી રહ્યાં છે તે જોતાં તો એમ લાગે છે કે કોઈ મહાગંભીર બનાવ બની ગયો છે. શું બન્યું છે? આવો, આપણે તપાસ કરીએ. ઓહો, આપણે તો ડુંગર ખોદીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉંદર કાઢ્યો ! વાત એમ બની કે એક બિલાડી અહીંથી પસાર થઈ અને આ લલેડાંઓએ તેને જોઈ અને તેની ઉપર ગાળોનો, અભિશાપનો વરસાદ વરસાવ્યો. કેટલાંક માણસો સમતોલપણું અને સપ્રમાણતા કદી જાળવતાં જ નથી. આ પક્ષીઓ પણ તેવાં છે.

લેલાં સમૂહચારી છે, એટલે કે પાંચ–સાતના ટોળામાં જ રહે છે. એટલે જ હિંદીમાં તેમને સાત ભાઈ કહે છે. કોઈવાર તેઓ અંદર-અંદર લડી પડશે, કદાચ એ કુટુંબના શિસ્તભંગની શિક્ષા હશે; પણ બહાર તો તેઓ સંગઠિત બનીને સંયુક્ત મોરચો આપશે. તેઓ ઉશ્કેરાટમાં આવીને કાગારોળ કરી મૂકે ત્યારે જાણવું કે બિલાડી, નોળિયો, સાપ કે એવું કોઈ પ્રાણી તેઓએ જોયું છે. જો શકરો કે બાજ કદી બડબડિયાં પર આક્રમણ કરે તો બધાં બડબડિયાં તેની ઉપર તૂટી પડે. પેલા બાપડાને કોઈ વાર ભારે પડી જાય. તેણે હજી કંઈ ન કર્યું હોય તોપણ લલેડાં એવો શોરબકોર મચાવે કે શિકારી શરમિંદો બની જાય. લેલાં ભેગાં ચરતાં હોય, જરાય છૂટાં ન પડે, બે પગે કૂદતાં જાય, હળવે હળવે કંઈ ગોષ્ટિ કરતાં જાય, પાંદડાં ઉથલાવીને જમીન પરથી જીવડાં વીણતાં જાય; હાસ્યજનક ગંભીરતાથી એ કર્તવ્ય કરતાં જાય. એક ઊડે એટલે એક પછી એક થઈને બધાં ઊડે. એક જાય ત્યાં બધાં જાય. જરા ખલેલ પહોંચે તો ઊડીને ઝાડ કે વાડમાં ભરાઈ જાય. બધાં લલેડાં ખાતાં હોય ત્યારે એક બે લલેડાં જરૂર પડે તો ભયની ચેતવણી આપવા ચોકી પણ કરે છે.

આવાં સંપીલાં પંખીમાં પણ કુટુંબક્લેશ થાય છે એ આપણા માટે દિલાસો છે. મનુષ્ય જેવાં ક્ષુદ્ર પ્રાણી સમજી ન શકે એવા કોઈ મહત્ત્વના કારણે લેલાં અંદરઅંદર લડી પડે છે. ગરમાગરમ બોલચાલ ઉપરથી ગાળાગાળી પર અને ગાળાગાળી પરથી મારામારી પર આવી જાય છે. પગના નહોર અને ચાંચના પ્રહારથી પ્રતિસ્પર્ધી લડતા હોય ત્યારે તમે જુઓ તો 'તમારું મૃદુ હૃદય એ 'ભીષણ' સંગ્રામ જોઈને કંપી ઊઠે ! પણ આપણા અને એમના સદ્‌ભાગ્યે એ સંગ્રામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તરત શમી જાય છે અને કલહ પર બંધુભાવના વિજય મેળવે છે.

આવાં આ પ્રભાવશાળી પંખી કદમાં કાબર જેવડાં છે અને રંગે ભૂરાં છે. એમનાં પીછાં ઢીલાં હોય છે. આપણને એમ જ લાગે કે જાણે હમણાં ખરી પડશે. ચાંચ, પગ અને આંખ પર પીળો રંગ છે.



જંગલનું લેલું

સીમ, શેઢા, ખેતર, પાદર, ગામ, શહેર અને ઘરઆંગણે પણ વસનારાં લેલાં આખા હિંદમાં વસે છે; એટલે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં તો હોય જ ને? તેમની પાંખો નાની અને નબળી છે એટલે તેઓ લાંબું નથી ઊડતાં અને ઊંચે પણ નથી ઊડતાં. ઊડીને છેટે જવું હોય તો એક ઓથથી બીજી ઓથ એમ કટકે કટકે ઊડીને જાય. એમનો ખોરાક મુખ્યત્વે જીવડાં છે.

મોટા ભાગે ફાગણથી શ્રાવણ સુધી લેલાં ઝાડમાં કે ઝાડીમાં આછો માળો બાંધીને સુંદર ઘેરા આસમાની લીલા રંગનાં ૩ થી ૪ ઈંડાં મૂકે છે. અહીં પણ તેઓની સમૂહભાવના તરી આવે છે. આખું ટોળું એક જ ઝાડમાં માળા બાંધે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવાં નિષ્પાપ અને ભોળિયાં પંખીને છેતરનારાં પણ પડ્યાં છે. ચાતક અને બપૈયા તેના માળામાં ઈંડાં મૂકી જાય અને લેલાંનાં ઈંડાં ફેંકી દે. લેલાં, ચાતક અને બપૈયાનાં ઈંડાં દેખાવમાં સરખાં જ લાગે. લેલાં છેતરાઈને પારકાં ઈંડાં સેવે અને એમનાં બચ્ચાંને પણ પાળીપોષીને મોટાં કરે; પરંતુ નગુણાં બચ્ચાં લેલાં બનવાને બદલે ચાતક કે બપૈયા જ બને છે. એમની કૃતઘ્નતા તો જુઓ! માળામાં લેલાંનાં બચ્ચાં રહી ગયાં હોય તો તેમને આ બચ્ચાં માળાની બહાર ફેંકી દે છે!

આવી છે પંખીઓની દુનિયા.

આ લેલાંનું નામ અંગ્રેજોએ **જંગલ બેબ્લર** પાડ્યું છે. અંગ્રેજોને નામ બગાડતાં આવડે છે, પણ પાડતાં નથી આવડતું. જે આપણા ઘરઆંગણામાં વસે છે અને મારા ઘરની ચાલીમાં પણ આવે છે તેને જંગલ બેબ્લર શા માટે કહેવું? તેઓ વનવગડામાં પણ વસે છે ખરાં.

લેલાંની એક બીજી જાત છે, તેને અંગ્રેજો **કોમન બેબ્લર** એટલે સામાન્ય લેલાં કહે છે, પણ તેઓ તો સીમ–શેઢે વસે છે. તમે ગામ છોડીને પાદરમાં આવશો એટલે ઝાડ કે વાડમાંથી અવાજ આવતો હશે:

'તેં–તેં–તેં–તેં–તેં.'

અને જ્યારે તેઓ તેં–તેં નહિ કરતાં હોય, ત્યારે સડક ઉપર કે સડકની કોરે, વાડના થડમાં, ઝાડ કે ઝાડી પાસે ઠેકડા મારતાં હશે અને પાંદડાં ખેસવીને નીચેથી જીવડાં પકડતાં હશે. તેમનો રંગ ભૂખરો છે, પણ દરેક પીછા પર ઘેરી–ભૂરી રેખાઓ હોવાથી તેમનો રંગ વધારે ઘેરો–ભૂરો લાગે છે. ગળું ઝાંખું સફેદ અને પેટાળ મેલું સફેદ છે. કદમાં તેઓ તેમના શહેરી ભાઈથી એક ઇંચ નાનાં છે અને પૂંછડી લાંબી તથા બાંડેલા પંખાની જેમ ચડઊતર પીછાંની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનેલી છે.

આ લેલાં પણ મુખ્યત્વે જમીન પરથી ખોરાક મેળવે છે. ખલેલ પહોંચે તો ઝાડ કે વાડમાં ભરાઈ જાય. ત્યાં તેઓ ઠેકાઠેક કરતાં હોય ત્યારે લાંબી પૂંછડી અને ભૂરા રંગથી ઉંદર જેવાં લાગે. વસ્તી, પ્રજનન અને બીજી બધી ખાસિયતમાં બંને જાતનાં લેલાં સરખાં છે. ઝાડીમાં માળા બાંધે છે. ચાતક તેના માળામાં ઈંડાં મૂકી આવે છે.

બીજાં લલેડાં

આપણે ત્યાં થતાં લલેડાંની બીજી જાતો પણ જોઈ લઈએ. **ભૂરાં લેલાં (ગ્રે બેબ્લર)** જંગલ બેબ્લરને મળતું પંખી છે. તે લે–લે–લે એવો અવાજ કર્યા કરે છે. પીળી આંખવાળાં લલેડાં (Yellow-eyed Babbler) રતાશ પર ભૂરા રંગ, મલાઈ જેવા સફેદ પેટાળ અને પીળી આંખથી ઓળખાઈ આવશે. તે ટેકરીઓવાળા પ્રદેશનું પંખી છે. કરમદી લલેડાં અથવા શ્વેતકંઠ લલેડાં (White throated Babbler) ઝાડીઝાંખરાંવાળા પ્રદેશમાં વસે છે. વાપી લલેડાં (Scimitar Babbler) બધાં લલેડાંથી જુદાં પડી આવે છે અને ડુંગર તથા જંગલમાં વસે છે. કચ્છમાં કોમન બેબ્લર, જંગલ બેબ્લર, ગ્રે બેબ્લર અને યલ્લોઆઈડ બેબ્લર એ ચાર જ લલેડાં છે. મુંબઈમાં લલેડાંની સાત જાતો છે.

શોબીગી (The Common Iora)

મારે આંગણે બગીચો છે. બગીચામાં ઘટાદાર ઝાડવાં છે. સવારે ઊઠીને દાતણ કરું છું ત્યારે મારી આંખો એ ઝુંડમાં આવનાર પંખીઓને ઢૂંઢે છે. એક દિવસ મેં એ ઘટામાંથી કોમળ અને મીઠી સિસોટી સાંભળી અને તેની પાછળ મદભર્યો ટહુકો આવ્યો : 'શો–બી–ગી.'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાહ રે કુદરત! જે પંખીને હું શોધું છું તેણે સિસોટી મારીને મારું ધ્યાન ખેંચ્યું કે હું આવ્યો છું, અને પોતાનું નામ પણ લીધું. કહો જોઈએ, એવું બીજું કોઈ પંખી છે કે જે પોતાના નામની જાહેરાત કરે?

શિયાળો ઊતરવા આવે છે ને શોબીગીને આનંદનો ઉન્માદ ચડે છે. પ્રણયસુખનાં સ્વપ્ન જોનારને એવો ઉન્માદ હોય તો તે ક્ષમ્ય છે. શોબીગીની સંવનનઋતુ ચૈત્રથી શરૂ થાય છે અને આષાઢ સુધી ચાલે છે. બીજી ઋતુમાં તો એ લગભગ મૂંગું બની રહે છે. આંગણે આવ્યું હોય તોપણ ખબર ન પડે; પરંતુ સંવનનઋતુ પાસે આવતાં જ તેનો તરવરાટ છૂપો નથી રહેતો. એનો આનંદ કંઠમાંથી ઊભરાઈ જાય છે.



શોબીગી

તમને એક અજાયબીની વાત કહું. પંખીની આખી સૃષ્ટિ કંઈ ભલીભોળી નથી, અને કુદરતે વળી કોઈ ને પક્ષપાત કરીને બહેકાવી પણ દીધાં છે. આવાં કેટલાંક પંખી પ્રેમ કરવાની ઋતુ આવે છે ત્યારે છેલબટાઉ બની જાય છે. લગ્નોત્સવની અધીરાઈથી ઉત્તેજિત થઈને અગાઉથી જ નવાં વસ્ત્રો સજે છે. તમને નવાઈ લાગશે કે પંખીઓ વળી નવાં વસ્ત્રો કેમ સજે! પણ વાત સાવ સાચી છે. કેટલાંક પક્ષીઓ સંવનનઋતુ પાસે આવે ત્યારે શોભીતાં, નવા રંગનાં પીછાં ધારણ કરે છે અને તે વખતે તમે તેમને જુઓ તો એમ જ માની લો કે આ પક્ષી તો જુદું જ છે; જ્યારે ઋતુકાળ પૂરો થાય છે, ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફરીથી સાદાં વસ્ત્રો પહેરી લે છે! યાદ રાખજો કે આવું છેલ-બટાઉપણું નર કરે છે, માદા નહિ. માદા હંમેશાં સાદાઈ, નમ્રતા અને મર્યાદામાં રહે છે. પણ તેમાં ગણ્યાગાંઠ્યા અપવાદ છે.

આવો, હવે આટલી પ્રસ્તાવના પછી આપણે શોબીગીની ઓળખાણ કરીએ. કદમાં તે ચકલી જેવડું છે. શિયાળો ઊતરવા આવે એટલે નર ચળકતા, કાળા અને પીળા વાઘા સજે છે. ડીંટાં પરની લીલાશ પર પીળાં પીછાં આવે છે, કાળી પાંખમાં સફેદ લાંબા પટા શોભે છે અને પાંખની કિનારી પીળી બને છે. પેટાળમાં બધા ભાગ સુંદર, પીળા અને લીલાશ પર પીળા રંગો શોભે છે. કાળા, પીળા અને સફેદ રંગની આ મિલાવટથી નરની શોભા મનોહર લાગે છે. ચોમાસું ઊતરતાં કાળો રંગ લગભગ અદૃશ્ય થઈ જાય છે અને પીળો રંગ ઝાંખો પડી જાય છે. માદા બારે માસ લીલાશ પર પીળા રંગની હોય છે, ખભા પર સફેદ પટ્ટો હોય છે અને પાંખો ભૂરી લીલી-ભૂરી હોય છે.

શોબીગી હિંદી નામ છે અને તે તેના અવાજ પરથી પડયું છે. વાતાવરણને મીઠાશ, મસ્તી અને આનંદથી તરબોળ કરનાર શોબીગી હંમેશાં જોડલું બંધાઈને રહે છે અને વૃક્ષોનાં ઝુંડમાં ડાળીએ ડાળી ફરતાં તેઓ એકબીજાને બોલાવીને સંપર્કમાં રહે છે. વૃક્ષોનાં પાનમાં ભરાયેલાં જીવડાં અને કીટકો વીણીને ખાતાં જાય, ગાતાં જાય અને આનંદ કરતાં જાય. જ્યારે સંવનનનો સમય પાસે આવે, ત્યારે તો એમનો હર્ષોન્માદ માઝા મૂકે છે. ભભકાદાર પોશાકમાં સજ્જ થયેલો નર માદાને રીઝવવા અનેક નખરાં કરે છે. તે ઊંચે ચડે છે અને પછી શરીરનાં બધાં પીછાં ઊંચાં કરી, ગોળ દડા જેવો બનીને ગોળ ફરતો ફરતો અને વિચિત્ર અવાજ કાઢતો નીચે ઊતરે છે અને ડાળ પર બેસી, મોરની જેમ પૂંછડી ઊંચી કરી, પાંખો ઢાળી નાખીને નૃત્ય કરે છે અને ગાય છે. એ મનોહર દૃશ્યનો હું ગમે તેટલો ચિતાર આપું, પણ તમે તે નજરે જોશો ત્યારે જ તમને તેનો ખરો ખ્યાલ આવશે. તેનો બીજો લહેકો છે 'વિ-ઈ-ઈ-ઈ-ટ્ટ.' અને શો-બી-ગી જેવો

ટી–ટ્યુ–ટી. એની હલક પણ હૃદયંગમ છે.

શોબીગી વૃક્ષચારી પક્ષી છે એટલે તે ધરતી પર નથી ઊતરતું. જ્યાં ઝાડનાં ઝુંડ નથી ત્યાં શોબીગી નથી. તેમ છતાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં જ્યાં હરિયાળાં વૃક્ષોથી વનશ્રી શોભે છે, ત્યાં શોબીગી વસે છે. ગુજરાત અને મુંબઈમાં તો એ જાણીતું પક્ષી છે.

પશ્ચિમ ભારતમાં શોબીગીની ત્રણ જાત વસે છે. કચ્છમાં માત્ર Marshall's Iora છે. આ પીળા પંખીને માત્ર પાંખ અને પૂંછડીમાં કાળો અને સફેદ રંગ છે. મુંબઈમાં માત્ર મધ્ય ભારતીય શોબીગી (Central Indian Iora) છે. તેમાં નરની આખી પૂંછડી કાળી છે અને ઉપર પણ કાળો રંગ વધારે છે. બાકી સામાન્ય શોબીગીને મળતું જ આ પંખી છે. ત્યારે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આ ત્રણે જાતો વસે છે. માદા લીલાશપર પીળા અને ભૂરા રંગની હોય છે. શિયાળામાં બધા નર માદા જેવા લાગે. તેઓ બધા આપણા સ્થાયી અધિવાસી છે.

ચૈત્રથી આષાઢ સુધીમાં શોબીગી ઝાડમાં સ્વચ્છ અને સુઘડ માળો બાંધે છે અને માદા ઝાંખા ગુલાબી સફેદ રંગનાં અને જાંબુડી છાંટણીવાળાં બેથી ચાર ઈંડાં મૂકે છે. નર–માદા બન્ને માળો બાંધવામાં, ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં સરખો શ્રમ લે છે.

હરેવા (Chloropsis)

રૂપ અને કંઠ માટે પંકાયેલાં આ મનોહર પક્ષી કચ્છ અને સૌરાષ્ટ્ર જેવા સૂકા પ્રદેશમાં તો ક્યાંથી હોય ? પણ ગુજરાત અને મુંબઈમાં છે. સોનેરી માથાવાળા હરેવા(The Gold-fronted Chloropsis)ને નામ પ્રમાણે માથા ઉપર સોનેરી રાતો રંગ, શરીર પર હરિયાળો લીલો રંગ અને મુખ અને ગળું જાંબુડા કાળા રંગનાં છે. માદા ઝાંખી છે. સામાન્ય હરેવા(Gerdon's Chloropsis)ને માથા ઉપર સોનેરી રાતો રંગ નથી. બન્નેની માદા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઝાંખી છે. તેઓ સ્થાયી અધિવાસી છે.

કોઈ શોખીનને ત્યાં કપડા વડે ઢાંકેલા પાંજરામાં તમે હરેવાનો દર્દભર્યો મીઠો કંઠ સાંભળશો. મુક્ત અવસ્થામાં તે જાતજાતનાં પક્ષીઓના સૂરનું અનુકરણ કરે છે અને બીજાને છેતરીને કદાચ આનંદ માનતો હશે! એક જ વૃક્ષમાંથી અનેક જાતનાં પક્ષીઓના સ્વર સાંભળીને તમને એમ લાગે કે એ બધાં પક્ષીઓ એક ઝાડમાં એકઠાં થયાં છે.

હરેવા

હરેવા ઝાડમાં ઊડીને, લટકીને, ઝઝૂમીને, ઊંચા–નીચા થઈને જીવડાં વીણી ખાય છે. ગ્રીષ્મ અને વર્ષામાં પ્યાલા જેવો માળો ઝાડમાં ઊંચે બાંધે છે.

હરેવાને હરેવા બુલબુલ પણ કહે છે, પણ તે ખરેખર બુલબુલ નથી. સગપણમાં હરેવા અને શોબીગી એક કુળનાં છે. બુલબુલને પોતાનું કુળ છે.

રાજાલાલ (Minivets)

કુદરત પણ કેવી ધૂની અને ફાંટાબાજ છે! તેણે ચંડૂલ જેવાં ગાનારાં પંખીને કોઈ રૂપાળો રંગ ન આપ્યો અને આંખને આંજી નાખે એવા રંગ ધરાવનાર છેલછબીલા રાજાલાલને ગળું ન આપ્યું! પણ રાજાલાલને તેનો અસંતોષ નથી. જેવું એનું નામ છે એવો એનો પોશાક છે અને એવો એ લહેરી છે. તમે એકવાર તેના રંગની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભભક જુઓ તો અંજાઈ જાવ.

રાજાલાલને લેલાં સાથે સરખાવી શકાય, પણ જો તમે રાજાલાલને અને લેલાંને બન્નેને જુઓ તો બોલી ઊઠો કે ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી ! રૂપ અને ચપળતાની વાતો કરો તો સરખામણી એવી જ લાગે. પણ ઢાલને બીજી બાજુ પણ છે. રાજાલાલ લેલાંની જેમ પાંચ–સાત–દસ કે વધુ સંખ્યાની ટોળીમાં રહે છે. લેલાં જેમ ધરતી પર કૂદાકૂદ કરીને સૂકાં પાંદડાં ઉથલાવી નીચેથી જીવડાં વીણી ખાય છે તેમ રાજાલાલ ઝાડના ઝુંડમાં પાંદડાં-માંથી જીવડાં વીણી ખાય છે. લેલાં જેમ ખાતાં જાય, કૂદતાં જાય અને હળવે સાદે ગોષ્ઠિ કરતાં જાય, તેમ રાજાલાલ પણ પાંદડાંના ઝુંડમાં ઊડાઊડ કરતાં જાય, ખાતાં જાય અને મૃદુ અવાજે નાનીશી સિસોટી વગાડતાં જાય. લેલાંની જેમ તેઓ પણ કોઈથી જુદાં ન પડે. એક રાજાલાલ બીજા ઝાડમાં ઊડી જાય એટલે એક એક કરીને બધાં તેની પાછળ જાય. તેઓ લડતાં નથી, ઘોંઘાટ કરતાં નથી, ઠરીને ક્યાંય બેસતાં નથી. આખો દિવસ ઊડાઊડ કરે. થાક કે આળસનું તો નામ નહિ, આરામનું કામ નહિ.

ટૂંકી ચાંચવાળો રાજાલાલ

રાજાલાલના રાતા રંગની જે ઝલક છે તેનો નજરે જોયા વિના ખ્યાલ નહિ આવે. લીલાંછમ ઝાડમાં તગતગતા લાલ અને કાળા રંગનાં પક્ષીઓનું ટોળું આવે અને તેમાં ઊડાઊડ ને કૂદાકૂદ કરી મૂકે, ત્યારે જોનાર એ દશ્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જોઈને મંત્રમુગ્ધ બની જાય. એની ચપળતા, સ્ફૂર્તિ અને પ્રફુલ્લતા જુઓ. 'સ્વીટ–સ્વીટ–સ્વીટ' 'વી– ટ્વીટ,' અથવા 'વ્હી–ટી–ટી' એવો હળવો, મૃદુ અને મીઠો અવાજ સાંભળો અને રાજાલાલ તમારું મન હરી લેશે.

બધી જાતના રાજાલાલનાં લક્ષણ સરખાં જ છે. માત્ર સંવનન ઋતુમાં જ તેમનાં ટોળાં નરમાદાનાં જોડલાંમાં વહેંચાઈ જાય છે. જે પક્ષીઓ વૃક્ષોમાંથી જીવડાં ખાઈ જઈને વૃક્ષોનું રક્ષણ કરે છે તેઓમાં રાજાલાલનું પણ સ્થાન છે. રાજાલાલ છે તો જંગલનું પક્ષી, પણ કોઈ વાર તે બગીચામાં આવે છે ત્યારે પ્રકૃતિના સૌંદર્યમાં તે નવો રંગ લાવે છે. જેનો સ્વભાવ રંગીલો છે અને રંગે પણ જે રંગીલો છે, એનું વ્યક્તિત્વ કંઈ છૂપું રહે ખરું? હવે આપણે બધા રાજાલાલને ઓળખી લઈએ. એમનું હિંદી નામ ગુલાલચશ્મ અથવા સાહેલી.

નાનો રાજાલાલ (The Little Minivet) ઃ ર ઉપર રાખોડી, ઢીંચું તથા છાતી ચળકતા ઘેરા લાલ રંગનાં, પૂંછડી કાળા અને ચળકતા ઘેરા લાલ રંગની, પાંખોમાં પણ તેવો લાલ તથા ઝાંખો કાળો રંગ, પેટ ધોળું, માદાને ઢીંઢાં સિવાય લાલને ઠેકાણે પીળો અને કાળાને ઠેકાણે મેલો રંગ. **કાબરો રાજાલાલ** (The White-bellied Minivet) ઉપરથી કાળો, નીચેથી ધોળો, પાંખો કાબરી અને છાતી તથા ઢીંઢાં પર રાતો રંગ ધરાવે છે. તેઓ બંને મહાગુજરાતના સ્થાયી વતની છે. નાનો રાજાલાલ મુંબઈમાં પણ છે.

ગુજરાતમાં બીજા બે રાજાલાલ છે. **કેસરિયો રાજાલાલ** (The Orange Minivet). ડોકું અને ઉપરના ભાગ કાળા અને નીચેના ચળકતા કેસરી રંગ. પાંખોમાં પણ કેસરી રંગ છે. માદાને કેસરીને ઠેકાણે પીળો રંગ. કદમાં બીજા રાજાલાલથી મોટો, બુલબુલ જેવડો. **ટૂંકી ચાંચવાળા રાજાલાલ** (The Short-billed Minivet) તેનાથી જરા નાનો અને કાળા તથા રાતા રંગનો છે. તે હિમાલયથી શિયાળો ગાળવા આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બબુના અથવા શ્વેતનયના (The White-eye)

શોબીગી અને રાજાલાલની જેમ ઝાડના ઝુંડમાં વસનારું આ લીલાશ પર પીળું પંખી તેની ધોળી આંખ ઉપરથી ઓળખાઈ આવશે. કદમાં તે ચકલીથી જરા નાનું છે, પડખાં અને પેટાળ ધોળાં છે. રૂપેરી ઘંટડી જેવો તેમનો અવાજ લાલ મુનિયાની યાદ આપે છે. લીલા ઝાડમાં તમને તે ન દેખાય તોપણ અવાજ ઓળખાવી આપશે. રાજાલાલની જેમ તેઓ પણ ક્યાંય ઠરીઠામ બેસતાં નથી. નર–માદા જોડું બંધાઈને રહે છે. વસ્તી સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ. પ્રજનન વર્ષાઋતુમાં.

કાળિયોકોશી The Black Drongo અથવા The King crow



કાળિયોકોશી

શૌર્યનો, રોમાંચનો અને શરણાગતનું રક્ષણ કરવાનો યુગ ભલે આથમી ગયો હોય, પણ પક્ષીજગતમાં તે યુગ હજી ચાલે છે અને ચાલશે. હિમાલયથી કન્યાકુમારી સુધી એ સદ્ગુણોને મૂર્તિમંત બનાવતો કાળિયોકોશી આપણા બાગબગીચામાં, ખેતર અને પાદર-માં, વન–વગડામાં અને જો તમે કયાંય તેને ન જોયો હોય તો રેલવે પાસે તારનાં દોરડાં પર જરૂર દેખાશે. અંગ્રેજો એને 'કિંગ ક્રો'ના નામે ઓળખે છે. અને 'ઈહા'એ તો તેને 'હિઝ રોયલ હાઈનેસ'નો ઇલકાબ પણ આપી દીધો છે. પરંતુ કિંગ એટલે રાજા હોવાનો એ વિનમ્ર પખીનો દાવો નથી અને ક્રો એટલે કાગડો કહેવો એ તેનું અપમાન કરવા બરાબર છે. કાગડાના રાજા થવાની તેની ઇચ્છા નથી. નામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાડતાં અંગ્રેજોને કદી આવડયું જ નથી.

કાળિયાકોશીને ઓળખાવવાની જરૂર છે? તેર ઈંચ લાંબા તેના પાતળા કાળા દેહમાં ફાંટાવાળી પૂંછડી લાંબી છે, એટલે કાળિયોકોશી તેર ઈંચ લાંબો છે એવો ખ્યાલ જ નહિ આવે; કારણ કે તેમાં ૭ ઇંચ લાંબી તો પૂંછડી છે. તેના કાળા રંગમાં ભાત પાડનાર હોય તો તે તેની લાલ આંખ. શૂરવીરને તો લાલ આંખ હોય જ ને? એ લડાયક છે પણ કજિયાખોર નથી. સમડી, કાગડા, શકરા, ખેરખટ્ટા વગેરે ચોર અને લૂંટારાને કાળિયોકોશી સજા કર્યા વિના નથી છોડતો. એની હદમાં દાખલ થનાર એ શકમંદ વ્યક્તિઓનો પીછો પકડીને તેને સજા કરીને હદપાર કરી તગડી મૂકશે અને પછી વિજયી કાળિયોકોશી ગૌરવભરી ઢબે ધીમે ધીમે હવામાં તરતો તરતો પાછો ફરશે. એના જેવું નાનકડું અને નાજુક પંખી સમડી જેવા કદાવર અને શકરા જેવા ભયંકર પંખીને મારીને તગડી મૂકે એ નવાઈની વાત છે ને? જો તેમના સપાટામાં કાળિયોકોશી આવી જાય તો તેઓ તેને મારીને ખાઈ જાય. કાળિયોકોશી બળવાન નથી. ઊડવામાં તેની જે ચપળતા અને છાતીએ હિંમત છે તે તેના દુશ્મનોમાં નથી એટલે જ તે જીતે છે. નેપોલિયનની જેમ તે માને છે કે આક્રમણ કરનાર હમેશાં વિજય મેળવે છે. છેલ્લામાં છેલ્લી ઢબનાં લડાયક વિમાન પણ કાળિયોકોશી જેટલી ચપળતા અને ઝડપથી દાવપેચ ન ખેલી શકે. સમડી પર કાળિયોકોશી જે હુમલો કરે છે તેને બોમ્બર વિમાન પર લડાયક વિમાને હુમલો કર્યો હોય તેની સાથે સાલીમઅલી સરખાવે છે! તેનું હિંદી નામ કોટવાલ યોગ્ય છે.

કાળિયોકોશી એકલો, જોડીમાં કે નાની મંડળીમાં તાર પર, ઝાડની આગળપડતી ડાળ પર, દીવાલ કે છાપરા પર બેસે છે અને ધરતી પર કોઈ જીવડું જોયું કે તરત જ હવામાં ત્રાંસિયો મારી તેને પકડી લે છે. પાણીમાં ઝંપલાવીને તેમાંથી પણ જીવડાં પકડી લાવે છે. જમીન ઉપર તે ચાલતો નથી એટલે પાછો પોતાના મૂળ સ્થાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે બીજે જઈને બેસે છે.

શૂરવીરને સવારીનો તો શોખ હોય જ ને? કાળિયોકોશી ઢોર ચરતાં હોય તેમની પર સવારી કરે છે; કારણ કે ઢોર ચરતાં ચરતાં જેમ હરેફરે તેમ ઘાસમાંથી જીવડાં, તીડ વગેરે ઊડે છે, એટલે કાળિયોકોશી તેમને પકડી લે છે. ખેતીને નુકસાનકર્તા જીવડાંનો નાશ કરનાર પંખી તરીકે કાળિયોકોશી ઉપકારક પંખી છે.

કાળિયોકોશી કંઈ સર્વગુણસંપન્ન નથી. એ પોતાના શૌર્યનો ગેરઉપયોગ પણ કરે છે. મેં તેને કાબર પાસેથી શિકાર ઝૂંટવી લેતાં જોયેલ છે. હુડહુડ જેવા રાંક પંખીને લૂંટ્યાનો કેસ પણ તેની સામે નોંધાયેલ છે.

કાળિયાકોશીનો અવાજ કર્કશ છે, પણ થોડા મીઠા ટહુકા પણ કરે છે. તેનો અવાજ શકરાના અવાજને મળતો આવે છે. તેનું પંજાબી નામ કાલચીત તેના અવાજ ઉપરથી પડયું છે. 'હે...ચું, હે...ચું' એવો તેનો અવાજ મીઠો અને જાણીતો છે. પ્રજનનઋતુમાં એ વધુ બોલકણો બની જાય છે.

ફાગણથી અષાઢ સુધીમાં કાળિયોકોશી ઝાડમાં ઉઘાડો અને આછો–પાતળો માળો બાંધે છે. માળો સંતાડવાની તેને દરકાર નથી; કારણ કે તેને કોઈનો ભય નથી. ઊલટું પીળક, લેલાં, વગેરે રાંક પક્ષીઓ તેના રક્ષણ નીચે માળા બાંધે છે! કાળિયાકોશીની માદા ૩ થી ૫ ધોળાં ઈંડાં મૂકે છે, જેમની પર જાંબુડા ભૂરા રંગનાં છાંટણાં હોય છે. કોઈવાર ઈંડાંનો રંગ ફિક્કો નારંગી–ગુલાબી પણ હોય છે. મહાગુજરાતમાં કાળિયોકોશી વ્યાપક અને જાણીતું પંખી છે. તેને ઉઘાડા વગડા અને ખેતરાઉ જમીન ગમે છે, પણ ગાઢું જંગલ નહિ.

સફેદપેટો કોશી (White–bellied Drongo)

તમને એક બીજી જાતનો કાળિયોકોશી ઓળખાવું. એનું પેટ સફેદ છે, બાકી તો છે તેના ભાઈ જેવો જ. એને કચ્છ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેવા વેરાન દેશ નથી ગમ્યો. કાઠિયાવાડમાં જેમ શિયાળામાં ગવર્નરો અને વાઇસિરૉયો મુલાકાતે આવતા, તેમ સફેદપેટો કાળિયોકોશી હજી દર શિયાળે સૌરાષ્ટ્રની મુલાકાત લે છે. ગુજરાતમાં હરિયાળા પ્રદેશ તેને ગમ્યા છે; મુંબઈમાં ઉત્તર સાલ્સેટમાં અલ્પ સંખ્યામાં વાસ કરે છે. એનો અવાજ વધારે મીઠો છે.

સૌરાષ્ટ્રના અને ગુજરાતના ડુંગરાળ પ્રદેશમાં રાખોડી કાળા રંગનો કોશી (The Indian Dark Ashy Drongo) શિયાળો ગાળવા આવે છે. તે બીજાં પક્ષીઓનું અનુકરણ કરીને સારું ગાઈ શકે છે.

ભૃંગરાજ અથવા ભીમરાજ (The Racket-tailed Drongo)

કાળિયાકોશીઓમાં જેને રાજા કહી શકાય એવો ભૃંગરાજ પ્રભાવશાળી પક્ષી છે. માથે કલગી છે. પૂંછડીની બંને બાજુથી એકેક પીછું તેર ઇંચ લાંબું થઈને મોરપીંછની 'આંખ'ની જેમ ફેલાઈ જાય છે. ભૃંગરાજ પોતે ૧૪ ઇંચ લાંબો અને ૧૩ ઇંચ પીંછાં એટલે ૨૭ ઇંચ થયા ! પણ ભૃંગરાજને જોઈને તમને એટલી લંબાઈ નહિ લાગે; કારણ કે જે બે પીંછાં લાંબાં થઈને મોરપીંછ જેવો આકાર લે છે, તેમાં છેડે અર્ધ ગોળ ચગદા સિવાય બાકીનો ભાગ સળી જેવો જ છે. એટલે ભૃંગરાજ ઊડતો હોય ત્યારે પાછળ તેની પૂંછડીમાં કોઈ બીજા પંખીનાં બે પીંછાં ભરાઈ રહ્યાં હોય એવું લાગે. રંગે તો ભૃંગરાજ પણ ચળકતા કાળા રંગનું પંખી છે. તેનો અવાજ મીઠો છે. 'સે-રંગ, સે-રંગ, વેટ-વેટ-વેટ' એમ અનેક જાતના મધુર સૂર કાઢે છે. તે જંગલનું અધિવાસી છે અને ત્યાં ભૃંગરાજને ઊડતાં જોવો અને બોલતાં સાંભળવો એ એક લહાવો છે. એ મીઠાશ અને એ સૌંદર્યની મધુર સ્મૃતિ રહી જશે. તે બીજાં પક્ષીઓના અવાજનું પણ અનુકરણ કરે છે. તેની વસ્તી મુંબઈમાં ઉત્તર સાલ્સેટ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટાપુમાં અને ગુજરાતમાં નર્મદાની દક્ષિણે ડુંગરાળ પ્રદેશમાં છે. ડાંગના જંગલમાં તો બહુ છે.

દરજીડો (The Tailor Bird)

'પ્રિટીક–પ્રિટીક–પ્રિટીક...'

હૃદયને સ્પર્શી જાય એવો આ અવાજ કોણે કર્યો? એ બુલંદ પણ કર્ણપ્રિય અવાજ કોઈ મોટા પક્ષીનો લાગે છે, નહિ? ના, ના, એમ છેતરાશો નહિ અને મોટા પક્ષીને ઢૂંઢશો નહિ. એ અવાજ કરનાર તો છે ચકલી જેવડું પંખા અને તેમાં પણ તેની પૂંછડી મોટી છે એટલે દેખાવમાં તો સાવ નાનું લાગે. પક્ષીજગતનો એ મોટો કારીગર છે. કલાકારને તો ખુમારી હોય જ ને? એનું નામ છે દરજીડો. એ કંઈ ગવૈયો નથી અને છતાં દૈયડની જેમ તે પોતાની લાંબી અને બિડાયેલા પંખા જેવાં ચડઊતર પીંછાંવાળી પૂંછડી મોરની જેમ ઊંચી રાખે છે. તે હમેશાં ખુશમિજાજમાં રહે છે; એકલો નહિ, નરમાદા બન્ને. મારા બગીચામાં તે એક કૂંડા ઉપરથી બીજા કૂંડામાં, એક છોડથી બીજા છોડમાં, એક ઝાડમાંથી બીજા ઝાડમાં ઊડાઊડ કરે છે, વનસ્પતિમાં કૂદાકૂદ કરે છે. કોઈ વાર ઘરની ચાલીમાં પણ ઘૂસી આવે છે; કારણ કે સ્વભાવે નીડર છે. એનું આખું કુળ (તમામ કુટકીઓ) શરમાળ છે અને વગડામાં રહે છે. પણ દરજીડાના તો નામ પ્રમાણે ગુણ છે. એને તો માણસની વસ્તી અનુકૂળ આવી ગઈ છે.

કેવો છે દરજીડો? તેણે માથે કાટના રંગ જેવી રતૂમડી ટોપી પહેરી છે. (પણ માથાનાં પીછાં કંઈ ટોપી જેવાં ઊંચાં નથી.) દરજીડાએ સફેદ ખમીસ પહેર્યું છે (એટલે કે પેટાળ ધોળું છે) અને પીળાશ પર લીલા રંગનો ડગલો પહેર્યો છે (એટલે કે ઉપરના ભાગ એવા રંગના છે). જાણે ખુલ્લા રાખેલા ડગલા નીચે જાકીટ હોય તેમ પાંખોમાં પણ કાટ જેવો રંગ છે. અવ્વલ નંબરનો કારીગર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



દરજીડો અને તેનો માળો

શોખીન ન હોય તો કેમ ચાલે? આપણો દરજીડો ગળામાં કાળી નેકટાઈ (બો) પહેરે છે. તમને માન્યામાં ન આવે, પણ જોજો કે ગળાની બન્ને બાજુ એકેક કાળી રેખા છે. ચાંચ જરા લાંબી ને અણીદાર છે. એવી જોઈએ જ ને? કારણ કે ચાંચ તો એ કારીગરની સોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પક્ષીનું નામ દરજીડો કેમ પડયું તે જાણો છો? આપણી જ્ઞાતિઓ ધંધા ઉપરથી બંધાઈ છે. દરજીડાનું નામ પણ તેના ધંધા પરથી પડયું છે. તે પોતાનો માળો ઝાડનું પાંદડું સીવીને તેમાં બાંધે છે, આ પણ કુદરતની એક અજાયબી છે. મોટા પાનવાળા છોડનું પાંદડું પકડીને તેની બન્ને કોર ભેગી કરીને દરજીડાનું જોડલું તેને દોરા વડે સીવી લે છે! તેમાં તેમની ચાંચ સોયનું કામ કરે છે. દોરો સરકી ન જાય તે માટે ગાંઠ વાળવામાં પણ આવે છે. જો મોટા પાનના છોડ ન મળે તો બે કે વધારે પણ મોટા ભાગે બે નાનાં પાન સામસામાં સીવી લેવામાં આવે છે! આમ પાન વચ્ચે જે પોલાણ થાય તેમાં મુલાયમ માળો બનાવવામાં આવે છે અને તેમાં માદા ચૈત્રથી ભાદરવા સુધીમાં રતાશ પર ધોળા રંગનાં ત્રણથી ચાર ઈંડાં મૂકે છે, જેમના પર ભૂરાશ પર રાતાં છાંટણાં હોય છે. સીવવા માટે દોરો ન મળે તો વનસ્પતિનો રેસો વાપરવામાં આવે છે. આ નાનકડાં, નાદાન, હાથ વિનાનાં પંખી આવી અદ્ભુત કળા કરી બતાવે છે એ કંઈ જેવી તેવી અજાયબી છે! માળો જમીનથી ૩–૪ ફૂટથી વધારે ઊંચો નથી હોતો. આ ઝૂલતા ઘોડિયામાં પાંખાળા કારીગરનાં બચ્ચાં ઝૂલે છે. તમે એ માળો જુઓ તો એમ જ લાગે કે આ સીવણકામ માણસે કર્યું છે.

આવું કારીગર પંખી ખુમારી રાખીને, પૂંછડી ઊંચી કરી, ઠસ્સાથી અને લહેરથી કૂદાકૂદ અને ઊડાઊડ કરીને બુલંદ અવાજે આપણા બગીચાને ગજવ્યા કરે એમાં નવાઈ શી? એ જીવાતભક્ષી પક્ષી છે. તેની વસ્તી આખા હિંદમાં છે. બાગબગીચા અને વન-વગડામાં, બધે ઠેકાણે. એનાં કુટુંબીઓ તો વનવગડામાં વસે છે અને વિવિધ કારીગીરીવાળા માળા બાંધે છે, પણ એમની ઓળખાણ તો આપણે વગડામાં જઈશું ત્યારે કરશું. એ બધામાં દરજીડાનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે. એના પિતરાઈઓ ભલે રૂપેરી ઘંટડી જેવો અવાજ કાઢી શકે, પણ કહો તો ખરા કે પ્રજનનઋતુમાં દરજીડા સિવાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોની પૂંછડીનાં વચલાં પીછાં લાંબાં થઈ જાય છે? તમારે મન એ નાની વાત હશે, પણ દરજીડો જ્યારે એ લાંબાં પીછાંવાળી પૂંછડીને ઊંચી કરીને દરસાથી અને ગૌરવથી, દમામથી ને અભિમાનથી તમારા બગીચામાં ટહેલતો હોય, ત્યારે તમને ખાતરી થશે કે એ કંઈ જેવી તેવી સિદ્ધિ નથી!

સક્કરખોરા અથવા ફૂલચકલી (Sunbirds)

મારા પલંગ પાસે બારી છે અને બારીમાંથી સામે સરગવાનાં ઝાડ દેખાય છે. પાસે જ બીજાં ફૂલઝાડ અને રોપા છે. એમાં જ્યારે ફૂલો ખીલે છે ત્યારે સક્કરખોરાનું એક જોડલું એમાં ફૂલોનો રસ પીવા આવે છે. તેઓ રસ પીએ છે, હેલીકૅાપ્ટર વિમાનને શરમાવે એવી છટાથી હવામાં ઊડતાં ઊડતાં સ્થિર થઈ જાય છે અને સરકસના કસરતબાજ ઝૂલા પર જે હેરતભર્યા પ્રયોગો કરે છે, તેમનાથી વધી જાય એવી ચપળતાથી ફૂલ અને ડાળી પર ઊંધાં ને આડાં થઈને લટકે છે અને ફૂલમાં ચાંચ પરોવે છે. તેઓ પાછળ પણ ઊડી શકે છે અને એક સેકંડમાં ૧૭૫–૨૦૦ વખત પાંખો ફફડાવી શકે છે! સક્કરખોરા સાથે મારી મૈત્રી બહુ જૂની છે. આપણે એને ફૂલચકલી પણ કહીએ છીએ, પરંતુ શિયાળને અને હરણને જેમ કંઈ સગપણ નથી તેમ સક્કરખોરાને અને ચકલીને કંઈ સંબંધ નથી. ભારતવર્ષનાં સૌથી નાનાં, નાજુક અને મિષ્ટભાષી પંખીઓમાં તેમનું સ્થાન છે. તેઓ આપણને અદેખાઈ આવે એવું મધનું ભોજન કરે છે, પણ એકલું મિષ્ટાન્ન કેમ ભાવે? એટલે તેઓ વચ્ચે વચ્ચે કરોળિયાને અને ફૂલનો રસ પીવા આવેલાં જીવડાંને પણ ખાઈ જાય છે. સક્કરખોરા આનંદી પક્ષી છે. આખો દિવસ ગાવું અને ખાવું એ એમનો ક્રમ છે. એક ડાળથી બીજી ડાળ, એક ઝાડથી બીજે ઝાડ, એક બગીચામાંથી બીજા બગીચામાં ઊડાઊડ કરવું અને પોતાના ભભકભર્યા રંગને પ્રકાશમાં ચમકાવવા એ તેમની દિનચર્યા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાંબુડો સક્કરખોરો (The Purple Sunbird)

હું જે સક્કરખોરાનો પરિચય આપી રહ્યો છું એનું નામ જાંબુડો સક્કરખોરો. એ ચાર ઇંચ લાંબું એટલે ચકલીથી બે ઇંચ નાનું પંખી છે. ઉનાળામાં નરનો રંગ ચળકતો કાળો હોય છે, જે તડકામાં લીલી–જાંબુડી ઝાંય બતાવે છે. પાંખની નીચે ચળકતા રાતા–પીળા રંગનું એકેક ફૂમકું સંતાડેલું હોય છે. ભાદરવાથી પોષ સુધી તે



જાંબુડો સક્કરખોરો, તેની માદા અને માળો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વેશપલટો કરી માદા જેવું રૂપ ધારણ કરે છે, પણ પાંખમાં ઝાંખો કાળો રંગ અને ગળાથી પેટ સુધી જતો કાળો–જાંબુડો પહોળો પટો બતાવી આપે છે કે આ નર છે.

માદા લગ્નનો પોશાક નથી પહેરતી. તે બારે માસ સાદા વેશમાં રહે છે. પક્ષીઓનો નારીસમાજ આપણા નારીસમાજ કરતાં વધુ શાણો અને સમજુ છે. ફૂલચકલીની માદા ઉપરના ભાગે લીલાશ પર ભૂરા રંગની છે; પૂંછડી કાળાશ પર ભૂરા રંગની અને પેટાળનો ભાગ આછા પીળા રંગનો છે. બંનેના પગ અને ચાંચ કાળાં છે.

તમારે ત્યાં સરગવો કે પપૈયાનું ઝાડ છે? સક્કરખોરાનું સાથી માનીતું ઝાડ તો સરગવો; પરંતુ કોઈ પણ ફૂલવાળું ઝાડ કે વેલ એ રૂપાળા પંખીને આમંત્રણ આપશે. સરગવામાં તો તે અચૂક આવશે. કાળું ભમરા જેવું અને તમે ધ્યાન દઈને ન જુઓ તો એ જ્યારે ફૂલ ઉપર ભમરાની જેમ ઝઝૂમતું હોય, ત્યારે તમે તેને ભમરામાં જ ગણી કાઢો એવું એ નાનકડું પંખી હમેશાં પ્રફુલ્લિત રહે છે. ભમરાની જેમ પાંખો વીંઝતું, ફૂલમાં ચાંચ નાખીને રસ ચૂસતું અને 'ચિવિટ ચિવિટ–ચી–ચી–ચી–ચી–ચી'ને લંબાવી ટૂંકાવી જાતજાતના આલાપ છોડી, આપણાં આંગણાં, બાગબગીચા અને વનવગડાને પ્રફુલ્લિત બનાવતું આ સુકોમળ પંખી આપણા આંગણાનો શણગાર છે.

ઘણી જાતનાં પક્ષીઓ ગર્ભાધાનની ઋતુ પાસે આવતાં સુંદર શણગાર સજે છે, તો પછી સક્કરખોરા જેવા રસભોગી, પુષ્પવિહારી અને આનંદી પક્ષી તો કેમ પાછળ રહે? એ તો આખી કાયા જ પલટાવી નાખે છે. વસંત, ગ્રીષ્મ અને વર્ષામાં તમે જે સક્કરખોરાને જુઓ છો તેને જો શિયાળામાં જુઓ તો અજાણ્યા માણસને એમ જ લાગે કે આ તો જુદું જ પક્ષી છે! માણસની જુવાનીનું રૂપ તો આધેડ કે વૃદ્ધ વયે જાય છે ત્યારે હમેશ માટે જાય છે; પરંતુ આ પક્ષીઓ તો દર વરસે જુવાનીનું સૌંદર્ય મેળવે છે અને પાછું ગુમાવી

P. P. Ac. Gunratnasuri M.S. 	Jin Gun Aaradhak Trust

બેસે છે; પછી બીજે વર્ષે વળી પાછું મેળવે છે. આમ કુદરતનું વર્તુળ ચાલ્યા જ કરે છે. સક્કરખોરો પણ યૌવનનું અથવા કહો કે ગર્ભાધાનની ઋતુનું સૌંદર્ય શ્રાવણ ઊતરતાં ગુમાવી બેસે છે, ત્યારે તેના રંગની સજાવટમાં તેની માદાની નરાતાર સાદાઈ તેનામાં આવી જાય છે.

પણ ઘણીવાર સાદાઈમાં પણ સૌંદર્ય હોય છે. સક્કરખોરાની માદા પણ સુંદર નથી એમ તો ન કહી શકાય.

બધી જાતના સક્કરખોરાના આકારમાં એક બીજી વિશિષ્ટતા છે અને તે તેમની ચાંચ. લાંબી અને વળેલી ઝીણી ચાંચ ફૂલોમાંથી રસ ચૂસવા માટે બહુ ઉપયોગી છે.

આખો દિવસ એક ફૂલ ઉપરથી બીજા ફૂલ ઉપર, એક ડાળીથી બીજી ડાળી ઉપર, એક ઝાડથી બીજા ઝાડ ઉપર ઊડાઊડ કરવામાં જો તેઓ જરાય વિશ્રાંતિ લેતા હોય, જરાય ઠરીને બેસતા હોય, તો કાં તો પોતાનાં પીંછાં સાફ કરતી વખતે અને કાં તો રાતે. સક્કરખોરાના અંગમાં બીજું ધ્યાન ખેંચે તેવું અંગ તેની જીભ છે. પરંતુ એ તો તમે હાથમાં લઈ ને જુઓ, પાળેલા સક્કરખોરાને પાંજરામાં જુઓ તો જ જોઈ શકાય. તેની ઝીણી લાંબી જીભ ચાંચની બહાર, ઠીકઠીક બહાર નીકળી શકે છે. ફૂલોમાંથી રસ ચૂસી લેવાનું તેનું સાધન ચાંચ નહિ પણ જીભ છે.

સક્કરખોરા આવાં નાનાં અને નાજુક હોવા છતાં જો તમે કાળજી રાખો, તો સહેલાઈથી પાળી શકાય. તેમનો મુખ્ય ખોરાક રહ્યો ફૂલોનો રસ, એટલે જો તમે તેને દૂધ અને મધનું મિશ્રણ કરીને ખોરાક તરીકે આપો અને ક્વચિત્ કરોળિયા કે ઈયળ પણ આપો તો પાંજરામાં તે બહુ આનંદથી રહી શકે છે. મધમાં ઈંડાંનો રસ મેળવવો એ વધારે સારું છે. જંગલી સક્કરખોરાને તો ન જ પાળી શકાય. તમારે ઈંડાંમાંથી તરતમાં નીકળેલાં અને આંખો ઊઘડી ગઈ હોય તેવાં બચ્ચાં મેળવવાં જોઈએ. પાંજરામાં મુલાયમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાદી બનાવીને તેમાં તેને બેસાડી સળી ઉપર મધ ચડાવીને જેવું તમે તેની ચાંચ આગળ ધરશો કે તરત તે પાંખો ફફડાવી મોં ઉઘાડશે. તે વખતે તમારે તેના મોંમાં મધનું ટીપું નાખી દેવું. બચ્ચાં બહુ ખાઉધરાં હોય છે; એટલે તમારે આખો દિવસ તેની તહેનાતમાં રહેવું પડે. વળી પુખ્ત વયનો સક્કરખોરો જ્યાં આવો નાજુક છે, ત્યાં તેનાં બચ્ચાંની તો વાત જ શી કરવી? નર્યું સુકોમળ ફૂલ! અને એ ફૂલને ઈજા પહોંચતાં કે કરમાતાં કેટલી વાર? એટલે તેને ખવડાવતી વખતે તેની અત્યંત કોમળ જીભને કે મોંને જરાય ઈજા ન થવી જોઈએ. એક બીજી ચેતવણી પણ આપી દઉં. બહારથી તેની ચાંચ કે તેનું શરીર મધવાળું થશે, તો કીડીઓ ચડશે અને રાતી કીડીઓ એ બચ્ચાંને પણ મારી નાખશે. એટલે તેનું પાંજરું એવી રીતે રાખવું જોઈએ કે તેને કીડી ન પહોંચી શકે. ચારેક દિવસમાં તો તે તમારી સાથે એવું હળી જશે કે તમારા શરીર ઉપર ઊડાઊડ કરવા લાગશે. એકવાર સ્વાવલંબી થઈ ગયા પછી બચ્ચાંને આપણે ખવડાવવું નથી પડતું.

આમ બચ્ચાંને ઉછેરવાં એ બહુ કપરું કામ છે. પરંતુ તે પછી પુખ્ત વયે પહોંચેલાં બચ્ચાંને પાળેલાં રાખવાં તેમાં કંઈ મોટી મુસ્કેલી નથી. જે શોખીન બાળઉછેરની આવી ઉપાધિ માથે લઈ શકે, તે ભલે લે; પરંતુ બીજાને મારી ભલામણ છે, કે આવાં સુંદર, આનંદી અને નિર્દોષ તથા સુકુમાર પક્ષીની જિંદગી સાથે અડપલાં ન કરે.

પ્રકૃતિમાં દરેક પ્રાણીને કુદરતે કોઈ ને કોઈ કર્તવ્ય સોંપેલ છે. સૃષ્ટિના મહાન ચિત્રમાં દરેક પ્રાણી અને વનસ્પતિ મહત્ત્વનો ભાગ પૂરો પાડે છે. સક્કરખોરો પણ ઝાડે ઝાડે અને ફૂલે ફૂલે ઊડીને મધ પીતાં પીતાં વનસ્પતિસૃષ્ટિ માટે એક મહાન કર્તવ્ય બજાવે છે. પુષ્પોમાં રસ પીવા માટે ચાંચ પરોવતાં નર–ફૂલોના રજકણો તેમની ચાંચ ઉપર ચોંટી રહે છે. આ રીતે તેઓ નર–ફૂલોનાં રજકણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માદા-ફૂલોમાં રોપી દે છે. અને આમ વનસ્પતિનાં ફૂલોમાં નર અને માદા-કણોનો સંયોગ થતાં ફૂલોમાંથી ફળો પેદા થાય છે.

આમ સક્કરખોરા ઉપકારક પંખી છે. આપણા બાગ-બગીચામાં તેમની મુલાકાત હમેશાં આવકારપાત્ર ગણવી જોઈએ.

સક્કરખોરા જેવાં વ્યાપક પંખી થોડાં છે. તે ગમે તેવા પ્રદેશમાં પણ સંતોષ અને આનંદથી રહેશે. શીતળ છાયાવાળો પહાડી પ્રદેશ હોય કે પાકથી ઝૂલતાં ખેતરાઉ મેદાનો હોય, સુંદર બાગબગીચા હોય કે ઉજ્જડ નપાણિયો પ્રદેશ હોય, પરંતુ એ બિચારાને બે ઝાડ ફૂલવાળાં મળી ગયાં એટલે બસ. આસપાસ માઈલોના વિસ્તારમાં ધરતી ખાવા દોડે એવા પ્રદેશ વચ્ચે પણ એક સાવ નાના સરખા બગીચાના બેચાર સરગવાના ઝાડે સક્કરખોરાને વસાવ્યાનું મેં જોયેલ છે.

બારે માસ મસ્ત રહેતા આ પ્રફુલ્લિત પંખીનો સંવનનકાળને ઉન્માદ કેવો હશે! તે વખતે તેના નાનકડા કંઠમાંથી મધુર સંગીતનો ધોધ છૂટે છે. મધ ચૂસી ચૂસીને જાણે ગળામાં મીઠાશ જ ભરી હોય તેમ તે આખો દિવસ ગાયા કરે છે. તે તાર ઉપર કે ઝાડની ડાળી ઉપર બેસે છે. તેનો થનગનાટ તેના નાનકડા શરીરમાં સમાતો નથી. પ્રેમના વેગથી તેની પાંખો હાલે છે. તે આમ જુએ છે, તેમ જુએ છે અને બિનઅનુભવી પ્રેમી તેની પ્રિયતમાને મળતાં જેમ ધ્રૂજતો હોય તેમ તેનું સર્વાંગ ધ્રૂજે છે. તેના કંઠમાંથી મધુર સંગીતની અણખૂટ ધારા ચાલી જાય છે. તે માદાની આસપાસ અને ઉપર ઊડાઊડ કરે છે.

સક્કરખોરાના માળાની અદ્ભુત રચનાનો ઉલ્લેખ કરવો જોઈએ. તે જમીનથી ૩ કે ૪ ફૂટ ઊંચે છોડ કે વેલની ડાળીને છેડે જાળાં ભરાવીને તેમાંથી લટકતો માળો બનાવે છે. માળાનો આકાર મોટા પેર જેવો અને વચ્ચે દરવાજો તથા દરવાજા ઉપર છાજલી હોય છે. અંદરથી સુઘડ અને સુંદર માળો પણ બહારથી જુઓ તો દીઠો ન ગમે. કરોળિયાનાં જાળાં ભરાવીને તેમાં બધી જાતનો કચરો પરોવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માળાની બહારની બાજુ તે એવી બનાવે છે કે કોઈ જુએ તો એમ જ માને કે ઝાડમાં કચરો ભરાઈ ગયો છે. માળામાં બેથી ત્રણ ઈંડાં મૂકે છે અને મુખ્યત્વે માદા દરવાજાના ઉંબરા ઉપર દાઢી ટેકવીને ઈંડાં સેવવા બેસે છે. આમ માળાના બાહ્ય રૂપરંગથી તેને અદ્‌ભુત રક્ષણ મળી રહે છે અને માદા પણ તેમાં એવી ભળી જાય છે કે તમારી નજર સામે માળો હોય તોપણ તમને ખબર ન પડે. ઈંડાંનો રંગ ઝાંખો સફેદ અને ઉપર ભૂરા રંગનાં કે બીજી કોઈ ઝાંયવાળાં ભૂરા રંગનાં છૂંદણાં અને છાંટણાં હોય છે. માળામાં આવતાંજતાં માબાપ ઘોંઘાટ નથી કરતાં. આમ માળો ઉઘાડી જગ્યામાં હોવા છતાં દુશ્મનોને છેતરીને પ્રજા ઉછેરવા માટે આ પક્ષીઓ કેવા ઉપાય અજમાવે છે, તે નવાઈભરેલું છે. બચ્ચાંને તેઓ મોટે ભાગે કોમળ જીવડાં ખવરાવે છે.

આ પરિચય તો થયો આપણા સર્વસામાન્ય સક્કરખોરાનો. ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડનો આ સામાન્ય સક્કરખોરો મુંબઈમાં એટલો સામાન્ય નથી, ત્યાં તેની વસ્તી ઓછી છે, પરંતુ તેનું સ્થાન લીધું છે, **જાંબુડી પીઠવાળા સક્કરખોરાએ**. અંગ્રેજીમાં The Purple-Rumped Sun-Bird તરીકે ઓળખાય છે. કદમાં તો બધા સરખા છે, પણ તેના રંગની જમાવટ વિશિષ્ટ પ્રકારની છે. માથું લીલાશ પર, કેડ લીલાશ પર જાંબુડી અને શરીરના ઉપલા બાજુના ભાગ ઝાંખા રતૂમડા; પૂંછડી કાળી, દાઢી અને ગળું લીલાશ પર જાંબુડાં અને નીચેના બાજુના ભાગ સુંદર પીળા રંગના. આ રંગ-રચના પણ ખરેખર મોહક છે, અને એટલી જ મોહક તેની રીતભાત છે. પરંતુ આપણા સામાન્ય સક્કરખોરા જેવું મોહક તેનું સંગીત નથી. તેના કંઠમાં મીઠાશ તો છે જ. સ્વભાવે પણ તે એટલું જ આનંદી, બીજી બધી ટેવ પણ તેના પિતરાઈ જેવી જ. તેની વસ્તી ખાનદેશથી કન્યા-કુમારી સુધી છે. તે દક્ષિણ ગુજરાતમાં છે, પણ ઉત્તર ગુજરાતનું તે વતની નથી. કચ્છ–સૌરાષ્ટ્રમાં પણ તે નથી. તે પોતાના સુશોભિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાધા બારે માસ પહેરી રાખે છે. તેના રંગમાં ફેરફાર નથી પડતો. તેની માદા રંગે તેના પિતરાઈની માદાને ઘણી જ મળતી છે. મુંબઈના ટાપુઓમાં બધા સક્કરખોરા કરતાં આની વસ્તી વધારે છે.

જ્યાં ખોરાકની વિપુલતા હોય છે ત્યાં સક્કરખોરા ઉપરાઉપર બે વખત પ્રજોત્પત્તિ કરે છે. કોઈવાર વચમાં થોડો ગાળો પણ રાખે છે. પોષથી અષાડ સુધીમાં તેમની ગર્ભાધાનની ઋતુ છે.

ફૂલરાજના નામે ઓળખાતો Vigor's Yellow-Backed Sunbird ચળકતા લાલ રંગની છાતી, પીઠ અને માથાની બંને બાજુથી ઓળખાઈ આવશે. માથાની ઉપર લીલી ઝાંય છે, પેટાળ લીલાશ પર ધોળું છે. પૂંછડી લીલી અને તેનાં બે પીંછાં લંબાયેલાં છે. વાંસો ચળકતો રાતો અને ઢીંઢું પીળું છે. માદા જાંબુડા સક્કરખોરાની માદાને મળતી. આ 'જંગલના જવાહર' જેવું રૂપકડું પંખી મુંબઈથી ગુજરાતમાં તાપી નદી સુધી વસે છે.

સક્કરખોરા સ્થાયી રહેનારાં પક્ષી છે. તેમને પોતાનું કુળ છે, ત્યારે હવે આવતાં ફૂલસૂંઘણી પક્ષીઓ જુદા કુળનાં છે.

ફૂલસૂંઘણી (Flower-peckers)

ફૂલચકલી જેવાં જ લક્ષણ ધરાવતાં પણ તેમની સાથે સગપણ નહિ ધરાવતાં આ પક્ષીઓને તમે ઓળખતા ન હો, તો તમે તેમને ફૂલચકલી માની બેસો. તેઓ કચ્છમાં નથી, પણ સૌરાષ્ટ્રથી મુંબઈ સુધી જાણીતાં છે. તેઓ ફૂલચકલીની છટાથી ફૂલોનો રસ, ફળ અને જીવડાં ખાય છે અને તે માટે એક ઝાડમાંથી બીજા ઝાડમાં ફર્યા કરે છે. ચિપ-ચિપ એવો અવાજ સાંભળો તો ઝાડ અને ઝાડીમાં તેને શોધજો. **જાડી ચાંચવાળું ફૂલસૂંઘણી** Thick-billed Flower pecker ઉપરથી લીલી ઝાંયવાળા ચળકતા ભૂરા રંગનું અને નીચે ફિક્કા પીળા રંગનું છે. પૂંછડીને છેડે જરા ધોળો રંગ છે.

ગુજરાત અને મુંબઈમાં બીજી એક ફૂલસૂંઘણી છે. તેનું નામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પીળી ચાંચવાળી ફૂલસૂંઘણી Tickell's or Yellow-Billed Flower Pecker. એની ચાંચ ઝાંખી ગુલાબી, પીળી, શરીરની ઉપર લીલી ઝાંયવાળો ઘેરો ભૂરો રંગ, નીચે મલાઈ જેવો સફેદ રંગ.

ફૂલસૂંઘણી પણ ફૂલચકલી જેવો માળો બાંધે છે. શિયાળાની અધવચથી ચોમાસાના આરંભ સુધી તેમની પ્રજનનઋતુ. તેઓ પણ આપણા સ્થાયી આદિવાસી છે.

કાગડા

ઘરઆંગણાના પંખીમાં કાગડા(The House Crow)ના પરિચયની તો તમે ભાગ્યે જ અપેક્ષા રાખતા હશો. છતાં તેના વિશે એક નાનું પુસ્તક લખાય એવી તેની ખાસિયતો છે. ચકલી, કાગડો અને કબૂતર આપણા ઘરમાં વધુ સહવાસી છે, છતાં તમે કાગડાને સંભોગ કરતાં ભાગ્યેજ જોશો! એવા એ મર્યાદાશીલ છે! સાધારણ રીતે તે ઝાડમાં માળામાં થાય છે, પણ મેં બે પ્રસંગે મારા ફળિયામાં ધરતી પર જોયેલ છે.

આપણા સામાન્ય કાગડાએ મુંબઈમાં વીજળીનો તમામ ટ્રેઈન-વહેવાર ખોરવી નાખ્યાના બનાવ બન્યા છે. તેનાં પરાક્રમોની કથા રસિક છે તેમ લાંબી છે.

જંગલનો કાગડો (The Jungle Crow) ઓછો કર્કશ અવાજ અને જરા ગમે એવા હાવભાવ ધરાવે છે. ખોરાક મળે કે પ્રેમવશ થાય ત્યારે ખુશાલી વ્યક્ત કરવા તે પાંખો પીઠ ઉપર ખૂબ ઊંચી કરી ધ્રુજાવતો અને કવો-ઓ-ઓ, કવો-ઓ-ઓ કરતો ઊતરે ત્યારે જોજો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૨ : પાદર અને ખેતરમાં

દૈયડનાં કુટુંબીઓ

શિયાળો પૂરો થઈ જાય અને હવામાંથી ગુલાબી ઠંડી ઊડી જાય તે પહેલાં ચાલો, આપણે ગામની બહાર નીકળી ખેતર અને પાદરનાં, સીમ અને શેઢાનાં, ખીડ અને વગડાનાં પંખીને ઓળખી લઈએ. તેઓમાંથી કેટલાંક તો આપણાં મહેમાન છે અને વસંતઋતુમાં પોતાને દેશ જશે.

આપણા બગીચામાં રહેનારા દૈયડને તો હવે આપણે ઓળખીએ છીએ. એનાં કુટુંબીઓ ગામ બહાર વસે છે. તેઓ પણ મોટા ભાગે જીવાતભક્ષી છે. જમીન પર ચાલે ત્યારે એ પગે ઠેકડા મારતા, પણ મોટા ભાગે તો તેઓ કોઈ પથ્થર, રોડું, ઢૂંઢું, વાડ કે ઠૂંઠું પસંદ કરે છે. તેની પર બેસીને આસપાસ જીવડાં માટે જોયા કરે છે, અને શિકાર નજરે પડતાં જ તેને ઝડપી લે છે. આ બધાં પક્ષીઓ રંગે મોટા ભાગે કાબરાં છે, જેમાં ધોળા રંગ કરતાં કાળો રંગ વધારે છે; પણ માદા મોટા ભાગે ભૂખરી કે ફિક્કા રંગની હોય છે. કેટલીક જાતોમાં નરને કોઈ પણ પ્રકારનો લાલ રંગ હોય છે અને તે પણ પૂંછડીની નીચે, ગુદા પર ! ત્યાં એ સુંદર રંગ જોઈને તમને કુદરતની ફાંટાબાજી પર હસવું આવે.

કોઈને ઢીંઢા ઉપર સફેદ રંગ છે. દૈયડ અને દેવચકલી ઘોડાની જેમ ડોક ટટ્ટાર કરી પીઠ તરફ પૂંછડી ઊંચી કરે છે, તો બીજા જાણે નમસ્કાર કરતાં હોય તેમ માથું નમાવી પાછલું શરીર ઊંચું કરે છે.

વનવગડા અને ખેતરોમાં વસનારાં અને જીવાત ખાનારાં આ પંખીઓ વનસ્પતિ અને પાકને નુકસાન કરનાર જીવડાંને પોતાનું પ્રિય ભોજન બનાવીને માનવજાત પર ઉપકાર કરે છે; છતાં આપણે પણ કંઈ ઓછા ગુણચોર છીએ ? આપણે તેમને ઓળખવાની પણ દરકાર નથી કરતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવચકલી અથવા કાળીદેવી (The Indian Robin) –કચ્છી નામ કારીબુચક

શુકન તો સારાં થાય છે. ગામની બહાર નીકળ્યા ને રસ્તા પર દેવચકલી આડી ઊતરી. જૂના વખતમાં જ્યારે યોદ્ધા રણે ચડતા, ત્યારે દેવચકલી સામી મળે તો એ મોટાં શુકન ગણાતાં. દેવચકલીને શૂરવીર ઘોડેસવારના ભાલાની અણી પર બેઠેલી કલ્પી છે. દેવચકલીનાં શુકન વિજયની ખાતરી આપે છે.

આપણી ચકલીથી જરા મોટું એટલે કે સાત ઇંચ લાંબું આ પંખી તમે જોશો કે તરત ઓળખી જશો. નર કાળો છે અને માદા ઘેરી ભૂરી છે. બંને ઊંચી પૂંછડી કરીને કૂદાકૂદ અને ઊડાઊડ કરે છે. તેઓ જમીન પરથી ખોરાક મેળવે છે એટલે ધરતી પર બે પગે ઠેકડા મારતાં જતાં હોય. એવું પ્રેમાળ જોડું છે કે નરમાદા જુદાં ન પડે. પૂંછડી નીચી થઈ જાય તો પાછી ખેંચીને પીઠ તરફ ઊંચી કરે; આપણે મન એ સહેતુક લાગે; કારણ કે પૂંછડી ઊંચી કરે તો જ ગુદા પરનો સુંદર લાલ રંગ આપણી નજરે પડે ને? નરને વધારામાં ખભા પર એકેક સફેદ ચાંદલો છે. કોઈને તે પાંખ નીચે ઢંકાઈ ગયો હોય છે. પણ ઊડે ત્યારે તો અચૂક ચમકે છે. ઊડીને વારંવાર છોડ, થોર, વંડી, વાડ કે એવી કોઈ ઊંચી જગ્યાએ જઈને બેસે અને ધનુષની પણછની જેમ પૂંછડી તાણીને ઊંચી કરે.

દેવચકલીને આપણા ઘરઆંગણાની ચકલી સાથે કંઈ સગપણ નથી. બંનેનાં કુટુંબ જુદાં છે.

દેવચકલી ગાનારું પંખી નથી, પણ મિષ્ટભાષી તો છે જ. ખાસ કરીને સંવનનઋતુમાં તેનો થનગનાટ જોવા જેવો હોય છે, ત્યારે તેના ગળામાંથી વધુ મીઠા સૂર નીકળે છે.

આપણે ત્યાં ભારતમાં દેવચકલીની ચાર જાતો છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં જે જાત વસે છે તેમાં નરની પીઠ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘેરી–ભૂરી અથવા ઝાંખા–કાળા હોય છે અને માદા પણ વધારે ભૂખરી છે. તાપીનદીથી દક્ષિણના પ્રદેશોમાં વસતી દેવચકલીના નરની પીઠ કાળી હોય છે. મુંબઈની દેવચકલી એ રીતે કચ્છ અને સૌરાષ્ટ્રની દેવચકલી કરતાં વધુ સુંદર છે. મુંબઈમાં એટલી ટાપટીપ હોય તેમાં નવાઈ શી? દૈયડની જેમ તેઓ આપણે ત્યાં સ્થાયી રહેવાસી છે, પણ ઋતુ પ્રમાણે તેઓ સ્થાનપલટો કરે છે.



દેવચકલી

દેવચકલી શરમાળ નથી. માણસની વસ્તીથી તે મૂંઝાતી નથી અને અમદાવાદમાં તો તેણે શહેરની પોળોમાં છાપરા પર ધામા નાખ્યા છે! આ પંખીની વસ્તી આખા ભારતમાં છે.

પ્રજનનઋતુ ઉનાળામાં આવે છે. નરમાદા ભેગાં મળીને ઝાડ કે દીવાલની બખોલમાં, છાપરાના પોલાણમાં કે એવી કોઈ અનુકૂળ જગ્યાએ મુલાયમ વસ્તુઓનો માળો બાંધે છે. ઈંડાં સેવવા મોટા ભાગે માદા બેસે છે અને બચ્ચાં ઉછેરવાના કામમાં નરમાદા બંને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ લે છે. ઈંડાં બેથી ત્રણ, સહેજ પીળી કે લીલી ઝાંયવાળાં હોય છે અને રતૂમડાં ભૂરાં છાંટણાં હોય છે.

હવે આપણે ત્યાં શિયાળુ યાત્રી તરીકે આવનારાં દેવચકલીનાં કુટુંબીઓની ઓળખાણ કરીએ.

કાબરો પિદ્દો (The Pied-Bush Chat)

સીમમાં આવ્યા ને તરત જ આ સુંદર પંખી આપણું ધ્યાન ખેંચે છે. ચકલીથી પણ એક ઇંચ નાનું એટલે કે પાંચ ઇંચ લાંબુ આ પંખી ખુલ્લા વગડા ને ખેતરાઉ જમીન પર વસનારું અને સુંદર કાબરા રંગનું છે. એ છોડવા, ઠૂંઠાં, ઢૂંઢાં કે રોડા પર બેસે છે, ત્યારે પેટભર, કબૂતરની જેમ દીન બનીને નહિ પણ જાણે પૂંછડી પર ઊભું હોય તેમ ઠસ્સાથી ઊંચું માથું રાખીને. ત્યાંથી તે આસ-પાસ નજર નાખે છે અને જીવડું દેખાય કે તરત ઊડીને તેની પર તૂટી પડે છે. પાછું તે પોતાના સ્થાને કે એવા જ બીજા કોઈ થાનકે જઈને બેસે, અને કુળધર્મ પ્રમાણે પૂંછડીને આંચકો મારીને આનંદ તથા સંતોષ વ્યક્ત કરે.



કાબરો પિદ્દો

નામ પ્રમાણે પિદ્દાના રંગ શ્યામ અને સફેદ છે. તેના ચમકતા કાળા રંગમાં ઢીંઢું, પેડુ અને પાંખોમાં ધોળો રંગ છે, જે ઊડતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વખતે વધુ ચમકે છે. માદાનો કાળો રંગ ઝાંખો છે. માદાને કાળાને ઠેકાણે ગ્રેરો ભૂરો રંગ છે અને પૂંછડીના મૂળમાં ઉપર કાટ જેવો રતૂમડો રંગ છે.

કાબરા પિદ્દાનો અવાજ કર્કશ છે. એ કાંકરા સાથે ઘસાતા હોય તેવો એટલે જ તેનું અંગ્રેજી નામ ચાટ પડયું. પણ પ્રસંગે પ્રસંગે તે મીઠા અવાજે નાનકડું ગીત ગાઈ લે છે. સંવનનઋતુમાં તેનું સંગીત માદક મીઠાશથી ભરેલું હોય છે, પણ ત્યારે કાબરા પિદ્દા આપણે ત્યાં નથી હોતા; આપણે ત્યાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તેઓ શિયાળો ગાળવા આવે છે. મુંબઈના ટાપુઓમાં તેઓ નથી આવતા. કાબરા પિદ્દાની એક બીજી જાત પણ આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. તેનું અંગ્રેજી નામ Pied Chat. તેની ધોળી પૂંછડીમાં થોડોક કાળો રંગ છે, અને નીચલી છાતીથી આખું પેટાળ ધોળું છે.

કાશ્મીરી થરથરો (The Kashmir Redstart)

પ્રકૃતિના ખોળે મુક્ત જીવનના આનંદથી થનગનતું આ પંખી પોતાની પૂંછડીને સતત થરથર-થરથર ધ્રુજાવ્યા કરે છે. પાતળિયો દેહ, કાળો અને રતૂમડો રંગ અને અજંપાથી થનગનતું શરીર તેને ઓળખાવવા માટે બસ છે. નરને માથું, છાતી અને પીઠનો ઉપલો ભાગ કાળાં છે; બાકીનું શરીર નારંગી રતૂમડા રંગનું છે. માદાને કાળો રંગ નથી, ભૂરો છે, અને રતૂમડો રંગ ઝાંખો છે.

રેડસ્ટાર્ટ પર અંગ્રેજ કવિઓ મુગ્ધ છે. આપણે ત્યાં તેઓ શિયાળો ગાળવા આવે છે. નાળાં, ઝાડી, ઝાંખરાં, ખેતર, ભેખડ, ખંડેર અને પાદરમાં તમે તેમને ઊડાઊડ અને કૂદાકૂદ કરતાં જોશો. તેઓ વારંવાર માથું નમાવે છે અને પૂંછડી તો પટપટતી જ હોય છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને અખિલ ભારતનું આ પરિચિત પંખી જેવું સુંદર છે એવું જ ઉપયોગી છે. આ કુળનાં બધાં પક્ષીઓ ખેતીને નુકસાન કરનારાં જીવડાંને ખાયા કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેંદિયો પિદ્દો (The Collered or Indian Bush Chat)

કાબરા પિદ્દાથી આ પંખી જુદું તરી આવે છે; કારણ કે નરને નારંગી પીળી ઝાંયવાળી ભૂરી છાતી છે, જે પેટ તરફ જતાં ઝાંખી થતી જાય છે. માથું, ડોક અને ગળું કાળા રંગનાં છે. ડોકની બંને બાજુ, બંને ખભા પર અને ઢીંઢાં પર પૂંછડીના મૂળમાં સફેદ રંગ



મેંદિયો પિદ્દો

શોભે છે. પણ સફેદ રંગનો 'કોલર' (ગળપટ્ટો) પૂરો નથી. પીઠ અને પૂંછડી ઝાંખા કાળા ભૂરા રંગની છે. માદા આખા શરીરે ભૂરી છે, ઉપર વધારે ઘેરી. પાંખોમાં જરા ધોળાશ પર રેખાઓ અને પૂંછડીના મૂળમાં કાટ જેવો ઝાંખો રતૂમડો રંગ છે. વસ્તી મહાગુજરાત અને હિંદના ઘણા ભાગોમાં.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પીળો પિદ્દો (The Isabelline Chat)

તુર્કીથી પૂર્વ સાઈબેરિયા અને વાયવ્ય ચીનથી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં શિયાળો ગાળવા આવતું, આ પક્ષી રેતાળ ભૂરા રંગનું છે. ઢીંઢું અને પૂંછડીનો ઉપરનો ભાગ સફેદ છે અને ઊડતી વખતે તે રંગ ચમકી ઊઠે છે. પાંખનાં મોટાં પીછાં કાબરા પર ભૂરાં છે. પૂંછડીને છેડે પણ કાળો રંગ છે. પેટાળ ભૂરાશ પર ધોળા રંગનું છે. ઝાંખરા અને પથ્થરવાળા વેરાન પ્રદેશમાં તે વસે છે. ઉઘાડા વનવગડા તથા ખેતરાઉ પ્રદેશમાં કુળધર્મને અનુસરી વાડ, ઝાડી, ઠૂંઠાં, રોડાં કે એવી જગ્યાએ બેસી આસપાસ શિકાર માટે નજર રાખે છે અને પૂંછડી ઊંચીનીચી હલાવ્યા કરે છે. ખારા પાણીની ખાડીના કાંઠે ઊગેલી ઝાડીમાં પણ તે વસે છે. તેનાં લક્ષણ પણ કાબરા પિદ્દા જેવાં જ છે. તેના કુળનાં બીજાં પક્ષીઓની જેમ તે રહી રહીને માથું નમાવી પાછળનો ભાગ ઊંચો કરે છે.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં રેતાળ રંગનો અને કાળા છેડાવાળી રતૂમડી પૂંછડીવાળો **લાલ પૂંછ પિદ્દા** (The Red-tailed Chat) પણ શિયાળો ગાળે છે.

હુસેની પિદ્દો અથવા નીલકંઠી (The Bluethroat)

જો કોઈ પંખીને નીલકંઠ નામ સંપૂર્ણ રીતે યોગ્ય હોય તો તે આ પંખીને છે. હુસેની પિદ્દો ચકલી જેવડું પણ ઠસ્સાદાર પંખી છે. સાદું છતાં સુંદર છે. તેના દેખાવમાં ગૌરવ છે. તેના અંગે-અંગમાંથી ચપળતા નીતરે છે અને આનંદથી છલકાય છે. બરોબર ચકલી જેવડું (છ ઇંચ લાંબું) આ પંખી વિનમ્ર છે, શરમાળ છે અને ખેતરની વાડ, નદીકાંઠાના બીડ અને પાણીકાંઠાનાં ઝાડીઝાંખરાંમાં સંતાતું ફરે છે, તેમાંથી જીવડાં પકડીને પેટ ભરે છે અને જ્યારે આનંદનો આવેગ આવે છે ત્યારે ઝાડીની ટોચ પર ચડીને પૂંછડીને મોરની જેમ ઊંચી ચડાવીને, ડોક તેજીલા ઘોડાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમ ઊંચી રાખીને મીઠાશભર્યા સૂર છેડે છે. પૂંછડીના શામળા છેડાની આગળ રતૂમડો ભૂરો રંગ છે, પેટાળ ધોળકાય છે, ગળું અને છાતી સુંદર નીલ (વાદળી) રંગ, શ્વેત અને રતૂમડા ભૂરા રંગની આકર્ષક ભાત ધરાવે છે. આંખો પર સફેદ પટ્ટી છે. માદાને આ ભાત નથી પણ ઘેરા ભૂરા રંગનો પટો છાતી પર છે. છાતી મેલી ધોળી છે.

હુસેની પિદ્દાને જો ભય લાગે તો પૂંછડી નીચી કરીને તે ઝાડીમાં પેસી જાય છે. થોડું થોડું દોડીને પાછળ જોશે કે હવે ભય છે કે કેમ. ઊડે છે ત્યારે તેના ઢીંઢાનો નારંગી રતૂમડો રંગ ચમકી ઊઠે છે. તેનો ચ–ર–ર–ર, ચ–ક એવો કર્કશ અવાજ પણ છે. તેના સંવનનકાળની મસ્તી અને સંગીતની રમઝટ જોવાનું આપણા નસીબમાં નથી; કારણ કે તે વસંતમાં આપણને છોડી જાય છે. પણ વહેલી સવારે તેનું મીઠું ગળું કોઈ કોઈ વાર સાંભળવા મળશે. તેનું વતન છે યુરોપ, પશ્ચિમ એશિયા અને કાશ્મીર.

કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના ટાપુઓમાં અનુકૂળ સ્થળે હુસેની પિદ્દા પરિચિત પંખી છે.

રણપિદ્દા (The Desert Chat or Desert Wheatear)

આપણા આ રણપિદ્દાને નામ પ્રમાણે, રેતાળ અને વેરાન વગડા વધારે પસંદ છે. ઉપરથી એનો રંગ પણ રેતાળ છે. ઢીઢું ધોળું છે. Wheatearનો અર્થ ધોળું ઢીંઢું થાય છે. આંખો પર અકેક શ્વેત રેખા ધોળકાય છે અને ગળું કાળું છે. જ્યારે ઊડે છે ત્યારે ધોળું ઢીંઢું અને ધોળા ખભા ચમકી ઊઠે છે. પેટાળ પણ રેતાળ રંગનું છે, પૂંછડી ઉપરથી ધોળી અને છેડે કાળી અને પાંખોમાં થોડોક કાળો રંગ છે. માદાના કાળા રંગ ઝાંખા ફિક્કા છે.

તમે શિયાળામાં સૌરાષ્ટ્રના કંઠારના રેતાળ પ્રદેશમાં કે બીજે પથ્થરવાળી વેરાન જમીન પર ચાલતા હો, તો તમારી નજર સામે આ પક્ષીઓ ભડકીને ઊડવા માંડે અને છેટે જઈને બેસવા લાગે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



રણપિદ્દો

આવી વેરાન ભૂમિમાં ચારો ચરતાં હોય અને ખલેલ પામી ઊડવા લાગે, ત્યારે તેમના ધોળકાતા રંગ શોભી નીકળે. કચ્છમાં તેમની વસ્તી એટલી વિપુલ નથી, ગુજરાતમાં યોગ્ય સ્થળે તેમની વસ્તી છે અને મુંબઈના ટાપુઓના ઉજ્જડ ખુલ્લા પ્રદેશને તેઓએ ત્યાજ્ય નથી ગણ્યા. ચિટ્-ચિટ્, એટલો જ તેનો અવાજ આપણે સાંભળીએ છીએ.

રણપિદ્દા આપણે ત્યાં પશ્ચિમ અને મધ્ય એશિયા તથા લદ્દાખથી શિયાળો ગાળવા જ આવે છે અને વેરાન ઉજ્જડ પ્રદેશને પોતાની ચપળ પ્રકૃતિ અને આનંદી સ્વભાવથી પ્રફુલ્લિત કરે છે અને શોભા આપે છે.

આસમાની કસ્તૂરો (The Blue Rock-Thrush)

ઉજ્જડ ટેકરી, પાણાની ખાણ, ભેખડ, ખંડેર કે એવી કોઈ જગ્યાએ કાબરથી જરા નાનું, પાતળિયા દેહનું, છેટેથી ઘેરા ભૂરા કે ઝાંખા કાળા રંગનું લાગતું પંખી ટટ્ટાર બેઠું હોય અને અવારનવાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માથું નમાવી પૂંછડી પટપટાવતું હોય તો તમારે તેને બેધડક કહી દેવું કે તું કહે કે ન કહે, પણ તારું નામ કસ્તૂરો છે. ગામડામાં તે છાપરા પર આવીને પણ બેસે છે. તેની ઉપર તડકો પડતો હોય ત્યારે જુઓ તો ખબર પડે કે નરને શરીર પર કેટલેક ઠેકાણે ગળી જેવા ઘેરા આસમાની રંગની ઝાંય છે અને ડીંટા તથા પેટાળ પર રતૂમડી ઝાંય છે પણ માદાને આ શણગાર નથી. તે ઘેરા ભૂરા રંગની છે. પેટાળ મેલા ધોળાશ પર ભૂરા રંગનું છે.



આસમાની કસ્તૂરો

કદમાં કાબરથી નાનું (સાત ઇંચનું) આ પંખી આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. મધ્ય એશિયા અને હિમાલયના મનોહર પ્રદેશ છોડીને અહીં શુષ્ક અને એકાંત વાતાવરણમાં એકલવાયા રહીને જાણે ઉદાસ બની જતા હોય તેમ કસ્તૂરા મૂંગા જ રહે છે; પરંતુ ચૈત્રમાં જ્યારે વતન જવાનો ઉત્સાહ જાગે છે, ત્યારે તેના ગળામાંથી મનોહર સૂરની ઝડી વરસે છે. તેઓ થોડી થોડી વારે પૂંછડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પટપટાવે છે અને શરીરનો આગલો ભાગ નીચે નમાવે છે. કચ્છમાં તે ભાગ્યે જ દેખાય છે. સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં તે શિયાળો ગાળે છે.

કરતૂરા એટલે અંગ્રેજ કવિઓએ જેમને બહુ ગાયા છે એ થ્રશ પંખી. એની વસ્તી કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના ટાપુઓમાં છે.

શ્યામશીર્ષ કસ્તૂરો (The Black-capped Blackbird)

મને મારી જાતમહેનતે સરજેલા મારા બગીચા પર પ્રેમ ન હોત અને તેના ખૂણેખૂણા પર મારી નજર રહેતી ન હોત, તો શ્યામ કસ્તૂરો ભાગ્યે જ મારી નજરે ચડત. એ પણ મૂંગો છે. એકાંત અને શીતળ છાયા પસંદ કરે છે અને તેની પ્રકૃતિ એવી શરમાળ અને વિનમ્ર છે કે આપણું ધ્યાન પડે તે પહેલાં તે આપણને જોઈને ઝાડ કે ઝાડીમાં સંતાઈ જાય છે.

આસમાની કસ્તૂરા કોઈ બેસણું પસંદ કરે છે, ત્યારે શ્યામ કસ્તૂરાને ધરતી વધારે ગમે છે. જમીન પર પાંદડાં પડ્યાં હોય, ઉપરથી ઝાડનો છાંયડો પડતો હોય, તેમાં સૂર્યનાં કિરણો સંતાકૂકડી રમતાં હોય, માણસની હાજરીથી ખલેલ ન પહોંચતી હોય, ધરતી ભેજવાળી હોય, એવા સ્થળે શ્યામ કસ્તૂરો પાંદડાં નીચેથી ભેજના કારણે રહેતાં જીવડાં, કીડા વગેરે શોધી ખાય છે. તેણે ફળ ત્યાજ્ય નથી ગણ્યાં.

આપણી કાબર જેવડું જ (દસ ઇંચ લાંબું) આ પંખી (નર) ઘેરા રાખોડી સીસાના રંગનું છે. માથું કાળું છે, પાંખો અને પૂંછડી રાખોડી કાળા રંગનાં છે. પેટાળ ધુમાડિયા ભૂરા રંગનું છે. માદાને કાળો રંગ નથી, તે ભૂરી છે. ચાંચ રતૂમડી નારંગી તથા પગ અને આંખની કિનારીના પીળા રંગ ઉપરથી આ કસ્તૂરો તરત ઓળખાઈ આવશે.

ઉત્તરમાં આબુમાં અને દક્ષિણમાં નીલગિરીમાં શ્યામ કસ્તૂરો પરિચિત પક્ષી છે. પરંતુ વચ્ચેના પ્રદેશમાં તેની વસ્તી અનિશ્ચિત છે. કચ્છમાં તો નથી. ગુજરાતમાં તે ઝાડીઝાંખરાંવાળા અને પાંખા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જંગલવાળા પ્રદેશમાં શિયાળો ગાળે છે. સૌરાષ્ટ્રમાં ભાગ્યે જ દેખાય છે, પણ પૂર્વ અને પશ્ચિમ સૌરાષ્ટ્રમાં તેની નોંધ શિયાળુ પંખી તરીકે થઈ છે. આબુમાં તે ઉનાળાનું પંખી છે અને ત્યાં પ્રજનન કરે છે. મુંબઈના સાલ્સેટ ટાપુમાં તે શિયાળુ પંખી છે અને શિયાળુ પંખી તરીકે તે આસમાની કસ્તૂરાની જેમ મૌનવ્રત પાળે છે. રંગના તફાવત પ્રમાણે તેની પાંચ જાતો છે, જેમાં નીલગિરિ અથવા સધર્ન બ્લેક બર્ડનો સમાવેશ થાય છે. તે પરદેશી પક્ષી નથી, પણ આબુ, વિંધ્યાચળ અને દક્ષિણ ભારતના ઊંચા પહાડોમાંથી મેદાનો અને ટેકરીઓમાં શિયાળો ગાળવા આવે છે. અલબત્ત આ બધા અંગ્રેજોનાં પ્રશ પક્ષી તો છે જ.

કાબર (The Common Indian Myna)

કાબર અને મેનાનું સગપણ તમે જાણતા નહિ હો તો તમે કહેશો કે ક્યાં કાબર અને ક્યાં મેના! એક અણખપતું અપશુકનિયાળ, કજિયાખોર, કર્કશ પંખી અને બીજું મીઠાબોલું દેવતાઈ પંખી. પણ એવા ભેદભાવ પક્ષીપ્રેમીને ન પાલવે. પ્રકૃતિમાં તો કાબર અને મેના વચ્ચે કંઈ મોટો ભેદ નથી. તેઓ બંને એક જ કુળની છે! વધુપડતા પરિચયથી આપણે કાબર પ્રત્યે અણગમો અને અવગણના ધરાવીએ છીએ, પરંતુ કાબરના કંઠમાં પણ મીઠાશ તો છે.

રવિવારની રજામાં બપોરે જ્યારે તડકો તપતો હોય છે અને હું પુસ્તક વાંચવા પલંગમાં આડો પડું છું, ત્યારે લીમડાની ઠંડી ઘટામાં બેઠેલી કાબર બળતા બપોરે પણ ઠંડી ઘટામાં બેસવાનો આનંદ વ્યક્ત કરે છે. કાન દઈને સાંભળો, એ શું બોલે છે! કીકી, કીકી, કીકી, ચુક–ચુક–ચુક, ટીકુ, ટીકુ, ચરચર, કોક, કોક. આવા તો કેટલાય સૂર કાઢે છે. 'કોક–કોક' બોલે ત્યારે માથું નમાવીને ધુણાવે છે. જુદી જુદી લાગણી વ્યક્ત કરવા માટે તેની પાસે જુદા જુદા સૂર છે. તેની આ માર્દવતા, મીઠાશ અને તેના લટુડાપટુડા સાથે તેના ઉશ્કેરાટ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વખતની કર્કશતા અને ઉગ્રતા સરખાવો. જ્યારે તે ભારોભાર કર્કશ અવાજે ગાળો દેતી હોય, ત્યારે જાણજો કે તેણે સાપ, નોળિયું, બિલાડી કે એવા કોઈ દુશ્મનને જોયેલ છે અથવા તે આંતરવિગ્રહ લડી રહી છે. સાપને ઉઘાડો પાડી દેનાર પંખી તરીકે કાબર ઉપયોગી છે. જ્યારે તેઓ લડે છે ત્યારે પગમાં પગ ભરાવી ચાંચના ઉગ્ર પ્રહારો કરે છે. આવા દ્વંદ્વયુદ્ધ સમયે ટોળું ભારે કોલાહલ કરી મૂકે છે.

સાંજે રાતવાસો કરવા જતી કાબરો વગડામાં ઝાડના ઝુંડમાં ભેગી થતી હોય ત્યારે તેઓ જે કલબલાટ કરે છે, તે ભારતના ગ્રામ્યજીવનનું ન ભુલાય એવું ચિત્ર છે. સૂર્યાસ્તને એક કલાકની વાર હોય ત્યાં વનવગડામાંથી કાગડા અને કાબર રાતવાસો કરવાના બશીરા તરફ આવવા માંડે. વચ્ચે વચ્ચે વિસામો ખાવા બેસે અને પછી જેવો સૂર્યાસ્ત થાય કે રાતવાસો કરવા ઝાડના ઝુંડમાં પેસે અને પછી જે ઘોંઘાટ કરી મૂકે તેનું વર્ણન તેનો ખરો ખ્યાલ નહિ આપી શકે. કાબરને, એ સાવ નાનું બચ્ચું હોય ત્યારથી, પાળી હોય તો તેને પાંજરાની જરૂર ન પડે એવી હળી જાય.

આપણું આ અતિ ઉપયોગી પંખી આપણે ત્યાં સંખ્યા અને અને વ્યાપકપણામાં એટલું બધું પરિચિત છે કે આપણે કદી તેના વિષે વિચાર જ નથી કરતા. તેનામાં બે મહાન સદ્‌ગુણ છે. ઢાલની બે બાજુ હોય છે ને? તેના ઘોંઘાટવાળા કજિયાખોર સ્વભાવથી આપણે તેને અપશુકનિયાળ પંખી હોવાનું માની લેવાની ભૂલ કરી છે; પરંતુ સુજ્ઞ માણસે દુર્ગુણ સામે નહિ પણ સદ્‌ગુણ સામે જ જોવું જોઈએ. તેના એ સદ્‌ગુણમાં પડેલાં તો જાણે ખેતીને નુકસાનકારક જીવડાં, તીડ, તીતીઘોડા વગેરેને ખાઈ જઈને પાકનું રક્ષણ કરવાની તેની વૃત્તિએ આંતરરાષ્ટ્રીય નામના કાઢી છે અને પાકને નુકસાન કરનાર જીવડાંનો નાશ કરવા બહારના કેટલાક દેશોએ કાબરને આપણે ત્યાંથી પોતાને ત્યાં આયાત પણ કરી છે. એ રીતે કાબર મહા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપયોગી અને મૂલ્યવાન પંખી છે. તેને દક્ષિણ આફ્રિકા, મોરસ ટાપુ, ન્યુઝીલેન્ડ વગેરે દેશોમાં વસાવવામાં–આયાત કરવામાં આવી છે, પણ ત્યાં જઈને તેણે આબરૂ ગુમાવી છે; કારણ કે ત્યાં જઈને તેણે બીજાં નાનાં ઉપયોગી જાતનાં પંખીઓનો નાશ આદર્યો!

કાબરના વર્ણનની તો જરૂર જ શું હોય? એનો પ્રજનનકાળ પણ જાણીતો છે. જેઠથી શ્રાવણ તેનો પ્રજનનકાળ છે. માદા ૩ થી ૬ ઈંડાં મૂકે છે અને તેમનો દરિયાઈ કે આકાશી રંગ ભારે આકર્ષક લાગે છે. કોઈ વાર તે બે વખત પ્રજનન કરે છે. ઉપર છાંટણાં કે ડાઘ નથી હોતા. નવાઈની વાત એ છે કે કાબરને ઈંડાં બહુ સેવવાં નથી પડતાં. તેનો માળો ગરમ ઋતુમાં અને એવી ગરમ જગ્યામાં હોય છે કે ઈંડાં લગભગ આપમેળે સેવાય છે. માળો ગંધાતા કચરાનો બનેલો હોય છે, જે સડવાથી તપતો હોય એવું પણ મેં જોયું છે.

મેનાની જેમ કાબર ગરમી પસંદ નથી કરતી, છતાં તે કંઈ અમીરી કે રજવાડી તાસીરની નથી. એ તો ખડતલ પંખી છે. કાગડાની જેમ કાબર વિષે પણ એક પુસ્તક લખી શકાય એવી તેની રસિક ખાસિયતો અને રમૂજી સ્વભાવ છે.

કાબરની વસતી આખા ભારતમાં છે. હિમાલયમાં તે આઠ હજાર ફૂટ સુધીની ઊંચાઈ સુધી વસે છે.

વૈયાં (The Rosy Pastor or Rose-coloured Starling)

કાબરથી એક ઇંચ નાનું આ પંખી ચોમાસું ઊતરતાં આપણે ત્યાં પૂર્વ યુરોપ અને પશ્ચિમ તથા મધ્ય એશિયામાંથી આવે છે, ત્યારે કાબર જેટલું જ વ્યાપક અને સામાન્ય હોય છે. ગુલાબી ચાંચ, ગુલાબી શરીર, કાળું માથું, કાળી ડોક, કાળી પાંખો ને પૂંછડી, અને માથા પર ચોટલી અને સવારથી સાંજ સુધી તેમનો ચાલુ કલબલાટ; એ તેમને ઓળખાવી દેવા માટે બસ છે. એ હમેશાં દસ, વીસ કે ૧૦૦-૨૦૦-૫૦૦ના ટોળામાં હશે. બંદર અને સ્ટેશન પરથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ખેતરમાંથી દાણા ચોરીને ખાઈ જવા એ તેમનું કામ. પીલુનાં ફળ એમનું માનીતું ભોજન અને પેપડા–પેપડી વગેરે પણ તેમને જરૂર આકર્ષે. શેમળા, પાંડેરવા, કેસૂડા વગેરેનાં ફૂલમાંથી રસ પીવા પણ જરૂર પહોંચી જાય અને એ રીતે એ વૃક્ષોને ફળાવવામાં કારણભૂત થાય. ખેતીને નુકસાનકર્તા જીવડાં પણ ખાય. આમ વૈયાં ઉપયોગી પક્ષી છે.

શિયાળામાં વૈયાં ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, મુંબઈ અને લગભગ આખા ભારતમાં પ્રસરી જાય છે; પરંતુ પૂર્વમાં અને દક્ષિણમાં તેમની વસતી ઘટી જાય છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વૈયાં બહુ સામાન્ય છે. આ પંખીની એક વિશિષ્ટતા એ છે કે તે ભાગ્યે જ બે-ત્રણ માસ ભારતમાંથી ગેરહાજર રહે છે. જુલાઈથી તે આવવા માંડે છે અને એપ્રિલ–મે સુધી રહે છે. માત્ર બેત્રણ મહિના માટે પ્રજનન સારુ છેક યુરોપ ને પશ્ચિમ એશિયાથી ઉત્તર સાઈબેરિયા સુધી જવાને બદલે અહીં જ શા માટે પ્રજનન નહિ કરતાં હોય? મોટી સંખ્યામાં તો દશેરા દિવાળી વચ્ચે આવે છે. વૈયાના સૂરમાં મીઠાશ નથી, સંગીત નથી, ગાડાનાં પૈડાંમાં બાંધેલ પતરીઓ ખખડતી હોય તેવો આખો દિવસ એકધારો ચક–ચક–ચક–ચક અવાજ કર્યા જ કરે. પણ પ્રજનન ઋતુમાં મીઠા સૂર કાઢે છે. સ્વભાવે સમૂહચારી હોઈ ટોળામાં જ રહે.

મુંબઈમાં વૈયાં અલ્પ સંખ્યામાં આસો માસમાં આવે છે. પણ જ્યારે માગશર–પોષમાં શેમળા અને પાંડેરવાનાં ફૂલ ખીલવા લાગે છે, ત્યારે તેનો રસ પીવા માટે મોટી સંખ્યામાં તેઓ આવી પહોંચે છે. એ ફૂલ ખીલવાની મોસમ આવી છે એવી તેમને પ્રેરણા થતી હશે, ત્યારે જ બરોબર ટાણા ઉપર આવી ચડતાં હશે ને!

દીવાટાણે વૈયાં પણ કાબર ભેગાં ઝાડના ઝુંડમાં રાતવાસો કરવા જાય અને એ ઘોંઘાટમાં પોતાનો ફાળો આપે. તેને ખાબોચિયાંમાં નાહવું ગમે છે.

રશિયન તુર્કસ્તાનમાં તેઓ જ્યારે પ્રજનન માટે જાય છે, ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં તીડની પણ એ જ પ્રજનનઋતુ હોય છે અને તે વખતે જે વિશાળ પ્રમાણમાં તેઓ તીડ અને તીડનાં બચ્ચાંનો નાશ કરે છે, તેનો ખ્યાલ આણવો પણ મુશ્કેલ છે. આમ સર્જનહારની સૃષ્ટિમાં તીડનો નાશ કરીને સમતુલા જાળવવા માટે આ પંખી અત્યંત ઉપયોગી છે. ભારતમાં આવીને તે દાણાનો બગાડ કરે છે ખરું, અનાજ પાકે ત્યારે વૈયાંનાં વિશાળ ટોળાં ખેતરોમાં ઊતરી પડે છે. પણ નુકસાનકર્તા જીવડાં અને તીડનો નાશ કરીને તે આપણી જે મહાન સેવા બજાવે છે તેનો ઋણભાર તો આપણે ઉતારી શકીએ તેમ નથી. જ્યારે તીડનાં ટોળાં ભારત પર ચડી આવે છે ત્યારે વૈયાં તેમનો વિશાળ પ્રમાણમાં નાશ કરીને મહાન સેવા બજાવે છે. ખેતરમાં જ્યારે વૈયાં દાણા પર પડે છે, ત્યારે એટલી મોટી સંખ્યામાં હોય છે કે ઊડે ત્યારે વાદળું લાગે. ખેતરમાં પડેલાં વૈયાંને કાઢવાં સહેલાં નથી. જાણે ઘૂઘરા ઘમકતા હોય એવા અવાજથી તેઓ ખેતર, પાદર અને વન-વગડાને ગજાવી મૂકે છે અને મુંબઈ જેવા પ્રવૃત્તિશીલ શહેરમાં પણ તેઓ અજાણ્યાં નથી લાગતાં.

ગંગામેના, ઘોડાકાબર, અથવા શિરાજી
(The Bank Myna)

કાબરથી એક ઇંચ નાની આ ગંગામેના અથવા ઘોડાકાબર ગુજરાતનું ખૂબ જ પરિચિત પંખી છે. કચ્છમાં તે બહુ ઓછી જોવા મળે છે. પૂર્વ સૌરાષ્ટ્રમાં તે સ્થાયી રહે છે, પણ પશ્ચિમ સૌરાષ્ટ્રમાં તે શિયાળામાં આવે છે અને કોઈ આખું વરસ રહી પણ જાય છે. અજાણ્યા માણસને એમ જ લાગે કે એ આપણી સામાન્ય કાબરનાં બચ્ચાં છે. રાખોડી સલેટિયો રંગ, પાંખો છેડે અને કિનારી પર કાળી અને તેમાં સફેદ પટી, ઝાંખું સફેદ ગુલાબી ઝાંયવાળું પેટાળ અને ચાંચ પર તથા આંખ પાસે જ્યાં કાબરને પીળો રંગ છે, ત્યાં ઘોડાકાબરને રાતો રંગ છે. કાબર કરતાં એક ઇંચ નાનું કદ તેને તરત આપણી

૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સામાન્ય કાબરથી જુદી પાડી નાખે છે. કાબરને પૂંછડીનો છેડો સફેદ છે, ઘોડાકાબરને ઝાંખી ગુલાબી ઝાંયવાળો ઝાંખો સફેદ છે.

રીતભાત: ગુજરાતનાં અને પૂર્વ સૌરાષ્ટ્રનાં રેલવે સ્ટેશનો પર ઉતારુઓના એઠવાડ માટે ભટકતી આ કાબરને જોઈને કોને ખ્યાલ આવે કે તે ભારતવર્ષની પરમપ્રિય અને લાડીલી મેનાના કુળની છે!

ઘોડાકાબરને કેટલાક લોકો પાળે છે પણ ખરા, પણ તેની બહેનોની સરખામણીમાં તે પાળવાલાયક પંખી ન ગણાય. કાબર કરતાં તેનો સૂર જરા વધારે સારો છે ખરો, પણ કાબર જેટલા લટુડાપટુડા તેને નથી આવડતા. ગામમાં અને ગામ બહાર, બજારમાં અને ખેતરમાં, ચરિયાણમાં અને વગડામાં જે કંઈ એઠવાડ, જીવડાં વગેરે મળે એ તેનો ખોરાક. ઢોરના શરીર ઉપરથી જીવડાં પકડી લેવામાં પણ એ નિષ્ણાત છે. ગાયભેંસના કાન પર ચોંટી રહીને તેમાંથી ગીગોડાં પકડી લેવામાં તે પોતાની કુશળતા બતાવી આપે છે. ઉકરડામાંથી ખોરાક શોધી કાઢવામાં પણ તેને શરમ નહિ. કાબર કરતાં ઘોડાકાબર વધુ સમૂહચારી છે. નદીકાંઠાની ભીની જમીનમાંથી જીવડાં પકડતી પણ તે જોવામાં આવશે.

આ પંખી છે તો ભારતનું સ્થાયી અધિવાસી, પરંતુ ખાસ કરીને ચોમાસામાં અને શિયાળામાં તે સ્થળાંતર કરે છે. તેની વસતી મુંબઈમાં નથી.

પ્રજનન: ઘોડાકાબર શહેરની બજારોમાં અને રેલવે સ્ટેશનોમાં રખડતી હોય, પણ માળા બાંધવા માટે તો એ નદીકાંઠે જાય છે. ચોમાસામાં ભેખડો, નદીકાંઠા, કૂવાની ભીંત, ઊંચી જમીન વગેરે ઠેકાણે તે પોતાની ચાંચ વડે દર કોતરીને તેમાં ઢીલાપોચા માળા બાંધી ચારથી પાંચ ઈંડાં મૂકે છે. ઈંડાંનો રંગ સુંદર આકાશી અથવા લીલાશ પર વાદળી હોય છે, પણ ઉપર છાંટણાં નથી હોતાં.

આ દર ઘણીવાર ૬–૭ ફૂટ લાંબાં હોય છે અને અંદર એક-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજાને મળી જાય છે. ઘોડાકાબરો સમૂહમાં આવાં દર બનાવે છે અને જાણે તેમનું નગર વસેલું લાગે છે. નદીકાંઠામાં આવાં દર કોરીને માળા બાંધવાની તેની ટેવને લીધે જ અંગ્રેજીમાં તેનું નામ બેંકમેના અને હિંદીમાં ગંગામેના પડ્યું છે.

કાળાં વૈયાં અથવા તેલિયા મેના અથવા તીલિયર મેના
(The Starling)

તેલિયા મેના આપણે ત્યાં જાણીતું પંખી નથી, પણ તેના ઉપયોગી ગુણ અને કંઠની મીઠાશ માટે મને તેના પ્રત્યે પક્ષપાત છે, અને તેને અહીં સ્થાન આપીને હું તેનો આદર કરું છું.

નવ ઇંચ લાંબું, એટલે કે કાબર કરતાં એક ઇંચ નાનું આ પંખી રંગે ચળકતું કાળું લીલાશ પર પડતી ઝાંઈવાળું અને ઉપર ઝીણાં ઝાંખાં સફેદ ટપકાંથી છવાયેલું છે. તેના શરીરનો ઝળકાટ જાણે તેલ ચોપડ્યું હોય એવો લાગે છે; એટલે જ તેનું હિંદી નામ તેલિયા મેના પડ્યું જણાય છે. નર–માદામાં ફરક એટલો કે માદા જરા ઝાંખી છે. ઉનાળામાં તીલિયર મેનાનો રંગ વધારે કાળો હોય છે અને ટપકાં અદૃશ્ય થઈ ગયાં હોય છે. મોટા ટોળામાં રહેતી તેલિયા મેના જમીનમાંથી જીવડાં પકડતી જાય, ઝડપથી ચાલતી જાય અને પાછળનાં પંખી ઊડીને આગળ બેસતાં જાય. આમ ગતિ અને ચપળતા તેના જીવનનું મુખ્ય લક્ષણ છે, અને એ લક્ષણ અને રંગ ઉપરથી તેને ઓળખી કાઢતાં તમને જરાય મુશ્કેલી ન લાગે.

ભારતનાં ઉપયોગી પંખીઓમાં તીલિયર મેનાનું પણ સ્થાન છે; કારણ કે ખેતીને નુકસાનકારક જીવડાં અને તેમના કીડાને જમીનમાંથી તે ખેંચી કાઢી ખાઈ જાય છે. તદુપરાંત ફળ, પેપડાં અને દાણા પણ તેના ભોજનમાં સ્થાન પામે છે. જો તેને ખલેલ પહોંચે તો ટોળું તરત ઊડીને ઝાડમાં પેસી જાય. વૃક્ષોની ઘટામાં પીછાં સાફ કરતી અને મધુર કલકલાટ કરતી તેલિયા મેનાના ટોળાને જોવામાં આનંદ આવે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉડ્ડયનમાં તીલિયર મેના વૈયાં જેવી જ છે. ટોળાં ઊડતાં હોય અને ઊડતાં ઊડતાં વળી દિશા બદલે. એમનાં ટોળાં કોઈવાર વૈયાં સાથે પણ ભળેલાં હોય છે.

વસ્તી : તીલિયર મેના કચ્છમાં નથી, સૌરાષ્ટ્રમાં મેં નથી જોઈ, પણ પૂર્વ સૌરાષ્ટ્રમાં તેની નોંધ થઈ છે. ગુજરાતમાં દક્ષિણે વડોદરા સુધી છે. મુંબઈમાં નથી. તેની કેટલીયે જાતો યુરોપ, એશિયા અને આફ્રિકામાં વ્યાપક છે. આપણે ત્યાં તે મુખ્યત્વે શિયાળો ગાળવા આવે છે.

પ્રજનન : કાશ્મીર અને મધ્ય એશિયામાં.

ખાસ કરીને પ્રજનન વખતે તીલિયર મેના સુંદર ગાય છે. પાળેલી તીલિયર મેનાનું ગાયન સાંભળીને પણ તમે મુગ્ધ થઈ જાવ.

બબ્બઈ અથવા બ્રાહ્મણી મેના

(The Brahmani or Black–headed Myna)



પરિચય : આપણી કાબરથી બે ઈંચ નાનું એટલે કે આઠ ઈંચનું આ પંખી મેના અને કાબરને સાંધતી કડી જેવું છે. તેને બ્રાહ્મણી વિશેષણ આપવા પાછળ તેને બ્રાહ્મણની નાતમાં મૂકી દેવાનો હેતુ નથી કે નથી બ્રાહ્મણને આ મેનાની નાતમાં મૂકવાનો હેતુ. તેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળા માથા ઉપરથી સુંવાળા વાળની કલગી ડોક ઉપર પથરાય છે અને એ ચોટલીએ જ તેને બ્રાહ્મણી ગણાવી છે. તેનું શરીર ઉપરથી ભૂખરું બદામી રંગનું છે અને પાંખના છેડા કાળા છે. નીચેથી બર્જારિયા રતૂમડા રંગનું છે અને પૂંછડીની નીચે ધોળો રંગ છે. તેની ત્રિવિધરંગી ચાંચ છેટેથી પીળી લાગે. કાબર અને પહાડી મેનાને હોય છે એવી મોં ઉપર ખુલ્લી ચામડી બબ્બઈને નથી. નરનો રંગ વધુ ઊજળો છે

આવી સાદી સજાવટ ધરાવનારને વળી મેનાનું મધુરું નામ શા માટે અપાયું હશે, એમ તમે જો પૂછતા હો તો તેનો જવાબ એક જ છે કે તે મેના છે માટે. તમે બ્રાહ્મણી મેનાને હાથમાં લઈને જુઓ તો જ તમે તેના સૌંદર્યને પિછાની શકો. પણ રૂપમાં શું બળ્યું છે ? પહાડી મેના અને તેલિયા મેનાને બાદ કરતાં મેનાના કુળમાં બબ્બઈ મેના જેવું મધુર પંખી કોઈ નથી. એના કંઠમાં મૃદુતા છે, મીઠાશ છે, એની રાતભાત મોહક છે ને બીજાના સૂરનું અનુકરણ સારું કરે છે. તેથી પક્ષી પાળનારા શોખીનોનું તે પ્રિય પંખી છે. તે માણસના વધુ-પડતા સહવાસમાં રહીને અળખામણી પણ નથી થઈ પડતી અને પહાડો ને જંગલોમાં રહીને મનુષ્યથી અજાણી પણ નથી રહેતી.

બબ્બઈ મેના ખેતર અને પાદરનું, બગીચા અને ઘરઆંગણાનું પંખી છે. તેને ભેજવાળી જમીન અને ઘાસવાળા પટ પસંદ છે, જેમાંથી એ તીડ અને અન્ય જીવડાં વીણી ખાય છે. ચરતાં ઢોરોની સાથે રહીને તે ઢોરના પગથી ઊડતાં જીવડાં પકડવામાં પરોવાયેલી પણ દેખાશે. તે વડ–પીપળાના ટેટા અને અન્ય ફળો પણ ખાઈ જાય છે, પણ ખેતીને નુકસાનકારક જીવડાં મારનાર પંખી તરીકે તેનું મહત્ત્વ છે.

વસ્તી : બબ્બઈ ભારતનું સ્થાયી પંખી છે, પણ ઋતુ પ્રમાણે તે સ્થાનાંતર કરે છે. કચ્છમાં તે સામાન્ય પંખી નથી. સૌરાષ્ટ્રમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાણીવાળા અને હરિયાળા પ્રદેશમાં તેની વસ્તી છે. સંભવ છે કે પશ્ચિમ સૌરાષ્ટ્રમાં તે શિયાળુ પંખી તરીકે જ આવતી હોય. મુંબઈમાં તે શિયાળો ગાળવા જ આવે છે. ગુજરાતમાં તે સ્થાયી વાસ કરે છે. પાળવાજોગ પંખીઓમાં પહાડી મેના પછી બબ્બઈ મેના કદાચ તેલિયા મેનાની હરોળમાં આવે. તેના કંઠની મધુરતાએ અને સ્વરની વિવિધતાએ તેને શોખીનોનું પ્રિય પંખી બનાવેલ છે.

પ્રજનન: વૈશાખથી અષાડ તેનો પ્રજનનકાળ. ઝાડની પોલાણમાં કે દીવાલના દરમાં તે મુલાયમ માળો બાંધી ૩ થી ૪ ઝાંખાં આસમાની અને છાંટણાં વિનાનાં ઈંડાં મૂકે છે.

૩ : વગડામાં

ઉનાળો બેસી ગયો છે. દિવસ આખો અકળાવતી ગરમીથી ત્રાસી ગયેલી સંતપ્ત દુનિયાને રાત શાંતિ આપે છે, પણ શાંતિ સાથે પ્રફુલ્લતા અને સૌંદર્યનો અનુભવ કરાવે એવું તો ઉનાળાનું પ્રભાત છે. ઉજ્જડ વગડાને પણ પોતાનાં કેસૂડાં ફૂલોથી શણગારતો ખાખરો, પ્યાલા જેવાં ફૂલોમાં મધુરસ ભરીને પંખીની જમાતને જ્યાફત કરાવતો શેમળો અને ચળકતા લાલ રંગનાં મનોહર પુષ્પો વડે શણગાર સજીને વસંતને આવકારતો પાંડેરવો અત્યારે વગડાની શોભા કેવી વધારી રહ્યા છે તે તો જુઓ! ચાલો, આજે તો વહેલી પ્રભાતના પ્રફુલ્લ વાતાવરણમાં આડે વગડે ફરવા ઊપડીએ. પ્રકૃતિનાં દર્શન તેના નૈસર્ગિક સ્વરૂપમાં કરવાં હોય તો રસ્તો અને કેડી છોડીને આડે વગડે જ જવું જોઈએ. જ્યાં માણસોનો ઘોંઘાટ કે પગરવ છે, ત્યાં પક્ષીઓ મુક્ત મનથી રહી શકતાં નથી. જ્યાં નિર્જન અને નીરવ શાંતિ છે, ત્યાં પક્ષીઓ પણ ખીલી ઊઠે છે.

જરા આમ તો જુઓ! ઝાડના તોતિંગ થડને જાણે કુહાડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેવી પોતાની નાનકડી ચાંચ વડે ફાડી નાખવું હોય તેમ જોરથી, ઊંચું માથું કરીકરીને, ઝનૂનથી પ્રહાર કરતું આ પંખા કોણ છે? તમને તેનો આ ભગીરથ પ્રયાસ વ્યર્થ અને હાંસીપાત્ર લાગે છે, નહિ? પણ એમ નથી. એ છે લક્કડખોદ અને તેની આ મહેનત સહેતુક છે.

લક્કડખોદ (Woodpeckers)

લક્કડખોદ પક્ષીઓ દીઠે નહિ તો નામે જાણીતાં છે. વિશિષ્ટ પ્રકારના શરીરબંધારણના કારણે આ પક્ષીઓ જુદાં તરી આવશે. એમની ચાંચ લાંબી અને મજબૂત છે, જેના વડે તેઓ ઝાડની છાલને તોડી નાખે છે. તેમની જીભ લાંબી–ચાંચની બહાર ત્રણચાર ઇંચ નીકળી શકે તેટલી લાંબી–અને ચીકણી હોય છે. લક્કડખોદ ઝાડના થડનાં છિદ્રોમાં અને છાલ નીચે પોતાની જીભ લંબાવી તેમાં રહેતાં જીવડાંને જીભ વડે ખેંચી લે છે. હાથી જેમ સૂંઢથી ખોરાક ઉપાડે છે, તેમ લક્કડખોદની જીભ પણ જીવડું પકડવા વળી શકે છે. જીભ પરની ચીકણી લાળમાં એ જીવડાં ચોટી રહે છે. આપણે અત્યાર સુધી જે પક્ષીઓનો પરિચય કર્યો તેમના પગનાં આંગળાં ત્રણ આગળ અને એક પાછળ છે. લક્કડખોદને બે આંગળાં આગળ અને બે પાછળ છે. ઝાડના સીધા થડ ઉપર બાઝવામાં તેને આવાં આંગળાંની જરૂર છે. તદુપરાંત તેની પૂંછડી ઊડવામાં સુકાન કરતાં બેસવામાં ટેકા તરીકે વધારે ઉપયોગી છે. પૂંછડીનાં પીછાં મજબૂત અને અક્કડ છે. જ્યારે લક્કડખોદ ઊભા થડ ઉપર આંગળાં ભરાવા ચોટે છે, ત્યારે પૂંછડી વળીને થડ ઉપર ટેકા લે છે અને આમ આ પંખી બહુ જ સહેલાઈથી ઝાડના સીધા થડ ઉપર પણ આસાનીથી આસન જમાવી શકે છે. આમ લક્કડખોદને પોતાના જીવનનિર્વાહ માટે વિશિષ્ટ પ્રકારની શરીરરચના મળી છે.

લક્કડખોદ ઊડવાને ખાતર ઊડ્યા કરે એવા રખડુ નથી, એટલે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમને શોધવા માટે તો ઝાડનાં થડ જ જોવાં પડે અને ત્યાં પણ બીજાં પક્ષીઓની જેમ તે ડાળ પર આસન જમાવીને નહિ બેઠા હોય. તેઓ જાડી ડાળની નીચેની બાજુ અથવા થડ ઉપર ચોટેલા દેખાશે. થડ ઉપર લક્કડખોદ જે રીતે ચોટી રહી આસન જમાવે છે તે જોવા જેવું છે; પરંતુ ખિસકોલી કરતાં જે વધુ ઝડપ અને સહેલાઈથી તે થડ ઉપર દોડાદોડ કરે છે તે વધુ આશ્ચર્યજનક છે. તમે લક્કડખોદનું નિરીક્ષણ કરતા હો ત્યારે થડની પાછળ સંતાઈને જ્યારે તે તમારી તરફ ડોકાઈને જુએ છે, ત્યારે ખરેખર રમૂજ પડે છે. તેનાથી પણ વધુ આકર્ષક તો ઝાડની છાલ પર ચાંચના પ્રહાર કરવાની તેની રીત છે. કોઈ કઠિયારો એટલી ઝડપ અને સિફતથી ઝાડ પર કુહાડીના ઘા ન કરી શકે. જાણે થાકી ગયો હોય એમ લક્કડખોદ વિસામો લે છે અને વળી ચાંચના પ્રહાર કરવા લાગે છે. જાણે વિશાળ થડને પોતાની ચાંચ વડે ફાડી નાખવા માગતો હોય ને!

જે જીવડાં ઝાડની છાલમાં પેસીને તેમાંથી રસકસ ચૂસી લઈ લાકડામાં સડો પેદા કરે છે, તેમની ઉપર નભતા લક્કડખોદ ખૂબ જ ઉપયોગી પક્ષી છે; કારણ કે એ રીતે એવાં ઉપદ્રવી જીવડાંની વસ્તી પર અંકુશ રહે છે. ઝાડની છાલમાં અડ્ડો જમાવીને બેઠેલાં એવાં ઉપદ્રવી જીવડાંને પકડી પાડવા તેની ફરસી જેવી ચાંચ વડે તે જે ખંત અને ઉત્સાહથી ચાંચના પ્રહાર કરી અંદર જીભ નાખે છે, તે જોવા જેવું હોય છે. ફરીથી ને ફરીથી તે પોતાના કાર્યમાં મંડ્યો રહે છે, પણ જો છેવટે તેને સફળતા નહિ મળે તો ચી–રી–રી–રી કરી, ગુસ્સા અને નિરાશાનો ઊભરો કાઢી બીજા ઝાડે ઊડી જાય છે.

લક્કડખોદ સીધી લીટીમાં નહિ પણ ઊંચોનીચો થઈને ઊડે છે અને ઊડતી વખતે તેની પાંખોમાંથી ભુ–ર–ર–ર એવો અવાજ આવે છે. તે ઝડપથી પાંખો વીંઝે છે.

લક્કડખોદ થડ ઉપર દોડે તે પણ સીધી લીટીમાં નહિ. ગોળા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કારમાં; વેલ જેમ ઝાડને વીંટાઈને ચડે તેમ. નીચે ઊતરે ત્યારે પણ એમ જ, પણ ઊંધે માથે નહિ. જમીન પર અને ડાળ ઉપર તેઓ નથી બેસતા, પણ તેમાં અપવાદ પણ છે. અંકોડા જેવાં તેનાં આંગળાં થડની છાલમાં ભરાવીને લટકવાના કામનાં છે.

બધા લક્કડખોદનાં આ સામાન્ય લક્ષણ છે. હવે આપણે ત્યાં વસતા લક્કડખોદની ઓળખાણ કરીએ. તેઓ બધા આપણા સ્થાયી અધિવાસી છે. યાદ રાખજો કે ઘણાખરા લક્કડખોદને જોવાનો શ્રેષ્ઠ સમય વહેલી સવાર છે.

કાબરો લક્કડખોદ

(The Yellow-fronted Pied Woodpecker)

આપણો વ્યાપક લક્કડખોદ આ જ. કદમાં સાત ઇંચ, એટલે કે આપણા બુલબુલ જેવડું આ પંખી રંગે કાબરું છે. માથે પીળી સોનેરી ટોપી જે પાછળ લાલ કલગીમાં ફેરવાઈ જાય છે. પેટ ઉપર ચળકતો લાલ પટો શોભે છે. માદાને કલગી છે પણ તેનો રંગ ઝાંખો પીળો છે. રાતી ટોપી નથી. બંનેની આંખો લાલ છે.

આ લક્કડખોદ ઉજ્જડ વેરાનમાં નહિ મળે, તેમ ગીચ જંગલમાં પણ નહિ જાય. જ્યાં છૂટાંછવાયાં ઝાડ હોય, ખુલ્લો વગડો અને છૂટાંછવાયાં ઝુંડ હોય, રસ્તા પર ઝાડ ઊગેલાં હોય ત્યાં આ આનંદી પંખી વસે છે. કિલક–કિલક અથવા ક્રિ–ર્–ર્–ર્– અથવા કિરિક-કિરિક એવો અવાજ સાંભળો ત્યારે જાણવું કે કાબરો લક્કડખોદ તમારી આસપાસમાં છે. ઊડતી વખતે ઝડપથી પાંખો વીંઝતું જાય, ઊંચું-નીચું થતું જાય અને વચ્ચે વચ્ચે પાંખો બંધ રાખતું જાય. મુંબઈમાં સાલ્સેટના ટાપુમાં તાડનાં થડ ઉપર એમનાં જોડલાં દોડાદોડી કરતાં હોય, ગોળ ચક્કાવા લેતાં હોય, થડ ઉપર જે ઝડપથી ઊંચે ચડતાં હોય, નીચે ઊતરતાં હોય અને વચ્ચે વચ્ચે ઊભાં રહી થડ તપાસતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય, તે જુઓ તો રમૂજ પડે. તમે જો તેને જોવા ઊભો તો તે થડની પાછળ સંતાઈ જાય અને ડોકાઈ ને તમારા સામે જુએ. તેઓ મોટા ભાગે જોડામાં ફરતાં હશે. શેમળા અને પાંડેરવાના ફૂલનો રસ પણ તેઓ પીએ છે.

પ્રજનન: પોષથી વૈશાખ સુધી એમનો પ્રજનનકાળ. થડમાં લક્કડખોદ દર કરીને તેમાં સફેદ ચળકતાં ત્રણ ગોળ ઈંડાં મૂકે છે. જો આડી ડાળમાં માળો કર્યો હોય તો તેનું મોઢું નીચેના ભાગમાં હોય છે. નર–માદા બારે માસ સાથે રહે અથવા જુદાં પણ રહે. પ્રજનનકાળમાં તો કેમ છૂટાં પડે? માળો બનાવવામાં, ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં બંને સરખો શ્રમ ઉઠાવે છે. દરમાં કંઈ મુલાયમ વસ્તુઓ મૂકવામાં નથી આવતી. દર કોતરતાં જે વહેર અને છોડિયાં ખર્યાં હોય એ જ એમનો માળો.

વસ્તી: ભારતનું આ વ્યાપક પક્ષી આપણે ત્યાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, આબુ અને મુંબઈમાં જાણીતું છે.

સોનેરી પીઠવાળો લક્કડખોદ

(The Golden-backed Woodpecker)

ગુજરાતમાં જાણીતો પણ કાબરા લક્કડખોદ કરતાં ઓછો વ્યાપક આ લક્કડખોદ કચ્છમાં નથી. સૌરાષ્ટ્રમાં ગિરમાં નોંધાયો છે, ગુજરાતમાં નોંધાયો છે અને મુંબઈના સાલ્સેટ ટાપુમાં તો તે પક્ષીપ્રેમીઓ વચ્ચે 'પ્રતિષ્ઠિત' છે.

આપણી કાબરથી મોટું, એટલે કે અગિયાર ઇંચ લાંબું આ પંખી પોશાકમાં ઠસ્સાદાર છે. તે ઝાંખા કાળા પાટલૂન પર ભાતવાળું રેખાઓવાળું સફેદ ખમીસ, સોનેરી ડગલો, સફેદ ટપકાંવાળી કાળી નેકટાઈ અને ચમકતા લાલ રંગની ટોપી (પ્રજા–સમાજવાદી પક્ષની લાલ ટોપી નહિ!) પહેરે છે એમ જો હું કહું તો તમને વિચિત્ર લાગે; પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે તેને જોશો તો ખાતરી થશે કે તે ખરેખર એવો જ પોશાક પહેરે છે. માથે ચળકતા લાલ રંગની કલગી જેવી ટોપી શોભે છે. માદાને વળી આ ટોપીની આગળ કપાળ પર કાળો રંગ અને તેમાં સફેદ ટપકાંની ભાત છે. નર–માદા વચ્ચે એટલો તફાવત છે. બંનેને ગળા ઉપર અને છાતીના ઉપલા ભાગે કાળા રંગમાં સફેદ ટપકાંની ભાત છે, જે પેટ તરફ જતાં સફેદ રંગ અને દરેક પીછું કાળી કિનારીમાં ફરી જાય છે. પૂંછડી ઝાંખી કાળી અને પીઠ રતાશ પર સુંદર સોનેરી, ખભા પર અને પાંખને છેડે ઝાંખો કાળો રંગ છે. ડોકનો પાછલો ભાગ પણ એવા જ રંગનો છે અને ડોકની બંને બાજુ સફેદ છે, જેમાં આંખ ઉપર થઈને એક ભૂરો પટો જાય છે.

રીતભાત : આ લક્કડખોદની વસ્તી પણ લગભગ આખા ભારતમાં છે. પણ કચ્છમાં નથી. સૌરાષ્ટ્રમાં ગીર તથા ગિરનારમાં છે. ગુજરાતમાં ઉજ્જડ પ્રદેશમાં નથી. કાબરા લક્કડખોદની જેમ તે પણ ગીચ જંગલ અને વેરાન પ્રદેશમાં નથી વસતો; છૂટાંછવાયાં ઝાડ અને ઝુંડવાળા ખેડાણ પ્રદેશ, બગીચા, ઝાડોથી શોભતા રસ્તા અને છૂટાં-છવાયાં વૃક્ષોવાળા વનવગડામાં તમે આ લક્કડખોદનો મેળાપ કરી શકશો. ચળકતી લાલ કલગી, સોનેરી પીઠ અને કાબરા પેટાળની રંગરચના એવી આકર્ષક છે, કે તે તમારી નજરે પડે તો ધ્યાન ખેંચાયા વિના ન રહે. ક્રી–ક્રી–ક્રી–ક્રી–ક્રી–ક્રી એવા ઉત્સાહભર્યા અવાજથી પણ તમારું ધ્યાન ખેંચાશે. આ લક્કડખોદ પણ ઝાડના થડ ઉપર ચડઊતર કરતો દેખાશે; ઊતરતી વખતે પણ માથું ઉપર હોય છે. તે જમીન ઉપરથી મકોડા પણ વીણી ખાય છે અને પાંડેરવાના ફૂલનો રસ પણ પીએ છે.

પ્રજનન : મહાથી અષાડ સુધી આ લક્કડખોદની પ્રજનનઋતુ છે. માદા સફેદ રંગનાં ત્રણ ઈંડાં મૂકે છે. માળા બીજા લક્કડખોદ બનાવે છે તેવા જ થડમાં કોતરી કાઢેલ દરમાં હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બજરિયો લક્કડખોદ અથવા કીડીઘર
(The Rufus Woodpecker)

મુંબઈના સાલ્સેટ ટાપુમાં પાંચ પ્રકારના લક્કડખોદ નોંધાયા છે. ગુજરાતમાં નવ પ્રકારના લક્કડખોદ નોંધાયા છે. પરંતુ તેઓ બધા બધે ઠેકાણે વ્યાપક નથી. અહીં તો જે વ્યાપક અને જાણીતા છે તેમનો પરિચય આપ્યો છે. મુંબઈના ટાપુમાં બજરિયા રંગનો એક લક્કડખોદ જાણીતો છે અને તેનાં વિશિષ્ટ લક્ષણોના કારણે મારે તેની ઓળખાણ અહીં આપવી જ જોઈએ. કદમાં તે કાબર જેવડો અને રંગે રતૂમડો ભૂરો એટલે બજરિયો છે. તેની પહેલી વિશિષ્ટતા તો એ છે કે જ્યારે બીજા લક્કડખોદ ઝાડના થડ ઉપર વળગીને ચોંટી રહે છે, ત્યારે આ લક્કડખોદ બીજાં પક્ષીઓની જેમ ડાળ પર બેસે છે. ડાળને ફરતો જે કોથળી જેવો માળો મકોડા બનાવે છે તે ખોદીને તેમાંથી તે મકોડા ખાઈ જાય છે. મકોડાની કિલ્લેબંધી તૂટતાં જ નાસભાગ થઈ પડે છે. એ વખતે આ લક્કડખોદને ઉજાણી થઈ પડે છે. સૌથી મોટી નવાઈ તો એ છે કે મકોડાના માળાની પોલાણમાં જ તે પોતાનો માળો બનાવે છે! અને તેથી મોટી પણ નવાઈ એ છે કે તેને કે તેનાં બચ્ચાંને એ ભયંકર લાલ મકોડા રંજાડ નથી કરતા. જેને અનુભવ થયો હોય તે જ જાણે કે આ લાલ મકોડા મકોડાની સૃષ્ટિના ઝનૂની અને ક્રૂર વાઘ જેવા છે. એ વાઘની બખોલમાં છીંડું પાડવું, વાઘને પકડીને ખાઈ જવા અને એ બખોલમાં જ માળો બનાવી તેમાં ઈંડાં મૂકી બચ્ચાં ઉછેરવાં એ કંઈ જેવું તેવું પરાક્રમ છે! આ નવાઈનું રહસ્ય એ છે કે આ લક્કડખોદના શરીરમાંથી ફૉરમિક ઍસિડની ગંધ આવે છે અને તેથી જ મકોડા તેને દુશ્મન નહિ ગણતા હોય! એટલે મકોડાથી ખદખદતા માળામાં પણ આ લક્કડખોદ આસાનીથી બેઠેલા નોંધાયા છે! તેની વસ્તી કચ્છ કે સૌરાષ્ટ્રમાં નથી, પણ ગુજરાતમાં, ડાંગમાં અને મુંબઈના સાલ્સેટ ટાપુમાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અન્ય પ્રકારના લક્કડખોદ

બીજા નોંધપાત્ર લક્કડખોદમાં મોટા કાળા લક્કડખોદની ઓળખાણ ન આપું તો તેને ખરાબ લાગશે. અંગ્રેજીમાં જેને The Great Black or Black-backed Woodpecker કહે છે, એ આ રૂપાળા લક્કડખોદની વસ્તી તાપી અને ડાંગથી મુંબઈ સુધી છે. સોનેરી પીઠવાળા લક્કડખોદની આ જુદી આવૃત્તિ છે એમ કહીએ તો ચાલે. કદમાં તેના જેવડો એટલે કાબરથી જરા મોટો, માથે ચળકતી લાલ ટોપી, કાળો કોટ અને કાળું પાટલૂન (એટલે કે ડોક, પીઠ અને પૂંછડી કાળાં) અને સફેદ ખમીસ (સફેદ પેટ) એ તેનો પોશાક છે. ચ્-ર-ર-ર ચ્-ક એવા અવાજથી જંગલ ગજાવે છે. નરનું માથું લાલ છે તથા માદાનું સોનેરી પીળું છે.

કાબરા લક્કડખોદની એક નાની આવૃત્તિ સૌરાષ્ટ્રમાં ગિરનારમાં અને ગુજરાતમાં હરિયાળા વિસ્તારમાં જાણીતી છે. એનું નામ નાનો લક્કડખોદ (The Pigmy Woodpecker). ચકલીથી જરા મોટો છે અને રંગમાં કાબરા લક્કડખોદ જેવો છે, પણ દૂરથી તેના લમણા પરનો રાતો રંગ નથી દેખાતો. તે કી-કી-કી-કી એવા અવાજથી આપણું ધ્યાન ખેંચે છે, પણ તેનો વસવાટ થડને બદલે ડાળીઓમાં છે. વળી એ શરમાળ અને અસ્થિર છે એટલે તેનું નિરીક્ષણ કરવું મુશ્કેલ છે.

કંસારો અથવા ટુકટુકિયો

(The Crimson-breasted Barbet or Coppersmith)

જ્યારે વસંત અને ગ્રીષ્મમાં ખરે બપોરે આંખોને આંજી દે એવો તડકો પ્રકાશતો હોય, અને નિરભ્ર આકાશમાંથી સૂર્યનાં કિરણો આગ વરસાવતાં હોય, ત્યારે ઝાડની ઊંચી કે આગળપડતી ડાળી પર બેસીને ચકલી જેવડું (૭ ઇંચ લાંબું) એક પંખી 'ટોંક-ટોંક-ટોંક-ટોંક'ના સતત અવાજથી વાતાવરણને ગજાવી મૂકે છે. મુંબઈના ભૂતપૂર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગવર્નર રાજા મહારાજસિંહની જેમ તે "વેન્ટ્રીલોકવીસ્ટ" છે, પણ જુદા અર્થમાં; કારણ કે આ પક્ષી જ્યારે બોલે છે ત્યારે બધી દિશાઓ-માં પોતાનું મોં ફેરવતું જાય છે, એટલે એક વખત એક દિશામાંથી તેનો અવાજ આવતો લાગે અને બીજી વખત બીજી દિશામાંથી.

આ છે આપણો સુપરિચિત કંસારો. તે અવાજ વડે સુપરિચિત છે, પણ દીઠે નહિ; કારણ કે પાંદડાં જેવડી તેની લીલા રંગની કાયા ઝાડનાં પાંદડાંમાં એવી ઓતપ્રોત થઈ જાય છે કે તેને શોધવો મુશ્કેલ થઈ પડે. ઊંચી ડાળ પર બેસવાની તેની ટેવને લીધે જો તમે ખંતપૂર્વક શોધ ચલાવો તો મળી આવે ખરો, પરંતુ જ્યારે આકાશમાંથી સૂર્યનો પ્રખર પ્રકાશ આંખોને આંજી દેતો હોય અને ઝાડનાં પાંદડાંમાંથી એનાં પ્રતિબિંબ પડતાં હોય ત્યારે કંસારાને શોધવાની જિજ્ઞાસા કોને જાગે? જેમ સૂર્યનો તાપ વધે છે તેમ કંસારાનો એકધારો અવાજ વધુ ને વધુ ઉગ્ર થતો જાય છે. મોડી સવારે સૂર્ય તપવા માંડે ત્યારથી કંસારાનો અવાજ શરૂ થાય છે. થોડીવાર બોલીને તે અટકી જાય છે, પછી જરા વિશ્રાંતિ લે છે અને વળી બોલવાનું શરૂ કરે છે. આમ છેક સાંજ સુધી ચાલે છે. બપોરે તે પરાકાષ્ઠાએ પહોંચે છે. જ્યારે તાપ ઓછો થવા લાગે ત્યારે કંસારાનો ઉત્સાહ પણ ઓછો થતો જાય છે. વચ્ચે વચ્ચે તે એક ડાળી પરથી બીજી ડાળી પર અને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર જાય છે અને ત્યાંથી તે ટાંક–ટાંક કર્યા કરે છે. કંસારો ગરમીથી ત્રાસીને પ્રકૃતિને ફરિયાદ કરે છે એવો નિરાશાવાદી અભિપ્રાય હું નથી આપતો. જ્યારે સળગતી ભઠ્ઠી જેવી હવા માનવીને અકળાવે છે, ત્યારે કંસારો તેમાં આનંદ માણે છે. ટુક–ટુક અવાજ ઉપરથી તેને કોઈ ટુકટુકિયો પણ કહે છે.

આ પક્ષીનું કંસારો નામ યથાર્થ છે. કોઈ તેને લુહાર પણ કહે છે અને મરાઠીમાં તેને સોનાર એટલે સોની નામ મળ્યું છે. કંસારો જેમ ચડતે બપોરે ને ઊતરતે બપોરે વાસણ ઘડવા માટે હથોડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઠોકતો એકધારો ટાંક–ટાંક અવાજ કરતો હોય તેવો જ બરોબર આપણા આ પંખી–કંસારાનો અવાજ છે.

કંસારો રંગે ઉપરથી લીલો અને નીચે લીલાશ પર આછો પીળો છે. કપાળ ઉપર અને ગળા નીચે ચળકતો લાલ રંગ શોભે છે. પગ રાતા છે, ચાંચ કાળી છે. આંખના પડદા રાતા છે. તેની આસપાસ પીળો રંગ છે. નસકોરાંથી આંખ સુધી અને ચાંચની ફાટથી આંખ પાછળ થઈને માથા સુધી કાળી રેખા છે. આમ રંગોની વિવિધતા અને જમાવટ આ પક્ષીને સુંદરતા આપે છે. ટૂંકી ને જાડી કાયા, ટૂંકી ચોરસ પૂંછડી, જાડી ચાંચ અને ઝડપથી પાંખો વીંઝતું ઝડપી ઉડ્ડયન તથા તેનો ટાંક–ટાંક અવાજ આ પંખીને ઓળખાવવા માટે બસ છે. તે ડાળી પર ટટ્ટાર બેસે છે, થડ ઉપર લટકતું નથી.

કંસારાનો ખોરાક ફળ છે. મુખ્યત્વે તે વનના ટેટા ખાય છે. પણ કોઈવાર ફૂદાં કે બીજાં પાંખાળાં જીવડાં પકડે છે. જે પક્ષીઓ મોટા ભાગે ફળાહારી છે તેઓ બચ્ચાંને તો મોટા ભાગે પોચાં જીવડાં ખવડાવે છે. તે સ્વભાવે વૃક્ષચારી છે એટલે જમીન ઉપર કે છોડવા ઉપર ઊતરશે નહિ. આમ તેનું કુળ લક્કડખોદના કુળની નજીકનું પણ જુદું કુળ છે; તેથી સમાનતા અને ભેદ બંને દેખાઈ આવે છે. પહેલાં લક્કડખોદ અને કંસારાને એક કુળમાં મૂકવામાં આવ્યાં હતાં, પરંતુ લક્કડખોદ તો જીવાતભક્ષી છે અને ઘણાખરા લક્કડખોદ ડાળી પર બેસતા નથી, એટલે હવે બંનેને અલગ કુળમાં મૂકવામાં આવ્યા છે. તેમ છતાં જ્યારે કંસારા દર ખોદતા હોય ત્યારે તેઓ પણ લક્કડખોદ બની જાય છે અને થડ કે ડાળને પગ અને પૂંછડીના ટેકાથી ચોંટી રહીને દર ખોદે છે. કંસારાનાં પગનાં આંગળાં પણ બે આગળ અને બે પાછળ છે.

વસ્તી : ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈના ટાપુઓ અને લગભગ આખા ભારતમાં કંસારા વ્યાપક અને સુપરિચિત છે. તે ગીચ જંગલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિ પણ છૂટાંછવાયાં વૃક્ષોવાળા વન-વગડા અને શહેર-ગામડાનાં ઝાડ તથા બગાચા પસંદ કરે છે. પણ કચ્છમાં નથી એ હકીકત નોંધપાત્ર છે.

પ્રજનન: મહા માસથી જેઠ સુધીમાં ઝાડમાં પોતાની ચાંચ વડે દર બનાવી તેમાં ત્રણ સફેદ ઈંડાં મૂકે છે અને નરમાદા બંને ઈંડાં સેવવામાં, માળો બનાવવામાં અને બચ્ચાં ઉછેરવામાં ભાગ લે છે. માળો કોતરવા માટે તેઓ નરમ લાકડાંવાળાં ઝાડ પસંદ કરે છે. બહુધા દરનું મોં ડાળીના નીચલા ભાગે હોય છે.

લીલો કંસારો (The Green Barbet)

મુંબઈના સાલ્સેટ ટાપુમાં, આબુમાં, ગુજરાતના હરિયાળા પ્રદેશોમાં, હિમાલયમાં અને ભારતના બીજા કેટલાક ભાગોમાં આ લીલો કંસારો જોવા મળે છે. તે નજરે ભાગ્યે જ દેખાશે, પણ કોકરસ-કોકરસ અથવા ક-ર્-ર્-ર, કુ-તુ-ર, કુ-તુ-ર, કુ-તુ-ર અથવા કોતુર-કોતુર-કોતુર એવા અવાજથી તે પ્રખ્યાત છે. એ અવાજ એકબે માઈલ સુધી સંભળાય છે. દસ ઈંચ લાંબું આ પક્ષી રંગે ઉપરથી લીલું, માથું, ડોક અને છાતી ભૂરાં અને પાંખનાં લાંબાં પીછાં પણ ભૂરાં છે. પૂંછડી લીલી અને નીચેના ભાગે ઝાંખા આસમાની રંગના છે. પાંખો રતૂમડી, આંખથી ચાંચ સુધીની ખુલ્લી ચામડી નારંગી રંગની જાડી, ચાંચ ગુલાબી અને પગ પીળા છે. શરીરના ઉપલા ભાગે નાની શ્વેત રેખાઓ અને શ્વેત ટપકાં પણ છે. આમ આ કુળને શોભે એવાં સુંદર વાઘા સજીને આ લીલો કંસારો જંગલ, ઝાડનાં છૂટાંછવાયાં ઝુંડ અને ડુંગરાળ પ્રદેશમાં વસે છે. તે પણ ફળાહારી છે અને વડ-પીપળાના ટેટા ખાય છે. આ લાલ ચાંચવાળું ભૂરું અને લીલું પંખી લાલ પેપડાવાળા અને ભૂરી ડાળવાળા વડ-પીપળામાં એવું ઓતપ્રોત થઈ જાય છે કે તમે શોધો તોપણ ન મળે અને તેને ખબર પડે કે તમે તેને શોધો છો તો તે ચૂપ થઈ જશે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લક્કડખોદની જેમ કંસારા પણ આપણે ત્યાં સ્થાયી અધિવાસી છે.

પ્રજનન: ફાગણ–ચૈત્રમાં આપણા સામાન્ય કંસારાની જેમ જ દર ખોદીને બેથી ચાર સફેદ ઈંડાં મૂકે છે.

હુડહુડ અથવા ઘંટીટાંકણો (The Hoopoe)

મારા બગીચામાં કેટલોક ખુલ્લો પટ છે. છૂટાછવાયા છોડ વચ્ચે ઉઘાડી જમીન છે. અહીં હુડહુડનું જોડું ચરવા આવે છે. પહેલી વાર તેને મેં જોયું ત્યારે મને નવાઈ લાગી કે શહેરની વચ્ચે આ ગામડાનાં પંખી ક્યાંથી? પણ મારા ઘરને ફરતું વિશાળ કંપાઉંડ શહેરની વચ્ચે ગામડા જેવું વાતાવરણ ધરાવે છે; એટલે ગ્રામ્ય જીવનના શોખીન હુડહુડે ગ્રામ્યજીવનના પ્રેમીપુરુષનું આંગણું શોધી કાઢ્યું!

તમે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉજ્જડ પ્રદેશમાં હો, ગુજરાતની વાડીઓ વચ્ચે હો કે મુંબઈના ટાપુઓની હરિયાળી ભૂમિ પર ફરતા હો, પણ હુડહુડને ગામના પાદરમાં, સીમ–શેઢે અને વગડામાં જરૂર જોશો.



હુડહુડનું જોડું

પોતાના કુળના એક માત્ર પ્રતિનિધિ તરીકે સમગ્ર ભારતમાં વ્યાપેલા આ પક્ષીએ ઘણા દેશોની દંતકથાઓમાં સ્થાન મેળવ્યું છે. આપણે ત્યાં ગ્રામ્ય પ્રદેશમાં તેનો કંઈ ઓછો આદર નથી; અને કેટલેક ઠેકાણે તે શુકનવંતું પક્ષી ગણાય છે. વૈદ્યો અને યુનાની હકીમોએ તેના ઔષધીય ગુણો ગાયા છે. પ્રાચીન મિશ્રમાં તેનું ઊંચું સ્થાન હતું. હુડહુડને મારીને તેના વિવિધ ઉપયોગથી કેટલાક રોગો મટે છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવિ ભાખી શકાય છે, જાદુ કરી શકાય છે વગેરે માન્યતાઓ મિશ્રમાં અને અન્ય દેશોમાં પ્રાચીન કાળથી પ્રચલિત છે.

કેવું છે આવું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર પંખી? અંગ્રેજો જેને હુપો તરીકે ઓળખે છે અને આપણે જેને તેના અવાજ ઉપરથી હુડહુડ તરીકે ઓળખીએ છીએ, એ પંખી આપણા કબૂતર જેવડું છે. લાંબી, ઝીણી, અણીદાર અને વળાંક લેતી ચાંચ, ટૂંકા પગ, માથે પંખાની જેમ ઊઘડતી અને પાછી બિડાઈ જતી કલગી, ઝાંખો રતૂમડો ભૂરો રંગ અને કાબરી પાંખો તથા કલગીની કાળી કિનારી તેને ઓળખી કાઢવા માટે બસ છે. ભારતમાં તેના જેવું પંખી બીજું એકે નથી. પેટથી પૂંછડી સુધી તેને સફેદ રંગ છે અને તેમાં કાળી–ભૂરી રેખાઓ છે. પૂંછડી ઉપરથી કાળી છે, પણ વચ્ચે આડો ધોળો પટો છે.

હુડહુડ જમીનનું પંખી છે અને ધરતીમાંથી તથા પાંદડાં નીચેથી અને ઘાસના મૂળમાંથી ચીપિયા જેવી સચોટ અને તીક્ષ્ણ ચાંચ વડે તે જીવડાં, કીટક વગેરે વીણીને ખાઈ જાય છે. ખેડૂતના પાકને ઉપદ્રવી હોય એવાં જીવડાંનો નાશ કરનાર પંખી તરીકે હુડહુડ પરમ ઉપયોગી પંખી સાબિત થયું છે; અને એવા ગુણનો જગતના બધા દેશોમાં આદર થાય એમાં નવાઈ પણ શી?

હુડહુડની કલગી બીડેલી રહે છે, પણ જ્યારે તે જમીન ઉપર ઊતરતું હોય ત્યારે તે પંખા–આકારે ઊઘડી જાય છે. અને પછી તે ચાંચ ચડાવીને ઉદરપોષણના કાર્યમાં મશગૂલ થતું હોય તેમ કલગી સંકેલી લે છે. ભય, પ્રેમ, ઉશ્કેરાટ વગેરે લાગણી પ્રદર્શિત કરતી વખતે તેની કલગી ઊઘડી જાય છે. જ્યારે બંધ કલગી સાથે તે જમીનમાંથી જીવડાં પકડતો હોય ત્યારે લાંબી ઝીણી વળેલી ચાંચ અને લાંબી બિડાયેલી અણીદાર કલગારૂપી બે અણીદાર છેડાવાળી કોદાળી જેવો તેનો આકાર લાગે. ઘંટી ટાંકવાની હથોડી સાથે પણ તેને સરખાવી શકાય, તેની ઉપરથી તેને **ઘંટીટાંકણો** પણ કહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હુડહુડનું ઉડાણ ધીમું અને ચડઊતર છે, પરંતુ તે કુશળ ઊડનારો છે અને જ્યારે તેના પર પાળેલા શકરા અને બાજને છોડવામાં આવે છે, ત્યારે તે સહેલાઈથી તેમને થાપ આપે છે

હુડહુડ ગીચ જંગલનું પંખી નથી. ઉઘાડા વન–વગડા, ખેતરાઉ પ્રદેશ, ચરિયાણો, બગીચાના ઉઘાડા પટ, છૂટાછવાયા ઝાડના ઝુંડવાળા વગડા અને વૃક્ષોની છાયાવાળા રસ્તાઓની આસપાસના પ્રદેશમાં જરૂર એક, બે કે વધારેની સંખ્યામાં ચરતા દેખાશે. જો તેને ખલેલ પહોંચશે તો ઊડીને ઝાડમાં બેસી જશે. તેની ચાલવાની છટા બટેર કે લાવરી જેવી છે.

હુડહુડને તમે ભાગ્યે જ બોલતાં સાંભળશો. તે હુ–પો અથવા હુ–પો–પો એવો મૃદુ અને મધુર અવાજ પણ કરે છે. અને બોલતી વખતે માથું નમાવીને ચાંચ છેક છાતી સુધી લઈ જાય છે અને એવી જ રીતે નીચે દબાવે છે. જાણે ગોળ દડો બની જવું હોય ને!

વસ્તી: ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, મુંબઈના ટાપુઓ અને આખા હિંદમાં હુડહુડ વ્યાપક અને જાણીતું પંખી છે; હિંદ બહાર ઉત્તર આફ્રિકા, યુરોપ અને એશિયાના મોટા ભાગમાં તેનો ફેલાવો છે. તે આપણે ત્યાં ગુજરાતમાં ઓછી સંખ્યામાં બારે માસ રહે છે. અને શિયાળામાં બહારથી અને હિમાલયમાંથી પણ આવે છે, તેમ સ્થાનિક પ્રવાસ પણ કરે છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને મુંબઈમાં તે ભાદરવાથી ફાગણ સુધી રહે છે. હિંદમાં પણ તે પ્રજનન કરે છે. દખ્ખણમાં અને પશ્ચિમઘાટમાં તેનું પ્રજનન નોંધાયું છે.

ઝાડ, દીવાલ કે છતમાં જ્યાં દર મળે ત્યાં ઘાસ, રૂ વગેરેનો કઢંગો માળો બાંધી તેમાં માદા પાંચથી છ સફેદ ઈંડાં મૂકે છે. પહેલું ઇંડું મૂકતાં જ સેવવાનું કામ શરૂ થાય છે. એટલે બચ્ચાં નાનાંમોટાં હોય છે. માળામાં બેઠા પછી માદા માળો ભાગ્યે જ છોડે છે અને તેને તથા બચ્ચાંને ખવડાવવાનું કામ નર કરે છે. માળો ખૂબ ગંધાતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય છે અને માદા પણ તે વખતે કંઈ ખાસ જાતની ખરાબ વાસ છોડે છે. કદાચ રક્ષણ માટે કુદરતે તેને આ દુર્ગંધની બક્ષિસ આપી હોય એ બનવાજોગ છે; કારણ કે ચિલોત્રાની જેમ માદા માળાનો દરવાજો કંઈ બંધ કરીને નથી બેસતી. પ્રજનનઋતુ વસંત અને ગ્રીષ્મ.

ચાસ અથવા નીલકંઠ (The Roller)

ગ્રીષ્મ બેઠી છે, નિરભ્ર આકાશમાંથી અગ્નિ વરસે છે, વાતાવરણ ક્ષુબ્ધ છે, ઝાડનાં પાંદડાં પણ હલતાં નથી, હવામાં એક લહર પણ આવતી નથી તેજથી આંખો મિચાઈ જાય છે, તાપથી અકળામણ થાય છે, આવે વખતે સામે તાર પર અવધૂતની જેમ તાપમાં તપતું આ કોણ પંખી બેઠું છે? છે પણ રાખોડી રંગનું. જાણે ખાખી બાવાની જેમ શરીરે રાખ ચોપડી તડકામાં ધૂણી ધખાવીને બેઠું હોય ને?

એ છે શુકનવંતું ચાસ પંખી. કદમાં કબૂતર જેવડું આ પંખી છેટેથી દેખાય છે એવું સાદું નથી. તેની ઉપર તડકો પડે ત્યારે જુઓ અને ખાસ કરીને એ ઊડે ત્યારે તેના રંગ જોજો. ઊડીને આંખે વળગે એવા વિવિધ પ્રકારના આસમાની અને વાદળી રંગ કોણ જાણે ક્યાંથી નીકળી પડે છે અને જે પંખી બેઠું હતું ત્યારે ખાખી બાવા જેવું લાગતું હતું તે હવે એવું આકર્ષક અને રૂપાળું લાગે છે કે તેની ઉપરથી આંખ હઠાવવાનું મન નથી થતું! ઝાડ, વાડ કે



ભારતીય ચાસ પક્ષી

તાર પર બેઠેલો ચાસ હવામાં પડતું મૂકે છે અને પાંખો વીંઝતાં ઉપર ચડે છે અને તરતો તરતો નીચે ઊતરે છે. દરિયાનાં મોજાં જેમ ઊંચે ચડી ફૂટ્યા વિના બેસી જાય અને વળી ઊંચા ચડે તેમ ચાસ હિલોળા લે છે. એટલે જ તેનું અંગ્રેજી નામ રોલર પડ્યું છે. અને સૂર્યના પ્રકાશમાં જ્યારે તેના શરીરના રંગ દીપી ઊઠે છે અને હવામાં તેમની છોળો ઊડે છે, ત્યારે તમે તેનાં રૂપ, રંગ અને ઉડ્ડયનની શોભા જોઈને મુક્ત કંઠે કહેશો કે ચાસની બરોબરી કોઈ ન કરી શકે. તે સીધું ઊંચે ચડી જાય છે, ડૂબકી મારે છે, ગુલાંટ ખાય છે અને પાંખો વીંઝતાં વીંઝતાં તે જાતજાતના કર્કશ અવાજ કરે છે.

વસંતમાં ચાસનો હર્ષોન્માદ તો નિહાળો! શ્વેત રેખાઓથી અંકિત જાંબુડા ગળાના કારણે તે હળાહળ ઝેર પીને ગળામાં અટકાવી રાખનાર મહાદેવનો અવતાર પણ ગણાયો છે અને તેથી તેનું નામ નીલકંઠ પણ પડ્યું છે. ખરેખર, સંસારના ઝેરને તેણે ગળામાં જ ભરાવી રાખી અંગેઅંગમાં આનંદ ભર્યો છે. જ્યારે ચાસ બેઠો હોય ત્યારે તો એમ પૂછવાનું મન થઈ જાય: 'અરે ભાઈ, તારા બહુ ગવાયેલા બધા રંગ તો દેખાડ!' અને ચાસ જેમ મારી ઉપર ખુશ છે તેમ તમારી ઉપર તેની મહેરબાની ઊતરે અને પોતાનાં મનોહર રૂપ ને આકર્ષક ઉડ્ડયન બતાવવા પાંખો પસારી હવામાં વિહાર કરવા લાગે, તો હું તમને ખાતરી આપું છું કે જિજ્ઞાસુને મુગ્ધ કરનાર આવાં દૃશ્યો પ્રકૃતિમાં થોડાં જ જોવા મળે છે.

ચાસના રંગોની શી સુંદર જમાવટ છે! પણ આ રંગોની રચના અને ભાતનું વર્ણન થઈ શકે તેમ નથી. ચાસ બેઠો હોય ત્યારે તમને એ રંગોની વિવિધતા અને સુંદરતાનો સાચો ખ્યાલ પણ નહિ આવે. જ્યારે ચાસ તેની પ્રિયતમા સાથે પ્રેમનું ઉડ્ડયન કરવા લાગે, ત્યારે વસંતનું માદક વાતાવરણ જામ્યું હોય છે. એ વખતે હવામાં પોતાના વિવિધ રંગોની પ્રભા પૂરતા ચાસના સૌંદર્યને ન કોઈ કલમ વર્ણવી શકે, ન કોઈ પીંછી ચીતરી શકે. મસ્ત બનેલા સાગરનાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મોજાં ઊંચાં થઈને ફૂટયા વિના જેમ નીચે બેસી જાય છે અને વળી ઊંચાં થાય છે, તેમ ચાસ હવામાં હિલોળા લે છે. હળવે હળવે પાંખો વીંઝે છે, સીધો ઊંચે ચડે છે, વળી સીધો નીચે ઊતરે છે, વળી ઊંચે ચડી જાય છે. આમ હવામાં આંદોલન લેતાં નર–માદા પોતાના મનોહર રંગોના ફુવારા ઉડાડે છે અને આનંદ સમાતો ન હોવાથી કંઠ દ્વારા તે વ્યક્ત કરતાં જાય છે.

વસંતના સ્વાગત માટે પ્રકૃતિદેવીને ચાસ કરતાં વધુ સુંદર અને શુકનિયાળ પંખી બીજું કયું મળે?

કદ, રંગ અને પરિચય: ચાસ તેર ઇંચ લાંબું એટલે કે કબૂતર જેવડું પંખી છે. ગાઢાં જંગલ તેને પસંદ નથી. વેરાન પ્રદેશથી માંડીને ખેતરાઉ પ્રદેશ અને છૂટાંછવાયાં ઝાડનાં ઝુંડવાળા ઉઘાડા પ્રદેશ પર તેની પસંદગી ઊતરે છે.

ચાસને નીલકંઠ પણ કહે છે. પરંતુ મેં અગાઉ કહ્યું છે તેમ એ નામ અયોગ્ય રીતે એક કરતાં વધુ પક્ષીને અપાયું છે. ચાસ નામ જ વધુ વ્યાપક અને યોગ્ય છે.

ચાસનું અંગ્રેજી નામ રોલર અથવા બ્લુ જે છે. અંગ્રેજોએ તેને 'જે' નામ ખોટું આપ્યું છે. 'જે' તો કાગડાના કુળનું પંખી છે. આપણે ત્યાં બે જાતના ચાસ છે. **કાશ્મીરી ચાસ** (The Kashmir Roller) વર્ષાઋતુ ઉતારીને આપણે ત્યાં આવે છે. કચ્છ અને ઉત્તર ગુજરાતમાં થઈને અરબસ્તાનને રસ્તે તેઓ મોટી સંખ્યામાં આફ્રિકામાં શિયાળો ગાળવા જાય છે. આમ તેઓ કચ્છમાંથી પસાર થાય છે, પણ રહેતા નથી. ઉત્તર ગુજરાતમાંથી તેઓ ખંભાતનો અખાત તથા કચ્છનો અખાત અને રણ ઓળંગીને સૌરાષ્ટ્રમાં શિયાળો ગાળવા આવે છે. મુંબઈમાં માત્ર દેશી ચાસ જ દેખાય છે અને તે પણ બહુ ઓછા. કાશ્મીરી ચાસનો રંગ નીચે તમામ ભાગમાં ઝાંખો આસમાની છે, ત્યારે દેશી ચાસને નીચેનું પેટ અને પૂંછડી નીચે જ આસમાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રંગ છે. કાશ્મીરી ચાસ ઊડશે ત્યારે તેની પાંખોનાં લાંબાં પીછાં કાળાં છે તે દેખાઈ આવશે. ડોક, ગળું અને માથું પણ ઝાંખા આસમાની રંગનાં છે અને પીઠ ઉપરથી પીળાશ પર ભૂરા મટોડી રંગનું છે. ત્યારે **ભારતીય અથવા દેશી ચાસ** (The Indian Roller) તેનાથી જરાક મોટું, છાતી પર અને માથે ઈંટ જેવા રાતા રંગનું પણ માથાની ટોચ પર આસમાની ઝાંયવાળું, લીલાશ પર ભૂરી પીઠવાળું પંખી છે. ઊડે છે ત્યારે પાંખો અને પૂંછડીના દરિયાઈ લીલા આસમાની અને ઘેરા જાંબુડા રંગના પટા નજરે પડે છે. કાશ્મીરી ચાસ કરતાં દેશી ચાસ વધુ રંગીન લાગે છે.

આંગળાં ત્રણ આગળ ને એક પાછળ.

ચાસ પક્ષીઓ ઊડવામાં એવાં નિષ્ણાત છે કે શિકારી પક્ષીઓને તેઓ ખૂબ હંફાવે છે. શોખીનો એટલા માટે જ તુરૂમ્તી નામના બાજને ચાસના શિકાર કરવા પાળે છે. ચાસ તેને વારંવાર થાપ આપે છે તે દેખાવ જોવા જેવો ગણાય છે.

પ્રજનન : દેશી ચાસ ફાગણથી અષાડ સુધીમાં ઝાડમાં કે જૂની ઇમારતમાં દર શોધી તેમાં માળો બાંધે છે અને કોઈવાર વિધિસર માળો બાંધ્યા વિના જ તેમાં ઈંડાં મૂકે છે. તેનું સંવનન તો માગશર-પોષ માસથી જ શરૂ થઈ જાય છે. જીવડાં, દેડકા, તીડ અને ઉંદર તેમનો ખોરાક છે એટલે તે ઉપયોગી પંખી ગણાય.

ઈંડાં ચારથી પાંચ હોય છે અને રંગે સફેદ હોય છે.

લટોરા (Shrikes)

હવે આજે આપણે ઉઘાડા વગડા અને ઝાડોના આછાપાતળા ઝુંડવાળા પ્રદેશની મુલાકાત લઈએ: કારણ કે અહીં એવાં કેટલાંય પક્ષીઓ વસે છે કે જેઓ નિષ્કામભાવે મનુષ્યની મહાન સેવા બજાવી રહ્યાં છે અને છતાં આપણે તો એમને ઓળખતા પણ નથી. આવી કૃતઘ્નતા આપણને કેમ પાલવે?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લો, ગામ બહાર નીકળ્યા ને પહેલો મેળાપ લટોરાનો જ થઈ ગયો. આપણે એના કુળને ઓળખી લઈએ. લટોરા કાબર જેવડાં પંખી છે. કાળો, ધોળો, ભૂરો અને મટોડી રંગ, એટલા રંગ લઈને સર્જનહારે તેમનાં શરીર ચીતર્યાં છે. તેઓ આપણે ત્યાં બારે માસ વસે છે, પણ કોઈ વળી સ્થાનિક પ્રવાસ કરે છે ખરા.

આ કુળનાં પક્ષીઓ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં અને આખા ભારતના ગ્રામ્યપ્રદેશમાં સુપરિચિત છે. તેઓ જંગલમાં નહિ પણ ઉઘાડા વનવગડામાં રહે છે. કાંટાવાળાં ઝાડ અને ઝાડી તેમને પસંદ છે. એવાં ઝાડની આગળપડતી ડાળ પર બેસે છે અને બધે ઠેકાણે નજર રાખે છે. જેવું જમીન પર ક્યાંય જીવડું કે નાનું જનાવર દેખાય કે તરત જઈને પકડી આવે. કોઈ તો વળી તેને કાંટામાં ભરાવી દે. ખવાય તેટલું ખાય અને બાકીનું કાંટામાં ભરાવી રાખે. એમની છેડેથી વળેલી અણીદાર ચાંચ, તીક્ષ્ણ આંખ, ચડઊતર પીછાંવાળી જરા લાંબી પૂંછડી અને એક ઝાડથી બીજા ઝાડ વચ્ચે જમીન સરખું ઉડ્ડયન, એ તેમની ખાસિયતો છે. ખેતીને નુકસાનકર્તા પ્રાણીઓને મારનાર તરીકે તેઓ ખેડૂતનું કલ્યાણ કરનારાં પંખી છે. આવો, આપણે તેમની જાતવાર ઓળખાણ કરીએ.

દૂધિયો લટોરો (The Grey Shrike)

દસ ઇંચ લાંબું એટલે કે આપણી કાબર જેવડું, પણ ઘાટે પાતળું અને જરા લાંબી અને ચડઊતર પીછાંની બંધ કરેલા જાપાની પંખા જેવી ધોળી અને વચ્ચેથી ઊભા કાળા પટાવાળી પૂંછડીવાળું આ પંખી આપણે ત્યા સુપરિચિત છે. ઉપર વાદળી ઝાંયવાળો મોતિયો રંગ, કાબરી પાંખો, માથાની બંને બાજુ કાળો રંગ અને પેટાળ પર ધોળા દૂધ જેવો રંગ ધરાવનાર પંખીને તમે ઝાડ ઉપરથી ઊતરીને જમીનથી થોડે જ ઊંચે ઊડતું જુઓ, કે સામેના ઝાડ પર બેસતી વખતે સીધું ઊંચું ઊડી જઈને ત્યાં બેસતું જુઓ, ત્યારે તમારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂછવું કે આ લટોરો તો નહિ હોય?



દૂધિયો લટોરો

દૂધિયો લટોરો ખરેખર સોહામણું પંખી છે. નરમાદા બંને સરખાં કવી–રિક, કવી–રિક એવો અવાજ કાઢે છે, એ એવો કર્કશ છે કે સાંભળવો ન ગમે. પણ પ્રજનન ઋતુમાં તે જરા મીઠું ગાઈ નાખે છે! હા, એને બીજાં પંખીના સૂરનું અનુકરણ પણ આવડે છે.

જ્યાં મેદાનમાં વચ્ચે વચ્ચે છૂટાંછવાયાં ઝાડ હોય, ખાસ કરીને બાવળ હોય, ત્યાં દૂધિયો લટોરો એકલો કે યુગલમાં બેઠો હશે અથવા એક ઝાડથી બીજા ઝાડ સુધી ઊડતો જતો હશે. ઉડ્ડયનમાં પણ તે ઓળખાઈ આવશે. ઉજ્જડ વેરાનને આ લટોરો પસંદ કરશે, પણ હરિયાળી જમીન તેને નહિ ગમે. ઝાડઝાંખરાની ટોચે બેસવાની અને ઉપર વર્ણવી તેવી તેની ઊડવાની ખાસિયતથી તથા કાળા, ધોળા અને આસમાની ઝાંયવાળા મોતિયા રંગના ચમકારાથી તે તમારું ધ્યાન ખેંચ્યા વિના નહિ રહે. ઊડતી વખતે પણ તે ઊંચુંનીચું થતું જાય છે. ઉંદર, દાલિયાં જીવડાં, કાચંડા, ગરોળી, કંસારી, તીડ, તીતીઘોડા, મકોડા વગેરે લટોરાનો ખોરાક છે. એ રીતે એ ઉપયોગી પક્ષી છે. પક્ષીનાં બચ્ચાં કે માંદા પંખી સપાટામાં આવે તો તેમને પણ ન છોડે. શિકારને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંટામાં ભરાવી રાખવાની તેની ટેવને લીધે તેને અંગ્રેજીમાં બુચર બર્ડ (કસાઈ પક્ષી)નું ઉપનામ પણ મળ્યું છે. શિકારને પગ નીચે દબાવી તેને તીક્ષ્ણ ચાંચ વડે ફાડી ખાય છે.

વસ્તી: આપણો આ દૂધિયો લટોરો હિમાલયથી દક્ષિણમાં બેલગામ સુધી વસે છે. બાજી પેટા જાતો આખા ભારતમાં છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં આ પંખી સામાન્ય છે, પણ મુંબઈ ટાપુઓમાં દૂધિયો લટોરો નથી.

પ્રજનન: મુખ્યત્વે વસંત અને ગ્રીષ્મ ઋતુ તેનો પ્રજનનકાળ છે. કાંટાવાળાં ઝાડ કે ઝાડીમાં કે મોટા પ્યાલાના ઘાટનો મજબૂત માળો બાંધે છે. કાંટાવાળી ડાળીઓ, ઘાસ, મૂળિયાં વગેરેનો માળો બાંધી અંદર રૂ, ઊન વગેરે પાથરીને મુલાયમ બનાવે છે અને લીલી ઝાંયવાળાં સફેદ ચળકતાં ૩થી ૬ ઈંડાં મૂકે છે, જેમની ઉપર ભૂરાં અને જાંબુડાં હળવાં છાંટણાં હોય છે.

દરેક જોડલાને પોતાનો નિર્ણીત કરેલો પ્રદેશ હોય છે; જેમાં જો બીજા લટોરા આવે તો કજિયો થઈ પડે. ગર્ભાધાન ઋતુમાં તેમનો ઘોંઘાટ વધી જાય છે.

મટિયો લટોરો (The Rufous–backed Shrike)

કદમાં આ લટોરો પણ દૂધિયા લટોરા જેવડો જ (દસ ઇંચ) છે, પણ રંગમાં એટલો ફેર છે કે જ્યાં દૂધિયો લટોરો વાદળી ઝાંયવાળો મોતિયો રંગ ધરાવે છે, ત્યાં આ મટિયો લટોરો પીળી મટોડી જેવો રંગ ધરાવે છે, જે પીઠ ઉપર વધારે સ્પષ્ટ છે. પાંખોમાં કાળો રંગ છે, અને ઊડતી વખતે ધોળો પટ્ટો દેખાશે. પૂંછડી લાંબી અને બીડેલા પંખાની જેમ ચડઊતર પીંછાંની છે, જેમાં વચલાં પીછાં કાળાં છે અને બંને બાજુ મટોડી રંગનાં છે. નીચેના ભાગ પેટાળ પર સફેદ થઈ જાય છે. પડખાં પર ઝાંખું પીળું ઘોવાણ છે. આ લટોરાને પણ કપાળથી લઈને આંખ ઉપર થઈને ડોકની બંને બાજુ સુધી કાળો પટો છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે લટોરાના કુળનો લાક્ષણિક શણગાર છે. ગુંડા જેમ છૂપા રહેવા માટે આંખો ઉપર બુરખો નાખે છે, તેમ આ કસાઈ પક્ષીઓને જાણે કુદરતે આંખો ઉપર બુરખો આપ્યો છે!

રીતભાત: દૂધિયા લટોરાથી આ મટિયો લટોરો એ રીતે જુદો પડે છે, કે જ્યારે દૂધિયો લટોરો વેરાન, ઉજ્જડ પ્રદેશને પસંદ કરે છે, ત્યારે મટિયો લટોરો વેરાન પ્રદેશને પસંદ નથી કરતો, તેમ જંગલને પણ પસંદ નથી કરતો. તે ખેડાણ પ્રદેશને પસંદ કરે છે અને દૂધિયા લટોરાની જેમ ઝાડ કે છોડ પર બેસીને શિકાર માટે નજર ફેરવ્યા કરે છે. તેનું પેટ ભરાઈ જાય તોપણ તે શિકાર કર્યા કરશે અને શિકારને કાંટામાં પરોવ્યા કરશે. શિકારમાં નાનાં પક્ષીઓ, વાણિયા, પતંગિયાં, ભમરા, ઢાલિયાં જીવડાં, તીડ, તીતીઘોડા, ખડમાંકડી, ઉંદર અને એવાં જે કોઈ પ્રાણી સપાટામાં આવે તે સૌ લટોરાનો આવકાર પામે છે.

મટિયો લટોરો અવાજમાં બહુ કર્કશ નથી, થોડા મીઠા સૂર પણ તેના ગળામાંથી નીકળે છે અને બીજાં પક્ષીઓના અવાજનું સારું અનુકરણ પણ તે કરી શકે છે. શિયાળુ પંખીના ચાલ્યા ગયા પછી લાંબા વખત સુધી આ લટોરો તેમના અવાજને યાદ કરી તેનું અનુકરણ કરતો હોય છે, એટલું જ નહિ પણ સાપે દેડકાને પકડ્યો હોય અને દેડકો જે ચીસો નાખે તેનું અને ગલૂડિયાના અવાજનું પણ આ લટોરાએ અનુકરણ કર્યાનું નોંધાયું છે.

વસ્તી: મટિયો લટોરો આખા ભારતમાં વસે છે અને તે ભારતનું સ્થાયી વતની છે, પણ સ્થાનાંતર કરે છે. મુંબઈમાં તે સપ્ટેમ્બરમાં આવે છે અને ખજૂરીના ઝાડમાં ધામા નાખી તરેહતરેહના અવાજ કાઢે છે. મહાગુજરાતમાં ઉજ્જડ પ્રદેશ બાદ કરતાં તે અનુકૂળ સ્થળે જોવા મળે છે.

પ્રજનન: મોટા ભાગે ચૈત્રથી અષાડ સુધીમાં તેઓ દૂધિયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લટોરાના માળા જેવો માળો બાંધી ૩થી ૪ ઈંડાં મૂકે છે. ઈંડાંનો રંગ પણ દૂધિયા લટોરાનાં ઈંડાંના રંગ જેવો હોય છે.

પચનક અથવા કાજી લટોરો
(The Bay-backed Shrike)

પરિચય: પચનક જેવો સુંદર લટોરો લટોરાના કુળમાં એકે નથી. વળી એ દૂધિયા અને મટિયા લટોરા કરતાં કદમાં ૩ ઈંચ નાનો (૭ ઈંચ લાંબો) છે, એટલે બુલબુલ જેવડું એ પંખી તરત જુદું પડી આવે છે. કપાળથી આંખો પર થઈ ને ડોકની બાજુઓ સુધી જતો લાક્ષણિક કાળો પટો તમને કહી દેશે કે એ લટોરો છે. અને લટોરાના કુળની રીતભાત કંઈ છાની રહે?

રંગ અને રીતભાત: ઉપર કહ્યું તેમ કપાળથી આંખો પર થઈ ને ડોકની બંને બાજુ સુધી પહોળો કાળો પટો અને માથાની ડોક સુધા આસમાની ઝાંયવાળો મોતિયો રંગ. પીઠ રતૂમડી ભૂરી, ઢીંઢું સફેદ, પાંખો કિનારી તરફ કાળી, વચ્ચે ધોળી પટ્ટીઓ ઊડતી વખતે વધુ સ્પષ્ટ દેખાશે. પૂંછડી સુધી પેટાળ સફેદ, પણ છાતી અને પડખાં પર પીળું ધોવાણ. ચાંચ અને પગ કાળાં.

વર્ણન ઉપરથી તમને રંગની સજાવટનો ખ્યાલ નહિ આવે પણ પચનક લટોરાના પાંચ રંગની સજાવટ તમે નજરે જુઓ, તેની ઘાટીલી નાની કાયા જુઓ અને તેની સોહામણી રીતભાત અને લટુડાપટુડા કરતી મીઠી બોલી સાંભળો તો તમને એ પંખી પાળવાનું મન થઈ જાય એવું એ લોભામણું છે. પચનક જેવો જ પણ કદમાં જરાક મોટો એક પરદેશી લટોરો [The Red-backed shrike) યુરોપથી ઈરાન સુધી વસે છે અને શિયાળો ગાળવા અરબસ્તાનથી દક્ષિણ આફ્રિકા સુધી જાય છે, ત્યારે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી પસાર થાય છે. તેને પાંખમાં ધોળો રંગ નથી.

જ્યાં છૂટાંછવાયાં ઝાડનાં ઝુંડ હોય, જ્યાં ખેતરો હોય અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉઘાડો પણ હરિયાળો વગડો હોય ત્યાં આ સુંદર પંખી વસે છે. બીજા લટોરાની જેમ પચનક લટોરાને પણ પોતાના વર્ચસ્વનો પ્રદેશ છે, જ્યાં એક જોડું રહે છે ત્યાં બીજાને આવવા નથી દેતું. ઝાડની ડાળ પર, છોડ પર કે તાર પર પચનક બેસે છે અને જેવો કોઈ શિકાર જમીન પર નજરે પડ્યો કે તરત તેની ઉપર તૂટી પડે છે. મટિયા અને દૂધિયા લટોરાની રીતભાતથી પચનક લટોરાની એક રીત જુદી પડે છે. તે જમીન પર ભોજન કરી લે છે. પચનક વેરાન નહિ અને બહુ જંગલ પણ નહિ એવો પ્રદેશ પસંદ કરે છે; પણ એ પસંદગી માટે આંકી કાઢેલા સીમાડા નથી. પચનક અને મટિયા એક જ પ્રદેશમાં સાથે ઘણીવાર જોવામાં આવે છે. આ લટોરો પણ કુળધર્મપ્રમાણે કર્કશ બોલી ધરાવે છે, પણ મીઠા અવાજ પણ કાઢે છે, થોડું ગાય છે પણ ખરો અને બીજાના અવાજનું અનુકરણ પણ કરે છે.

વસ્તી: કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈ. તે આપણે ત્યાં બારે માસ રહે છે, પણ ઋતુ પ્રમાણે સ્થાનિક સ્થળાંતર કરે છે.

પ્રજનન: ફાગણથી ભાદરવા સુધી પચનક લટોરાનો પ્રજનનકાળ. નાના ઝાડમાં તે સુંદર માળો બાંધે છે અને અંદરથી ખૂબ મુલાયમ બનાવી તેમાં સાધારણ રીતે ચાર અને વધુમાં વધુ છ ઈંડાં મૂકે છે; જેનો રંગ સફેદ અથવા લીલો ઝાંયવાળો હોય છે અને ઉપર છાંટણાં હોય છે.

શ્રી. સાલીમઅલી લખે છે કે ગર્ભાધાનની ઋતુમાં નરમાદાનું સંવનન જોવા જેવું હોય છે. નર પૂંછડી ઊંચી કરી, ડોક લંબાવીને ઠેકડા મારી માદાને રીઝવે છે અને આડું જોઈને હળવું હળવું ગાય છે. આ લટોરાની વસતિ આખા ભારત બહાર અગ્નિ એશિયા સુધી છે.

લટોરાની એક બીજી જાત રેતિયો લટોરો (The Pale-brown Shrike) મધ્ય એશિયામાંથી શિયાળો ગાળવા મહાગુજરાતમાં આવે છે, પણ મુંબઈમાં નહિ. અસાધારણ હવામાનના કારણે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈવાર નવતર પક્ષીઓ આવી ચઢે છે. છપ્પનિયા દુકાળમાં અનેક જાતનાં અસંખ્ય નવતર પક્ષીઓ મુંબઈમાં આવી ચઢ્યાં હતાં, જે સામાન્ય રીતે મુંબઈમાં નથી આવતાં તેમાં આ રેતિયા લટોરા પણ હતા.

નામ પ્રમાણે રેતિયા લટોરાના રંગ ઉપર રેતાળ છે, પાંખ અને પીઠ પર ઘેરો ભૂરો. માથાની બાજુ, ડોક, છાતી અને પડખાં પર રતૂમડી ઝાંય છે.

કશ્યા લટોરા

હવે આપણે એવા લટોરાનો પરિચય કરીએ કે જે લટોરા છે છતાં નથી. લટોરાના કુળથી કશ્યા લટોરાનું કુળ જુદું છે. અંગ્રેજીમાં કશ્યા લટોરાનાં કુળનાં પક્ષીઓને Cuckoo–Shrikes કહે છે. દેખાવમાં કશ્યા લટોરા લટોરાને થોડાક મળતા આવે છે, પણ રીત-ભાતમાં માખામાર પક્ષીઓ (Fly–catchers) અને કાળીકોશીના કુળને મળતા આવે. તેઓ આપણે ત્યાં સ્થાયી અધિવાસી છે, પણ કેટલાક સ્થાનિક સ્થળાંતર કરે છે. જરા જાડી, કઠોર અને ઉપલા ફાડિયાના છેડેથી શિકારી પક્ષીની જેમ જરાક વળેલી ચાંચ અને ભારે માથું લટોરાની યાદ આપે છે. પણ એકસરખાં લાંબાં પીછાં-વાળી અને પ્રમાણમાં ટૂંકી પૂંછડી લટોરાથી જુદી પડે છે.

કાંટનો કશ્યો લટોરો (The Common Wood Shrike)

પરિચય: આ બુલબુલ જેવડું પંખી જોડીમાં પણ હોય છે. એકલવાયું નહિ પણ સમૂહમાં રહે છે. મેદાનોમાં છૂટાંછવાયાં ઝાડ હોય તેવો પ્રદેશ પસંદ કરે છે અને ઝાડમાં જ રહે છે. વોઈટ–વિટ–વિટ–વિટ, વ્હી–વ્હી–વ્હી એવા મીઠા અવાજ સાથે ઝાડ અને ઝાડીમાં અને કાંટામાં એકબીજાની પાછળ કૂદાકૂદ અને ઊડાઊડ કરતાં આ પંખીને જોવાં અને સાંભળવાં ગમે.

રંગ અને રીતભાત: ઉપરનું શરીર રાખોડી ભૂરું. આંખ ઉપર ચાંચથી ડોકની બન્ને બાજુ જતી સફેદ પટી અને નીચે લટોરાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કુળની જેમ ચાંચથી આંખની પાછળ સુધી જતો કાળો પટો. પૂંછડી બીજા લટોરા જેવી લાંબી અને બીડેલા પંખાની જેમ ચડઊતર પીછાંની નથી. તે ટૂંકી અને છેડેથી ચોરસ છે અને રંગે ઝાંખી કાળી અથવા કાળાશ પર ભૂરી છે અને કોરનાં પીછાં ધોળાં છે. શરીરના નીચેના ભાગ ધોળા છે.

આ કચ્છી લટોરો ઝાડ અને ઝાડીમાંથી જીવડાં વીણી ખાય છે. ઝાડના પાનમાં જે ઇયળ હોય છે અને ઝાડને નુકસાન કરે છે તેને પણ તે ખાઈ જાય છે. આમ બીજા લટોરાની જેમ આ લટોરો પણ ઉપયોગી પંખી છે. કોઈવાર તે છોડવા અને ઝાડીમાં અને કવચિત્ જમીન પર પણ ઊતરે છે, પરંતુ બહુધા તો તે ઝાડમાં વસે છે.

કચ્છી લટોરાનો અવાજ મીઠો છે, પણ તેને ગાતાં નથી આવડતું. છતાં તે પોતાના મીઠા અવાજથી અને આનંદી સ્વભાવથી વાતાવરણને પ્રફુલ્લિત બનાવે છે. મીઠો અવાજ કરતાં આ પંખી બે–પાંચની સંખ્યામાં રસ્તાની બન્ને બાજુ ઊભેલાં લીમડા, આંબલી, વડ, પીપળો, બાવળ વગેરે ઝાડમાં એકબીજાની પાછળ ઊડાઊડ કરતાં આવે છે, ત્યારે તમને તેના પરથી આંખ ખસેડવાનું મન ન થાય.

વસ્તી : ભારત અને અગ્નિ એશિયા. આપણે ત્યાં તે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના ટાપુઓમાં છે. તે સ્થાયી વતની છે.

પ્રજનન : મહાથી જેઠ સુધી, પણ મુખ્યત્વે ફાગણ–ચૈત્રમાં તેઓ સુંદર, સુઘડ અને સુંવાળો પણ બહુ નાનો માળો બાંધે છે અને એથી ત્રણ ઈંડાં મૂકે છે. બીજા લટોરાનાં ઈંડાંને મળતાં ઈંડાં બતાવી આપે છે કે દેખાવમાં અને વર્તનમાં ઠીક ઠીક જુદા પડતા હોવા છતાં આ લટોરાનું કુળ પણ દૂધિયા લટારાના કુળ સાથે સગપણ ધરાવે છે. ઈંડાનો રંગ અને છાંટણાં પણ બીજા લટોરાનાં ઈંડાના રંગ અને છાંટણાં જેવાં જ છે.

બીજા બે કચ્છી લટોરાનો ઉલ્લેખ અહીં નહિ કરીએ તો તેમને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાની ઉપેક્ષા થયેલી લાગશે. એ છે **મોટો કશ્યો** (The Large Indian Cuckoo-Shrike) અને **કાળા માથાનો કશ્યો** (The Black-headed Cuckoo-Shrike). તેઓ કચ્છમાં નથી, પણ સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં વધુઓછે અંશે જાણીતા છે.

મોટો કશ્યો લટોરો: કબૂતરથી જરા નાનો અને પાતળો છે. કાળાશ પર રાખોડી રંગના આ કશ્યાને રતૂમડી આંખો પાસે લટોરાનો લાક્ષણિક કાળો પટો છે. પાંખનાં મોટાં પીછાં અને પૂંછડી કાળાં છે. પેટાળ ધોળાશ પર છે. માદાને આંખ પાસેનો પટો ઓછો સ્પષ્ટ છે અને પેટાળ પર ધોળી-ભૂરી પટીઓ છે.

કાળા માથાનો કશ્યો: બુલબુલ જેવડો રંગે મોટા કશ્યાને મળતો છે, પણ છાતી સુધી માથું અને ડોક કાળાં છે. માદાને એ કાળો રંગ નથી.

આ બન્ને જાતના કશ્યા ઝાડની ઘટા પસંદ કરે છે. તેમને મીઠા સૂર છે. મોટા કશ્યાની હાજરી પિટ-પિટ-પિટ એવા અવાજથી જાણી શકાશે. નાનો સારું ગાઈ શકે છે. ચૈત્રથી શ્રાવણ સુધી તેમની પ્રજનન ઋતુ.

રાખોડી અબાબીલ લટોરો
(The Ashy Swallow-Shrike)

લટોરો છતાં લટોરો નહિ, અબાબીલ છતાં અબાબીલ નહિ! કેવું વિચિત્ર પક્ષી! કચ્છ અને સૌરાષ્ટ્રમાં તો એ નથી, પણ ગુજરાતમાં ગોધરાથી મુંબઈ સુધી, ખાસ કરીને જ્યાં તાડનાં ઝાડ હોય ત્યાં તો આ પક્ષી જાણીતું છે. ઉપરથી સ્લેટ જેવા રાખોડી રંગનું અને નીચેથી મેલા સફેદ રંગનાં આ પંખી નાના ટોળામાં છૂટાંછવાયાં ઊડતાં હોય ત્યારે અબાબીલની યાદ આપે. તેઓ સમૂહચારી છે અને સાંજસવારે પોતાના રહેઠાણની આસપાસના વિસ્તારમાં ઊડતાં દેખાશે. હવામાં ઊડતા વાણિયા, ફૂદાં, પતંગિયાં અને મોટા જીવડાં તેમનો ખોરાક. ટૂંકી પૂંછડી, ભરાવદાર શરીર, જાડી જરક ચાંચ અને થોડી પાંખો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વીંઝીને પછી સ્થિર પાંખે તરતા જવાની તેની ટેવ, થોડુંક ઊડીને પછી



રાખોડી અબાબીલ

તાડ ઉપર અથવા અબાબીલની જેમ તાર ઉપર પાસે પાસે બેસવાની ટેવ અને ચિક–ચિક–ચિક અવાજ તેમને ઓળખાવી દેવા બસ છે. બેઠો હોય ત્યારે પૂંછડી હલાવ્યા કરે. શકરાની જેમ ઝઝૂમી, તરાપ મારીને જમીન ઉપરથી પણ જીવડાં પકડી લે. પ્રજનન ફાગણથી અષાડ સુધી. ઊંચાં ઝાડમાં, તાડ હોય તો તાડમાં પાંદડાના મૂળમાં માળો બાંધી ત્રણ લીલી ઝાંયવાળાં સફેદ ઈંડાં મૂકે.

ફુત્કીનું કુળ (Warblers and Wren–Warblers)

ખુલ્લા વગડામાં આવ્યા છીએ તો આજે આપણે પક્ષીઓના એવા કુળનો પરિચય કરી લઈએ કે જેમની વ્યક્તિગત ઓળખાણ કરવાનું કામ મુશ્કેલ છે. તેમના કુળનો એક પ્રતિનિધિ દરજીડો તો આપણા બગીચામાં વસે છે અને આપણે તેની ઓળખાણ કરી લીધી છે. દરજીડાના કુટુંબીઓ ખેતરો અને વગડામાં વસે છે. ઉત્તર ભારતમાં તેમને ટારકો, ફુત્કી, પીટપીટી, ટીકટીકી વગેરે નામે ઓળખે છે. ઘણાંખરાની પૂછડી બિડાયેલા જાપાની પંખા જેવી ચડઊતર પીછાંની હોય છે. દરજીડા જેવા કોઈ પૂંછડી ઊંચી અને ઊભી રાખે છે, તો કોઈ વળી પૂંછડી ઝૂલતી રાખે છે. આ કુળના દરેક પંખીને જાતવાર ઓળખવાનું કામ તો તમારે પક્ષીશાસ્ત્રીઓ માટે જ રહેવા દેવું પડશે; કારણ કે શબ્દો વડે જ વર્ણન આપું તે પૂરતું નથી. તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માટે તેમના કુદરતી રંગમાં છપાયેલ ચિત્રો જોઈએ. કેટલાકના રંગ તો એટલા મળતા છે કે માત્ર અવાજ ઉપરથી જ ઓળખી શકાય. આ બધી જાતનાં પક્ષીઓનો જીવનવ્યવહાર સરખો છે, રંગ મળતા છે, આકાર મળતા છે અને અમુક જાતો વચ્ચે તો એવો અલ્પ તફાવત છે કે હાથમાં લીધા પછી પણ તેમને જુદાં પાડવાનું કામ સહેલું નથી. આ પક્ષીઓ ઝાડી, ઝાંખરાં, ઘાસ, મોલ, વાડ, છોડ અને વૃક્ષમાં જ રહે છે. તેઓ જીવાતભક્ષી છે અને ગાનારાં પક્ષી ન હોવા છતાં કેટલાંકનો અવાજ મીઠો છે. કોઈનો બુલંદ પણ છે અને કોઈ એકધારો મીઠો અવાજ છોડે છે; પણ તેમાં સૂરની વિવિધતા નથી. બધી જાતની કુત્કીઓના સૂરમાં મીઠાશ નથી. કોઈ વળી વીજળીનો તણખો ખરે એવો અવાજ કરે છે. કેટલીક જાતનાં કુત્કીઓ શરમાળ છે અને માણસને દેખીને સંતાઈ જાય છે. દાખલા તરીકે પીટપીટી અથવા ટીકટીકીનું ટોળું વાડમાં કે ઝાડીમાં ઉપરના ભાગે બેસી આકાશ સામે મોઢું કરી રૂપેરી ઘંટડી જેવા અવાજથી વાતાવરણને ગજાવતું હોય અને તમે જઈ ચઢો તો તરત જ તેઓ વીખરાઈને ઝાડીમાં એવાં ભરાઈ જશે કે શોધ્યાં નહિ મળે.

આ કુળનાં પક્ષીઓ માણસ માટે તો ખૂબ ખૂબ ઉપયોગી છે; કારણ કે પાકને, શાકભાજીને અને બાગબગીચાને પારાવાર નુકસાન કરનાર કીટકો આ પક્ષીઓનો મુખ્ય ખોરાક છે. કેટલાક સ્થાયી રહેવાસી છે તો કેટલાક યાયાવર છે.

એક બીજી વાત પણ આ કુળ વિષે મારે કહેવી જોઈએ અને તે છે માળા બાંધવાની તેમની વિશિષ્ટ કળાની. દરજીડાની કળા તેમાં શ્રેષ્ઠ છે. તેનાથી બીજા ઊતરતા યાયાવર કુત્કીઓ આપણે ત્યાં માળા નથી બાંધતાં.

ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર અને મુંબઈમાં ૧૫–૨૦ જાતનાં કુત્કીઓ વસે છે! આપણા બગીચામાં અને માણસની પડોશમાં વસનાર તો મુખ્યત્વે દરજીડો. કેટલીક જાતનાં કુત્કીઓ ભડકણ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમુક જાતનાં કુત્કીઓ આપણા બગીચામાં આવે છે ખરાં અને ઘણી જાતનાં કુત્કીઓ આપણાં ખેતર અને વાડમાં વસે છે; ભૂરાં, ધોળા અને કોઈને મટિયા રતૂમડા રંગ હોય છે. કેટલાકને રંગની વિશિષ્ટતા છે. કાળું પાનકુત્કી(The Ashy Wren-Warbler) ને ઉપરના ભાગ ઘેરા રાખોડી રંગના છે. કચ્છમાં આ પક્ષી નથી. કાઠિયાવાડી કુત્કા(The Kathiawar Wren-Warbler)ને માથે આછો રાખોડી રંગ અને પેટાળ ધોળું છે. નાના શ્વેતકંઠ કુત્કી(The Lesser White-throat)ને માથું રાખોડી, ગળું સફેદ અને પેટાળ ધોળકાતું છે. તે શિયાળો ગાળવા આવે છે. મોટું શ્વેતકંઠ કુત્કી (The Eastern Orphean Warbler) અન્ય કુત્કીઓમાં જુદું તરી આવે છે. તેને શ્વેત ગળું, કાળા માથામાં આંખની શ્વેત કિનારી, ધોળકાતું પેટાળ અને ઉપરના ભાગ રાખોડી છે. કદમાં બુલબુલથી નાનું છે. તે અગ્નિ યુરોપ અને પશ્ચિમ એશિયાથી આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. બુલબુલ જેવડું પાન ટીકટીકી (The Great Reed-Warbler) આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે અને બુલબુલ જેવડા કદથી તેમ જ રંગથી તથા ક્રા-ક્રા અને ક્રીક-ક્રીક-કીવી એવા અવાજથી ઓળખાઈ આવશે. તેને ઉપરથી ઝાંખી લીલી ઝાંયવાળો ભૂરો રંગ અને નીચે પીળી ઝાંયવાળો ધોળકાતો રંગ છે. નામ પ્રમાણે તે ઊંચા ઘાસમાં ફરે છે. કચ્છથી મુંબઈ સુધી તે પાણીવાળા પ્રદેશોમાં શિયાળો ગાળે છે, પણ ભારે શરમાળ હોવાથી સહેલાઈથી નજરે નહિ પડે.

કુત્કીઓ એકધારું ઉડ્ડયન કરવા માટે શક્તિશાળી પાંખો નથી ધરાવતાં. કેટલાંકની પાંખો તો નબળી દેખાઈ આવે છે. છતાં યાયાવર કુત્કીઓ કેટલે દૂરથી આપણા દેશમાં શિયાળો ગાળવા આવે છે !

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૪ : ઝાડના ઝુંડમાં

વસંતમાં જ્યારે વૃક્ષો નવાં તાજાં લીલુડાં પાનનો શણગાર સજે છે અને વર્ષામાં જ્યારે ઝાડનાં ઝુંડ અમૃત જેવું પાણી પીને અને અમૃત જેવા પાણી વડે નાહીને લીલાંછમ બની શોભે છે, ત્યારે તમે તેમાં વિહાર કરતાં વિવિધરંગી પંખીઓને જોજો, એમના ટહુકા સાંભળજો અને જો એમની સંવનનઋતુ હોય તો તેમની મસ્તી પણ જોજો. જગતની જંજાળમાંથી મન ખેંચી લઈને તેને જરા કુદરતની આ લીલામાં પરોવી જુઓ. તમને લાગશે કે તમે કોઈ નવી જ દુનિયામાં વસો છો.

નર માદાને રીઝવતો હોય, લીલીછમ ઘટામાં નરમાદા સંતાકૂકડી રમતાં હોય, એક ઝુંડમાં ઘૂમતો નર બીજા ઝુંડમાં ફરતી માદાને ટહુકા કરીને બોલાવતો હોય અને માદા તેને જવાબ દેતી હોય, માદાનો પ્રેમ જીતી લેવા નર ઝાડના ઝુંડમાંથી ઊડીને ઊંચે ચડે, પછી પ્રેમથી થનગનતો નીચે ઊતરતો હોય, રંગબેરંગી પંખીડાં એક ડાળેથી બીજી ડાળે અને એક ઝાડથી બીજે ઝાડ કૂદાકૂદ અને ઊડાઊડ કરતાં હોય અને કલ્લોલ કરતાં હોય, એ દૃશ્ય કોને જોવું ન ગમે ?

આવો, આજે આપણે સીમ, શેઢા અને વનવગડામાં ઝાડનાં ઝુંડ તપાસીએ અને તેનાં પંખીડાંના આનંદમાં ભાગ લઈને પ્રફુલ્લ બનીએ.

ખેરખટ્ટો અથવા ખખેડો (The Tree-pie)

બગીચાના મધુર વાતાવરણમાં બેઠા હો કે આછા જંગલની મોહક શાંતિમાં બેઠા હો, ત્યારે કોઈ વાર ખેરખટ્ટાનો હૃદયંગમ ટહુકો સાંભળ્યો છે ?

'...બો-બો-લિંક'

શબ્દ તો સાદો છે અને અક્ષર થોડા છે, પરંતુ એની મીઠાશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમારા હૃદયને હચમચાવી દે છે. વળી બીજો અવાજ આવે છે...

'...કો-ઓ-કલિ'

જેને પ્રકૃતિનો નાદ હશે, જેને પક્ષી માટે પ્રેમ હશે, તેઓ તો આ ટહુકાની મીઠાશથી ખુશ થઈ જશે; અને આવી મીઠાશ કોના ગળામાંથી નીકળી તે જોવા માટે ઝાડનાં ઝુંડ ઢૂંઢવા લાગશે. જંગલની અનંત શાંતિમાં તો દૂર દૂર સુધી આ ટહુકો પહોંચી જાય છે, પરંતુ ટહુકનારને શોધવો એ કંઈ સહેલી વાત નથી. એ તો છે શરમાળ,—કે પછી તે પોતાનાં દુષ્કૃત્યોથી મોં સંતાડતો હોય તોપણ કોને ખબર! પરંતુ એ મીઠાશ પાછળ રહેલી તેની કર્કશતા, તેના સ્વભાવની નિષ્ઠુરતા અને તેનાં કૃત્યોની નિર્દયતા જાણે છતી કરી દેતો હોય તેવો અવાજ ઓચિંતો તમારા કાન ઉપર એવો આવી પડે છે કે તમે માની જ ન શકો કે આ કર્કશ અવાજ પેલા મીઠા ટહુકાવાળા ગળામાંથી નીકળ્યો હશે...

ખેરખટ્ટો અથવા ખખેડો

'...કે-કે-કે-કે-કે'

કાનને અણગમતો લાગે એવો આ કલબલાટ કદાચ તેમના કૌટુંબિક ઝઘડા કે વાદવિવાદનો પ્રદર્શક હશે; પણ ખેરખટ્ટો તો વિવિધભાષી છે. તે ઘણી જાતના મીઠા અવાજ કાઢી શકે છે. કેટલાંક પક્ષીઓના સૂરનું અનુકરણ કરી શકે છે, અને કાળા માથાવાળા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રૂપાળા પીળકના અવાજનું અનુકરણ તો તે એવી સરસ રીતે કરી શકે છે, કે અનુભવી માણસ જ એ બે વચ્ચેનો તફાવત ઓળખી શકે. જ્યાં પીળક અને ખેરખટ્ટો બંને વસતા હોય છે, ત્યાં તેઓ સહેલાઈથી માણસને ભુલાવામાં નાખી દે. વળી બંને રહ્યા ઝાડનાં ઝુંડમાં વસનારા એટલે જ્યાં સુધી તમે તેમને શોધી ન કાઢો, ત્યાં સુધી તમને ખબર ન પડે કે કોણ બોલ્યું! અધૂરામાં પૂરું બંને રહ્યા શરમાળ. ખેરખટ્ટો જો પોતાના પાપથી શરમાતો હશે તો પીળક આવાં હૃદયંગમ રૂપ અને રંગ ધારણ કરી મુગ્ધા નારીની જેમ શરમાળ પ્રકૃતિનો બની ગયો હશે.

પૂરા દોઢ ફૂટ લાંબા ખેરખટ્ટાને તમે એકવાર જુઓ તો તેને તરત જ ઓળખી જાઓ. એના અવાજ જેમ ભુલાય તેમ નથી, તેમ તેનાં રૂપ, રંગ અને આકાર પણ ભુલાય તેવાં નથી. હું તેની લંબાઈ દોઢ ફૂટ કહું છું, પરંતુ પહેલી નજરે તમને તે દોઢ ફૂટ લાંબો નહિ લાગે; કારણ કે તે પોતે તો આશરે કાબર જેવડો છે, પરંતુ તેની પૂંછડી તેના કરતાં લગભગ બમણી, એટલે કે લગભગ એક ફૂટ જેવડી લાંબી છે. એ પૂંછડીએ તો તેના શરીરને રૂપાળું બનાવ્યું છે.

તમને એ જાણીને નવાઈ લાગશે કે ખેરખટ્ટો કાગડાનો કુટુંબી છે! એટલે તેની ચાંચ અને માથું કાગડાને મળતાં આવે તો તેમાં નવાઈ નથી. પરંતુ પૂંછડી અને રંગરચનામાં તે કાગડાનો કુટુંબી હોવા છતાં કાગડાથી સાવ જુદો પડી જાય છે. ચાંચ જરા વળેલી અને શિંગડાં જેવા રંગની, માથું, ડોક અને છાતી મેશિયા ભૂરા રંગનાં, શરીર રતાશ પર ભૂરું, પાંખ પર લાંબો ઝાંખો ધોળો અને કિનારી પર કાળો પટો, પૂંછડી ચડઊતર પીછાંવાળી અને રાખોડી-ધોળા રંગની; પરંતુ પૂંછડીના દરેક પીછાનો છેડો કાળો અને આંખ રતૂમડી છે.

આ રંગરચના સુંદર છે. ખાસ કરીને જ્યારે ખેરખટ્ટો ઝાડના ઝુંડમાં એક ડાળ ઉપરથી બીજી ડાળ ઉપર કૂદાકૂદ કરતો હોય છે, ત્યારે તેની પૂંછડી પાછળ ઊડતી આવે છે તે દેખાવ સુંદર લાગે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ જ્યારે વચ્ચેનો ખુલ્લો માર્ગ વટાવીને તે એક ઝાડ ઉપરથી બીજા ઝાડ પર બેસવા ઊડી જાય છે, ત્યારે ઝબકારાને અંધારામાં સમાઈ જતા ખરતા તારાની જેમ એ દીપી નીકળે છે. ઊડવાની રીત પણ મનોહર છે. ઝડપથી પાંખો વીંઝીને પાંખો સ્થિર કરી હવામાં તરતો જાય છે અને પાછો તરત ઝડપથી પાંખો વીંઝતો જાય છે; ઊડવામાં ઊંચો–નીચો થતો જાય છે, પૂંછડીનાં વચલાં પીછાં સૌથી વધારે લાંબાં છે, એટલે ટૂંકાં પીછાંના કાળા છેડા અને લાંબાં પીછાંના કાળા છેડા વચ્ચે ઘોળકાતી તેની લાંબી પૂંછડીની રચના સોહામણી છે.

ખેરખટ્ટાને એકલા રહેવું તો ગમતું નથી. જોડામાં હોય અથવા પાંચસાતની મંડળીમાં રહે. જ્યારે તેમની મંડળી જામી હોય છે, ત્યારે તો ભારે ઘોંઘાટ કરી નાખે છે, પરંતુ વચ્ચે વચ્ચે તેના મીઠા ટહુકા મનોરંજક લાગે છે. ખેરખટ્ટો વૃક્ષચર પંખી છે.

માણસ ગમે તેવો પોશાક પહેરે, પણ કંઈ તેનો જાતિસ્વભાવ છાનો રહે? ખેરખટ્ટાનું પણ તેમ જ છે. કાગડાનું કુળ, પછી પૂછવું જ શું? ચોરી કરવી, ધાડ પાડવી, હરામનું પચાવી બેસવું, લુચ્ચાઈ કરવી, એ બધાં કાક–કુળનાં સહજ કર્મ છે. એટલે ખેરખટ્ટો બીજાં પક્ષીઓનાં ઈંડાં અને બચ્ચાં ખાઈ જવામાં ટોચે આવે. સરિસૃપ-વર્ગમાં જેમ ઘો, કાચંડા અને સાપ પક્ષીઓનાં ઈંડાં અને બચ્ચાંનો મોટો વિનાશ કરે છે તેમ પક્ષીઓમાં કાગડા અને ખેરખટ્ટા પણ ખૂની અને ધાડપાડુના ધંધામાં નિષ્ણાત છે. ફળ અને જીવડાં સાથે ઈંડાં અને પક્ષીઓનાં બચ્ચાં એ ખેરખટ્ટાનો મુખ્ય ખોરાક છે. ઝાડનાં થડ અને ડાળીઓ પર તે સહેલાઈથી ચડઊતર કરી શકે છે. ઝાડની છાલ અને સરમાં ભરાયેલાં જીવડાંને પકડી પાડે છે. કાચંડા, ગરોળી, સાપ, તીડ વગેરે જે કંઈ તેના ઝપાટામાં આવ્યું તે બધું તેના ભોજનમાં આવી જાય છે. કાગડાની જેમ તે સર્વભક્ષી છે.

વસ્તી : ખેરખટ્ટો ભારતનું વ્યાપક પક્ષી છે. તે આપણું સ્થાયી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વતની છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને મુંબઈમાં તે જાણીતો છે. પરંતુ નવાઈની વાત એ છે કે કચ્છમાં ખેરખટ્ટો નથી. આપણે ત્યાં તે સ્થાયી અધિવાસી છે.

માણસના સાંનિધ્યમાં રહેતા ખેરખટ્ટા શરમાતા નથી. શહેરની વચ્ચોવચ સામાન્ય બગીચામાં પણ તે આવે છે. શહેર બહાર સડકોની બંને બાજુ ઊભેલા પીપળા, વડલા, આંબલી, લીમડા, ગૂંદી, વગેરે વૃક્ષોમાં તથા વન-વગડાની વૃક્ષરાજિઓમાં તેઓ વસે છે. ખેરખટ્ટો છે તો વ્યાપક પંખી, પરંતુ કાગડા જેટલી તેની વસતિ નથી; છતાં એકાદ માઈલમાં એકાદ જોડલું હોય તોપણ તે વગડાને ગજાવી મૂકે છે.

આ જાણીતું પંખી મુંબઈમાં પણ વસ્યું છે, પણ તે શહેરમાં નહિ. પરાંમાં શાંતિમય બગીચાઓની મુલાકાત ક્યારેક તે લે છે. પરંતુ તેનાં માનીતાં સ્થળ તો સાલ્સેટના લીલાછમ ડુંગરો. તુલસી, પવઈ અને વિહાર સરોવરના કાંઠા તેમના ટહુકાથી ગાજતા હોય છે.

ખેરખટ્ટાનો ગર્ભાધાનકાળ મહાથી શ્રાવણ સુધી, પરંતુ ગુજરાત-સૌરાષ્ટ્રમાં તો મુખ્યત્વે જેઠ-અષાડમાં તેઓ માળા બાંધે છે. સંવનનકાળમાં તેમનો કર્કશ અવાજ ઓછો સંભળાય છે; પરંતુ તેના હૃદયંગમ ટહુકા બાગબગીચા અને વન-વગડાને ગજાવી મૂકે છે.

જ્યાં પીળક અને શોબીગી જેવાં રૂપાળાં અને ગાયક પક્ષીઓનો અભાવ છે ત્યાં ખેરખટ્ટા પ્રકૃતિના શણગારરૂપ છે. માળો ઝાડમાં ઊંચે, ૩-૪ ડાળીઓ એક ઠેકાણેથી ફંટાતી હોય તેવી જગ્યાએ બાંધે છે. માળા માટે પહેલી પસંદગી આંબા ઉપર ઊતરે છે. માળો બહારથી તો દીઠો ન ગમે તેવો બેડોળ હોય છે; પરંતુ અંદરથી મુલાયમ હોય છે; અને તેમાં બેથી પાંચ ઈંડાં માદા મૂકે છે. ઈંડાં એક બાજુથી અણીવાળાં અને રંગે લીલાશ પર કે રતાશ પર ધોળા રંગનાં અને ભૂરા છાંટણાંવાળાં હોય છે. માળા બાંધવામાં, ઈંડાં સેવવામાં અને બાળઉછેરમાં નરમાદા બંને ભાગ લે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પીળક (The Golden Oriole)

સોનામાં સુગંધ નથી એવી ફરિયાદ તો આપણે રોજ સાંભળીએ



સામાન્ય પીળક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છીએ; પણ સોનાનાં રંગને શરમાવે એવા પીળક માટે તો એમ કહેવું જ જોઈએ કે સોનામાં સુગંધ ભળી છે; કહો તો ખરા કે એવું રૂપ અને એવી મીઠાશ કેટલાં પંખીમાં છે?

રોજ પ્રભાતે પીળક મારા બગીચામાં આવીને સરગવા અને આંબામાં ઊડાઊડ કરી મધુર ટહુકાથી મને જગાડે છે. પીળકના કંઠમાંથી નીતરતી મધુરતા સાંભળીને જાગવું અને ઊઠીને તેનાં દર્શન કરવાં એ કંઈ જેવુંતેવું સદ્ભાગ્ય છે?

સોનાવરણો પીળક મુંબઈમાં ભાદરવા માસમાં આવે છે અને ચૈત્રમાં ચાલ્યો જાય છે. વરસના લગભગ સાતઆઠ મહિના ગાળીને જતા અમારા આ મહેમાનનો આજે હું તમને પરિચય આપું.

કદમાં નવ ઇંચ લાંબું એટલે આપણી કાબરથી એક જ ઇંચ નાનું આ પંખી, એવો આકર્ષક ચળકતો સોનેરી પીળો રંગ ધરાવે છે કે એને ઓળખતાં તમને વાર ન લાગે; પણ એમ એકલો પીળો રંગ હોય તો ભાત શું પડે? તમે એકલું મિષ્ટાન્ન ખાયા કરો તો તરત થાકી જાવ ને? એટલે પીળકને એવો જ સુંદર કાળો રંગ પણ છે. ઘેરી ગુલાબી ચાંચ આગળથી શરૂ થઈને બન્ને બાજુ એકેક કાળી લીટી પસાર થાય છે. જાણે આંખમાં કાજળ આંજીને લીટી કરી હોય ને! અને તે કાળી લીટીની વચ્ચે ઘેરી લાલ આંખ શોભે છે. છેટેથી તમને એની રૂપાળી ઘેરી ગુલાબી ચાંચ દેખાશે. કાળી લીટી ન પણ દેખાય; પરંતુ એની પાંખો અને પૂંછડીમાં જે કાળા રંગની ભાત છે એ તો ઊડીને આંખે વળગે એવી છે. એની રચના પણ કેવી સુંદર છે! પૂંછડી પીળી પણ વચ્ચેથી કાળી. પાંખ કાળી, પણ પીછાંના છેડા પીળા.

ટૂંકમાં પાંખો અને પૂંછડીમાં કાળો રંગ અને રાતી ચાંચ ધરાવનાર પીળું પંખી જુઓ, ત્યારે તમારે જાણવું કે એ પંખી પીળક સિવાય બીજું કોઈ ન હોઈ શકે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ વર્ણન તો નરનું થયું. પીળકની માદામાં રૂપનો ઠઠારો નથી. પંખીસૃષ્ટિમાં જ્યાં નર બહુ રૂપાળો હોય છે ત્યાં મોટે ભાગે માદા રૂપાળી નથી હોતી, પણ આવી અજુગતી સૃષ્ટિ રચવા માટે ઠપકો પણ કોને દેવો?

પીળકની માદા ઉપરથી પીળાશ પર ઝાંખી લીલી છે. પાંખો ભૂરી અને પીછાંના છેડા લીલાશ પર છે. પૂંછડી ઝાંખીકાળી અને છેડેથી પીળી, નીચેના ભાગ ધોળાશ અને પીળાશથી ધોવાતા હોય છે અને તેમાં ઘેરી ભૂરી રેખાઓ છે.

અંગ્રેજી પદ્યસાહિત્ય વાંચનારા જાણે છે કે આંગ્લ કવિઓ પીળક પર કેવા આફરીન છે. પીળક અંગ્રેજી કાવ્યસાહિત્યનો અલંકાર છે. એના વિના અંગ્રેજી કાવ્યસાહિત્યમાં કેટલી બધી ઊણપ હોત!

પીળક જેવું ઘાટીલું શરીર અને મનોહર રૂપ, કંઠની મીઠાશ અને શરીરની સ્ફૂર્તિ થોડાં જ પંખીમાં છે. આંબાની ઘટામાં કૂદાકૂદ અને ઊડાઊડ કરતાં અને મધુર ટહુકા કરતાં અને એકબીજાની પાછળ દોડાદોડ કરતાં આ પંખીને તમે જુઓ એટલે મુગ્ધ બનીને તેની પર મીટ માંડી રહેશો. તમારે તેને શોધવાં નહિ પડે. એ જ્યાં હશે ત્યાંથી તેનો મધુર અવાજ આવશે: 'પી–ઓ–લા.' પક્ષીઓ સાથે તમને પ્રેમ નહિ બંધાયો હોય તોપણ તમને જિજ્ઞાસા થશે કે આવું સરસ કોણ બોલ્યું! વળી બીજો ટહુકો આવશે: 'પી–લો–લો,' 'વી–લા–વો'. પણ પીળક એમ એકધારી મીઠાશ છોડવામાં નથી માનતો, એટલે વચ્ચે 'ક–ર–ર–ર' એવો કર્કશ અવાજ પણ કાઢી લેશે.

રૂપાળાં પક્ષીઓને તેમના રંગની તેજપ્રભા હવામાં વેરતાં જોવાં હોય તો સવારસાંજ જ્યારે સૂર્ય એક દિશામાં હોય ને આ પંખી સામી દિશામાં ઊડતું જતું હોય અને તમે વચ્ચે હો ત્યારે તમને ખ્યાલ આવે કે સૂર્યના પ્રકાશમાં તેઓ પોતાના રંગ કેવાં વેરતાં જાય છે. પીળકનું પણ એવું જ છે. જ્યારે તેની ઉપર સૂર્યનો પ્રકાશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડતો હોય ત્યારે જ તમે તેના રંગની શોભાની યોગ્ય કદર કરી શકો. ઝાડના એક ઝુંડથી બીજા ઝુંડમાં ઊડવા જતાં ઝડપથી પાંખો વીંઝતા અને ઊડતાં ઊડતાં ઊંચા–નીચા થતા જતા પીળકને ઊડતું જોઈને, તેના ઉડ્ડયનની ઢબ પરથી જ તમે કહી શકો કે આ પંખી પીળક સિવાય બીજું કોઈ ન હોય.

ધરતી પર પગ ન મૂકનારું પીળક પંખી સ્વભાવે શરમાળ છે. ઝાડની લીલીછમ ઘટામાં જાણે તમારી સાથે સંતાકૂકડી રમતો હોય તેમ ટહુકો કરીને સંતાઈ જાય છે. ઝાડની ઘટામાંથી ટહુકો આવે છે: 'વિ–લા–વો'. એ ટહુકાની મીઠાશની શી વાત કરવી! એ મીઠાશ દિલને હચમચાવી નાખે છે. હૃદયંગમ સૂર વિલીન થઈ જાય પણ તેની યાદ રહી જાય; સારંગીના તાર સંગીત છોડી જાય પણ તેની ઝણઝણાટી રહી જાય, તેમ પીળકનો ટહુકો હૃદય સોંસરવો ઊતરી જાય પણ તેની મધુર સ્મૃતિ રહી જાય છે. ઝાડનાં ઝુંડની હરિયાળી ઘટામાં સોનાથી પણ સુંદર એવી તેની પીળા રંગની કાબર જેવડી કાયા તમારી નજરે પડી જાય તો પહેલી જ નજરે તમે તેના પ્રેમમાં પડી જાઓ.

પીળક યુરોપ અને એશિયાનું વ્યાપક પંખી છે. આપણે ત્યાં તે સ્થાયી અધિવાસી છે, પણ ઋતુ અને ખોરાકની છત–અછત પ્રમાણે તે સ્થાનપલટો કરે છે. પીળકને બહુ ગીચ જંગલ ગમતાં નથી તેમ ઉજ્જડ પ્રદેશ પણ તેણે ત્યાજ્ય ગણ્યો છે. કચ્છમાં તે ભાગ્યે જ દેખાય છે. સૌરાષ્ટ્રમાં વેરાન પ્રદેશમાં તે નથી. પૂર્વ અને દક્ષિણ સૌરાષ્ટ્રના હરિયાળા પ્રદેશમાં તે જાણીતું પક્ષી છે. ગુજરાત અને મુંબઈના ટાપુઓમાં તેમની વસ્તી છે, પણ જ્યાં લીલાંછમ ઝાડનાં ઝુંડ હોય એવા હરિયાળા ભાગમાં જ. એ જેમ વગડાનું પંખી છે, તેમ બગીચામાં પણ આવે છે. એકલું પણ હોય ને જોડામાં પણ હોય, પરંતુ છે શરમાળ. ધ્યાન રાખજો, એ તમારા બગીચામાં આવે ત્યારે રખે તેને શરમાવી–ગભરાવી દેતા! એનું નિરીક્ષણ સાવચેતીથી કરજો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્તર ભારતના ઍંગ્લો-ઇન્ડિયનોએ તેને આમ્રપંખી-મેંગો બર્ડ તરીકે ઓળખાવ્યું છે; કારણ કે ગ્રીષ્મમાં જ્યારે આંબા પાકવા લાગે છે ત્યારે પીળક ઉત્તર ભારતમાં પધારે છે અને ગરમીથી બફાતા એ પ્રદેશના વાતાવરણમાં પોતાનો મધુર સ્વર રેડીને શાંતિ આપે છે. એમ નહિ માનતા કે પીળક ગાયક પંખી છે. એને ગાતાં તો નથી આવડતું, પણ તેથી શું ? એના ટહુકામાં જે આશ્ચર્યજનક મીઠાશ છે તે અને તેના રૂપાળા રંગ તેને પ્રકૃતિપ્રેમીઓનું લાડકવાયું પંખી બનાવે છે. પીપળો, વડ, આંબો, આંબલી, સરગવો વગેરે ઝાડ એને ગમે છે. શેમળા અને પાંડેરવા જેવાં ઝાડના ફૂલમાંથી રસ પીવાનો પણ તે શોખીન છે. તે પેપડા, ફળ અને જીવડાં ખાય છે. ખેતીને નુકસાન કરનારાં જીવડાં ખાનાર પંખી તરીકે પીળક ઉપયોગી પંખી છે અને તેથી સરકારે તેના શિકારની મનાઈ કરીને તેને રક્ષણ આપ્યું છે.

પીળકનું જોડું ચૈત્રથી અષાડ સુધીમાં સુંદર, પ્યાલાના આકારનો અને અંદરથી સુંવાળો માળો બાંધે છે અને માદા ૩ ઈંડાં મૂકે છે. ઈંડાં રંગે સફેદ અને ઉપર કાળા અથવા રતાશ પર ભૂરાં છાંટણાંવાળાં હોય છે.

શ્યામશિર પીળક (The Black-headed Oriole)

એક બીજા પીળકની ઓળખાણ પણ તમને આપી દઉં. ઉપર પરિચય આપ્યો એ પીળક જેવડો જ અને રંગે પણ તેને મળતો આ પીળક એક રીતે તરત જુદો પડી આવે છે. તેનું માથું, ડોક અને ઉપલી છાતી પણ કાળાં છે. એ કાળા રંગ વચ્ચે લાલ ચણોઠી જેવી ચાંચ ચમકે છે. પાંખોમાં કાળો રંગ પીળા પીળક જેવો જ છે, પૂંછડી પીળી અને વચ્ચે એક લાંબો કાળો ડાઘ છે. તેની વસ્તી કચ્છમાં નથી, સૌરાષ્ટ્રમાં ભાગ્યે જ દેખાય છે અને ગુજરાતમાં લીલા અને ડુંગરાળ પ્રદેશોમાં છે. મુંબઈના ટાપુઓમાં તે બારે માસ વસે છે. શિયાળામાં બહારથી પણ આવે છે, ત્યારે તેની વસ્તી વધી જાય છે અને ઉનાળામાં બહારથી આવેલાં પંખી પાછાં જાય છે ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુંબઈમાં તેની વસ્તી ઘટી જાય છે.

શ્યામશિર પીળકમાં પણ માદા જરા ઝાંખી, લીલી ઝાંયવાળી છે. તેની છાતી અને માથાનો કાળો રંગ એકધારો અને ચળકતો નથી, બચ્ચાંના રંગ પણ ઝાંખા હોય છે. તેના સ્વર એટલા મીઠા નથી. ઘણીવાર તે ખેરખટ્ટા જેવો અવાજ કાઢે છે અને ઘણીવાર હું તેના આ અવાજથી છેતરાઈ પણ ગયો છું. તે મીઠા ટહુકા પણ કરે છે, પણ દેખાવમાં સામાન્ય પીળક કરતાંય શ્યામશિર પીળક વધુ આકર્ષક હોવા છતાં પાળવા માટે સામાન્ય પીળક વધુ પસંદ કરવામાં આવે છે; કારણ કે તેના સ્વર વધુ મીઠા છે. સામાન્ય પીળક જેવા પણ તરેહતરેહના મીઠા ટહુકા આ પીળક પણ કરે છે. અને તમે ભૂલી જાવ કે કયો પીળક બોલ્યો! રીતભાતમાં તો બંને પીળક સરખા છે.

આ પીળક પણ સામાન્ય પીળક જેવા જ માળા બાંધે છે અને એવાં જ ઈંડાં મૂકે છે, પણ તે જરા નાનાં અને ગુલાબી ઝાંયવાળાં હોય છે.

તમે કાળિયાકોશીને તો હવે ઓળખતા હશો. પંખીની દુનિયામાં એ ગરીબનો બેલી છે, નબળાનો રક્ષક છે, જુલમીઓને સજા કરનાર છે. પીળક, હોલાં, લેલાં વગેરે શાંતિપ્રેમી નરમ સ્વભાવનાં નિર્દોષ પંખીઓ કાળિયાકોશીનો માળો હોય એવા ઝાડમાં માળા બાંધે છે, જેથી કાળિયાકોશીનું રક્ષણ મળે. કાગડા, સમડી, ખેરખટ્ટા વગેરે લૂંટારા અને ચોરની શી મગદૂર કે કાળિયાકોશીના માળાવાળા ઝાડ પાસે ફરકવાની હિંમત કરે? બહાદુર કાળિયોકોશી એમના પર ઝનૂની હુમલો કરીને ક્યાંય તગડી આવે. ખરેખર, પંખીની દુનિયા અજબ છે!

કોયલ અને તેનાં કુટુંબીઓ

સુગરી, દરજીડો, કુલ્કીઓ અને સક્કરખોરા જેવાં પક્ષીઓ હેરત પમાડે એવા સુંદર માળા બાંધે છે. કોઈ જમીનમાં કે થડમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દર કરીને માળા બાંધે છે, કોઈ જમીન ઉપર જ માળા બાંધે છે. કોઈ માળા બાંધ્યા વિના જમીન પર ઈંડાં મૂકે છે, કોઈ સ્થાપત્ય-કળાના નિષ્ણાત છે, કોઈ સાવ ઠોઠ છે, પણ તે બધાં પક્ષીઓ ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં તો પૂરેપૂરાં ખંતીલાં અને પાવરધાં છે. પરંતુ હવે અહીં આપણે એવા કુળનાં પક્ષીઓનો પરિચય કરીએ છીએ કે જેમાં ઘણાંખરાં પક્ષીઓ માળા તો બાંધતાં નથી, પણ ઈંડાંયે નથી સેવતાં અને બચ્ચાંયે નથી ઉછેરતાં! એ કામ તેઓ બીજાં પક્ષીઓ પાસેથી કરાવે છે!

આ વિશિષ્ટ પ્રકારના કુળનાં પક્ષીઓ આપણે ત્યાં બહુ લોક-પ્રિય છે. કવિઓએ પેટ ભરીને એમનાં ગીત ગાયાં છે. આપણે કોયલથી માંડીને આ કુળનાં પક્ષીઓનો પરિચય કરીએ.

કોયલ (The Indian Koel)

કોયલની ઓળખાણ આપવાની જરૂર છે? પણ તમે જેને રોજ જુઓ છો એ કામણગારા સૂરવાળી કાળી કોયલ નથી પણ કોકિલ છે—નર છે: કૂ–ઉ–ઉ, કૂ–ઉ–ઉના કૂજનથી બાગબગીચા અને વન-વગડાને એ ગજાવે છે એ તો નર છે. માદા તો ટપકાં અને ચટાપટાવાળી છે. એ શરમાળ છે, ઓછું બોલે છે ને ઝાડનાં ઝુંડમાં સંતાતી ફરે છે.

તમને ખબર છે એ મુગ્ધા શા માટે શરમાતી ફરે છે? બેગમો, મહારાણીઓ અને શહેનશાહબાનુઓ કરતાં પણ તે વધારે આરામપ્રિય છે. તે પ્રેમ કરે છે, ગર્ભ ધારણ કરે છે, પણ નથી ઈંડાં સેવતી કે નથી બચ્ચાંને ઉછેરતી. એ કામ તેને કાગડા કરી આપે છે—પણ નિષ્કામભાવે કે સેવાવૃત્તિથી તો નહિ જ. શાસ્ત્રકારો ભલે કાગડાને ઋષિ કહે, પણ તેનામાં હું કદી નિષ્કામવૃત્તિનું આરોપણ નથી કરતો. તેણે કદી ગીતા સાંભળી હોય, તો તે નિષ્કામ કર્મ કરવા પ્રેરાય ને? એ તસ્કર છે, લુચ્ચો છે, બધાં પક્ષીઓમાં તે સૌથી ખંધો અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચતુર છે, પણ કોયલ તેને ઠગી જાય છે. શેરના માથે સવાશેર હોય ને?

કોયલરાણીને કુદરતે આવાં ટપકાં અને રેખાઓવાળા રંગ શા માટે આપ્યા તે તમે જાણો છો? એથી તે ઝાડના ઝુંડમાં અદૃશ્ય રહી શકે છે, તે તિરોહિત બની જાય છે. પ્રજનનઋતુમાં જ્યારે તે આવી રીતે છુપાયેલી બેઠી હોય ત્યારે નરકોકિલ કાગડાના માળા સામે બેસીને બોલે છે:

'કૂ–ઉ–ઉ.'

એક પછી એક ટહુકો માત્રામાં ઊંચો ચડતો જાય છે. યુગ-યુગના સંસ્કારોથી કાગડો અને કાગડી સમજે છે કે કોકિલ તેનો દુશ્મન છે. કાગડાનું યુગ્મ ઈંડાં સેવવાનું છોડીને કોકિલને સજા કરવા ધસી જાય છે. ચતુર કાગડા કરતાં કોકિલ વધારે ચતુર છે. તે ઝડપી ઊડનારો છે. પણ એ એવી રીતે ઊડે છે કે કાગડો અને કાગડી તેનાથી થોડાં જ છેટાં રહે. કોયલને હમણાં જ પકડીને પીંખી નાખશું, એવી મિથ્યા આશામાં તેઓ તેનો કેડો છોડે નહિ અને કોયલો તેમને લોભાવીને દૂર લઈ જાય. દરમિયાન ઝાડના ઝુંડમાં તિરોહિત બનેલી કોયલરાણી કાગડાના રેઢા માળામાં જઈને ઈંડાં મૂકી આવે. કાગડાનાં ઈંડાં ફેંકી પણ દે. જો કાગડાનાં ઈંડાં રહી જાય તો કાગડાનું યુગ્મ બન્ને જાતનાં ઈંડાં સેવે, પણ કોયલનાં બચ્ચાં પોતાનાં જન્મદાતા માતાપિતા જેટલાં જ નિષ્ણાત, ઠગ અને ખૂની હોય છે. તેઓ ધક્કા મારીને કાગડાનાં બચ્ચાંને માળા બહાર ફેંકી દે છે અને પોતે માળો પચાવી પાડે છે. આ રીતે કુદરત કાગડાની વસતિ પર અંકુશ રાખે છે!

તમે જ્યારે કાળા નર કોકિલની પાછળ કાગડાને પીછો પકડતાં જુઓ, ત્યારે સમજી લેવું કે ઘણું કરીને તેઓ કોકિલની ઠગવિદ્યાના શિકાર બની ચૂકયા છે અને કોયલરાણી તેમના માળામાં પહોંચી ગઈ છે. કાગડાનાં અને કોયલનાં ઈંડાં તો દેખાવમાં લગભગ સરખાં હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોયલનાં બચ્ચાંના ખાઉધરાપણાની તો મારે શી વાત કરવી? મેં મારે હાથે તેમને ખવડાવીને ઉછેર્યાં છે. પૂરી પાંચ મિનિટ પણ તેમનું મોં બંધ ન રહે! પરિણામે કાગડા તો એક કે બહુ તો બે જ બચ્ચાં ઉછેરી શકે. બેથી વધારે બચ્ચાંનું પેટ ભરવું એ કાગડા અને કાગડીની શક્તિબહારની વાત છે.

પોતાનાં જણ્યાં સંતાનોની કરુણ હત્યાથી અજાણ્યાં રહેલાં કાગડો–કાગડી પોતાના દુશ્મનનાં સંતાનોને પોતાનાં ગણી જે પ્રેમથી, જે મહેનતથી, જે મમતાથી, જે આત્મસમર્પણથી અને જે કષ્ટથી ઉછેરે છે, તે તમે જુઓ તો તમને કર્તવ્યપરાયણ કાગડાની દયા આવે. ઊડતાં શીખી ગયેલાં, પુખ્ત સ્વરૂપ પામેલાં કોયલનાં બચ્ચાં પણ અપર માતાપિતાનો કેડો નથી મૂકતાં. સંપૂર્ણ વિકાસ પામ્યાં હોય એવાં બચ્ચાંને, ખાસ કરીને ટપકાં અને રેખાઓવાળી કુમારિકાને કાગડાઓ મમતા અને મોહથી, પ્રેમ અને લાડથી ખવડાવતાં હોય, ત્યારે એ દૃશ્ય જોઈને તમે પૂછશો કે આ કોયલકુમારિકામાં કાગડાના આભાસની એક છાયા સરખી પણ નથી છતાં કાગડો કેમ છેતરાય છે?

છેવટે કોઈવાર એક દિવસ જન્મદાતા માતાપિતા આવે છે. સામા ઝાડે બેસીને નર કોકિલ પોતાનાં સંતાનોને બોલાવે છે:

'કૂ–ઉ–ઉ.'

માયામાંથી જાગૃત થયેલો જીવાત્મા જેમ પરમાત્માને પિછાને, ને આત્માને ભાન થાય કે તે આ નશ્વર શરીરનો ભાગ નથી પણ પરમાત્માનું સ્વરૂપ છે, અને આત્મા પરમાત્મા સાથે ઓતપ્રોત થઈ જાય, તેમ પૂર્ણ વિકાસ પામેલાં કોયલનાં બચ્ચાં પોતાનાં જન્મદાતા માતાપિતાને ઓળખે છે, પોતાની જાતને પિછાને છે અને કાગડાની સૃષ્ટિનો ત્યાગ કરી, આવતી ઋતુમાં પોતે પણ એવી જ ઠગવિદ્યા વાપરવા માટે કોયલના કુળમાં ભળી જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બિચારો કાગડો! બિચારી કાગડી! દર વરસે આવા કડવા અનુભવમાંથી જરાય શાણપણ મેળવ્યા વિના કે તત્ત્વવેત્તાની જેમ જરાય હર્ષશોક કર્યા વિના પાછાં તેઓ જીવનનિર્વાહના વ્યવસાયમાં પડી જાય છે.

વસ્તી : આખું ભારત અને પૂર્વમાં ચીન તથા મલાયા સુધી. ફળ અને જીવડાં તેનો ખોરાક છે. ઈંડાં મળી જાય તો તે પણ ન છોડે. શરીરે વાળવાળા કાતરા(ઇયળ)ને બીજાં પક્ષીઓ નથી ખાઈ શકતાં, પણ કોયલ અને તેના કુળનાં પક્ષીઓ ખાઈ જાય છે! આમ તેઓ ઉપયોગી પક્ષી છે.

પ્રજનન : કોયલની પ્રજનનઋતુ અને કાગડાની પ્રજનનઋતુ એક જ છે: વૈશાખ–જેઠ.

કોયલનાં અને કાગડાનાં ઈંડાં તો સરખાં હોય છે. કોયલનાં જરા નાનાં હોય છે. રંગે લીલાશ પર ભૂરા અથવા પથ્થરના રંગના અને ઉપર રતાશ પર ભૂરાં છાંટણાં. નવાઈની વાત એ છે કે માદા-બચ્ચું પણ શરૂઆતમાં નર જેવો કાળો રંગ ધરાવે છે. તેનો પુખ્ત ઉંમરનો રંગ તો પાછળથી વિકાસ પામે છે. આ છેતરપિંડી કાગડાને છેતરવા માટે હશે? મને લાગે છે કે કાગડાને છેતરવા માટે આવા વેશપલટાની કોયલને જરૂર નથી; કારણ કે માદાબચ્ચું જેમ મોટું થતું જાય છે તેમ તેનાં ટપકાં અને રેખાઓનો વિકાસ થતો જાય છે અને પુખ્ત વયની માદા જેવા ચટાપટા અને ટપકાવાળા રંગની લગભગ સંપૂર્ણ ભાત જેની ઉપર વિકાસ પામી હોય એવાં માદા-બચ્ચાંને કાગડો–કાગડી મમતાથી ખવડાવતાં હોય એવા બનાવ પણ તમે જોશો. ત્યારે કાગડા કેમ છેતરાય છે? એ એક અણ-ઉકેલ રહસ્ય છે.

માદા કોયલ ટ્રૅ–ટ્રૅ–ટ્રૅ–ટ્રૅ એવો અવાજ કાઢે છે, પણ કોઈવાર ઉશ્કેરાટમાં નર જેવા ઝડપી ટહુકા પણ કરે છે. કોયલ શિયાળામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્યે જ બોલે છે, પણ વસંત બેસતાં તેના ટહુકા શરૂ થાય છે. બ્રાહ્મમુહૂર્તમાં સૌથી પહેલું બોલનાર પંખી કોયલ છે.

બપૈયો, પપીહા (હિંદી), (The Common Hawk–Cuckoo)

કોકિલકુળમાં આપણું આ બીજું, લાડકવાયું પંખી. બપૈયાને નજરે તો ભાગ્યે જ કોઈએ જોયો હશે, પણ ભારતનો કોઈ કવિ તેનાં ગુણગાન ગાતાં થાક્યો નથી અને કોઈ અંગ્રેજ તેને ગાળો દેતાં થાક્યો નથી !

કદમાં કબૂતર જેવડો (૧૩ ઇંચ) અને દેખાવમાં શકરા જેવો બપૈયો ઉપરથી રાખોડી રંગનો છે અને પૂંછડી પર ભૂરા પટા છે, ગળું ધોળકાતું હોય છે અને રેતાળ રંગના પેટાળ પર ભૂરા પટા છે. તરંગો જેવા આ પટાથી તે શકરાની યાદ આપે છે અને તેથી જ તેનું અંગ્રેજી નામ હોક–કુકુ પડયું છે.

અંગ્રેજોએ જેની ભેજું પકવનાર પક્ષી (બ્રેઈન ફીવર બર્ડ) કહીને નિંદા કરી છે તે બપૈયો આપણો તો લાડકવાયો છે. એના વિના આપણું કાવ્યસાહિત્ય સમૃદ્ધ ન બનત, એના વિના કવિઓને પ્રેરણા ન મળત, એના વિના વિરહીઓ ગાત પણ કોને? પપીહા વિના ભારતીય સંગીત શુષ્ક બની જાત.

મેઘલી રાત છે, વાદળ આડે ચંદ્ર છુપાઈ ગયો છે, પ્રકૃતિ સ્તબ્ધ છે, ઝીણી ઝીણી વીજળી ઝબૂકે છે, ઝરમર–ઝરમર મેહ વરસે છે, કલકલ કરતું પાણી વહે છે અને ઝાડના ઝુંડમાંથી બપૈયો બોલે છે:

'પિયુ–કહાં?'

એકવાર નહિ, બેવાર નહિ, પાંચ–૭ વાર તે એનો એ જ પ્રશ્ન પૂછે છે. દર વખતે તેની માત્રા વધતી જાય છે. પછી તો જાણે એમ લાગે કે તેનું ગળું ફાટી પડશે. નિઃસ્તબ્ધ રાત્રિમાં એ આહ્લાદક સૂર દૂરદૂર સુધી સંભળાય છે અને જ્યારે એમ લાગે છે કે તેનો અવાજ હમણાં ફાટી પડશે ત્યારે તે શાંત થઈ જાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વળી થોડીવારે એ એનો એ જ પ્રશ્ન પૂછવાનું શરૂ કરે છે. બહુ આસ્તેથી શરૂ કરે છે અને પુનઃ એનો સ્વર ઉચ્ચ માત્રાએ પહોંચે છે.

આપણા લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગયેલા બપૈયાને અંગ્રેજો તો અંતઃકરણપૂર્વક ધિક્કારે છે. પશ્ચિમ પૂર્વને કદી સમજી નહિ શકે.

તા. ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ પહેલાંના દિવસોના હિંદવાસી અંગ્રેજ અમલદારોનું ચિત્ર કલ્પનામાં મૂર્તિમંત થાય છે. બ્રિટિશ સામ્રાજ્યનો ભાર ઉપાડીને ઉપકાર કરતા એ ગોરા માંધાતા હિંદુસ્તાનની ગ્રીષ્મ-ઋતુની ગરમીથી તોબાહ પોકારી ઉકળાટથી બેચેન બની, સ્તબ્ધ થયેલા વાતાવરણમાં પવનની એક શીતળ લહર માટે તલસતા, બગીચામાં ઝાડનાં ઝુંડ નીચે આરામખુરશી નાખી ઠંડક માટે ફાંફાં મારે છે; ત્યાં સામેના ઝુંડમાંથી બપૈયો પણ આ ક્રૂર કુદરતની નિષ્ઠુરતા સામે ફરિયાદ પોકારે છે અને તેના પોકારની માત્રા ઊંચે ચડતી જાય છે. તેની સાથે બડા સાહેબના મગજની ગરમીનો પારો પણ ચડતો જાય છે અને જો બપૈયો હડફેટમાં ચઢ્યો તો જીવતો નથી રહેતો.

પણ એ તો બપૈયો છે. એમ તે હડફેટમાં ચડતો નથી. જે સૂર તમારા મગજમાં તાજગી લાવે છે તે સૂર બડા સાહેબોને તંગ કરે છે! પૂર્વ અને પશ્ચિમ વચ્ચે આટલો તફાવત છે.

બપૈયો પણ કોયલનો જ કુટુંબીજન. પારકાં પક્ષી પાસેથી પોતાનાં જણ્યાંને ઉછેરાવવાની કળા એને પણ વરી છે. એ વળી લેલાંના માળામાં પોતાનાં ઈંડાં મૂકી આવે છે. ચાતક અને કોયલ જેવાં જ તેનાં પણ કરતૂક અને કૌતુક.

બપૈયાનું ગુજરાતી અને હિંદી નામ 'પ–પી-હા, પ–પી–હા,' અને 'પી–પીયાસા,' 'પી–પીયાસા' એવા તેના અવાજ ઉપરથી પડ્યું છે. અંગ્રેજો તેના ચડતી જતી માત્રાના અવાજથી નીચે પ્રમાણે ઉચ્ચાર તારવે છે :

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'Oh Lord! Oh Lord! How very hot it's getting! We feel it, **We Feel It,** WE FEEL IT.'

બપૈયો પાણી પી શકતો નથી અને પ્યાસો રહે છે, માત્ર વરસાદનું પાણી જ ઝીલીને પી શકે છે એવી લોકમાન્યતા છે, પણ એ ખોટી છે.

બપૈયા ફળ અને જીવડાં ખાય છે, પરંતુ જે વાળવાળા કીટકને બીજાં કોઈ પક્ષીઓ નથી અડતાં તે બપૈયા અને તેનાં કુટુંબીઓને ભાવે છે! આ કીટકો ખેતીને બહુ નુકસાન કરે છે, એટલે બપૈયો અને તેનાં કુટુંબીઓ આપણા માટે તો ઉપકારી પંખી છે.

વસ્તી: બપૈયાને સૌરાષ્ટ્રમાં ખરાડિયો પણ કહે છે. તે ગીચ જંગલ કે વેરાન પ્રદેશનું પંખી નથી. છૂટાંછવાયાં ઝાડોનાં ઝુંડ હોય એવા પ્રદેશ તેને ગમે છે. છે તો આપણે ત્યાં સ્થાયી અધિવાસી, પણ ઋતુ પ્રમાણે તે સ્થાનબદલો કરે છે. દાખલા તરીકે મુંબઈના ટાપુઓમાં તે ઉનાળામાં આવે છે અને ચોમાસું ઊતરતાં ઊડી જાય છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તેની અનુકૂળ સ્થળે વસ્તી છે, પણ કચ્છમાં નથી. તે શરમાળ છે, એટલે નજરે ઓછું પડે છે.

પ્રજનન: એક જ કુળનાં પક્ષીઓ એકસરખાં ઈંડાં મૂકવાને બદલે જુદી જુદી જાતનાં ઈંડાં મૂકે છે એ નવાઈ લાગે, પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી; કારણ કે જે પંખીના માળામાં તેઓ પોતાનાં ઈંડાં મૂકી આવે છે તેમનાં ઈંડાંને મળતાં તેમનાં ઈંડાં હોવાં જોઈએ ને? આશ્ચર્યની વાત તો એ છે કે જે બપૈયા જે જાતનાં લલેડાંના માળામાં ઈંડાં મૂકે છે તે લલેડાંના ઈંડા જેવા જ રંગ અને આકારનાં ઈંડાં તે બપૈયા પણ મૂકે છે! ચૈત્રથી જેઠ સુધીમાં બપૈયાની માદા જુદી જુદી જાતનાં લલેડાંના માળામાં ઈંડાં મૂકી આવે છે એટલે તેમનાં ઈંડાં પણ લેલાંનાં ઈંડાં જેવાં ઘેરા આસમાની રંગનાં હોય છે. બન્નેનાં ઈંડાં ભળી ગયા પછી કદમાં તફાવત ન હોય તો તમે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાગ્યે જ ઓળખી શકો કે કયું કોનું ઈંડું છે! લેલાં પણ કાગડાની જેમ અંકગણિત તો જાણતાં જ નથી એટલે પોતાનાં ઈંડાંની સાથે બપૈયાનાં ઈંડાં પણ પોતાનાં ગણીને સેવે છે અને જ્યારે બપૈયાનાં બચ્ચાં બહાર નીકળે ત્યારે તેઓ પોતાના કુળધર્મ પ્રમાણે પોતાનાં ઓરમાન ભાઈબહેનો(લેલાંનાં બચ્ચાં)ને માળામાંથી બહાર ફેંકી દે છે! ન ફેંકી શકે તો બધો ખોરાક પોતે જ પડાવી લે છે અને તેમને ભૂખે મારી નાખે છે. બપૈયાની માદા સામાન્ય રીતે એક જ ઈંડું મૂકે છે.

લલેડાંની સાથે ચૈત્રથી જેઠ સુધી તેની પ્રજનન ઋતુ છે. લેલાના માળા એવા હોય કે જેમાં સીધાં ઈંડાં મૂકવાં ન ફાવે તો બપૈયા ચાંચમાં ઈંડું ઉપાડીને માળામાં મૂકી આવે છે કે કેમ તે હજી નક્કી કરવાનું રહે છે. બચ્ચાં મોટાં થયા પછી લેલાંથી પણ મોટાં લાગે છે, છતાં લેલાં તેમને ખવડાવતાં હોય તે દેખાવ જોઈને તમને નવાઈ લાગે.

ચાતક અથવા મોતીડો (The Pied Crested–Cuckoo)

બપૈયાની જેમ બહુ ગવાયેલું અને છતાં ભાગ્યે જ નજરે પડતું કોકિલકુળનું આ ત્રીજું પંખી છે, જેની ઉપર આપણા કવિઓ આફરીન છે.



ચાતક

ચાતક દેખાવડું પંખી છે. કદમાં તે ૧૩ ઇંચ લાંબું છે. માથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુંદર કલગી, ઉપરના બધા ભાગ લીલી ઝાંયવાળા, કાળા અને નીચેના ભાગ ધોળા છે. પાંખમાં એક નાનો ધોળો પટો છે, પૂંછડીનાં પીછાં બીડેલા પંખા જેવાં ચડઊતર છે અને દરેક પીંછાના છેડા સફેદ છે. આમ રંગે અને રૂપે આ પક્ષી જેટલું મનોહર છે એટલો જ મનોહર તેનો અવાજ છે અને એવી મનોહર તેની રીતભાત છે. તે શિયાળામાં મૂગું રહે છે. ઉનાળામાં અને વર્ષામાં તે સ્વરથી વધુ જાણીતું છે.

'પિયુ, પિયુ, પી–પી–પિયુ...પી–પી–પિયુ.'

ઝરમર ઝરમર મેહ વરસતો હોય, વનશ્રી લીલીછમ બનીને શોભતી હોય, ત્યારે વૃક્ષની ટોચ ઉપર બેસીને ચાતક તેના મૃદુ પણ માદક અવાજથી વર્ષાઋતુના વાતાવરણને વધુ મોહક બનાવે છે.

ચાતકયુગ્મને તમે ઝાડનાં ઝુંડમાં સંતાકૂકડી રમતાં જુઓ, મસ્ત બની એકબીજાનો પીછો પકડતાં જુઓ, તેમના માદક સૂરથી સંવનનકાળનો તરવરાટ વ્યક્ત કરતાં જુઓ, ત્યારે તમને એમના ચિંતામુક્ત, આનંદી જીવનની ઈર્ષા આવશે.

ચાતક એટલે તો સંસ્કૃત કવિઓનું પ્રિય પંખી. એમનાં કાવ્યોમાં ચાતકને અમર સ્થાન મળ્યું છે. એ શાપિત પંખી પાણી નથી પી શકતું, એટલે તે મેહને પોકારે છે કે જેથી મેઘરાજાની મહેર થાય તો તેનાં ટીપાં અદ્ધર ઝીલી લઈને બાર માસના તપ્ત કંઠને ભીંજવી પોતે શાંતિ અનુભવે, એવી કવિની કલ્પના છે.

કલ્પના તો મનોહર છે, પણ છે સાવ પાયા વિનાની, જરાય તથ્ય વિનાની. સૌરાષ્ટ્રમાં જેને લોકો મોતીડો કહે છે, એ ચાતક બધાં પંખીની જેમ પાણી પી શકે છે, એને કોઈનો શાપ નથી. બપૈયા અને ચાતકનો ખોરાક એવો છે કે તેમને પાણીની બહુ જરૂર નથી પડતી. આપણને એની ઈર્ષા આવે એવું આનંદી અને સુખી જીવન એ જીવે છે.

ચાતક હિંદનું વ્યાપક પંખી છે અને સ્થાયી અધિવાસી છે, પણ ઋતુ સ્થાન પલટો કરે છે. કચ્છમાં અને મુંબઈના ટાપુઓમાં તે ચોમાસામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રજનન માટે આવે છે; કાગડા તેને બહુ રંજાડે છે. ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં પણ અનુકૂળ સ્થળે તે જાણીતું છે. જોવા કરતાં સાંભળવા વધારે મળશે; કારણ કે તેની સંખ્યા ઓછી હોય છે. ઝાડનાં ઝુંડમાં-થી તેને શોધવું સહેલું નથી, પણ તેનો અવાજ એકાદ માઈલ સુધી પણ અનુકૂળ વાતાવરણમાં સંભળાય. ઊડતાં ઊડતાં પણ બોલે અને ઝાડની ટોચે કે આગળ પડતી ડાળ પર બેસીને પણ બોલે. છૂટાં-છવાયાં ઝાડના ઝુંડવાળા ખેતરાઉ પ્રદેશમાં તેનો વસવાટ છે.

પ્રજનન: ચાતક કોકિલનો જ કુટુંબી. એટલે પારકાં પાસે પોતા-નાં સંતાનને ઉછેરાવવાં એ કુળાચાર તેને પણ વર્યો છે. તેની ઠગવિદ્યાનો શિકાર ભગત જેવાં લેલાં બને છે. તે પણ કોયલ જેવી જ યુક્તિપ્રયુક્તિ વાપરે છે. લેલાંનાં ઈંડાં આસમાની રંગનાં હોય છે, તેમ ચાતકનાં પણ આસમાની હોય છે અને એકબીજામાં ભળી જાય છે. ચાતકનાં બચ્ચાં પણ કોયલનાં બચ્ચાંની જેમ માળાના સાચા હક્કદાર લેલાંનાં બચ્ચાંને ફગાવી દે છે.

પરદેશી કોયલ (The Cuckoo)

આ કોયલની એક જાત કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આવે છે. ઝાડની ટોચ પરથી તે કુકુ–કુકુ એવો અવાજ કરે છે. તેના રંગ બપૈયાને મળતા છે, પણ ધોળા પેટાળ પર ભૂરી રેખાઓ વધારે છે. છૂટાંછવાયાં ઝાડવાળા અને કાંટ્યો, ઝાડી ને ઝાખરાવાળા પ્રદેશમાં તે વસે છે અને દેખાવે કોયલને બદલે બાજમાં ખપી જાય છે! ચંડૂલ અને ધાન-ચીડીના માળામાં તે ચોમાસામાં ઈંડાં મૂકી આવે છે. સાલિમઅલી જણાવે છે કે જે પક્ષીના માળામાં તે ઈંડાં મૂકે છે તેનાં ઈંડાં જેવાં જ ઈંડાં તે પણ મૂકે છે! તે વૃક્ષચારી કરતાં ભૂચર વધારે છે. તેનું વતન છે યુરોપ અને ઉ. એશિયા. તેની એક જાત મુંબઈમાં આવે છે. તેનો અવાજ આવો છે: Crossword puzzle, what is your trouble?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાની રાખોડી કોયલ (The Plaintive Cuckoo)

મુંબઈમાં અને ગુજરાતના જંગલવાળા પ્રદેશમાં બુલબુલ જેવડી આ કોયલ તેના અવાજથી વધુ જાણીતી છે. મુંબઈમાં તે પ્રજનન માટે જ ચોમાસામાં આવે છે. ગુજરાતમાં તે સ્થાયી અધિવાસી છે. તે કુત્કીઓના માળામાં ઈંડાં મૂકે છે. તેના અવાજમાં પ્રફુલ્લતા નથી. જાણે ઉદાસ બનીને શોકમગ્ન પંખી બોલતું હોય તેમ તે પી–પીપી–પી, પીપી–પી એવો અવાજ સાંજસવાર કાઢ્યા કરે છે. જાણે કહે છે કે આ વર્ષાનું પાણી પી લ્યો. પછી તો તરસે મરવાનું છે! તેનો રંગ ઉપરથી ભૂરો રાખોડી અને નીચેથી આછો રાખોડી છે; તેના કુળધર્મ પ્રમાણે તે પણ કાતરાને ખાઈ જાય છે.

કોયલકુળનાં અન્ય પંખી

ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં સિરકીર અથવા ધનુસ અથવા ખાખી ઘોયરો નામની એક ભૂરા રંગની સત્તર ઇંચ લાંબી અને સુંદર રાતી અને પીળી ચાંચવાળી તથા કુકડિયા કુંભારની જેમ ભારે પૂંછડાવાળી કોયલ થાય છે, જે કુકડિયા કુંભારની જેમ જમીન ઉપર ફરતી દેખાય છે, પણ તે બહુ પરિચિત પંખી નથી. તેનું અંગ્રેજી નામ પણ સિરકીર. સિરકીર અને કુકડિયા કુંભાર કોયલકુળમાં અપવાદ છે. તેઓ માળા બાંધે છે અને બચ્ચાં ઉછેરે છે.

સરકર અથવા ખાખી ઘોયરો
(The Southern Sirkeer)

સરકર કાગડા જેવડું પક્ષી છે, પણ પૂંછડું મોટું અને ભારે. કાંટ્યો, ઝાડી અને ઝાંખરાંવાળા સૂકા પ્રદેશમાં સરકર વસે છે. તે જમીનનું પક્ષી છે અને ઊડવા કરતાં દોડવાનું પસંદ કરે છે. માથું અને પૂંછડું શરીરની સીધી લીટીમાં લંબાવીને આ ખાખી ધૂળિયા રંગનું પંખી લપકતું જતું હોય ત્યારે તમને છેટેથી નોળિયાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખ્યાલ આવે! કચ્છમાં તે ભાગ્યે જ દેખાય છે. એ આપણું સ્થાયી અધિવાસી પક્ષી છે. તેના પેટાળ પર રતાશ પર ભૂરી ઝાંય છે. ધૂળિયા ભૂરા રંગની પૂંછડી ચડઊતર પીછાંવાળી બીડેલા પંખા જેવી છે અને બન્ને બાજુ સફેદ છેડાવાળાં કાળાં પીછાં છે. મહાથી શ્રાવણ સુધી લીમડા, બાવળ વગેરેમાં માળો બાંધી બેથી ત્રણ શ્વેત ઈંડાં મૂકે છે. પીટ–પીટ–પીટ–પીચર–પિચર, કીક–કીક–કીક, કેક–કેક–કેક, કેરેક–કેરેક–કેરેક એવા અવાજ ઉપરથી પણ તેને ઓળખી શકાશે.

કાકડિયો કુકડિયો કુંભાર, હોકો અથવા ઘોયરો
The Common Crow–Pheasant or Coueal

કુકડિયો કુંભાર તેના અંગ્રેજી નામ પ્રમાણે કાગડો નથી, વનમોર (ફીઝન્ટ) નથી, પક્ષીજગતનો કુંભાર નથી, કૂકડો નથી. પણ કોયલના કુળનો જ નબીરો છે. તેનામાં તેના કુળધર્મના સંસ્કાર નથી. તે માળા બાંધે છે, ઈંડાં સેવે છે અને બચ્ચાં ઉછેરે છે. બીજી કોયલોની જેમ તે તદ્દન ઝાડનું પંખી ન ગણાય; કારણ કે સિરકીરની જેમ તે પણ ખોરાક શોધવા વાડ અને ઝાડી–ઝાંખરાંની ઓથે જમીન ઉપર ફરે છે.



કુકડિયો કુંભાર

કાગડા કરતાં મોટું એટલે કે ૧૯ ઇંચ લાંબું આ પક્ષી તમે એકવાર જુઓ તો તરત ઓળખી કાઢો. જમીન પર તેની ચાલ કઢંગી છે અને રંગે પણ તે કઢંગું લાગે છે. તેની પાંખો બજરિયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રતૂમડા રંગની છે અને બાકીનું શરીર કાળું છે. પૂંછડી મોટી અને ભારે છે અને પૂંછડીનાં પીછાં ચડઊતર છે. આંખો રાતી અને ચાંચ તથા પગ કાળાં છે. કોયલકુળની માર્દવતા તેમાં નથી. પીછાં પણ બરછટ છે, તેવો જ તેનો અવાજ ઘોઘરો છે. કુહુક–કુહુક–કુહુક એવો બુલંદ અને ઘોઘરો અવાજ તમે સાંભળો ત્યારે જાણવું કે કુકડિયો કુંભાર બોલે છે. તે બોલે છે ત્યારે ગળું ફૂલી જાય છે અને પૂંછડી થોડી ઊંચી અને પહોળી કરીને હલાવે છે. અણગમો વ્યક્ત કરવા બીજા કર્કશ અવાજ પણ કાઢે છે. બાગબગીચામાં રહેવું તેને ગમે છે. ખેતરોની વાડમાં અને ઝાડીઝાંખરાંમાં તે લપકતો દેખાશે. નાના સાપ, કાચંડા, ઉંદરડા, તીડ, કીટક, ઇયળ વગેરે ઉપદ્રવી પ્રાણીઓ તેનો ખોરાક હોવાથી તે ખૂબ ઉપયોગી પંખી મનાયું છે, પણ સાથે સાથે ખેરખટ્ટાની જેમ એ મોટો ચોર અને ખૂની પણ છે; કારણ કે પક્ષીઓનાં ઈંડાં અને બચ્ચાંને પણ તે છોડતો નથી. કુકડિયા કુંભારનું માંસ ખાવાથી જૂની ઉધરસ મટે છે એમ માનવામાં આવે છે. તે આકાશમાં નથી ઊડતો, પણ એક ઝાડીથી બીજી ઝાડી સુધી નીચે ઊડે છે ત્યારે થોડીવાર પાંખો હલાવે અને પછી તરતો જાય એવી રીતે ઊડે છે.

વસ્તી: મહાગુજરાત અને મુંબઈ. કચ્છમાં ભાગ્યે જ દેખાશે. થોડાંક પક્ષીઓ જામનગરથી લાવીને કચ્છમાં વસાવવામાં આવ્યાં છે તેથી ભૂજમાં તેને જામનગરી કાગડો કહે છે.

પ્રજનન: મહાથી ભાદરવા સુધીમાં, પણ મુખ્યત્વે ઉનાળા અને ચોમાસામાં કૂકડિયો સરકર કોયલની જેમ માળા બાંધી ઈંડાં સેવી બચ્ચાં ઉછેરે છે; તેનો માળો ગોળ દડા જેવો કઢંગો હોય છે અને દરવાજો બાજુમાં હોય છે. ઉપરથી ઉઘાડો માળો પણ હોય છે. માળો ઝાડીમાં કે ઝાડની નીચી ડાળીઓ વચ્ચે હોય છે. ઈંડાં ત્રણથી ચાર અને રંગે ધોળાં હોય છે. નરમાદા બન્ને માળો બાંધવામાં, ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં ભાગ લે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૫ : કણભક્ષી પંખીઓ

પક્ષીઓને જોવા આપણે વનવગડામાં ભટકીએ છીએ, પણ તમે તમારા ઘરમાં વસતી ચકલીના જીવનમાં કદી રસ લીધો છે? ઘરમાં વસે છે એટલે આપણે તેની ઉપેક્ષા કરી છે, પણ તે અવગણનાને પાત્ર નથી. આપણા ઘરમાં ધામા નાખતી ચકલી, તેની વગડાઉ બહેન રાજી, તેના ખેતરાઉ ભાઈ ઓ ગંદમ સૌ એકબીજાનાં નજીકનાં સગાં છે. આ બધાં પક્ષીઓ છે તો કણભક્ષી, છતાં ગંદમને સુઘરીના કુળથી વિખૂટાં પાડવાની ધૃષ્ટતા પક્ષીશાસ્ત્રવિશારદોએ કરી છે. ચકલીના કુળમાં ચકલી, સુઘરી અને મુનિયાનો સમાવેશ થાય છે, ત્યારે ગંદમના કુળમાં ગંદમ અને ગુલાબી તુતી રહેલાં છે.

ચકલી

અંગ્રેજીમાં 'હાઉસસ્પેરો'ના સાદા નામે, પક્ષીશાસ્ત્રમાં પાસર ડુમેસ્ટિકસ ઈન્ડીકસના ભવ્ય નામે, હિંદીમાં ચીડિયા અને મરાઠીમાં ચીડી નામે ઓળખાઈને વ્યાપક બનેલી ચકલીનો પરિચય આપવાની ધૃષ્ટતા હું નહિ કરું; એમાં તમારા જ્ઞાનનું અપમાન થવાનો સંભવ છે. હું તેના રંગનું વર્ણન કરું તેના કરતાં તમે જ્યાં બેઠા હો ત્યાંથી ઊભા થયા વિના જ ચકલી જોઈ લેજો ને! સૌના ઘરમાં પેધી ગયેલું આ પંખી એમ જ સમજે છે કે માણસો તેના માટે જ ઘર બાંધે છે અને છબીઓ, હાંડી વગેરે શોભા તેમના માળા બાંધવા માટે જ છે. આખો દિવસ ચક–ચક–ચક કર્યા કરવું, ગામનો કચરો ઘરમાં લાવીને વેરવો, જ્યાં ત્યાં ચરકવું, જે કંઈ જીવડાં કે દાણો હાથમાં આવે તે ખાયા કરવું, કંઈ કામ ન હોય ત્યારે પીછાં ઓળવાં, પ્રેમ કરવો, પ્રજોત્પત્તિ કરવી, પછી બાળઉછેરની પ્રવૃત્તિમાં પડી જવું અને છેવટે કાગડો જ્યારે તેનાં બચ્ચાંને ઉપાડી જાય અને નિષ્ઠુરતાથી તેનાં પીછાં ઉખેડીને ખાતો હોય ત્યારે કલ્પાંત કરી મૂકવું, અને પછી થોડી જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વારમાં એ શોક ભૂલી જઈને ફરી એની એ માયામાં પડી જવું એ આપણી ચકલીના જીવનનો ક્રમ છે. એ ક્રમ આપણી નજર સામે આપણા ઘરમાં અને આપણા ફળિયામાં જ ચાલે છે. માણસ સાથે તેને એવો ગાઢ પરિચય થઈ ગયો છે કે પક્ષીશાસ્ત્રવિશારદોને તેના શાસ્ત્રીય નામ 'પાસર' માટે ડુમેસ્ટિકસ ઈન્ડીકસ કરતાં બીજું કોઈ સારું વિશેષણ ન મળ્યું. માણસ વિના એ રહી જ શકતી નથી. તમે જમીને ઊઠો અને તમારી રૂઢિચુસ્ત પત્ની તમારી થાળીમાં બેસે તે પહેલાં તો ચકલીબાઈ તમારી થાળીમાં જમવા બેસી ગયાં હોય!

ચકલીબાઈમાં કે ચકલાભાઈમાં રંગરૂપ ન હોય તો તે આપણે ચલાવી લઈએ, તેને ગાતાં ન આવડતું હોય તોપણ તે ક્ષમ્ય છે, તેને નખરાં ન આવડતાં હોય તોપણ કંઈ નહિ, તેનામાં થોડી કળા-દૃષ્ટિ હોત તો તેની એ બધી ત્રુટીઓ તરફ આપણે આંખ મીંચી રાખત; પરંતુ આપણા કમનસીબે તેનામાં કંઈ કળાદૃષ્ટિ નથી અને તેથી પોતાનું ઘર બાંધવામાં ગામનો કચરો ભેગો કરીને આપણા ઘરમાં વેરે છે.

ચકલી નિર્ભેળ શાપ સમાન નથી એટલું તો કહેવું જ જોઈએ; જોકે આશીર્વાદ કરતાં શાપનું પલ્લું નમી જાય છે. એ કણભક્ષી છે તેમ જીવાતભક્ષી પણ છે, એટલે એટલા પૂરતું આ પંખી ઉપયોગી કહી શકાય. ખેતરોમાં અને વગડામાં તેમનાં મોટાં ટોળાં ચારો ચરતાં હોય છે. તેઓ સૂર્યાસ્ત વખતે ઝાડની ઘટામાં એકઠાં થાય છે અને એટલો ઘોંઘાટ કરે છે કે તમને કુતૂહલ થાય કે એવા કયા ગંભીર પ્રશ્નની આ ચર્ચા હશે! સવારે ઝુંડમાંથી ઊડીને ચારો ચરવા નીકળતી જાય ત્યારે તમને એમ થાય કે આટલી બધી ચકલીઓ ક્યાં સમાઈ હશે અને હજી કેટલી બાકી હશે.

વસ્તી અને પ્રજનનઋતુ વિષે પૂછો છો? સબ ભૂમિ ગોપાલકી તેમ ચકલીની પણ છે. અને માણસની જેમ કોઈ પણ મહિનો અને કોઈ પણ દિવસ તેના સંવનન અને પ્રજનન માટે યોગ્ય છે! યુરોપના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણાખરા ભાગમાં, ઉત્તર આફ્રિકામાં અને એશિયામાં તે વ્યાપક છે. અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ તેને વસાવવામાં આવી છે. પ્રજનન-ઋતુનું તો પૂછવું જ શું? જ્યારે તેને બીજું કંઈ મહત્ત્વનું કામ ન હોય ત્યારે તે સંવનન અને પ્રજનન કરે છે અને તેની ઋતુ બારે માસ ચાલે છે! માળો બાંધવા માટે તેને કોઈ જગ્યા નકામી નથી. ચાર તણખલાં પણ જ્યાં ભેગાં ન ગોઠવાઈ શકે એવી જગ્યાએ તેને અઠવાડિયાંનાં અઠવાડિયાં સુધી પડી ગયેલાં તણખલાંને ફરીથી ને ફરીથી પાછાં ગોઠવવાની મિથ્યા મહેનત કરતી જોઈને મને તેની મૂર્ખાઈ પર દયા આવી છે. તે લગભગ ૪૫ ડિગ્રીને કાટખૂણે એટલે કે લગભગ સીધી ઊંચે ઊડી જાય છે!

પહેલવાન ચકલી અથવા રાજી
(The Yellow-throated Sparrow)

આટલી વાત થઈ આપણા ઘરની ચકલીની. હવે થોડો પરિચય વગડાની ચકલીનો આપું. એનું નામ છે રાજી. તેનું હિંદી નામ રાજી અથવા જંગલી ચુડી. તેના શાસ્ત્રીય નામને યાદ રાખવું તો એક બાજુ રહ્યું પણ તેનો ઉચ્ચાર કરવો પણ અઘરો છે. જો તેને ખબર પડે કે તેનું શાસ્ત્રીય નામ પેટ્રોનિઆ ઝાન્થોકોલિસ છે તો કદાચ એ વિનમ્ર પંખીમાં ઘમંડ આવી જાય. ગુજરાતીમાં તેનું નામ પહેલવાન ચકલી છે, પરંતુ તે ખરેખર પહેલવાન હોવા વિશે મને શંકા છે!

કદમાં આપણી ચકલી જેવડી જ અને રંગે ભૂરી, પણ ખભા પર રતૂમડા પટા, પાંખમાં સફેદ પટા અને ગળા પર પીળો રંગ ધારણ કરનાર આ ચકલી તમને ગામમાં જોવા નહિ મળે. એ છે ખેતરાઉ પંખી. વગડામાં જ્યારે તે આપણા ગામની ચકલી સાથે ભળી જાય છે, ત્યારે ભાગ્યે જ તમારું ધ્યાન રાજી તરફ ખેંચાશે. તમે એમ જ માનશો કે એ આખું ટોળું આપણી ચકલીનું જ છે. રાજીની માદાને પાંખ પર રતૂમડા પટા નથી અને ગળાનો પીળો રંગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઝાંખો છે. છેટેથી નરમાદા સરખાં જ લાગે છે.

રાજીની વસ્તી ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર, મુંબઈ અને આખા ભારતમાં છે. તે જંગલનું પંખી નથી, પણ ઉઘાડી, ખેતરાઉ જમીનનું અધિવાસી છે. ઊભા મોલમાં અને વઢાઈ ગયેલા ખેતરમાં તેઓ દેખાશે. ફાગણથી વૈશાખ સુધી તેમનો પ્રજનનકાળ. વૃક્ષોનાં છિદ્રો અને અન્ય બાકોરાં વગરેમાં માળા બાંધી તેઓ આપણી ચકલીનાં ઈંડાં જેવાં જ ત્રણચાર ઈંડાં મૂકે છે.

સુગરીનું કુળ

આ કુળમાં જરઠ ચાંચવાળાં અને કણભક્ષી સુગરી, ચકલી, રાજી અને મુનિયાનો સમાવેશ થાય છે. તેઓ આછી વનસ્પતિવાળા ખેડાણ પ્રદેશનાં અને ગ્રામ્ય વિસ્તારનાં પંખી છે. તેઓ ગાનારાં પંખી છે એવો મારો દાવો નથી અને સુગરી કે મુનિયાએ પણ કદી એવો દાવો નથી કર્યો; પરંતુ તેઓ આનંદી અને સંયોગોને અનુકૂળ બની જનારાં છે અને એમના એ ગુણ અલ્પાંશે પણ માનવીમાં હોય તો આપણાં ઘણાં દુ:ખ હળવાં થઈ જાય એમ તો મને લાગે છે.

પ્રજનનઋતુ સિવાય સુગરી તમને છેતરીને ચકલી તરીકે પસાર થઈ જાય તો તેમાં તમારો વાંક ગણાય; સુગરીનો નહિ. આ કુળનાં પક્ષીઓ ચકલી જેવડાં જ કે નાનાં છે, તેમની રીતભાત પણ ચકલી જેવી છે, પણ જ્યારે ચકલી શહેરી જીવન પણ પસંદ કરે છે અને મનુષ્યની વસ્તીમાં પેધી ગઈ છે ત્યારે સુગરી અને મુનિયાએ ગ્રામીણ સ્વભાવને શોભાવે એવી વિનમ્રતા જાળવી રાખી છે. બહુ તો તેઓ ગામના પાદરમાં આવીને રહેશે, પણ આપણા ઘરમાં ઘૂસી આવવાની ધૃષ્ટતા તો નહિ જ કરે.

સુગરી (The Baya or the Common Weaver Bird)

તેનું હિંદી નામ બાયા છે. સુગરી નામ સુગ્રીવ એટલે સુંદર ડોક ઉપરથી પડ્યું હશે, અથવા તેનું સુઘરી નામ સુગૃહી એટલે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સારું ઘર ધરાવનાર એવા અર્થમાં પડ્યું હશે. કદમાં ૭ ઇંચ એટલે આપણી ચકલી જેવડું જ આ પંખી રંગે પણ આપણી માદા ચકલી જેવું છે. ચકલી કરતાં વધારે જાડી ચાંચ એ બે પક્ષી વચ્ચેનો તફાવત બતાવવા નવા નિશાળિયા માટે પૂરતી ન હોય તો ઉપરના ભાગે તેના પીછામાં કાળાશ પર લીટીઓ છે તે જુઓ.

પ્રજનનકાળમાં નર તેના વિશિષ્ટ રંગો પરથી ઓળખાઈ આવે છે. માથા પર અને છાતી પર સોનેરી પીળો રંગ શોભે છે. મોં ઉપર ઝાંખો કાળો બુરખો પહેર્યો હોય એવો રંગ ચાંચના ઉપરના ભાગથી આંખો ને ગળા સુધી આવેલો હોય છે અને તેનાથી પીળો રંગ વધુ શોભે છે. બાકીનું ઉપરનું શરીર ઘેરા ભૂરા રંગનું અને દરેક પીછાને પીળી કિનારી હોય છે. બાકીનું શરીર ઝાંખી પીળી ઝાંયવાળું ભૂરું હોય છે. બીજી ઋતુમાં નર આ શોભા ગુમાવી બેસે છે ત્યારે આપણી ચકલી જેવો લાગે છે. માદાને કાળો અને પીળો રંગ નથી આવતો. તે આપણી ચકલી જેવી લાગે છે.

રીતભાત: આપણી સુગરીએ માળા બાંધવાની અદ્ભુત કળાથી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે અને જ્યારથી શ્રી. સાલિમ-અલીએ તેના ગૃહજીવનમાં અને સમાજજીવનમાં ઊંડા ઊતરીને પોતાના એ સંશોધનકાર્યનું આશ્ચર્યજનક પરિણામ બહાર પાડ્યું છે, ત્યારથી સુગરી પુરુષોની ઈર્ષ્યા અને સ્ત્રીઓના તિરસ્કારને પાત્ર બની હોય તો તેમાં કંઈ નવાઈ છે?

જ્યારે થોડાક નર–સુગરી ભેગા થઈ ને પોતપોતાના માળા બાંધવાનું શરૂ કરે છે, ત્યારે તેઓ વિધુર અથવા કુંવારા હોય છે. જીવનમાં નવીનતા ન હોય તો આનંદ ક્યાંથી આવે? એટલે સુગરીના સમાજમાં પતિ–પત્ની જિંદગીભર પરસ્પર લગ્નગ્રંથિથી બંધાઈ રહેવાની ગુલામી પસંદ નથી કરતાં. આ નરપક્ષીઓ માળા બાંધવા લાગે છે. જ્યારે એમના લાંબા ઝૂલતા માળામાં સુવાવડખાતાનો ઓરડો તૈયાર થઈ જાય ત્યારે માદાઓ આવે છે. પછી નરનું સંવનનકાર્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરૂ થાય છે. તે માદાને રીઝવે છે. જાણે તે કહેતો હોય: 'જો, હું કેવો રૂપાળો છું! મારો કંઠ કેવો મીઠો છે! અને મારું ઘર તો જો!' પણ માદા વ્યવહારુ સ્વભાવની હોય છે, તે નરને નહિ પણ તેના ઘરને પસંદ કરે છે. અને જો માળો પસંદ પડ્યો તો એવો સુંદર માળો બાંધનાર નર તો પસંદ પડે જ ને? બસ, પછી તો તેઓ પતિ–પત્ની બની જાય અને બંને ગાતાં જાય ને હોંશે–હોંશે માળાનું કામ પૂરું કરે. પછી તો માદા ઈંડાં મૂકે અને સેવવા બેસી જાય.

પણ નરને બાળઉછેરના એવા શુષ્ક કાર્યમાં રસ નથી. જીવનમાં નવીનતા ન હોય તો પછી શું રહે? એટલે નર બીજો માળો બાંધવા લાગે છે. વળી નવા ગૃહની નવી ગૃહિણી આવે છે અને તેને પણ ઈંડાં સેવતી કરીને જો હજી ઋતુ બાકી રહી હોય તો નર ત્રીજા ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે છે!

માદાની સહિષ્ણુતા પ્રશંસનીય છે. તે એકલા હાથે ગૃહસ્થાશ્રમનાં બધાં કાર્યોને પહોંચી વળે છે; એટલું જ નહિ પણ એમ જણાય છે, કે કોઈ વાર બીજી માદાને પણ પોતાના માળામાં ઈંડાં મૂકવા દે છે.

સુગરીની આવી સમાજરચના પુરુષોને ઈર્ષ્યા ઉપજાવે અને સ્ત્રીઓનો તિરસ્કાર વહોરી લે એમાં કંઈ નવાઈ છે?

માળાની હેરતભરી રચના

દુનિયામાં બહુ થોડાં પક્ષીઓ સુગરી જેવી કારીગીરી જાણે છે. એના જેવો સલામત અને મજબૂત માળો ભારતમાં કોઈ પંખી નથી બાંધી જાણતું. કોયલને માળો બાંધતાં આવડતું જ નથી. ટિટોડી જેવાં પંખી જમીન પર જરા ખાડો કરીને જ તેમાં ઈંડાં મૂકે છે. કબૂતર કૂવડની જેમ સાવ કઢંગો માળો બાંધે છે એટલું જ નહિ પણ માળો બાંધવાની જગ્યા પસંદ કરવાની પણ તેનામાં આવડત નથી. ત્યારે સુગરી એવો માળો બાંધે છે કે પવન, તડકો, ટાઢ, વર-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાદ કે દુશ્મનો તેને કંઈ કરી શકતા નથી.



સુગરી અને તેનો માળો

માળો બાંધવાની જગ્યા સુગરી સમજપૂર્વક પસંદ કરે છે. વરસાદ શરૂ થાય એટલે માળા બાંધવાની ઋતુ શરૂ થાય. તાડ, ખજૂરી કે બાવળનું ઝાડ હોય તો તેને પહેલી પસંદગી મળે છે. નીચે પાણી હોય તો વધારે સારું કે જેથી કોઈ દુશ્મન માળામાં પેસવા જાય તો પાણીમાં જ પડે. બીજું કંઈ જળાશય ન હોય તો કૂવામાં ઝૂલતી ડાળી પણ ચાલે. ઊંચું ઝાડ હોય તો જળા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શયની પણ જરૂર નહિ. માળો બાંધવા માટે ડાળી પસંદ કરીને પછી સુગરી તાડ, નાળિયેરી કે ખજૂરીનાં પાંદડાંમાંથી ઝીણી પટીઓ અને ઘાસનાં લાંબાં પાન કાપીને કાઢે. પછી એ પટીઓને પેલી ડાળી ઉપર ગૂંથે અને આમ માળાનો પાયો બને. પછી વધુ પટીઓ અને ઘાસ લઈ આવીને માળો ગૂંથવાનું શરૂ કરી લાંબી નળી જેવો આકાર બનાવે. પછી આવે ઈંડાં મૂકવા માટે સુવાવડખાતાનો ઓરડો. અહીં એ નળી પહોળી થઈ ગોળ દડા જેવી બને. પછી તે ઓરડાને છેડે એ નળીને બે ભાગમાં વહેંચી નાખવામાં આવે. એક ભાગ નળી આકારે આગળ વધે. બીજો ભાગ ગૂંથી લઈને બંધ કરી દેવામાં આવે. અહીં માદાનું બેસણું બને. માળાની રચના જ્યારે આ તબક્કા પર પહોંચે છે ત્યારે તે તબક્કો કટોકટીનો હોય છે. અહીંથી માળો એવો સમતોલ હોવો જોઈએ કે તે પવનમાં ગમે એટલો ઝૂલે પણ ઈંડાં કે બચ્ચાં બહાર ન આવી પડે. સુગરી જરૂર પડે તો અંદર કાદવ પણ ચોટાડે છે, અને લોકમાન્યતા એવી છે કે એ અંધારા માળામાં પ્રકાશ લાવવા માટે સુગરી કાદવમાં આગિયા ચોટાડે છે. આપણી લોકમાન્યતાઓમાં એવી સુંદર કલ્પના હોય છે કે તેને વાસ્તવિકતાના હથોડા વડે તોડી પાડવાનું મન ન થાય. આગિયા મરી ગયા પછી પણ તેમનો મનોહર પ્રકાશ ચાલુ રહે તો કેવું સારું? તો આપણે પણ ઘરમાં આગિયા ચોટાડીએ!

છેલ્લે માળાનું મુખ આવે છે. અહીં તેની દીવાલ પાતળી પડતી જાય છે. છેવટે તે એવી આછી બની જાય છે કે જો બહારથી કોઈ દુશ્મન તેની ઉપર ચડીને અંદર દાખલ થવા જાય તો નીચે આવી પડે. સુગરી પોતે પણ માળાના મુખ પર નથી બેસતી. એવા સાંકડા અને લટકતા મોંમાં પણ તે ઊડીને સીધી અંદર પેસી જાય છે. એટલે કે ચકલીની જેમ તે પણ ૪૫ ડિગ્રીને કાટખૂણે સીધી ઊંચી ઊડી શકે છે. આમ તેનો પાંખો પરનો કાબૂ અને આંખોને સંપૂર્ણ પ્રકાશમાંથી સંપૂર્ણ અંધકારને અનુકૂળ કરી દેવાની શક્તિ નોંધપાત્ર છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુગરી સ્વભાવે સમૂહચારી છે. માળા પણ સમૂહમાં બાંધે છે. ગાય છે પણ સમૂહમાં. એ કંઈ સંગીતજ્ઞ નથી. પણ તે ચીટ્-ચીટ્-ચાટ્-ચી-ઈ-ઈ-ઇ-ઈ કરીને જે લાંબો અવાજ કાઢે છે, એમાં પ્રફુલ્લતા તો છે જ.

ખોરાક: કણભક્ષી તરીકે સુગરી પાકને થોડું નુકસાન કરે છે ખરું, પણ જ્યારે ખેતરમાં ધાન્ય ન હોય ત્યારે એકલા ખડધાન-થી પણ તેને ચાલે છે અને જીવડાં કંઈ તેણે ત્યાજ્ય નથી ગણ્યાં. બચ્ચાંને તો તે નરમ જીવડાં જ ખવડાવે છે. આમાં ખેતીને નુકસાન-કર્તા જીવડાં આવી જાય છે અને તેથી સુગરીને ઉપયોગી પંખી ગણી શકાય.

માત્ર કણભક્ષી હોવાના કારણે જ નહિ, પણ સંજોગોને અનુકૂળ થઈ જવાના કારણે પણ સુગરી પાળવા માટે લાયક પંખી છે. તમે તેને અનેક પરાક્રમો કરતાં શીખવી શકો. જર્ડને તોપ ફોડતી સુગરીનું, સ્ત્રીઓના કપાળ ઉપરથી ટીલડી ઉખેડી આવતી અને તેમના મોંમાં મીઠાઈ મૂકી આવતી સુગરીનું અને કૂવામાં વીંટી નાખો તો તે પાણીમાં પડે તે પહેલાં વચ્ચેથી ઉપાડી આવતી સુગરીનું વર્ણન આપ્યું છે. ભવિષ્ય લખેલા કાગળનાં કવર પાથરીને બેસતા અને પાંજરામાંથી સુગરી કે મુનિયાને બહાર કાઢી તેની પાસેથી તમારું નસીબ જોવડાવવા એક કવરની પસંદગી કરાવતા 'નજુમી' તો આજે પણ ઘણા જોવા મળે છે.

સંજોગોને અનુકૂળ થઈ જવાનો સુગરીનો સ્વભાવ એવો છે કે મોટા પાંજરામાં પણ જો તમે તેને ઘાસ આપો તો તેમાંથી માળો બનાવીને ઈંડાં મૂકે! સાધારણ રીતે પક્ષીઓ બંધનાવસ્થામાં પ્રજનન નથી કરતાં. પાળવા લાયક પંખીને જો તે નાનાં બચ્ચાં હોય ત્યારથી જ તેમને પાળ્યાં હોય તો જ તેઓને પાંજરાનું કેદીજીવન અનુકૂળ આવે. પરંતુ સુગરી ને મુનિયા એવાં લાગણીપ્રધાન પંખી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે પુખ્ત ઉંમરનાં પંખીને પકડી આવો, તોપણ તેમને પાંજરાનું કેદી જીવન ફાવી જશે.

વસ્તી: સુગરી આખા ભારતનું વ્યાપક પંખી છે. તે સ્થાયી વતની છે, પણ ખોરાકની સગવડ પ્રમાણે સ્થળાંતર કરે છે. સુગરી અને તેના માળા આપણા ગ્રામ્યજીવનનાં પરિચિત દૃશ્યો છે. માદા બેથી ચાર ઈંડાં મૂકે છે, જે કોઈ જાતની છાંટ વિનાનાં સફેદ હોય છે. ચૈત્રથી આસો સુધી તેમનો ઋતુકાળ છે; પરંતુ મોટા ભાગે ચોમાસામાં જ તેઓ પ્રજનન કરે છે.

સુગરીના માળામાં મેં નાના ઉંદરને રહેતા પણ જોયા છે. આવા ઢીલા મોંવાળા માળામાં પેસીને તેઓ પ્રજનન કરે એ પણ એક નવાઈ છે ને? બીજી નવાઈની વાત એ છે કે સુગરીના જૂના માળામાં શ્વેતકંઠ મુનિયા બાળઉછેર કરતાં જોવામાં આવેલ છે. એક જ માળામાં મુનિયા અને સુગરી બન્નેનાં ઈંડાં સાથે મળી આવે એ પણ બનવાજોગ છે!

મુનિયા

તમે મને પૂછો કે બહુ આળસુ તથા બહુ પ્રવૃત્તિવાળા માણસને પાળવાં પાલવે એવાં પક્ષી કયાં, તો હું મુનિયાની ભલામણ કરું. ઓછામાં ઓછી મહેનતે અને ઓછામાં ઓછી કાળજીથી પાળી શકાય એવું એ પંખી છે; તેમાં કોઈ પંખી તેની સાથે હરીફાઈ કરી શકે તેમ નથી. મુનિયા આત્મસંતોષી છે, બ્રહ્મજ્ઞાની છે કે મૂર્ખ છે તે કહેવું મુશ્કેલ છે; પરંતુ જે ગણ્યાંગાંઠ્યાં પંખી વનવગડાની સ્વતંત્રતામાંથી કેદ પકડાઈને માણસના મનોરંજન માટે પાંજરામાં પુરાયા છતાં એ ગુલામીને અનુકૂળ થઈ જાય છે તેમાં મુનિયા આગળપડતા છે.

આખરે આ વનવગડા ધરાવનાર સંસાર પણ શું એક મહાન પાંજરું નથી? મુનિયાએ આવું તત્ત્વજ્ઞાન કયાંથી પ્રાપ્ત કર્યું તે હું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી જાણતો. સાધારણ રીતે જંગલની સ્વતંત્રતામાંથી પકડાઈ આવેલું પંખી પાંજરાનું કેદખાનું સ્વીકારી નથી લેતું. એવાં પંખી વહેલાંમોડાં પાંજરામાં રિબાઈરિબાઈને મરી જાય છે. પાળવા લાયક પંખીનાં બહુ નાનાં બચ્ચાંને માળામાંથી લઈ આવીને ઉછેરવાં જોઈએ, તો જ તેઓ પાળેલાં પંખીનું સ્થાન શોભાવે. પરંતુ મુનિયા? તેમને સવારે વગડામાંથી પકડ્યા હોય અને સાંજે જુઓ તો પાંજરામાં આનંદ કરતા હોય!

લાલ અને સુરખ (The Red Munia)

સાધારણ રીતે મુનિયાની જે જાત આમ ભવિષ્યવેત્તાનો ધંધો કરે છે તેનું નામ શિંગબાજ અથવા ટપકાવાળા મુનિયા (અં. સ્પોટેડ મુનિયા). ક્વચિત્ શ્વેતકંઠ મુનિયા (વ્હાઈટ-થ્રોટેડ મુનિયા) અને કાબરા મુનિયા (વ્હાઈટ બેક્ડ મુનિયા) પણ જોષીનો ધંધો કરે છે. બધા પક્ષીપ્રેમીઓ કંઈ લોકોનું ભવિષ્ય જોવાનો ધંધો નથી કરતા, એટલે આ બધા મુનિયાએ બીજી કોઈ દિશામાં નામના કાઢી હોય તો તેમની નરી બેવકૂફી માટે જ. પરંતુ મૂર્ખાઓના કુટુંબમાં એક કુળદીપક નીકળે તો આખા કુળને ઉજાળી દે તેમ આ મૂર્ખ પંખીઓના કુળમાં માણસોનું મન હરે એવું પણ એક પંખી છે, અને તે લાલ મુનિયા. સાધારણ રીતે આપણી ભાષામાં પક્ષીઓનાં નામ ઓછાં મળશે, પરંતુ લાલ મુનિયા તો આપણે ત્યાં પણ એવા માનીતા છે કે નર અને માદા માટે પણ આપણે ત્યાં જુદાં જુદાં નામ છે. નરનું નામ છે લાલ અને માદાનું નામ છે સુરખ. તેમાં ખરેખર આપણો માનીતો તો નર જ છે; કદાચ એટલે જ આપણે તેને 'લાલ'ના લાડકવાયા નામથી ઓળખીએ છીએ. લાલ જેમ આપણો લાડકો છે એમ પ્રકૃતિનો પણ લાડકવાયો છે. બાર મહિનામાં બે વખત તો એ પોતાનો પોશાક બદલે છે.

માત્ર ચાર ઇંચનો નાનો અને નાજુક દેહ ધારણ કરનાર લાલ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુનિયા સમગ્ર ભારતમાં અનુકૂળ સ્થળે વસે છે, પરંતુ પક્ષીશાસ્ત્રના અભ્યાસીઓની આખી દુનિયામાં તેઓએ અમદાવાદનું નામ પ્રખ્યાત કર્યું છે; કારણ કે તેનું શાસ્ત્રીય નામ અમદાવાદ ઉપરથી પડ્યું છે, એટલું જ નહિ પણ તેનું એક અંગ્રેજી નામ પણ અમદાવાદનું અપભ્રંશ થઈને પડેલ છે. મુંબઈની ક્રાફર્ડ મારકેટમાં લાલ મુનિયાથી ખીચોખીચ ભરેલાં પાંજરાં પણ ઉત્તર ગુજરાતમાંથી ભરાતાં જણાય છે. આ પંખી મુંબઈનું મૂળ વતની નથી લાગતું, પરંતુ ક્રાફર્ડ મારકેટમાંથી તથા પક્ષી પાળનારાઓનાં પાંજરાંમાંથી છટકી ગયેલા કેદી મુંબઈના ટાપુઓને પોતાનું વતન બનાવીને રહી ગયા છે અને એ રીતે મુંબઈના ટાપુઓની પક્ષીસમૃદ્ધિમાં વધારો થયો છે. કચ્છ કે સૌરાષ્ટ્રમાં લાલ મુનિયા નથી. બધા મુનિયા ખેતરાઉ પ્રદેશ ને મેદાનોના વતની છે, પરંતુ લાલ મુનિયા બીજાં પક્ષીઓની જેમ સર્વત્ર વ્યાપક નથી. ઊંચા ઘાસવાળાં બીડ અને ઝીલવાળા પ્રદેશ તેને વધારે પસંદ છે, ઉજ્જડ સૂકા પ્રદેશ નહિ. નદી, તળાવ અને ભેજવાળી જમીનમાં ઊંચા ઘાસમાં તે દેખાશે.



લાલ મુનિયા

સંવનનકાળે લાલ મુનિયા (નર) આકર્ષક રંગ ધારણ કરે છે: વરરાજા તો ભભકો કરે જ ને? સંવનનકાળે તે ચળકતો રાતો પોશાક પહેરે છે અને તેમાં વળી ધોળાં ટપકાં જાણે વરરાજાના પોશાક જેવી ભાત પાડે છે. બીજી ઋતુમાં નર માદા સરખાં લાગે છે, પરંતુ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘોળાશ પર પડતા રંગનું ગળું અને ઘેરી છાતી ઉપરથી નરને ઓળખી શકાય છે. માદાને શરીરે ઝાંખો રતૂમડો અને ભૂરો રંગ તેમ જ ટપકાં હોય છે. બંનેની ચાંચ રાતી, ટૂંકી અને ગોળ – કણભક્ષી પક્ષીઓને હોય છે તેવી જરઠ.

બીજા બધા મુનિયામાં ઊડીને આંખે વળગે એવા આ રૂપાળા પંખીનું જેવું રૂપ છે, જેવી કોમળતા છે, તેવો જ ઝીંણો તેનો સ્વર છે. એક મોટા પાંજરામાં પાંચપંદર લાલ મુનિયા રાખ્યા હોય, તો તેમનો રૂપેરી નાજુક ઘંટડી જેવો અવાજ ઘરના વાતાવરણને પ્રફુલ્લિત બનાવશે અને બાળકોને તે આકર્ષશે તે જુદું. તેમને ગાતાં કે સૂર છેડતાં નથી આવડતું.

ઝીલના બરુ અને બીડના ખડમાં ટોળાબંધ ઊડાઊડ કરીને વગડાને પોતાના મધુરા અવાજથી ગજાવતાં આ નાજુક પંખી જંગલી પંખી કરતાં પાળેલા પંખી તરીકે વધારે જાણીતાં છે. એમને પાળવામાં ખાસ કંઈ કાળજી કે ચાકરીની જરૂર નથી. એક મોટા પાંજરામાં બે–ચાર આડી ડાંખળી ગોઠવીને પાણીની વાટકી તથા મૂઠી ભરીને કાંગ, બંટી કે બાજરી મૂકી દો એટલે આખો દિવસ તમારે તેમની કોઈ ચાકરી કરવી નહિ પડે.

એમની સાથે પિદ્દી, શિંગબાજ કે બીજી કોઈ જાતના મુનિયા કે બીજાં કોઈ કણભક્ષી પંખી હશે, તોપણ તેમને કંઈ વાંધો નથી. જંગલનું મુક્ત જીવન છોડીને પાંજરામાં કેદ પકડાયાનો તેમને જરાય રંજ કે શોક નથી. નસીબે જે સ્થિતિમાં તેમને મૂકયા તેમાં આનંદ અને સંતોષથી જીવવું એ જ તેમનું ધ્યેય. કજિયો? કજિયો કે વિખવાદ તો તેઓ જાણતા જ નથી. એ તો માણસ માટે જ છે. તમે મુંબઈ-નાં પરાંની વીજળિક ગાડીમાં જુઓ, દરેક ગાડીમાં અને દરેક ડબ્બામાં રોજરોજ જગ્યા માટે, બેસવા માટે, ઊભવા માટે કે ચડતાં-ઊતરતાં એકાદ નાનુંમોટું છમકલું તો થાય જ છે. મુનિયા માણસ જેવા મૂર્ખ નથી, અસહિષ્ણુ નથી અને ટૂંકી નજરના પણ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે પાંજરામાં દાંડી ઉપર બેઠેલા મુનિયા જુઓ અને તમને ભારે રમૂજ પડશે. આરામ કરતી વખતે તેઓ દાંડી ઉપર એક-બીજાની સાથે ભરાઈને ખીચોખીચ બેસશે. અચાનક છેડેના મુનિયાને ભાન થશે કે તેના એક પડખે હૂંફ છે અને બીજું પડખું ઉઘાડું છે. તે તરત ઊડીને વચ્ચે આવીને બીજા મુનિયાની પીઠ ઉપર બેસી જશે અને એ રીતે વચમાં બેસવાની જગ્યા કરી લેશે. પરંતુ હવે છેડે આવેલા મુનિયાને ભાન થશે કે તેનું એક પડખું ઉઘાડું છે અને તે પણ ઊડીને વચમાં આવીને બેસશે. આમ બંને છેડાના મુનિયા ઊડીઊડીને વચમાં આવ્યા કરશે; પરંતુ જેની પીઠ ઉપર આવીને પંખી બેઠું હશે તે પણ આવી રીતે જગ્યા કરી દેવાની ફરજ પડવાથી રોષે નહિ ભરાય; પછી ભલે ને તેઓ જુદી જુદી જાતના મુનિયા હોય !

પ્રજનનઋતુ: પાળેલા લાલ મુનિયામાં મેં જોયું છે કે કુદરતી જીવનમાં તેઓનો જે સુંદર રાતો રંગ હોય છે તે પાળેલી અવસ્થામાં નથી રહેતો, પણ ઝાંખો પડી જાય છે. સાંજસવાર તેમને રોજ થોડોથોડો વખત ખુલ્લામાં રાખવા જોઈએ, જ્યાં તેમને તડકો અને તાજી હવા બન્ને મળે. લાલ મુનિયાનો પ્રજનનકાળ અનિયમિત છે, પરંતુ મોટે ભાગે તેઓ ચોમાસામાં મોટો ગોળ દડા જેવો માળો બાંધે છે. માળાનો દરવાજો પડખે હોય છે. માદા પાંચ–છ ઈંડાં મૂકે છે. એક જ માળામાં કોઈ વાર એક કરતાં વધારે માદાઓ સમૂહમાં ઈંડાં મૂકતી હોય તેમ લાગે છે. આ ટેવ બીજાં કણભક્ષી પંખીઓમાં પણ ક્વચિત્ દેખાય છે. પોતાનાં છોકરાંઓને લાડ લડાવવાં અને પારકાં છોકરાંઓની અવગણના કરવાનો મનુષ્યસ્વભાવ પ્રાપ્ત કરવાની 'ઊંચાઈએ' મુનિયા હજી નથી પહોંચ્યા.

લીલા મુનિયા (The Green Munia)

ગુજરાતના જંગલ, બીડ અને મોલવાળા હરિયાળા પ્રદેશમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લીલા મુનિયા થાય છે. તેના લીલા અને પીળા શરીર, કાળી પૂંછડી અને રાતી ચાંચ વડે તે પંખી રૂપકડું લાગે છે. તેની ખાસિયતો લાલ મુનિયા જેવી છે. એ પણ પાળવા જેવું પંખી છે.

શ્વેતકંઠ મુનિયા અથવા પિદ્દી
(The White-throated Munia)

કચ્છ અને સૌરાષ્ટ્રના વ્યાપક અને એકમાત્ર મુનિયા આ જ છે. શ્વેતકંઠ મુનિયાની વસ્તી ગુજરાત અને મુંબઈમાં પણ છે. પાંચ ઇંચ લાંબા આ પંખીનો રંગ ઉપરથી ભૂરો છે અને નીચે ધોળકાતો છે. પાંખનાં છેડેનાં પીછાં કાળાં છે; ઢીંઢું સફેદ છે. નીચેના ભાગ ઝાંખા સફેદ છે. પૂંછડી લાંબી, છેડેથી કાળી, પીછાં ચડઊતર અને છેડેથી અણીદાર


શ્વેતકંઠ મુનિયા અથવા પિદ્દી

છે, ચાંચ જરઠ, કણભક્ષી પંખીને હોય તેવી જ છે. તેમના અવાજમાં કોમળતા છે, પણ લાલ મુનિયાના સ્વર જેવી મધુરતા નથી. તે પોશાક બદલતું નથી. કચ્છ તથા સૌરાષ્ટ્રના શુષ્ક અને વેરાન પ્રદેશમાં વસનાર પંખીમાં તમે રસિકતાની પણ શી અપેક્ષા રાખો? તેમ છતાં લાલ મુનિયા પકડનાર લોકો પિદ્દીને પણ પકડી લે છે અને લાલ મુનિયાના પાંજરામાં તે પણ મળી આવશે.

સમૂહ-બાળઉછેર : આ મુનિયાની ખાસિયતોમાં કંઈ રસિકતા હોય તો એક જ-સુવાવડખાનાનો ઉપયોગ. મોટા ગોળ માળામાં કોઈ વાર કેટલીક માદાઓ સમૂહમાં એક જ માળામાં પણ ઈંડાં મૂકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. હિંદુઓની સંયુક્ત કુટુંબની પ્રણાલિકા અહીં એક પગલું અથવા કેટલાંય પગલાં આગળ વધીને સમૂહપ્રજનન અને સમૂહ–બાળઉછેર સુધી પહોંચી છે. મને લાગે છે કે આ મુનિયા અર્થશાસ્ત્રમાં માણસ કરતાં કયાંય આગળ વધી ગયા છે. તમને એ પ્રણાલિકા ગમે કે ન ગમે, પરંતુ તેમની સહિષ્ણુતા તો જરૂર પ્રશંસનીય છે. ઉપર સુગરીના પરિચયમાં કહ્યું તેમ તેઓ સુગરીના જૂના માળાનો પણ ઉપયોગ કરે છે અને એક જ માળામાં કોઈ વાર સુગરી અને પિદ્દી સાથે ઈંડાં મૂકતી હોય એવો પણ શ્રી. સાલીમઅલી અને હુમાયું અબ્દુલઅલ્લીને વહેમ છે. તેઓ એમ માને છે કે જો એમ હોય તો વખત જતાં પિદ્દી સુગરી ઉપર પોતાનાં ઈંડાં અને બચ્ચાંનો ભાર નાખી દેવાની ટેવ પાડે! પિદ્દી વર્ષમાં ગમે ત્યારે કાંટાઓમાં, ઝાડીમાં કે કોઈવાર ઝાડમાં પણ ગોળ દડા જેવા માળા બાંધે છે. શ્રી ધર્મેંદ્રકુમારે તેમને શિકારી પક્ષીઓના માળા પાસે પણ પોતાના માળા બાંધતા જોયેલ છે. નવાઈની વાત એ છે કે રજપૂતોની જેમ આ શિકારી પક્ષીઓ પોતાને આશ્રયે આવેલા આ મુનિયાને મારતા નથી!

ટપકાવાળા અથવા તલિયા મુનિયા
(The Spotted Munia)

ગરીબ માણસ પણ લગ્ન વખતે ભભકો કરે તેમ આ રૂક્ષ પક્ષી પ્રજનન ઋતુમાં ઉપર અને છાતી ઉપર ચોકલેટ રંગનો ઝાંખો રાતો ભૂરો રંગ ધારણ કરે છે. સફેદ પેટાળ પર કાળી કિનારીવાળાં ટપકાં ધારણ કરે છે. અન્ય ઋતુમાં તેમનો સામાન્ય રંગ ભૂરો હોય છે. ઉનાળો બેસતાં તે લગ્નના વાઘા પહેરવા લાગે છે, જે વર્ષાના અંત સુધી ચાલે છે.

ટપકાવાળા મુનિયાની વસતિ કચ્છમાં નથી, સૌરાષ્ટ્રમાં ભાગ્યે જ દેખાશે. ગુજરાત અને મુંબઈમાં તેમનાં ટોળાં બીડ અને ખેતરાઉ જમીનમાં દેખાશે. તેમને ખલેલ પહોંચે તો ટોળું ઝાડમાં ઊડી જાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. બીજા મુનિયાની જેમ ગોળ માળા બનાવે છે અને મુખ્યત્વે વર્ષાથી શરદ સુધીમાં ૪ થી ૬ સફેદ ઈંડાં મૂકે છે.

કાબરા મુનિયા (The white-backed Munia)

રૂપાળું કહી શકાય એવું આ પંખી માત્ર સુરતના ડાંગ વિસ્તારમાં અને મુંબઈના સાલ્સેટ ટાપુમાં જોવા મળશે. ખેતરાઉ અને ખુલ્લી ધરતીમાંથી તે દાણા અને ઘાસનાં બી વીણતું હશે. તે તેના કાળા અને ધોળા રંગથી ઓળખાઈ આવશે.

પ્રજનન: મુખ્યત્વે વર્ષાઋતુમાં બીજા મુનિયાની જેમ મોટો ગોળ દડા જેવો માળો બાંધે છે. શ્રી. સાલિમઅલી અને હુમાયુંએ એક માળાના બાંધકામમાં ચાર કાબરા મુનિયાને ભાગ લેતાં જોયેલ છે તેથી શંકા જાય છે કે એક માળામાં બેથી વધુ માદા ઈંડાં મૂકતી હોય.

ગંદમ (Buntings)

હવે આપણે કણભક્ષી પક્ષીઓના એક બીજા કુળનો પરિચય કરીએ, જેઓ શિયાળામાં પરદેશોમાંથી આપણી મુલાકાતે આવે છે, તેમાં ગંદમ અને ગુલાબી તુતીનો સમાવેશ થાય છે.

વગડા અને ખેતરોમાં જે કણભક્ષી પક્ષીઓ ઊડે છે તેમાં આ રૂપાળાં પક્ષીઓ પણ હોય છે; પરંતુ જ્યાં સુધી તેમના રંગ તડકામાં ચળકી ન ઊઠે ત્યાં સુધી તમે તેમને ચકલી ગણી લો તો નવાઈ નહિ; પણ ચકલી કરતાં તેમની પૂંછડી લાંબી અને સ્પષ્ટ ફાટવાળી હોય છે. આપણે ત્યાં જાતજાતના ગંદમ પશ્ચિમ એશિયા, ઉત્તર એશિયા અને પૂર્વ યુરોપમાંથી શિયાળુ મુલાકાતે આવે છે. તેઓ ચકલી કરતાં જરા મોટા, બુલબુલ કરતાં નાના છે. કાળા માથાવાળા ગંદમ (The Black-headed Bunting) રંગે ઉપરથી કથાઈ ભૂરા છે અને પેટાળ સુંદર પીળા રંગનું હોય છે, પણ તેની માદા ભૂરા રંગનો સાદો પોશાક જ પહેરે છે. The Red-headed Bunting એટલે રાતા માથાવાળા ગંદમનું માથું કાળું હોવાને બદલે ઝાંખા રાતા રંગનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય છે. પથરાળ ગંદમ અથવા રાખોડી માથાવાળા ગંદમ(Grey-necked Bunting)નું માથું રાખોડી, માથે ભૂરો અને પેટાળ પર નારંગી ભૂરો અને આગળ પાછળ ધોળકાતો રંગ છે. લેરિયા ગંદમ-(The Striolated Bunting)નું માથું ચટાપટાવાળું, ઉપરના ભાગ ઈંટ જેવા છે. મોરચકલીના નામે ઓળખાતા કલગીવાળા ગંદમ-(The Crested Bunting)ને કાળી કલગી, કાળી પીઠ અને રાતી પાંખો છે. તેની ઉપરથી તેને કથાઈપાંખ ગંદમ પણ કહે છે.



કાળા માથાવાળો ગંદમ



લાલ માથાવાળો ગંદમ

આ બધા ગંદમને નજીકથી કે દૂરબીનથી તમે ન જુઓ તો સંભવ છે કે તમે તેમને ચકલીઓ માની બેસો. માદાઓને નર જેવા ઊજળા રંગ પણ નથી. આ પક્ષીઓ આપણા શિયાળુ મહેમાન છે. તેઓ ખુલ્લા વનવગડાના વાસી છે. ઉજ્જડ વેરાનમાં પણ કેટલાક દેખાશે. સ્વભાવે તેઓ સમૂહચારી છે અને વિચ–વિચ–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચ–વિચી–વિચ એવા અવાજ કર્યા કરે છે.

કેટલીક જાતના ગંદમ વિશાળ ટોળામાં ખેતરોમાં ભટકે છે અને પાકને ભારે નુકસાન કરે છે. ઊગતા કે આથમતા સૂર્યના પ્રકાશમાં કાળા માથાવાળા અને લાલ માથાવાળા ગંદમનાં વિશાળ ટોળાંને ઝાડ પર, ખેતરોમાં બેઠેલાં જુઓ અને એ પ્રકાશમાં તેમના પીળા રંગની શોભા જુઓ તો ખુશ થઈ જાઓ, પરંતુ તમારી ખુશાલીમાં બિચારો ખેડૂત ભાગ લઈ શકે નહિ. અને જો તેણે પોતાનું ખેતર રેઢું રાખ્યું હોય તો તેનું કમનસીબ સમજવું.

વસ્તી: કલગીવાળા ગંદમ કચ્છમાં નથી. મુંબઈમાં ગંદમ જાણીતા નથી, પણ ઉપરના બધા ગંદમ ઓછી–વધુ સંખ્યામાં શિયાળામાં ગુજરાત અને સૌરાષ્ટ્રની મુલાકાત લે છે.

ગુલાબી ચકલી અથવા ગુલાબી તુતી (The Rose–Finch)

ગુલાબી તુતી પણ શિયાળામાં આપણી મુલાકાતે આવે છે અને ગંદમના ટોળામાં ભળી જઈ ખેતરમાં ચારો ચરે છે. ચકલી જેવા લાગતા આ પક્ષીની માદા ચકલી જેવી છે, પણ નરને માથું, પીઠ અને છાતી પર રાતો ગુલાબી કે ઈંટ જેવો રંગ છે. તેઓ મોટી સંખ્યામાં નથી દેખાતા, પણ કચ્છથી મુંબઈ સુધી ઓછાવત્તા અંશે તેઓ જાણીતાં પક્ષી છે.

૬ : આકાશના સહેલાણીઓ

જે પંખીઓએ માણસમાં ઊડવાની ઝંખના જગાવી અને જેમનું અનુકરણ કરીને માણસ ઊડી ન શક્યા, પણ વિમાન તો બનાવ્યાં, એવાં પંખીઓને આકાશમાં આસાનીથી સહેલ કરતાં જોઈએ છીએ ત્યારે એમ થાય છે, કે કુદરતે આપણને પણ આવી ઉડ્ડયનશક્તિ કાં ન આપી? જાણે શાંત સમુદ્રમાં નૌકા સરી જતી હોય તેમ નીલ આકાશમાં તમે ગીધ અને સમડીને તરતાં જુઓ;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અબાબીલ અને કાનકડિયાંને, સર્વોત્તમ વિમાનોને પણ લઘુતાનો અનુભવ કરાવે એવી રીતે હવાનાં સ્વામી બનીને સહેલ કરતાં જુઓ, ત્યારે આંખ આશ્ચર્યમુગ્ધ બનીને તેમના પર ઠરી રહે છે.

શરદનું નિરભ્ર ને નીલરંગી આકાશ છે અને શિયાળાની ગુલાબી ઠંડી આવે તે પહેલાં ધાન્યને પકવવા સૂર્ય સોળે કળા વડે તપવાની તૈયારી કરી રહ્યો છે; તે આકાશમાં ચડે અને આપણી આંખોને આંજી દે તે પહેલાં આપણે આ પક્ષીઓના વ્યોમવિહારનું નિરીક્ષણ કરી આનંદ માણીએ.

કાનકડિયા (Swifts)

શરૂઆત તો આપણા ઘરથી, શેરીથી અને ગામથી જ કરીએ તો કેમ? પુરાણા મકાનની ચાલી અને છાપરાંની છત નીચે અંધાછાપા જેવાં લાગતાં કાળા રંગનાં પંખીઓ ક–ર્–ર્–ર્, ક–ર્–ર્–ર્ કરતાં આવે છે ને જાય છે અને સાંજ–સવાર આકાશમાં ટોળે મળી કિકિયારી મચાવે છે એમને તો તમે જોયાં છે ને? એ છે આપણા કાનકડિયા. ગામના ગઢના દરવાજાની કમાનમાં અને જૂનાં મકાનોની છતમાં માળા બાંધીને તેમાં એ રાતવાસો કરે છે. પંખી છે તો ચકલી જેવડું પણ લાંબા પાંખોને લીધે તે મોટું લાગે છે.


સામાન્ય કાનકડિયું

જે કુળનો હું અહીં પરિચય આપું છું તે એવું કુળ છે કે જેના નબીરા દુનિયાનાં સૌથી ઝડપી પંખી હોવાનું માન ધરાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેથી જ તેમનું અંગ્રેજી નામ 'સ્વિફ્ટ' એટલે 'ઝડપી' પડ્યું છે. આ કુળ વિષે આ કંઈ એક જ અજાયબી નથી. બીજી એક નવાઈ એ છે કે આ કુળનાં પક્ષીઓ ઝાડ ઉપર બેસી શકતાં નથી, જમીન ઉપર ઊતરી શકતાં નથી. તેઓ માળામાં રહે છે અથવા આકાશમાં રહે છે; ત્રીજી કોઈ ગતિ આ પંખી માટે નથી. ભૂલેચૂકે જો તે જમીન પર આવી પડે તો તેમના પગ એવા ટૂંકા અને નબળા હોય છે અને પાંખો એટલી લાંબી હોય છે, કે તે જમીન ઉપર બેસી શકે નહિ અને જમીન પરથી ઊડી પણ શકે નહિ. ચકલી જેવડા એટલે કે ૭ ઇંચ લાંબા તેના નાનકડા અને નાજુક દેહની પાંખોના સ્નાયુઓમાં લોખંડી તાકાત ભરી છે.

હું જે પંખીનો ઉલ્લેખ કરું છું તે સૌરાષ્ટ્રમાં કાનકડિયાના નામે અને અંગ્રેજીમાં હાઉસ સ્વિફ્ટના નામે ઓળખાય છે. પગ વિષે એક બીજી વિચિત્રતા એ છે કે જ્યારે બીજાં પક્ષીઓને ત્રણ આંગળાં આગળ અને એક પાછળ અથવા બે આગળ અને બે પાછળ હોય છે, ત્યારે કાનકડિયાને ચારે આંગળાં આગળ છે. જમીન ઉપર, ઝાડ ઉપર કે બીજે ક્યાંય તેઓ બેસી કેમ નથી શકતાં તે હવે તમે સમજી શકશો. તેઓ પગ ભરાવીને માળાની બાજુ પર લટકી શકે છે.

સાંજ–સવાર આકાશમાં કિકિયારી કરતાં ઊડતાં આ પક્ષીનાં ટોળાં સૌને સુપરિચિત છે; પરંતુ લોકો તેમને ભૂલથી અંધાછાપા માની બેસે છે. માણસની વસ્તીથી તેઓ દૂર નથી વસતાં. જૂનાં મકાનો, ગઢ, દરવાજા, મંદિરો અને મકાનોની છત અને એવી જગ્યાઓ નીચે એ પોતાના થૂંકમાં પીછાં, ઘાસ, તણખલાં વગેરે મેળવીને માળા બાંધે છે, અને તે માળાનો ઉપયોગ માત્ર ઈંડાં સેવી બચ્ચાં ઉછેરવામાં જ નહિ, પણ રોજ આશ્રય અને આરામ મેળવવા માટે પણ કરવામાં આવે છે.

કાનકડિયાને અબાબીલો તરીકે પણ ઓળખવામાં આવે છે;

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરંતુ એ નામ ભ્રામક છે. આપણે ત્યાં બધાં પંખીનાં નામ ન મળવાથી આપણે હિંદી નામો અપનાવીએ છીએ અને અબાબીલ એ હિંદી નામ છે; પરંતુ હિંદીમાં પણ એ નામ ભ્રામક છે; કારણ કે અબાબીલ Swallowનું નામ છે; અને અગાઉના દિવસોમાં સ્વૅલો તથા સ્વીફ્ટને એક જ કુળમાં મૂકી દેવામાં આવ્યાં હતાં. પરંતુ અબાબીલ અને કાનકડિયાને આવી ગંભીર ભૂલની ખબર પડી જાય અને તેઓ પ્રચંડ વિરોધ ઉઠાવે તે પહેલાં પક્ષીશાસ્ત્રીઓ આ ભૂલ સમજી ગયા અને અબાબીલના કુળમાંથી કાનકડિયાના કુળને છૂટું પાડી ક્યાંય છેટે લઈ ગયા! જૂના વખતના પક્ષીશાસ્ત્રીઓએ અબાબીલ અને કાનકડિયાના એકસરખા લાગતા ઉડ્ડયનથી છેતરાઈ ને કેવી ગંભીર ભૂલ કરી હતી! ક્યાં આગળ ત્રણ આંગળાંવાળું તાર ઉપર બેસી શકનારું અબાબીલ અને ક્યાં ચારે આંગળાં આગળ ધરાવનાર સાવ લૂલા પગવાળા કાનકડિયા!

રંગ અને રીતભાત: કાનકડિયાને ઓળખવા એ બહુ સહેલું કામ છે. ટીંટા ઉપર, દાઢી ઉપર અને ગળા પર સફેદ રંગ અને બાકીના શરીર પર કાળો રંગ ધરાવનાર આ પંખી તેની અર્ધચંદ્રાકારે આવેલી લાંબી અક્કડ પાંખો, પહોળી ખાંચવાળી ટૂંકી ચોરસ પૂંછડી અને ઊડતાં ઊડતાં કિકિયારી કર્યા કરવાની ટેવને લીધે તરત ઓળખાઈ આવશે. તે સ્વભાવે સમૂહચારી છે એટલે ટોળામાં જ ઊડે છે અને ટોળામાં જ રહે છે. તેમના માળા પણ પાંચ–પચીસ કે સોના હિસાબે ભેગા પાસે પાસે હોય છે; જાણે પંખીઓનું નગર વસ્યું છે!

૧૯મા સૈકાનું પક્ષીનગર

'જન્મભૂમિ'નું જૂનું કાર્યાલય જ્યાં હતું તેની સામે એક મકાનના ડેલામાં કાનકડિયાનું જે નગર વસેલું છે તે કંઈ નહિ તોપણ પોણોસો વર્ષનું જૂનું હશે. 'ઈહા'ના પ્રશંસનીય પુસ્તકમાં ઈ. સ. ૧૮૮૦માં તેનો ઉલ્લેખ છે. જો કાનકડિયાને રંજાડવામાં ન આવે તો તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાનું નગર છોડી જતા નથી. સૌરાષ્ટ્રના જૂના કિલ્લાઓના દરવાજાની છતમાં કાનકડિયાનાં નગર જોવા મળશે. માણસોથી તેઓ ટેવાયેલા છે. જ્યાં ગઢના દરવાજા જેવી ઊંચી છત ન મળે ત્યાં ઓસરીની નીચી છતમાં પણ તેમનાં નગર વસે છે. નાશિકની બજારમાં આવેલા એક મકાનની ઓસરીમાં ભરચક વસતી વચ્ચે પણ મેં તેમનું નગર વસેલું જોયું છે.



કાનકડિયાના માળા

કાનકડિયાની વિશિષ્ટતા તો તેના ઊડવામાં છે. જે પંખી ઝાડ પર, જમીન પર કે છાપરા પર બેસી ન શકે તેને અસાધારણ શક્તિવાળી પાંખો તો જોઈએ જ ને? વહેલી સવારથી મોડી રાત સુધી તેઓ આકાશમાં ઊડાઊડ કરે છે અને હવામાં ઊડતી જીવાતને મોંમાં પકડીને ખાઈ જાય છે. એમની ચાંચ ટૂંકી છે, પરંતુ બીજાં પક્ષીઓ કરતાં તેમનું મોઢું વધારે ઊઘડે છે. ખોરાક માટે ઊડતાં ઊડતાં તેઓ એકસો જેટલા માઈલ છેટે નીકળી જતાં હોય એવું પણ નોંધાયું છે. જે પંખી એક કલાકમાં સો જેટલા માઈલ કાપી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાખે એવા ઝડપી ઊડનારાં છે, તેને સો–બસો માઈલ હિસાબમાં પણ શું હોય? ઘણીવાર રાતનું અંધારું જામી ગયા પછી પણ તેઓ ચારો ચરીને ઘેર આવે છે. ઊડતી વખતે તેઓ બીજાં પક્ષીઓની જેમ જોરથી પાંખો નથી વીંઝતાં. તેમની પાંખો તો અક્કડ જ રહે છે, પણ માત્ર છેડા ધ્રૂજતા હોય છે. જ્યારે તેમને માળામાં આવવું હોય ત્યારે માળાની બાજુમાં આવેલા દરવાજામાં આવીને તેઓ ચોટી રહે છે અથવા તો સીધું તેમાં પડતું મૂકે છે. માળા માટેનાં પીછાં, તણખલાં વગેરે પણ તેઓ ઊડતાં ઊડતાં જ મેળવે છે. નસીબજોગે જો કોઈવાર ધરતી સાથે અથડાઈ પડે તો પછી ઊડવું ભારે થઈ પડે.

હવામાં ચકરાવા લેતા કાનકડિયા આનંદી પક્ષી છે. આવી ઝડપથી ઊડનારાં પંખી ઉત્સાહી અને આનંદી હોય જ ને? એ આનંદ અને ઉત્સાહને વ્યક્ત કરવા તેઓ ટ્ર્ર્ર્, ટ્ર્ર્ર્ એવો અવાજ કર્યા જ કરે છે. એમનું ઉડ્ડયન ઝડપી છતાં એવું સચોટ છે કે માળામાં આવતાં–જતાં તેઓ બીજે ક્યાંય અથડાઈ નથી પડતા. કાનકડિયાના પ્રજનનની કોઈ ચોક્કસ ઋતુ નથી, પણ મોટાભાગે તેઓ મહાથી ભાદરવા માસ સુધીમાં બેથી ચાર સફેદ ઈંડાં મૂકે છે અને કેટલીક વાર ઉપરાઉપર બે વ્યાતર પણ કરે છે. નર માદાને ઊડતાં ઊડતાં જ ગર્ભાધાન કરાવે છે. એવી પક્ષીશાસ્ત્રીઓની માન્યતાને શ્રી ધર્મકુમારસિંહજીએ જાતે નિરીક્ષણ કરીને ટેકો આપ્યો છે. કોઈના ગૃહસંસારમાં ડોકિયાં કરવાં તેમાં તમને અશિષ્ટતા લાગે, પણ વિજ્ઞાનશાસ્ત્રીઓ માટે તમારે અપવાદ કરવો જોઈએ.

વસ્તી : વાયવ્ય આફ્રિકાથી માંડીને અગ્નિ એશિયા સુધી વ્યાપક રીતે વસેલા આ કાનકડિયા કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ અને આખા હિંદમાં સુપરિચિત છે. કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં એક બીજી જાત પણ કોઈ વાર દેખાય છે. આપણે તેને **પહાડી કાનકડિયા** (The Alpine Swift) કહીએ છીએ. તેઓ આપણા કાનકડિયા કરતાં મોટા છે. અણીદાર ખાંચવાળી પૂંછડી, સફેદ પેટાળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને છાતી પર કોલર જેવો ઝાંખો કાળો પટો તેને ઓળખાવી દેશે. તે ખડક, ટેકરીઓ અને ડુંગરોવાળો પ્રદેશ પસંદ કરે છે અને તેની વસ્તી એટલી વ્યાપક અને મોટી નથી.

સૌરાષ્ટ્રમાં ગીરમાં અને ગુજરાતમાં ડુંગરાળ વિસ્તારમાં કલગીવાળા કાનકડિયા (The Crested Swift) પણ છે. તેનાથી પણ એક મોટી જાત હિમાલયમાં વસે છે અને તે દુનિયામાં સૌથી ઝડપી પંખી ગણાય છે.

માળા ખાઈ શકાય!: કાનકડિયા પોતાના થૂંકમાં પીછાં વગેરે મેળવીને માળા બાંધે છે. આપણા કાનકડિયા વધુપડતાં પીછાં અને તણખલાં વાપરે છે, પણ ચીનના કાનકડિયા ચીના જેવા જ ડાહ્યા અને સુઘડ છે. તેઓના માળા મોટેભાગે તેમના થૂંકના હોવાથી ચીનાઓ એ માળાને ગરમ પાણીમાં ઉકાળી 'સૂપ' બનાવીને પીએ છે!

તાડી કાનકડિયા (The Palm Swift)

આપણે ત્યાં કાનકડિયાની એક બીજી જાત સૌરાષ્ટ્ર, ગુજરાત ને મુંબઈમાં અને જ્યાંજ્યાં તાડનાં ઝાડ હોય ત્યાં થાય છે. પણ એ કચ્છમાં નથી. મુંબઈના સાલ્સેટ ટાપુમાં તો તે બહુ સામાન્ય પક્ષી છે.

તાડી કાનકડિયો

ધુમાડિયા રંગનું આ પંખી સામાન્ય કાનકડિયાથી એક ઈંચ નાનું એટલે કે પાંચ ઈંચનું છે. તેની વધારે લાંબી પૂંછડીમાં ઊંડી સાંકડી ફાટ છે અને તે પણ સામાન્ય કાનકડિયાની જેમ હવામાં ઘૂમ્યા કરે છે અને હવામાંથી જ જીવડાં પકડે છે. જો તમે તાડી કાનકડિયાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુઓ તો જાણવું કે પડોશમાં ક્યાંય તાડનું ઝાડ હોવું જ જોઈએ; કારણ કે સામાન્ય કાનકડિયાની જેમ તાડી કાનકડિયા કંઈ ૨૫–૫૦ માઈલ છેટે નથી નીકળી જતા. તેમની પાંખો એટલી બળવાન નથી અને ઝડપ પણ ઓછી છે.

હિંદીમાં જેને તાડી અબાબીલ કહે છે તે આ જ પંખી, પણ મેં ઉપર કહ્યું તેમ અબાબીલ નામ સ્વૉલોનું છે, સ્વીફ્ટનું નહિ; એટલે આપણે તો સૌરાષ્ટ્રમાં જે પ્રચલિત નામ છે તે જ અપનાવવું જોઈએ. તાડના પાનમાં તે પોતાના થૂંકમાં પીછાં અને ઘાસનાં તણખલાં મેળવીને નાનકડો માળો બનાવે છે અને વર્ષમાં બે વખત ગમે ત્યારે ત્રણથી પાંચ સફેદ ઈંડાં મૂકે છે. વર્ષાના આગમન પહેલાં ગરીબ લોકો પોતાનાં ઝૂંપડાં માટે તાડનાં પાન કાપે છે, ત્યારે તાડી કાનકડિયાના ઘણા માળાનો નાશ થાય છે.

તાડી કાનકડિયા રૂપાળું પંખી તો નથી, પણ આનંદી તો છે જ; અને ઉડ્ડયનમાં સામાન્ય કાનકડિયા જેવું મહત્ત્વાકાંક્ષી ન હોવા છતાં તે ઊડતાં ઊડતાં ટી–ટી–ટીના મીઠા અવાજથી પોતાનો આનંદ વ્યક્ત કરે છે અને વચ્ચેવચ્ચે વિસામો લેવા માળામાં જઈને બેસે છે.

ઉડ્ડયનના કૌશલ્યમાં કોઈ વિમાન પણ જેમની બરોબરી ન કરી શકે એવા આ કુળનાં પંખીઓનું ઉડ્ડયન જોવામાં મઝા છે.

અબાબીલ (Swallows)

જે કેટલાંક પંખીઓએ હવા પર પ્રભુત્વ મેળવ્યું છે એમાં અબાબીલ પણ છે, જે જમીન ઉપર ભાગ્યે જ ઊતરે છે અને કલાકોના કલાક સુધી હવામાં આસાનીથી પાંખો વીંઝયા કરી હવામાં ઊડતાં જીવડાં પકડીને ખાયા કરે છે. એવું આ પંખી એની પાંખોના સ્નાયુઓમાં કોઈ અજબ બળ ધરાવે છે. હવામાં તે જે ઝડપ અને આસાનીથી ઊડે છે અને જે ચપળતાથી અને સહેલાઈથી તે હવામાં હિલચાલ કરે છે તે બતાવે છે કે તેણે હવા પર કેવું સામર્થ્ય મેળવ્યું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે અને પાંખો પર કેવો કાબૂ છે! તેમનું નામ તો હિંદી છે. ગુજરાતીમાં તો એમનાં નામ ક્યાંથી નીકળે? પક્ષીઓ વિષે આપણે કેટલા અજ્ઞાન અને બેદરકાર છીએ!

અબાબીલ દેખાવ અને રીતભાતમાં કાનકડિયા જેવાં લાગે, પણ બંનેનાં કુળ જુદાં છે.

આપણે ત્યાં ત્રણ જાતનાં અબાબીલ જાણીતાં છે: (૧) સામાન્ય અથવા દેરાસરી અબાબીલ (The Common Swallow), (૨) તારોડિયું અથવા તારી અબાબીલ અથવા લેશરા (The Wire-tailed Swallow), અને (૩) કેંચી અથવા મસ્જિદ અબાબીલ (The Red-rumped Swallow). સામાન્ય અબાબીલ આશરે આપણી ચકલીના કદનું છે અને લાંબી ફાંટ ધરાવતી પૂંછડી અને અણીદાર પાંખો તથા ઉપરથી કાળા અને નીચે ગુલાબી ઝાંઈ-વાળા ધોળા રંગથી તરત ઓળખાઈ આવે છે. કાળો રંગ તડકામાં લીલી ઝાંઈ મારતો ચમકે છે. કપાળ અને દાઢી પર કાટ જેવો ઝાંખો રતૂમડો રંગ છે. એવો રંગ તો લેશરા અબાબીલને પણ છે; પરંતુ આપણા આ સામાન્ય અબાબીલથી તે બે રીતે જુદું પડી આવશે. લેશરા અબાબીલની પૂંછડી બે લાંબા તાર જેવી છે, તેનું માથું ગેરુ રંગનું છે અને ચાંચની નીચેથી પૂંછડીના મૂળ સુધી પેટાળ ચળકતા સફેદ રંગનું છે.


તારોડિયું, તારી અબાબીલ અથવા લેશરા અબાબીલ

સામાન્ય અબાબીલ આપણે ત્યાં યુરોપ, હિમાલય અને ઉત્તર એશિયામાંથી શ્રાવણ-ભાદરવામાં આવે છે. યુરોપમાંથી આવતા અબા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીલ વાયવ્ય હિંદમાં ફેલાઈ જાય છે. આ સામાન્ય અબાબીલ શિયાળો આપણે ત્યાં ગાળીને ચૈત્ર–વૈશાખમાં પાછાં જાય છે. તારોડિયાં અથવા લેશરા અબાબીલ તો આપણા દેશના કાયમી વતની છે, છતાં પણ ઋતુ પ્રમાણે દેશમાં હરેફરે છે. તેને પાણીવાળા વિસ્તાર પર ઊડવું વધારે ગમે છે. ત્રીજું અબાબીલ આપણે ત્યાં છે, તેનું નામ કેંચી અથવા મસ્જિદ અબાબીલ. રંગ ઉપરથી તે પહેલાં બે અબાબીલથી જુદું તરી આવશે. તેની પૂંછડી પણ ખાંચાવાળી છે. એ પણ આપણી ચકલી જેવડું જ એટલે છ ઇંચ લાંબું છે અને ઉપરથી તેના ચળકતા કાળા રંગ વચ્ચે ઢીંઢા પર રતૂમડો ગેરુ રંગ તરત જ ઓળખાઈ આવશે. નીચેનો તમામ ભાગ ઝાંખો સફેદ છે, પણ તેમાં ભૂરા રંગની ઝીણી રેખાઓ છે. ઉપરનો બધો ભાગ પણ કાળો નથી; પાંખોમાં અને પૂંછડીમાં ભૂરો રંગ પણ છે. માથાની બંને બાજુ ગેરુ જેવો રંગ છે. આમ મસ્જિદ અબાબીલ ખાસ કરીને રાતા ઢીંઢા વડે બીજાં અબાબીલો-થી તરત જુદું પડી આવશે. આ અબાબીલ પણ લેશરા અબાબીલની જેમ આપણે ત્યાં બારે માસ પણ રહે છે. ખંડિયરો, ભેખડો, ગુફાઓ અને ટેકરાળ પ્રદેશમાં તે વસે છે. પુરાતન મસ્જિદો અને મંદિરો પાસે વસવાના કારણે તેને હિંદીમાં મસ્જિદ અબાબીલ નામ

તાર ઉપર બેસવાની અબાબીલની છટા

મળ્યું છે.

બધાં અબાબીલની રીતભાત સરખી છે. તેઓ જમીનથી થોડે જ ઊંચે હવામાં ઊડ્યા કરે છે. અમુક પટ પસંદ કરે અને એ પટ ઉપર છૂટાછવાયાં થઈને ઊડ્યા કરે અને હવામાંથી જીવડાં પકડ્યા કરે. અબાબીલની ચાંચ ટૂંકી છે. મોઢું ઉઘાડીને જીવડાંને ચાંચમાં હવામાં જ પકડી લે છે. પાણીના પટ ઉપર પણ તેઓ ઊડ્યા કરે છે અને પાણી ઉપર તરતાં જીવડાંને પણ તેઓ પકડી લે છે. ઘણી-વાર ત્રણે જાતનાં અબાબીલ સાથે જોવામાં આવશે. જ્યારે તેઓ ખોરાક માટે ઊડતાં નહિ હોય ત્યારે ટેલિફોન અને ટેલિગ્રાફના તાર પર પચીસ–પચાસ કે સેંકડોની સંખ્યામાં બેઠેલાં જોવામાં આવશે. હળવું હળવું ટ્રરર–ટ્રરર કરતાં, પીછાં સાફ કરતાં અને હરોળમાં બેઠેલાં અબાબીલનો દેખાવ મનોહર લાગે છે. મેં તમને ઉપરના ભાગે તેમનો કાળો રંગ કહ્યો છે, પણ જો સૂર્યના પ્રકાશમાં તમે જોશો તો જણાશે કે કાળો નથી પણ પોલાદ જેવો કાળો લીલી ઝાંય મારતો રંગ છે. એ પોલાદી અને સફેદ રંગ પર જ્યારે પ્રકાશ પડે છે ત્યારે તે શોભી ઊઠે છે.

એમના ઉડ્ડયનનાં પણ શાં વખાણ કરવાં! તેમની પાંખોની શક્તિની શી પ્રશંસા કરવી! પાણીની સપાટી પરથી કેવી સિફતથી તે જીવડાં પકડી લે છે, તે તો તમે નજરે જુઓ તો ખબર પડે. કાનકડિયા જ્યારે ઉપર આકાશમાં ઊડે છે ત્યારે અબાબીલ જમીન અને પાણીની લગોલગ ઊડ્યા કરે છે.

અબાબીલ શરમાળ પંખી નથી. રાજમાર્ગો પર પણ તેઓ ઊડતાં દેખાશે અને તમારી બાજુમાંથી પણ તેઓ વારંવાર નીકળ્યા કરશે. તેમની અદ્‌ભુત ઉડ્ડયનશક્તિ અને ચપળતાએ તેમને એટલો આત્મ-વિશ્વાસ આપ્યો છે.

ખેતરો પર; પાણી પર, ખાસ કરીને બંધિયાર પાણી પર,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યાં હવામાં જીવડાં ખૂબ હશે ત્યાં અબાબીલ જરૂર મળશે. અબાબીલ તે સમૂહચારી છે એટલે તમારે એકલદોકલ પંખી શોધવાનો શ્રમ નહિ લેવો પડે, અને પોતે પસંદ કરેલા પટને છોડીને તેઓ આગળ નથી નીકળી જતાં, એટલે તમે નિરાંતે તેમનું નિરીક્ષણ પણ કરી શકશો. કોઈ વાર તેઓ પુલની દીવાલ પર, અગાશી પર અને ઝાડ પર પણ બેઠેલાં દેખાશે. તેઓ ધરતી પર પણ બેસી શકે છે. બચ્ચાં ઊડતાં શીખે એટલે માબાપ તેમને ચારો ચરવા સાથે લઈ જાય છે અને હવામાં જ તેઓ પોતાનાં મોંમાંથી બચ્ચાંનાં મોંમાં જીવડાં મૂકી દે છે. તેના પરથી તમને ખ્યાલ આવશે કે આ પંખી કેવી આસાનીથી હવામાં ઊડે છે. જૂનાં મકાનો અને ખંડિયેરો પાસે પણ અબાબીલ ઊડતાં હશે. અબાબીલો પુલ નીચે, છાપરા નીચે કે એવી ઢાંકેલી જગ્યામાં કાદવ ચોંટાડીને તેનો માળો બાંધે છે, જે પીંછાંથી સુલાયમ કરવામાં આવે છે. પરંતુ મસ્જિદ અબાબીલ એવો ઉઘાડો માળો બનાવવાને બદલે બે ઇંચના વ્યાસની અને ૪થી ૧૦ ઇંચ લાંબી નળી બનાવે છે અને તેમાં છેડે દડા જેવો માળો બનાવે છે. ચૈત્રથી શ્રાવણ સુધીનો કાળ એ તેમની પ્રજનનઋતુ. સામાન્ય અબા-બીલ આપણે ત્યાં પ્રજનન નથી કરતાં.

ભેખડ અબાબીલ (The Indian Cliff Swallow) નામનું એક વધુ અબાબીલ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં શિયાળો ગાળવા આવે છે અને છૂટાંછવાયાં સ્થળોએ દેખાય છે. સામાન્ય અબાબીલ જેવો તેનો રંગ છે, પરંતુ ભૂરું દીઠું, ટૂંકી અને નાની ખાંચવાળી ચોરસ જેવી લાગતી પૂંછડી તથા છાતી અને ગળા પરની ભૂરી રેખાઓ ઉપરથી ઓળખાઈ આવશે.

આ અબાબીલ શરીરરચનામાં ઉપરનાં બીજાં અબાબીલોને અને હવે પછી જેમનો પરિચય આપેલ છે તે અબાલી પક્ષીઓ-(Crag Martins)ને સાંધતી કડી જેવાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અબાલી અથવા ગાર અબાબીલ
(The Dusky Crag Martin)

અબાબીલના કુળનું એક બીજું પંખો આપણે ત્યાં જાણીતું છે. તેનું નામ ખડકની અબાલી. ચકલીથી તે જરા નાનું છે. અબાબીલથી અબાલી એક રીતે તરત જુદું પડી આવશે. અબાલીની પૂંછડી લંબચોરસ છે અને તેમાં બહુ નાનો ખાંચો છે. પાંખો તો અબાબીલ જેવી જ અણીદાર ને લાંબી છે. રંગ મશિયો કાળો. ખડક, ભેખડ, જૂના કિલ્લા વગેરે હોય ત્યાં તેને રહેવું ગમે છે. એ પણ ટોળામાં રહે છે, પણ તાર પર બેસવાને બદલે ખડકની કાંગરીઓ પર બેસશે. તેનું ઉડ્ડયન પણ અબાબીલ જેવું જ છે. ખડક ઉપર બેસે ત્યારે તેના રંગ સાથે ઓતપ્રોત થઈ જાય. ભેખડોની બાજુમાં જ તેઓ આસાનીથી ઊડતાં હોય. તમને એમ લાગે કે હમણાં ભેખડ સાથે ભટકાઈ પડશે. જૂનાં ખંડિયેર મકાનો પણ તેમને ગમે છે. જ્યારે તેઓ ઊડતાં નહિ હોય ત્યારે ખડકની કાંગરીઓ પર બેઠાં હશે. તેમનો અવાજ ચિટ્–ચિટ્ એવો છે. અજન્ટા, ઈલોરા, એલિફન્ટા, કેનેરી વગેરે ખડકમાંથી કોતરેલી ગુફાઓ પાસે તેમની વસ્તી જરૂર દેખાશે. સ્વભાવમાં તેઓ અબાબીલ જેવાં જ છે. અબાબીલની જેમ તે ઊડતાં ઊડતાં જીવડાં પકડે છે. પવનના પ્રવાહ પર સવાર થઈને ઊડવું તેમને ગમે છે.

તેઓ પણ છત નીચે અને આગળ પડતા ખડક નીચે ચોમાસામાં કાદવ, પીછાં અને તણખલાંનો માળો બાંધે છે અને ૩–૪ ઈંડાં મૂકે છે. મહાગુજરાત અને મુંબઈનું તે સ્થાયી અધિવાસી છે પણ ઋતુ પ્રમાણે સ્થળપલટો કરે છે.

ચંડૂલનું કુળ (Larks)

ભારતવર્ષનાં શ્રેષ્ઠ પંખીઓની હરોળમાં આવનારાં કેટલાંક ઉત્તમ પક્ષીઓ આ કુળમાં છે. અહીં હું સૌંદર્યની વાત નથી કરતો. ઊડીને આંખે વળગે એવા રંગો ચંડૂલના કુળનાં પંખીઓને નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉજ્જડ પ્રદેશ સાથે ઓતપ્રોત થઈ જાય એવા ભૂરા અને ભૂખરા રંગોથી તેઓની કાયા મઢેલી છે. પણ કોઈ દેશના કવિઓ જેના વિષે કવિતાઓ ગાતાં કદી ધરાયા નથી એવાં આ પક્ષીઓના મધુર સંગીતની તોલે થોડાં જ પંખી આવશે. હિંદુસ્તાનમાં નાઇટિંગેલ નથી, શામા છે. એ સર્વશ્રેષ્ટ ગાયકના સંગીતથી તો હું મંત્રમુગ્ધ બની જાઉં છું, પરંતુ એ સાંભળવા માટે તો પહાડોની ખીણમાં કે ગીચ જંગલમાં જવું જોઈએ. તેનો પિત્રાઈ દૈયડ આપણા બાગબગીચામાં અને ફળિયાના વૃક્ષમાં ગાય છે, પરંતુ ચંડૂલનાં કુળનાં પંખીઓના ગળામાં જે દર્દ છે, જે મીઠાશ છે, જે વૈવિધ્ય છે, તે દૈયડમાં નથી.

વેરાનમાં, રણપ્રદેશમાં, ખેતરાઉ જમીનમાં, વગડામાં અને ઘાસથી છવાયેલી જમીનમાં વસનારાં આ પક્ષીઓ આસપાસની જમીન સાથે રંગે એવાં ઓતપ્રોત થઈ જાય છે, કે જ્યાં સુધી એ ઊડે નહિ અથવા હલનચલન ન કરે ત્યાં સુધી તેઓ તમારી નજરે નહિ ચડે. જીવાત અને દાણા તેનો ખોરાક છે. આ કુળનાં ઘણાંખરાં પંખી રંગે ચકલી જેવાં છે, કોઈને માથે કલગી અથવા ચોટી છે. તેઓ ચકલીની જેમ બે પગે ઠેકતાં નથી, પણ એક પછી એક પગ માંડીને દોડે છે. થોડુંક દોડીને ઊભા રહી જવું, દાણા કે જીવડાં માટે જમીનમાં ચાંચ મારવી અને પછી વળી દોડવું એ એમની ખાસિયત છે. તેઓ ધરતી ઉપર માળા બાંધે છે.

પ્રાચીન કાળથી ચંડૂલના કુળનાં પક્ષીઓ પક્ષીપ્રેમીઓનાં માનીતાં છે. પક્ષી પાળનારાઓની પસંદગી આ પક્ષીઓ પર ઊતરે છે. પાંજરામાં પણ તેઓ ગાય છે. પાંજરામાં તેને ઘીમાં કાલવેલા દાળિયાનો લોટ અને દાણા આપો, અવારનવાર જીવડાં પણ આપો એટલે તે તંદુરસ્ત રહેશે. શોખીનો તેને નાના પાંજરામાં પૂરી તેની ઉપર કપડું વીંટી રાખે છે ત્યારે પ્રકૃતિના મુક્ત જીવનમાંથી બાતલ થયેલું આ પંખી તેના દર્દભર્યા દિલમાંથી અને મધભર્યા ગળામાંથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંગીતની ઝડી છોડે છે.

પણ પાંજરાના પંખી કરતાં વનવગડાના પંખીને તેમના મુક્ત જીવનમાં જોવાની અને સાંભળવાની વધુ મજા છે.

કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના ટાપુઓમાં આ કુળનાં વિવિધ પંખીઓ છે અને એમની વિવિધ પેટા જાતો છે. સાલિમઅલીએ કચ્છનાં પક્ષીઓનું અન્વેષણ કર્યું તેમાં આ કુળનાં દસ જાતનાં પક્ષીઓ મળી આવ્યાં છે. આ પક્ષીઓ મુખ્યત્વે ખુલ્લા વગડા અને વેરાન પ્રદેશનાં વતની છે અને મુંબઈના ટાપુઓમાં વેરાન પ્રદેશ તો બહુ ઓછો છે, છતાં ત્યાં પણ પાંચ જાતો વસે છે. શ્રી. ધર્મેંદ્રકુમારે સૌરાષ્ટ્રમાં નવ જાતોનો ઉલ્લેખ કર્યો છે અને શ્રી. સાલિમઅલીએ મહાગુજરાતમાં વસતી ૧૧ જાતો બતાવી છે. આ પક્ષીઓની પેટા જાતો તો તેમને હાથમાં લીધા વિના ભાગ્યે જ નક્કી કરી શકાય અને એમના રંગ, રૂપ અને આકાર જોઈને કોણ ચંડૂલ, કોણ અગન, કોણ રેતલ, કોણ ઘાઘસ, કોણ ભરત, એ કહેવા માટે પણ થોડા અભ્યાસની જરૂર છે. બની શકે એટલી સરળતાથી તમે તેમને ઓળખી શકો એ માટે હું અહીં તેમનાં મુખ્ય લક્ષણો આપું છું.

નાનું ભરત અથવા જલઅગન

(The Small Indian Skylark)

૭ ઇંચ લાંબું એટલે આપણી ચકલી જેવડું અને દેખાવમાં પણ ચકલી જેવું આ પંખી ઉપરથી ભૂરું છે. પાંખો અને પૂંછડી ઘેરા ભૂરા રંગનાં પણ તમે ઝીણવટથી અને પાસેથી જુઓ તો દરેક પીછાની વચ્ચે ઝાંખો કાળો રંગ છે અને દરેક પીછાની કોર પીળચટ્ટી (પીળાશ પર ભૂરી) છે. માથે કલગી અથવા ચોટી છે, પણ સ્પષ્ટ રીતે દેખાતી નથી. આંખ ઉપર અને નીચે પીળાશ પર ભૂરી લીટી છે. પૂંછડીની કોરનાં બન્ને બાજુનાં પીછાં ધોળકાતા ભૂરા રંગનાં છે. ચેટાળ ધોળકાતા ભૂરા રંગનું છે, છાતીની બંને બાજુ પીળચટ્ટો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભૂરો રંગ છે, ગળા પર ભૂરાં ટપકાં અને છાતી પર ભૂરી રેખાઓ છે.



ભરત અથવા જલઅગન

ચાંચ અને પગ પીળાશ પર ભૂરાં. આંખના ડોળા ઘેરા ભૂરા.

ભરત ઊડશે ત્યારે તેની પૂંછડીની બંને કોરનો ધોળકાતો ભૂરો રંગ તરી આવશે. તેને જમીન બરોબર બેસવાની ટેવ છે અને આપણે પાસે જઈશું ત્યારે તે પહેલાં ઊડી જવાને બદલે દબાઈને જમીન બરાબર બેસી જશે. બારીકાઈથી જોશો તો તેની ટચૂકડી કલગી પણ દેખાઈ આવશે.

ભરત ખેડાણ કે ચરિયાણ જમીન પર વસે છે. તેનો રંગ આસપાસની જમીન સાથે એવો ભળી જાય છે કે તમારું સદ્‌ભાગ્ય હોય તો જ તે તમારી નજરે ચડે. તેને જોયા પછી પણ તમે જો ચંડૂલના કુળને ઓળખતા ન હો તો તમે એમ જ માની બેસો કે એ ચકલી છે; પરંતુ ચકલી હંમેશાં બે પગે ઠેકડા મારીને ચાલે છે, જ્યારે ચંડૂલના કુળનાં પક્ષીઓ એક પછી એક પગ માંડીને દોડે છે. ભરતને શોધવામાં એક બીજી પણ મુશ્કેલી નડે છે. તે થોડુંક દોડે અને જમીન સરખું દબાઈને બેસે, વળી થોડુંક દોડે અને પાછું જમીન સરખું દબાઈને બેસે. ચરિયાણ કે ખેડાણ જમીનમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જે દાણા ખર્યા હોય તે તથા જીવડાં તેનો ખોરાક છે. તમે તેની પાસે જાઓ તો દબાઈને બેસી જાય અને પછી ન છૂટકે ઊડે ત્યારે ચી–ઈ–ઈ એવો અવાજ કરીને ઊડે. ઊડવાની રીત ધાનચીડી જેવી ઊંચીનીચી છે, સીધી લીટીમાં નહિ. છેટે જવું હોય તો જ તે ઊંચું ઊડે.

ભરત તેના ગળાની મીઠાશ અને આકાશમાં ઊંચે ચડીને ગાવાની ટેવ માટે વિશ્વવિખ્યાત છે. પ્રાચીન કાળથી સર્વ દેશના કવિઓ ભરત અને તેનાં કુટુંબીઓ વિષે પોતાનાં કાવ્યોમાં મુક્તકંઠે પ્રશંસા કરતા આવ્યા છે. પછી જિંદગીમાં કદી ભરત–ચંડૂલ જોયાં હોય કે ન જોયાં હોય અને કવિઓમાં તો ભાગ્યે જ કોઈએ જોયાં હશે!

શિયાળા દરમિયાન તમે ભરતને થોડું જ ગાતાં સાંભળશો. પરંતુ ગ્રીષ્મ આવે છે ને ભરતનું ગળું ખૂલી જાય છે. ગ્રીષ્મ અને વર્ષા તેના પ્રજનનની ઋતુ. ત્યારે એ પ્રેમમસ્ત બને છે. તેના નાનકડા દેહમાં આનંદ સમાતો નથી ને મુક્ત મનથી ગાવા માટે ગળું મોકળું મૂકી દે છે. તે જમીન ઉપરથી લગભગ કાટખૂણે સીધી લીટીમાં આકાશમાં ચડે છે, પગ નીચે લટકતા હોય, પાંખો જોરથી ફફડતી હોય અને ગાતું ગાતું ઊંચે ચડતું જાય; એટલું ઊંચે ચડે કે આકાશમાં શોધ્યું ન મળે. ત્યાં તે બહુધા પવનની સામે મોઢું કરી ઊભા કરે અને ગાયા કરે. એના ગળામાં અખૂટ મીઠાશ ભરી છે. આમ એકધારું સંગીત છેડ્યા પછી થોડી વારે તે નીચે ઊતરવા લાગે. થોડું નીચે ઊતરીને અટકી જાય, ત્યાં થોડું ગાય, વળી પાછું નીચે ઊતરવા લાગે, ત્યાં અટકીને ગાય અને છેવટે જ્યારે ધરતી થોડે છેટે રહે ત્યારે અચાનક ડૂબકી મારીને જમીન પર બેસી જાય અને ધરતીના રંગ સાથે ભળી જાય. ક્યાં બેઠું તેની તમને ખબર જ ન પડે. આમ આખો દિવસ ચાલ્યા કરે. વહેલી સવારથી રાત સુધી આકાશમાં ઊંચે ચડીને ગાવાની તેના ટેવને લીધે જ તેનું અંગ્રેજી નામ સ્કાય–લાર્ક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડયું છે. લાગણીવશ હોય, માદા સાથે પ્રેમ કરતો હોય ત્યારે કલગી ઊંચી થઈ જાય છે.

જમીન ઉપર ભરત સહેલાઈથી નજરે ન ચડે, પણ અવાર-નવાર તેના ગળામાંથી મીઠા સૂર નીકળતા હોય એટલે તેની હાજરીની જાણ થઈ જાય અને તે ઉપરથી તેને શોધી શકાય.

ભરત ફાગણથી ભાદરવા સુધીમાં એક કે બે વ્યાતર કરે છે. તેઓ ખાડામાં અથવા માટીનાં ઢેફાં કે મૂળિયાંની ઓથે ઘાસ અને તણખલાંનો માળો બાંધી, ૩થી ૪ ઈંડાં મૂકે છે. ઈંડાંનો રંગ તો રેશમી સફેદ હોય છે, પણ તેની ઉપર પીળાશ પર કે જાંબુડા ભૂરા રંગનાં છાટણાં અને છૂંદણાં એટલાં બધાં હોય છે કે તેનો રેશમી સફેદ રંગ ઢંકાઈ જાય છે અને જમીનના રંગ સાથે ઈંડાં ઓતપ્રોત થઈ જાય છે તથા ઘાસ સાથે માળો ઓતપ્રોત થઈ જાય છે.

વસ્તી : આ વ્યોમવિહારી ભરત કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ અને આખા હિંદમાં અનુકૂળ સ્થળે વસે છે. તે પરદેશી પંખી નથી. આપણે ત્યાં બારે માસ વસે છે; પણ ઋતુ પ્રમાણે તે સ્થાનપલટો કરે છે ખરો. જંગલ કે ઊંચા ઘાસવાળા બીડમાં આ પંખી નથી વસતાં. હિંદ બહાર તે પશ્ચિમમાં તુર્કસ્તાનથી પૂર્વમાં હિંદીચીન સુધી વસે છે. યુરોપમાં સ્કાય-લાર્ક તરીકે પ્રખ્યાતિ પામેલું પંખી પણ આપણા ભરતની જ જાતનું છે.

ચંડોળ અથવા ચંડૂલ (Franklin's Crested Lark)

હવે આવે છે કલગીથી તરત જ ઓળખાઈ આવે એવો ચંડૂલ. એ પણ આપણે ત્યાં બારે માસ રહે છે. ચકલી અને ભરતથી તે એક ઇંચ મોટો છે; એટલે કે સાત ઇંચ લાંબો છે. તેના મટોડી રંગના ભૂરા શરીર પર ઝાંખી કાળી રેખાઓ છે. આંખ ઉપર પીળ-ચટ્ટા ભૂરા રંગની એક રેખા છે. પેટાળ ધોળકાતા ભૂરા રંગનું અને ભૂરી રેખાઓવાળું છે. પગ અને ચાંચ શિંગડાના રંગનાં છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ આ ચંડૂલને ઓળખવા રંગની ઝીણવટમાં ન ઊતરો

ચંડૂલ

તોપણ ચાલશે. તેને માથે અણીદાર લાંબી કલગી એવી ઊભી છે કે તમે તેને તરત ઓળખી કાઢો. અજાણ્યા માણસને તો આ કુળનાં બધાં પક્ષીઓ ચકલી જેવાં લાગે, પણ આ ચંડૂલને ઓળખવામાં તો કોઈ ભૂલ ન કરે. આ ચંડૂલ ઉત્તરમાં હિમાલયથી પૂર્વમાં બિહાર સુધી, દક્ષિણમાં મધ્યપ્રાંત સુધી અને પશ્ચિમમાં સૌરાષ્ટ્ર સુધી વ્યાપક છે. સૌરાષ્ટ્રના કંઠાર પ્રદેશમાં તે અચૂક જોવા મળશે. તેનાં લક્ષણ ભરત જેવાં જ છે. આ ગાયક પક્ષી શોખીનો પાસે પાંજરામાં પણ જોવા મળશે.

દેવચંડૂલ અને મલબારી ચંડુલ

આ ચંડૂલની બીજી જાતો છે. દેખાવમાં લગભગ તેના જેવાં જ પણ જરા નાનાં છે. બંનેને માથે સ્પષ્ટ દેખાતી કલગી છે. એકનું નામ દેવચંડૂલ–અંગ્રેજી નામ સાઈકિસ ક્રેસ્ટેડ લાર્ક અથવા સ્મોલ ક્રેસ્ટેડ લાર્ક અને બીજાનું નામ મલબારી ચંડૂલ–અંગ્રેજી નામ મલબાર ક્રેસ્ટેડ લાર્ક. દેવચંડૂલ રજપૂતાનાથી મહીસુર સુધી ફેલાયેલ છે. સૌરાષ્ટ્રના કંઠાર પ્રદેશમાં પણ મેં તેને જોયેલ છે. મલબારી ચંડૂલ અમદાવાદથી ત્રાવણકોર સુધી માત્ર પશ્ચિમ કાંઠા ઉપર જ વસેલ છે. મુંબઈમાં છે તે મલબારી ચંડૂલ.

કચ્છમાં અને સૌરાષ્ટ્રમાં વસે છે એ દેવચંડૂલ. તેના શરીર પર ખાસ કરીને છાતી અને પેટ ઉપર ઝાંખી રતૂમડી ઝાંય છે, એટલે તેને બીજાં ચંડૂલોથી જુદું તારવી શકાય તેમ છે.

ચંડૂલોની રીતભાત અને ખાસિયતો છે તો ભરત જેવી જ, દેવચંડૂલ બીજાના અવાજનું અનુકરણ કરવામાં નિષ્ણાત છે, શોખીનોનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ પ્રિય પંખી છે, પણ ભરત જેટલો તેનો અવાજ બુલંદ નથી.

ભરતનું સંગીત વધે કે ચંડૂલનું તે વિશે મતભેદો છે. પણ દેવચંડૂલ શોખીનોનું માનીતું પંખી છે અને પાળવા માટે તેની પસંદગી કરવામાં આવે છે; કારણ કે તેને ઘણું ઘણું શીખવી શકાય છે.

ચંડૂલો ખેડાણ, ચરિયાણ, વેરાન અને રેતાળ પ્રદેશમાં પણ વસે છે, ખારી જમીનને પણ તેમણે ત્યાજ્ય નથી ગણી. ગામડાના રસ્તા પર પણ તેઓ આંટા મારે છે અને ઢોરના છાણને ફેંદી તેમાંથી દાણા શોધીને ખાઈ જાય છે! દાણા અને જીવડાં તેનો ખોરાક છે. સ્વભાવે તે શરમાળ નથી. તમે તેને ભડકાવો નહિ તો તે હળી જશે. ઊભી ટટ્ટાર રહેતી કલગી તેનું વિશિષ્ટ લક્ષણ છે. તે ટૂ–ર–ર–ર અને ટિ–વીટ–ટીઈ એવા અવાજ કરે છે, પણ ગાય છે ત્યારે માટીના ઢેફાં પર, જાળાં–ઝાંખરાં પર, વાડ ઉપર કે આકાશમાં ચડીને ગાય છે. ધરતી પર નર માદાને રીઝવતો અને પ્રેમ કરતો હોય ત્યારે તેના રંગઢંગ જોવા જેવા હોય છે.

વર્ષાઋતુ તેનો પ્રજનનકાળ. ઢેફાં, પથ્થર કે છોડવાની ઓથે તે જમીન ઉપર ખાડામાં માળો બાંધે છે. ખડ, ઊન, રેસા વગેરેના ખુલ્લા માળામાં તેઓ ૩થી ૫ ઈંડાં મૂકે છે. પીળાશ પર ખાખી ભૂરા રંગનાં ઈંડાં પર ઘાટાં ભૂરાં છાંટણાં હોય છે, જેને લીધે ઈંડાં તરત નજરે નથી પડતાં.

આગિયા અગન

The Red-winged Bush Lark

હિંદી નામ જંગલી આગ્ગિયા છે. આ પક્ષી ચકલી જેવડું જ એટલે કે ૭ ઇંચ લાંબું છે. આગિયા અગનની કેટલીક જાતો ભારતમાં થાય છે.

પાંખ ઉપર રતૂમડા પટા ઉપરથી તરત તેને ઓળખી શકાશે.

૧૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શરીરના ઉપરના ભાગે ઝાંખો પીળચટ્ટો અથવા ખાખી ભૂરો રંગ છે અને કાળાશ પર ભૂરી રેખાઓ છે. પૂંછડી પણ કાળાશ પર ભૂરી છે, પણ વચ્ચેનાં પીછાં ભૂરાં છે. આંખ ઉપર પીળચટ્ટી ભૂરી રેખા છે, ગળા પર ઝાંખો ધોળો રંગ ધોળકાય છે, છાતી પર કાળાશ પર ભૂરાં ટપકાં છે તે બાદ કરતાં આખું પેટાળ ધોળકાતા પીળચટ્ટા ભૂરા રંગનું છે. ઊડે છે ત્યારે પાંખનો રતૂમડો રંગ તરત ધ્યાન ખેંચે છે. માથે નાની સૂતેલી ચોટલી તરત નજરે નથી પડતી.



આગિયા અગન

આગિયા અગન પણ આપણે ત્યાં બારે માસ રહે છે, પણ તેની વસ્તી એકસરખી નથી; એટલે ક્યાંક તે ખૂબ જાણીતું છે, ક્યાંક તે શોધ્યુંયે નહિ મળે. તે વેરાન વગડાનું પંખી છે. જ્યાં છૂટાંછવાયાં છોડ અને જાળાં–ઝાંખરાં હોય, કાંકરા અથવા રેતીવાળી જમીન હોય ત્યાં તે વસે છે. તેની રીત ભરતને મળતી આવે છે. તમે તેની પાસે જશો તો તે દબાઈને બેસી જશે. પછી ઊડશે ત્યારે પણ ઊડીને ક્યાં બેસવું તે નક્કી કર્યા વિના. આ કુળનાં અન્ય ગાનારાં પક્ષીઓની જેમ તે લગભગ કાટખૂણે ઉપર ઊડી જઈને ગાય છે. મોટાભાગે તે કોઈ છોડ, કાંટા કે ઢેફા ઉપરથી ઊડે છે અને ઊંચે ચડી થોડું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાઈને પાછો નીચે આવે છે ત્યારે પાંખોને પીઠ ઉપર ઊભી રાખીને અને પગ લટકતા રાખીને ગાતો ગાતો ઊતરે છે અને જમીન પર કે કોઈ છોડ કે ઢેફા પર બેસી જાય છે. પ્રજનનઋતુમાં તો તેને આખો દિવસ જાણે ગાવા સિવાય બીજું કંઈ કામ જ નથી હોતું; પરંતુ ભરત જેટલું તેનું સંગીત ઉચ્ચ કક્ષાનું નથી. ભરત જેટલું ઊંચે ચડીને તે લાંબો વખત આકાશમાં રહેતું પણ નથી.

ભરત અને ચંડૂલની જેમ આગિયા અગન પણ જમીન ઉપર માળો બાંધે છે, પણ તે ઉપરથી વધુ ઓછે અંશે ઢાંકેલો હોય છે. ઋતુ વસંત અને બીજીવાર વર્ષા. ઈંડાં ૩થી ૪.

અગન (The Singing Bush Lark)

આગિયા અગનનો આ પિતરાઈ ભાઈ પણ રંગેરૂપે લગભગ એના જેવો જ છે. આગિયા અગનની પાંખનો રતૂમડો રંગ વધારે છે અને અગનમાં ઓછો છે. નામ પ્રમાણે તેના ગુણ છે. નર આકાશમાં જઈને પવન સામે ઊડતો વિહાર કરે છે અને મુક્ત કંઠે મીઠા સંગીતની ઝડી વરસાવે છે. આગિયા અગનનો આકાશવિહાર થોડી મિનિટમાં પતી જશે, ત્યારે અગન માટે સાલિમઅલી લખે છે કે મેં ૪૦ મિનિટ સુધી તો તેને એકધારું ઊડતાં અને ગાતાં જોયેલ છે. તે પછી અને તે પહેલાં તે જેટલો વખત આકાશમાં રહ્યું હોય તે વળી જુદું! તેનું સંગીત કલગીવાળા ચંડૂલ જેવું છે. તેને પણ આગિયા અગનની જેમ પહેલી નજરે ન દેખાય એવી નાની અને સૂતેલી ચોટલી છે.

અગન આપણા શ્રેષ્ઠ ગાયકોમાં સ્થાન ધરાવે છે અને પંખી પાળનારા શોખીનોની પસંદગી તેની ઉપર પણ ઊતરે છે. આ કુળનાં જે પક્ષીઓને પાળવામાં આવે છે તેમને ઘીમાં દાળિયાનો લોટ અને કોઈ વાર માંસ ભેળવીને આપવામાં આવે છે, તદુપરાંત દાણા અને અવારનવાર થોડી જીવાત પણ અપાય છે કે જેથી તેઓ તંદુરસ્ત રહે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગનની પ્રજનનઋતુ વર્ષા છે. જેઠથી ભાદરવા સુધી તેઓ જમીન ઉપર કોઈ આડચની ઓથે, ઘાસમાં કે ઝાંખરા નીચે માળો બાંધે છે. તેમનો માળો ઉપરથી જરા ઢાંકેલો પણ હોય છે. જુદી જુદી ઝાંયવાળાં ઈંડાં ઉપર એટલાં બધાં છાંટણાં હોય છે કે તેનો પીળાશ પર ધોળો રંગ ઢંકાઈ જાય છે.

આગિયા અગન અને અગનનાં અંગ્રેજી નામ સૂચવે છે તેમ તે છોડવા, જાળાં, ઝાંખરાં, ઢેફાં વગેરે પર છૂટથી બેસે છે.

રણનું ચંડૂલ અથવા રેતલ (The Desert Lark)

ચંડૂલના કુળમાં આ સૌથી મોટું પક્ષી તેના મોટા કદ ઉપરથી ઓળખાઈ આવશે. ઉપરથી રેતાળ ભૂરા રંગનું અને નીચેથી ઝાંખા ધોળા રંગનું આ પંખી બુલબુલથી મોટું અને કાબરથી નાનું છે. તેને ઓળખવા માટે તેના ધોળા પગ મદદરૂપ થઈ પડશે. ઊડે છે ત્યારે પાંખમાં ધોળો તથા ઝાંખો કાળો રંગ દેખાય છે. તેના ગળામાં મીઠાશ છે પણ સંગીત નથી. તે આકાશમાં ઊંચે ચડીને ગાતું નથી. ઊડે છે ત્યારે પણ જમીનથી થોડે જ ઊંચે. જ્યારે તેને ગાવાનું મન થાય છે ત્યારે જાળાં–ઝાંખરાં પર ચડી ત્યાંથી થોડા ફૂટ ઊંચે ઊડી થોડું ગાઈ ને પાછું નીચે બેસી જાય છે. એક પ્રતિભાશાળી કુળના પછાત નબીરા જેવું આ પંખી ઈરાનથી કચ્છના રણ સુધી વ્યાપક છે; અને ઉત્તર તથા ઉત્તર–પશ્ચિમ સૌરાષ્ટ્રના કંઠાર પ્રદેશમાં અને ઉત્તર–પશ્ચિમ ગુજરાતમાં પણ તે વસે છે. તે ખરા અર્થમાં રણનું પક્ષી છે.

નાનું રેતલ અથવા પુલક (The Short-toed Lark)

આ પંખી આપણી ચકલી જેવડું જ (૭ ઈંચ) અને રંગે ઉપરથી રેતાળ ભૂરું અને નીચેથી ધોળકાતા ઝાંખા સફેદ રંગનું છે. છાતી ઝાંખી ભૂરી છે. ઉપરના ભાગે પીછાંની વચ્ચે ઝાંખી કાળી રેખાઓ છે. આંખ પર પીળચટ્ટી ઝાંખી ધોળી રેખા છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિયાળામાં નાનાં રેતલ હજારોની સંખ્યામાં આવે છે. સૌરાષ્ટ્રના કંઠાર પર તેનાં હજારોનાં ટોળાં પથરાયેલાં હોય છે. તમે મોટરમાં પ્રવાસ કરતા હો તો તેનાથી ખલેલ પામી તેઓ ઊડતાં જાય અને છેટે બેસતાં જાય. તેઓ દક્ષિણ-પૂર્વ યુરોપ અને પશ્ચિમ એશિયાથી આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે અને કચ્છથી ગુજરાત સુધી પથરાય છે. આપણે ત્યાં નાનું રેતલ ભાદરવામાં આવે છે અને ચૈત્રમાં ચાલ્યું જાય છે. રેતાળ, કાંકરાવાળી, ઉજ્જડ, સૂકી અને રણ જેવી જમીન હોય ત્યાં પણ તેઓ વસે છે. બી, દાણા અને જીવાત તેનો ખોરાક છે.

રેતલનો રંગ જમીન સાથે એવો ભળી જાય છે કે તે તમારી નજરે નહિ પડે. પણ જેમ તમે તેની પાસે જશો તેમ તે ઊડતાં જશે. આખું ટોળું એકસાથે નહિ ઊડે, મોટરથી પણ નહિ. થોડાં થોડાં કરીને આખું ટોળું ઊડી જશે. તેઓ જમીન ઉપર જ વસે છે. છોડ કે ઝાડ પર નથી બેસતાં. તેમનું ઉડ્ડયન સીધી લીટીમાં નહિ, પણ ઊંચુંનીચું હોય છે. જમીન ઉપર ખાડો કરીને તેમાં બેસી જઈ તેઓ આરામ કરે છે. તેઓ ઝડપથી દોડે છે.

આપણે ત્યાં આ રેતલનું પ્રજનન નથી થતું.

ભોંયચકલી અથવા ડબકચીડી
(The Black-bellied Finch Lark)

ચકલીથી એક ઇંચ નાનું એટલે કે પાંચ ઇંચ લાંબું આ પક્ષી બીજાં ચંડૂલોથી જુદું તરી આવે છે. નર અને માદા જુદી જાતના પોશાકમાં સજ્જ થયેલાં છે. નરને ઉપરના ભાગે રાખોડી ભૂરો રંગ છે. માથા ઉપર રાખોડી રંગ છે, પણ પાંખમાં થોડાં ઝાંખાં કાળાં પીછાં તથા પૂંછડીના ઘેરા ભૂરા રંગમાં ધોળાં પીછાં જોઈ શકાશે. ચકલાની જેમ મોંની બંને પડખે મેલો ધોળો રંગ છે. આંખો પાસે અને ગળાથી પૂંછડી સુધીનું પેટાળ રતૂમડી ઝાંયવાળા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઝાંખા કાળા રંગનું છે.

માદા ઉપરના ભાગે ઘેરા ભૂરા રંગની અને નીચેના ભાગે ખુલ્લા આછા ભૂરા રંગની છે. પૂંછડીમાં ધોળાં પીછાં જોઈ શકાશે. મોંની બંને બાજુ અને આંખ પરની એકેક રેખા ખૂલતા ભૂરા રંગની છે. છેટેથી આપણી ચકલી જેવી લાગે તેથી અને જમીન સરખા દબાઈને બેસવાની ટેવથી તેનું નામ ભોંચકલી પડ્યું છે.

ભોંચકલીની ચાંચ બીજા ચંડૂલો જેવી નહિ પણ ચકલીની ચાંચને મળતી જરઠ અને ટૂંકી છે. તેને ઓળખવાનું કામ સાવ સહેલું છે, પણ તેનો રંગ જમીન સાથે એવો ભળી જાય છે કે તેને શોધવાનું કામ એટલું સહેલું નથી. ઉપરથી તેનો ધૂળિયો રંગ તેને ધૂળમાં અદશ્ય કરી દે છે, પણ નીચેનું કાળું પેટાળ નજરે પડે તો તરત તે ઓળખાઈ આવે. તે વેરાન જમીન, પડતર ખેતરો, ઉજ્જડ રણપ્રદેશ અને એવી જમીન પર વસે છે. તમે તેને જોડીમાં અથવા ટોળામાં જોશો. આ પંખી ઘડીકમાં ઊભું થશે, ઘડીકમાં દબાઈને બેસે છે અને જમીન પરથી વનસ્પતિનાં બી, દાણા, જીવડાં વગેરે ખાય છે. તે વાંકુંચૂંકું દોડે છે. કેટલીક વાર તે વિશાળ સમુદાયમાં વસે છે. પરંતુ આત્મગોપનમાં મદદરૂપ થતા રંગથી તે એવું અદશ્ય રહે છે કે તમને ખ્યાલ પણ ન આવે કે તમારી નજર સામે સેંકડો ભોંચકલીઓ ચારો ચરે છે. તમે પાસે જાવ ત્યારે રેતલની જેમ બે-પાંચ-દસ ભોંચકલી ઊડે, પછી વધુ થોડીક ઊડે, એમ કરતાં કરતાં આખું ટોળું ઊડી જાય. તેઓ ઊડે ત્યારે પાંખોની ભરેરાટી થાય છે. તેઓ શરમાળ કે બીકણ નથી.

આ પક્ષી આપણે ત્યાં બારે માસ રહે છે. તેના જેવા ધૂળિયા પંખી પાસેથી તમે અપેક્ષા રાખો તેના કરતાં તે વધારે સુંદર ગાનારું પંખી છે. ચંડૂલ, ભરત અને અગનની જેમ નર ડમકચીડી પણ આકાશમાં ચડે છે અને પવન સામે એક ઠેકાણે ઝઝૂમ્યા કરી હવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતાના કંઠની મીઠાશ રેડે છે. એ વખતે તમે તેને સહેલાઈથી ઓળખી શકો; કારણ કે નરનું કાળું પેટાળ આકાશ સામે તરી આવે છે. તેનો વ્યોમવિહાર આકર્ષક છે. તમે તેને જોતાં અને સાંભળતાં થાકો જ નહિ. પણ ઓચિંતું તે ડૂબકી મારે છે અને એક ડૂબકીમાં અથવા બેત્રણ ડૂબકીમાં તે જમીન ઉપર આવીને બેસી જાય છે. તમને એમ લાગે, કે આ નાનકડું પંખી જમીન સાથે અથડાઈને છૂંદાઈ જશે, પણ જમીન પાસે આવે ત્યારે એવી ચપળતાથી પાંખો પાથરીને ડૂબકી વાળી લે છે અને જમીન પર બેસી જાય છે કે તમે તેની ઉપર નજર રાખી હોય તોપણ કયાં બેઠું તેની ખબર જ ન પડે. સંવનનઋતુમાં ચંડૂલની જેમ નર વારંવાર આકાશમાં ઊડે છે, સીધી લીટીમાં ઊંચે ચડી જાય છે, પવન સામે પાંખો પસારીને ગાય છે, પછી પાંખો બંધ કરી નીચે ડૂબકી મારે છે. માદાને રીઝવે છે. અને વળી પાછો ઉપર ચડી જાય છે.

તે જમીન ઉપર બેઠુંબેઠું પણ ગાય છે. તમે તેના સૂરની મીઠાશથી આકર્ષાઈને તેને શોધો, પણ જમીન સાથે ભળી ગયેલા રંગવાળું પંખી એમ કંઈ સહેલાઈથી દેખાય?

જેમ તેનો ધૂળિયો રંગ છે તેમ તેને ધૂળમાં નાહવાનો પણ શોખ છે.

વસ્તી : હિંદના ઘણા પ્રદેશો, કચ્છથી મુંબઈ સુધી. સ્થાયી અધિવાસી.

પ્રજનન : ભોંચકલીના પ્રજનનની બધે ઠેકાણે એકસરખી ઋતુ નથી. પોષથી ભાદરવા સુધીમાં એ વ્યાતર થાય છે. આ કુળનાં બધાં પક્ષીઓની જેમ ડબકચીડી પણ જમીન ઉપર નાના ખાડામાં ઢેફાં, પથ્થર કે છોડવાની ઓથમાં, કે ઓથ વિના નરમ ઘાસ, પીછાં, તણખલાં વગેરેનો સુંવાળો માળો બાંધે છે અને પીળાશ, લીલાશ કે ભૂરાશ પર સફેદ રંગનાં બેથી ત્રણ ઈંડાં મૂકે છે. ભૂરાં કે પીળાશ પર ભૂરાં છાંટણાંથી ઈંડાં છવાયેલાં હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખેતરિયો ચંડૂલ The Rufous-tailed Finch Lark

હિંદના વાયવ્ય પ્રદેશથી મુંબઈ સુધી ખેતરાઉ જમીન અને ખુલ્લા વગડામાં જાણીતું આ પક્ષી ચકલીથી મોટું છે. ઉપરથી ચોકલેટ–ભૂરો અને નીચેથી રતૂમડો ભૂરો રંગ તેને ઓળખાવી ન શકે તો તેને ઊડવાનું કહેજો. તેની રતૂમડી પૂંછડી અને રતૂમડું ઢીંઢું ચમકી ઊઠશે. પૂંછડીને છેડે કાળો રંગ છે. તે વારંવાર ઊડાઊડ કરે છે અને પાંખો ફફડાવી છુપાયેલાં જીવડાંને ઉડાડીને પકડી લે છે. તેના ગળામાં પણ મીઠાશ છે, પણ ચંડૂલ, ભરત તથા અગનની જેમ આકાશમાં ઊંચે ચડીને ગાતું નથી. બધા Finch Larkને ધરતી સાથે દબાઈને બેસવાની ટેવ છે.

આ પક્ષી પણ આપણે ત્યાં બારે માસ રહે છે, જીવડાં અને દાણા ખાય છે અને ઉનાળામાં બીજા ચંડૂલો જેવો માળો બાંધી ૩–૪ ઈંડાં મૂકે છે.

૭ : માખીમાર પંખીડાં

તમે કોઈ પણ પંખીના ગુણધર્મનું નિરીક્ષણ કરી લો, તો પછી એ કયા કુળનું હોવું જોઈએ તેની અટકળ તમે કરી શકશો; અને પછી તો એને ઓળખી કાઢતાં વાર ન લાગે. કેટલાંક પંખી ઝાડની શીતળ છાયા નીચે ડાળ પર બેસે છે અને વારંવાર હવામાં ઝુકાવીને હવામાં ઊડતાં પતંગિયાં, માખી વગેરે જીવડાં પકડી આવી પાછાં પોતાની એ જ જગ્યાએ કે બીજી જગ્યાએ બેસી જાય છે. તેઓ જમીન પર નથી ચાલતાં. અંગ્રેજીમાં આ બધાં પક્ષીઓને ફ્લાઈ કેચર્સ એટલે માખીમાર પંખીડાં કહે છે. તમે તેમનાં રંગ, રૂપ, આકાર અને કદની સરખામણી કરવા બેસશો તો એમ જ લાગશે, કે તેમને પરસ્પર કંઈ સગપણ જ નથી, પણ સગપણ તો આકાર ઉપરાંત ગુણધર્મ ઉપરથી નક્કી થાય છે અને એક જ કુળનાં આ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૌ પંખીઓનો કુળધર્મ એક જ છે.

દૂધરાજ (The Paradise Fly-catcher)

આપણા દૂધરાજ એટલે કે મુસલમાનો જેમને શાહી બુલબુલ, સુલતાન બુલબુલ અને હુસેની બુલબુલના વિવિધ નામે ઓળખે છે અને જેને બુલબુલ સાથે જરાય સગપણ નથી એ ભારતના વિશિષ્ટ પંખીનો દાખલો લો. નરને ધોળી દૂધ જેવી કાયા અને ચળકતું કાળું ડોકું. માથે કાળી કલગી. કદમાં તો કાબરથી એક ઇંચ નાનું (નવ ઇંચ લાંબું) પણ પૂંછડીમાંથી બે પીછાં બહાર નીકળીને દસથી પંદર ઇંચ લાંબાં થઈ ગયાં હોય છે! ઝાડની શીતળ છાયા નીચે તે તડકા–છાયામાં એવું ઓતપ્રોત થઈ ગયું હોય કે નજરે ન ચડે, ગુપચુપ ઊડાઊડ કર્યા કરે, પાછળ પંદર ઇંચનાં પૂંછડીનાં પીછાં લહેરાયા કરે, અને હવામાંથી જીવડાં પકડ્યા કરે, તેજ અને છાયામાં તેની શ્વેત અને શ્યામ કાયા કેવી ભળી જાય છે એ જોઈને તમે મુગ્ધ થઈ જાવ. તમે તેની પત્નીને જુઓ તો ઓળખો જ નહિ અને દૂધરાજ પોતે જ્યાં શરમાળ છે ત્યાં

દૂધરાજ (નર) તેના માળા ઉપર

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

તે પત્નીની ઓળખાણ તો ક્યાંથી કરાવે? માદા અને અપક્વ વયનો નર ઉપરથી રતૂમડો અને પેટાળમાં ઝાંખો-ધોળો છે. ડોકું કાળું અને માથે કલગી ખરી, પણ નર જેવી પંદર ઇંચની પૂંછડી નહિ.

અંગ્રેજોએ તેને સ્વર્ગના પંખીનું યોગ્ય નામ આપ્યું છે. સ્વર્ગનાં પંખી કંઈ પગમાં નથી અથડાતાં. હિંદમાં ઘણે ઠેકાણે બારે માસ રહેતા હોવા છતાં દૂધરાજ ઋતુ અને ખોરાક પ્રમાણે સ્થાન-પલટો કરે છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં તેમની નોંધ થઈ છે. તે બાગ, જંગલ, ઝુંડ અને ઝરનું પંખી છે. ગીરમાં અને ગુજરાતના જંગલવિસ્તારમાં તેઓ પ્રજનન કરતા જણાયા છે. પણ કચ્છ અને મુંબઈમાં તો શિયાળામાં જ દેખાય છે. દૂધરાજને શોધવા શિયાળો જ ઉત્તમ છે. જ્યાં તમે તેને જોવાની આશા ન રાખી શકો ત્યાં પણ તમે સદ્ભાગી હો તો પસાર થતા પ્રવાસી તરીકે તમને દર્શન આપી દે.

તૂર્રાં અથવા ચટકી (The Red-breasted Flycatcher)

હવે આપણે ત્યાં આવતા દૂધરાજનાં કુટુંબીઓને દૂધરાજ સાથે સરખાવો. લાલ છાતીવાળા માખીમાર (તૂર્રાં અથવા ચટકી) ચકલીથી પણ જરા નાના છે. ન મળે કલગી કે ન મળે પૂંછડીનો શણગાર, પણ ડાળ પરથી વારંવાર હવામાં સેલારા મારીને હવામાં ઊડતાં જીવડાં પકડી આવનાર પંખીનું કુળ છાનું નહિ રહે. વ્યક્તિગત ઓળખાણ તેની છાતી અને ગળા પરનો કાટ જેવો લાલ રંગ, ભૂરી કાયા, જરા ઊંચી રહેતી કાબરી પૂંછડી



તૂર્રાં અથવા ચટકી
(લાલ છાતીવાળો માખીમાર)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને નીચે ઝૂલતી પાંખો અને ધોળકાતું પેટાળ કરાવી આપશે. કિલક–કિલક એવો તીક્ષ્ણ અવાજ કરીને વારંવાર પૂંછડી ઊંચી કરે, ત્યારે તમે ભૂલમાં પડી જાવ કે એ દૈયડના કુળનું પંખી હશે. કોઈવાર તો તે ધરતી પર પણ ઊતરી પડે છે, પણ હવામાં જે ચાલાકીથી જીવડાંનો પીછો પકડે છે તે જોઈને તમે તેનું કુળ ઓળખી કાઢશો. માદાને લાલ રંગ નથી. શિયાળામાં તે કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના ટાપુઓને પોતાની મુલાકાતનું માન આપે છે અને ઊંચા છોડ, શીતળ ઝાડી અને હરિયાળાં વૃક્ષોમાં વસે છે અને ટીક–ટીક–ટીક, ચિ–ર્–ર્–ર્ એવો મીઠો અવાજ કરે છે. આપણે ત્યાં તે યુરોપ અને ઉત્તર એશિયાથી શિયાળો ગાળવા આવે છે.

અધરંગ અથવા નીલતવ (Tickel's Blue–Flycatcher)

બીજા એક માખીમારને તમે બહુ સહેલાઈથી ઓળખી શકશો. તેની છાતી કાટ જેવી રતૂમડી છે અને પેટ તરફ જતાં ધોળાશ પર આવી જાય છે. પીઠ અને ઉપરના ભાગ ચળકતા વાદળી રંગના છે. માદાનો રંગ ઝાંખો છે. કદમાં ચકલી જેવડું આ પંખી શિયાળામાં મુંબઈના સાલ્સેટ ટાપુની મુલાકાત લે છે. પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતના ડુંગરાળ અને વૃક્ષરાજીવાળા પ્રદેશોમાં, નદીકાંઠા અને ઝરની ઝાડીમાં તે બારે માસ વસે છે. ગીર, બરડો અને ડાંગ તેના માનીતા પ્રદેશો છે. વૈશાખથી શ્રાવણ તેની પ્રજનનઋતુ. કુળનાં બધાં લક્ષણ તેનામાં છે.

નાચણ અથવા પંખો
(The White–browed Fantail Flycatcher)

આખો દિવસ નાચનાચ કર્યા કરતો પંખો પણ માખીમાર પંખીઓનો કુટુંબી છે. એવો આનંદી કે તમે તેને નાચતાં જુઓ તો તમને પણ નાચવાનું મન થઈ જાય! તેનામાં નામ પ્રમાણે ગુણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, અથવા કહો કે ગુણ પ્રમાણે તેનું નામ છે; કારણ કે તે પોતાની પૂંછડી ઉઘાડેલા જાપાની પંખાની જેમ પહોળી કરીને જ ફર્યા કરે



પહાડી નાચણ અથવા પંખો અને તેનો માળો

છે. ઝાડની ઘટામાં ગોળ ને અર્ધગોળ ફૂદડીઓ ફરતા, પૂંછડીને પંખાની જેમ પહોળી કરીને ઘૂમતા, પાંખોને ઝૂલતી રાખતા, ધુમાડિયા રંગના, ગળે કાળો રંગ અને સફેદ પેટાળવાળા, આંખની ઉપર–નીચે સફેદ રેખાવાળા ચપળ પંખીને જુઓ તો તમે તેને પૂછવા નહિ બેસતા, કે 'તારું નામ જ પંખો છે ને?' કારણ કે તે જીવડાં પકડવામાં અને સંગીત તથા નૃત્યની રમઝટમાં એવું ઓતપ્રોત હશે કે તમને જવાબ દેવાની તેને ફુરસદ નહિ મળે. એ શરમાળ નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તમે તેને પાસેથી જોયા કરો તોપણ તે નહિ શરમાય. જેને આખો-દિવસ અને આખી જિંદગી નાચગાનમાં ગુલતાન રહેવું છે તેને શરમાળ પ્રકૃતિ કેમ પાલવે? જ્યારે જીવડું પકડે ત્યારે ચાંચનો ફટાકો બોલે છે. એની સતત નાચ્યા કરવાની ટેવના કારણે તેનું ગુજરાતી અને મરાઠી નામ નાચણ પડ્યું છે. પૂંછડીનાં વચલાં બે પીછાં સિવાય બધાં પીછાં છેડેથી ધોળાં હોવાથી પૂંછડીરૂપી પંખો શોભે છે. પાંખો પર પણ ઝીણાં સફેદ ટપકાં છે.



જાણે ઘાઘરાનો ઘેર ઘુમાવીને નર્તકી નાચતી હોય એવી છટાથી નાચતો પંખો

પંખો આપણે ત્યાં બારે માસ રહે છે. બગીચા અને વગડામાં નાનાંમોટાં વૃક્ષોમાં તે જોડું બંધાઈ ને વસે છે. આંબામાં જરૂર દેખાશે.

ફાગણથી અષાડ સુધીમાં તે ઝાડમાં પ્યાલા આકારનો સુઘડ, મુલાયમ, ઘાટીલો માળો બનાવે છે. માદા ગુલાબી ઝાંયવાળાં સફેદ-રંગનાં અને ભૂરાં છાંટણાંવાળાં ત્રણ ઈંડાં મૂકે છે. માળો બાંધવામાં, ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં પતિ–પત્ની બન્ને સરખો ભાગ લે છે.

વસ્તી: નાચણને સૂકું કચ્છ નથી ગમ્યું, પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તે બારે માસ રહે છે. એને ઝાડી અને ઝુંડ જોઈએ.

મુંબઈમાં નાચણની જે જાત છે તેનું નામ પહાડી નાચણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(The White-spotted Fantail Flycatcher). તેને છાતી પરના પટા ઉપર સારી રીતે ટપકાં છે અને આંખ પરની સફેદ રેખા ઝીણી છે.

અહીં બીજા કેટલાક માખીમારની ઓળખાણ પણ આપી દઉં.

સાગ, વાંસ, બાવળ વગેરેના વનને પસંદ કરતો ચકલીથી જરા નાનો, **આસમાની ભૂરો માખીમાર** (The Black-naped Flycatcher) ખરેખર સુંદર પક્ષી છે. તેનો રંગ ઉપરથી ભૂરો આસમાની તડકામાં ચળકી ઊઠે છે. નીચેથી તે ઘેરા આસમાની રંગનું છે અને પેટાળ તરફ જતાં ધોળું થતું જાય છે. માથા પાછળ અને ગળા ઉપર કાળો રંગ છે. એ કચ્છમાં નથી, સૌરાષ્ટ્રમાં ક્યાંક દેખાય છે. પણ ગુજરાત અને મુંબઈમાં જાણીતું પક્ષી છે. માદા બિચારી ઝાંખી છે. પૂંછડીને પંખાની જેમ ફેલાવતું આ પંખી ઘટામાં ઊડાઊડ કરતું બારે માસ દેખાશે. તેના ગળામાં મીઠાશ નથી. 'ચિ–વ્હી, ચિ–વ્હી' એવા અવાજ ઉપરથી પણ તેને ઓળખી શકાશે. તે સ્થાયી અધિવાસી છે.

ચકલી જેવડો **ખાખી માખીમાર** (The Eastern Spotted Flycatcher) ચોમાસું ઊતરવા આવે ત્યારે ઉત્તરમાંથી અરબસ્તાન અને આફ્રિકામાં શિયાળો ગાળવા જાય છે ત્યારે કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી પસાર થાય છે. તે કાસ્મીર તરફથી આવે છે. ઉપરથી ખાખી ધૂળિયા ભૂરા રંગનું અને નીચેથી ધોળકાતું, ચકલી જેવડું પંખી કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ બહુ જાણીતું નથી.

રાખોડી પીળો માખીમાર (The Grey-headed Flycatcher) રૂપ અને મીઠાશ ધરાવતો ન હોત તો તેનો ઉલ્લેખ અહીં ન કરત; કારણ કે તે પણ બહુ જાણીતું પક્ષી નથી. ચકલી કરતાં આ નાનું પંખી ઉપરથી લીલાશ પર પીળું અને પેટાળે પીળું છે; પણ ડોકું તથા છાતી રાખોડી ભૂરાં છે. તેને સૂકા વેરાન પ્રદેશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી ગમતા. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તે શિયાળુ પક્ષી તરીકે આવે છે, બગીચા અને હરિયાળા જંગલનું આ પંખી ડાળ પર ટટ્ટાર બેસી હવામાંથી જીવડાં પકડવા ધસી જઈને પાછો ફરે છે. આમ તે ઊડાઊડ અને ફરાફર કર્યા કરે અને મધુર સૂર કાઢ્યા કરે.

આપણે ત્યાં માત્ર ગુજરાત અને મુંબઈના ગણાતી શકાય એવા માખીમારોમાં **પીરોજી માખીમાર**(The Verditer Flycatcher)નો ઉલ્લેખ ન કરું તો તેના પ્રત્યે અવિવેક ગણાશે; કારણ કે પીરોજી માખીમાર છેક હિમાલયથી આપણને મળવા અને શિયાળો ગાળવા આવે છે. લીલાશ પર આસમાની રંગના આ ચકલી જેવડા પંખીને જોતાં જ તમે ખુશ થઈ જશો. ખાસ કરીને ડુંગરાળ પ્રદેશમાં તે ડાળ કે તાર પર પૂંછડી પટપટાવતું અને ટીક–ટીક બોલતું બેઠું હશે. માદા ઝાંખી છે.

ચકલીથી નાનો અને ઉપરથી રાખોડી ભૂરા રંગનો, નીચેથી ધોળકાતા પેટાળવાળો **ભૂરો માખીમાર**(The Indian Brown Flycatcher) ગુજરાત અને મુંબઈમાં શિયાળો ગાળવા આવે છે. દક્ષિણ ભારતમાં જતાં અને આવતાં તેઓ વધુ સંખ્યામાં દેખાશે.

પતરંગા અથવા હજામડા (Bee-eaters)

માખીમાર પક્ષીઓ અને પતરંગા જુદા જુદા કુટુંબનાં છે. માખીમાર પક્ષીઓ ધરતી પર નથી ઊતરતાં, ત્યારે પતરંગા ધરતી પર બેસે છે, ધરતી પરથી જીવડાં પકડે પણ છે. પરંતુ ધરતી પર ચાલતાં નથી. વળી માખીમાર એકલા કે જોડામાં રહે છે ત્યારે પતરંગા ટોળામાં રહે છે, અને ઝાડમાં નહિ પણ પોચી જમીનના કાંઠામાં દર બનાવીને તેમાં ઈંડાં મૂકે છે. આમ આ બે કુળ વચ્ચે સમાન ધર્મ હોય તો એટલો જ કે બંને કુળનાં પક્ષીઓ હવામાંથી જીવડાં પકડીને ખાય છે.

જે પક્ષીઓ આહાર મેળવવા પાંખો અને ચાંચનો જ ઉપયોગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરે છે તેવાં પક્ષીઓમાં પતરંગાનું કુળ પણ છે. આ હરિયાળા રંગનાં આનંદી પંખીને કોણે નહિ જોયાં હોય? અને છતાં કેટલા તેને ઓળખતા હશે? પતરંગા ઊંચા પ્રકારની શિષ્ટ સમાજરચનામાં માને છે. તેઓ આખો દિવસ સમૂહમાં રહે છે, સમૂહમાં ચારો ચરે છે, સમૂહમાં સૂએ છે અને પ્રજનન માટે સમૂહમાં માળા બનાવે છે. ઝઘડા? ના, ના, એ તો માનવસમાજ માટે છે. તેઓ સંપીલા છે, આનંદી છે, સુંદર છે અને સુઘડ રહે છે. આખો દિવસ તેઓ તાર ઉપર કે ઝાડની બહાર પડતી ડાળ પર કે છોડ અથવા દીવાલ પર પણ બેઠા હોય અને હવામાં કોઈ માખી, મધમાખી, કાંડર, વાણિયા કે કોઈ પણ જીવડું ઊડતું દેખે એટલે ધસી જઈને તેને પકડી લે. તમે તેના પકડવાનો અવાજ પણ સાંભળી શકો. જ્યાં મધ માટે મધમાખીઓનો ઉછેર થતો હોય ત્યાં આ પક્ષી ઉપદ્રવી છે. તેની ચોકસાઈની તો શી વાત કરવી? તેનો ધસારો ખાલી ન જાય, અને પાછું પોતાના મૂળસ્થાને બેસીને એ જીવડાનો આહાર કરે. કોઈ વખત જમીન ઉપરથી પણ શિકાર પકડી આવે અને કોઈ વખત ત્યાં જ જમવા બેસી જાય. પણ તેના પગ એવા નબળા છે કે જમીન ઉપર ચાલવા-દોડવા માટે કામના નથી. જો મોટું જીવડું હોય તો ધોબી જેમ લૂગડાં ધોતાં પછાડે તેમ પછાડીને તોડી નાખે. આવા સુખી જીવનનો આનંદ વ્યક્ત કરવા તેઓ આખો દિવસ વારંવાર મધુર અવાજે ટી-ટ્રી-ટી કર્યા કરે. તેમને ધૂળમાં નાહવું પણ ગમે છે. થોડું ચાલવું પડે તો ચાલ કઢંગી લાગે.

પતરંગાનું ઉડ્ડયન સુંદર છે. તેઓ લાંબું નથી ઊડતા; કારણ કે તેમના વ્યવસાયમાં લાંબા ઉડ્ડયનની જરૂર નથી. પરંતુ શિકાર પકડવા માટે તેઓ હવામાં જે રીતે ઝુકાવે છે અને હવામાં તરતાં તરતાં પાછા આવે છે તે સુંદર છે. રાત્રે ૨૫-૫૦ કે ૧૦૦ જેટલા પતરંગા એક જ ઝાડમાં સાથે સૂએ છે. સંધ્યાકાળે જેમ કાગડા, કાબર, વૈયાં વગેરે મોટો ઘોંઘાટ કરી મૂકે છે તેમ પતરંગાના શયન-વૃક્ષમાં પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભારે પ્રવૃત્તિ જામી હોય છે. વારંવાર આખું ટોળું ઝાડમાંથી ઊડીને ઝાડની આસપાસ ઘૂમે છે અને ટ્રી–ટ્રી–ટ્રી–ટ્રીના અવાજથી વાતાવરણ ગજાવી મૂકે છે. છેવટે જ્યારે અંધારું થઈ જાય છે ત્યારે તેઓ બાકીની પ્રવૃત્તિ આવતી કાલ પર મુલતવી રાખી સૂઈ જાય છે અને સવારે સૂર્યોદય સુધી કે કોઈ વાર તો સૂર્યોદય પછી પણ તમે તેમને પીછાંમાં માથું દબાવી હજી ઊંઘ ખેંચતા જોશો!

આપણે ત્યાં પતરંગાને નાના નીલકંઠ તરીકે ઓળખવામાં આવે છે, પણ એ નામ યોગ્ય નથી; કારણ કે એકથી વધુ જાતનાં પક્ષીઓનું ગળું નીલા રંગનું હોય છે અને એ નામ સૌથી વધારે યોગ્ય તો દૈયડના કુટુંબી હુસેની પિદ્દા(બ્લુ થ્રોટ)ને ઘટે છે. પતરંગા હિંદી નામ છે. પણ આપણે ત્યાં હજામડો પત્રીંગો નામ પણ પ્રચલિત છે. આપણે ત્યાં નીચેના બે પતરંગા થાય છે:

નાનો પતરંગો અથવા હજામડો
The Common Green Bee-eater

નવ ઈંચ લાંબું, છતાં પાતળી કાયા, લાંબી ચાંચ અને લાંબી ઝીણી પૂંછડીના કારણે ચકલીથી બહુ મોટું નહિ લાગતું આ પંખી ચળકતા લીલા રંગનું છે. દાઢી અને ગળા પર લીલા રંગની વાદળી ઝાંય છે. માથાથી ખભા સુધી સોનેરી રતૂમડો રંગ શોભે છે. પાંખનાં લાંબાં પીછાં ને છેડે કાળો રંગ છે. ગળા ઉપર કાળો કાંઠલો છે અને આંખમાં જાણે આંજણ આંજ્યું હોય તેમ લાલ આંખની આગળ અને પાછળ કાળી રેખા છે.

પૂંછડીમાંથી વચ્ચેનાં બે ઝીણાં પીછાં પૂંછડીની બે ઈંચ બહાર નીકળે છે. ચાંચ લાંબી, ઝીણી, જરા વળેલી અને અણીદાર છે.

વસ્તી : ઇજિપ્તથી હિંદી ચીન સુધી ફેલાયેલું આ પંખી ભારતમાં વ્યાપક છે. આપણે ત્યાં કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈના ટાપુઓમાં આ પતરંગા પરિચિત છે. આપણે ત્યાં તે બારે માસ વસે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, પરંતુ કેટલેક ઠેકાણે તેઓ અમુક વખતે અન્યત્ર ચાલ્યાં જાય છે. મુંબઈના ટાપુઓનાં પતરંગા ચૈત્ર માસથી અન્યત્ર ઊડી જાય છે અને ચોમાસું ઉતારીને પાછાં આવે છે.



નાનો પતરંગો

પ્રજનનઋતુ: ફાગણથી જેઠ મહિના સુધીમાં પતરંગા પોચી જમીનના કાંઠાની ભીંતમાં એકથી પાંચ ફૂટ ઊંડાં દર ખોદી, તેને છેડે ગોળ ઓરડો બનાવી તેમાં ૪થી ૭ સફેદ ઈંડાં મૂકે છે. દર ખોદવામાં અને ઈંડાં સેવવામાં તથા બચ્ચાં ઉછેરવામાં નરમાદા બંને ભાગ લે છે. નાના ને નબળા પગ હોવા છતાં લાંબી અને અણીદાર ચાંચ વડે તેઓ આટલું બધું ખોદકામ કરી શકે છે એ તેમની વિશિષ્ટતા છે. કારણ કે એ જ નબળા પગ એટલી બધી ધૂળ બહાર કાઢી નાખવાનું કામ કરે છે!

બીજો એક પતરંગો આપણે ત્યાં આવે છે પણ તે બહુ જાણીતો નથી. **મોટો પતરંગો** (The Blue-cheeked Bee-eater) તેના મોટા કદ અને ગાલ ઉપર આસમાની તથા સફેદ પટી વડે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓળખાઈ આવશે. દાઢી પીળી છે. તેઓ પાણીકાંઠા પસંદ કરે છે. ક્રીટ–ક્રીટ અને ટી–ટ્યુ, ટી–ટ્યુ એવો મીઠો અવાજ પણ તેને નાના પતરંગાથી જુદો પાડે છે. ઊડતો હોય ત્યારે જાણે નાનકડા જેટ વિમાન જેવો લાગે!

આ રખડુ પંખીનું વતન કયું? શ્રી ધર્મકુમારસિંહજીએ મોટા પતરંગાને સૌરાષ્ટ્રમાં પ્રજનન કરતાં જોયેલ છે, તેમ છતાં તેનું વતન તો પશ્ચિમ પાકિસ્તાનથી પશ્ચિમ એશિયા જ છે. આફ્રિકામાં શિયાળો ગાળવા જાય છે ત્યારે તે શરદઋતુમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી પસાર થાય છે. પણ ગ્રીષ્મ અને વર્ષામાં તેઓ ભાવનગર બાજુ દેખાવ દઈને ત્યાં પ્રજનન કરતાં પણ નોંધાય છે! મુંબઈમાં અને દક્ષિણ ગુજરાતમાં નથી.

દિવાળીઘોડા અથવા ખંજન પક્ષીઓ (Wagtails)

ચિ–સ્સિટ, ચિ–સ્સિટ, ચિ–સ્સિટ. એ કોણ બોલ્યું? દિવાળીઘોડો જ હોવો જોઈએ. સવારે નહાણીમાંથી જાળિયા વાટે બહાર નજર નાખું છું તો ખરેખર દિવાળીઘોડો બગીચામાં પથરાતા નહાણીના પાણીકાંઠે જોરથી પૂંછડી વીંઝતો દોડે છે અને જીવડાં પકડે છે. સાક્ષાત્ પ્રફુલ્લતા અને સ્ફૂર્તિની મૂર્તિ! શું કહ્યું એણે? પક્ષીઓની ભાષા બહુ ટૂંકી અને સાદી હોવા છતાં તે સમજવાનો દાવો હું નથી કરતો, માણસને માટે એમની ભાષા તો બંધ કિતાબ છે. તેના શબ્દોનો અર્થ હું ભલે ન સમજું, પરંતુ તેનો મનોભાવ તો કદાચ હું સમજી શકું છું. 'ચિ–સ્સિટ' એ તો બધા દિવાળીઘોડાનો સૂચક શબ્દ છે. પરંતુ આ દિવાળીઘોડાએ તો છ માસ ઉત્તર ખંડમાં વિતાવીને આ તેની જાણીતી ભોમકા ઉપર પગ માંડીને પોતાનો આનંદ અને સંતોષ પ્રદર્શિત કર્યો હશે.

એક ઋતુ વિદાય લે છે અને બીજી આવે છે. ઋતુઓના સંક્રાંતિકાળમાં વાતાવરણમાં થતા ફેરફારો જોવામાં પણ કોઈ અજબ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આનંદ અને હળવો રોમાંચ છે. વહેવાર અને વ્યવસાયમાં રચ્યાપચ્યા આપણે તે ફેરફારો નથી જોતા એટલા પૂરતા આપણે જડ બની ગયા છીએ. પરંતુ હવામાનના ફેરફારો દર્શાવનારાં યંત્રો અને સાધનો જે નિયમિતતાથી અને સાંગોપાંગ રીતે એ ફેરફારોની નોંધ બતાવે છે એવી જ નિયમિતતાથી પક્ષીઓ પણ વાતાવરણના એ ફેરફારનું અવલોકન કરે છે.

યુરોપ તથા મધ્ય અને ઉત્તર એશિયાનાં મેદાનો, જંગલો અને પર્વતો ઉપર નજર નાખો. ગ્રીષ્મઋતુ પૂરી થવા આવી છે. વનસ્પતિ-સૃષ્ટિ તેની પૂર્ણતાએ ખીલી ગઈ છે. કિલકિલાટ કરતા ઝરા અને નદીનાળાં વહી જાય છે, દિવાળીઘોડાએ નવી પ્રજા ઉછેરી લીધી છે. હવે તે જાણે છે કે આ ભૂમિ–ઉત્તરાખંડની ભૂમિ છોડવાનો વખત આવી પહોંચ્યો છે.

તે ઉત્તરાખંડમાંથી ભરતખંડ જવાના ઋતુકાળને બરોબર ઓળખે છે. તેની પાસે ભલે પંચાંગ નથી, થરમોમીટર નથી, બેરોમીટર પણ નથી, પરંતુ તે વાતાવરણને ઓળખે છે. તેને કુદરતની પ્રેરણા મળે છે અને તે પ્રેરણા તેને જ્ઞાન આપે છે કે ઉત્તરાખંડમાં તેનું આ વર્ષનું કર્તવ્ય–પ્રજનન અને બાળઉછેરનું કર્તવ્ય પૂરું થયું છે. દર વરસે એ જ મહિનામાં મોટે ભાગે એ જ અઠવાડિયામાં અને કોઈ વાર તો એ જ દિવસે તેઓ પંચાંગની નિયમિતતાથી આપણે ત્યાં આવવા નીકળે છે અને એ જ નિયમિતતાથી આપણે ત્યાં આવી પહોંચે છે!

હજારો માઈલની મુસાફરી કરીને જ્યારે તેઓ આપણે ત્યાં શિયાળો ગાળવા ઊતરી પડે છે, ત્યારે એમના સંતોષ અને આનંદનું સૂચન તેમના એ 'ચિ–સ્સિટ, ચિ–સ્સિટ, ચિ–સ્સિટ'માંથી મળી રહે છે. ઉત્તર ભારતમાં તો તેઓ શ્રાવણની આખરમાં આવવા લાગે છે અને દક્ષિણ ભારતમાં ભાદરવા–આસોમાં આવી જાય છે. આપણે ત્યાં દશેરા ઉપર તો અચૂકપણે તેઓ મોટી સંખ્યામાં દેખાશે અને ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનાં દર્શન ચાસની જેમ શુકનવંતાં ગણાયાં છે.

દિવાળીઘોડા અથવા ખંજનને તમે ઓળખતા તો હશો. ન ઓળખતા હો તો તેમનો પરિચય બહુ સહેલો છે. ઠીક ઠીક લાંબી પૂંછડીવાળો પાતળિયો દેહ તેના બે પગ ઉપર એવો ઊંચો-નીચો ડોલતો હોય, તેની પૂંછડી એવી ઊંચી-નીચી ડોલ્યા કરતી હોય કે તમે તેને છેટેથી જ ઓળખી લ્યો કે આ થનગનતો દેખાય છે તે જ દિવાળીઘોડો. જાણે તેજીલા તોખાર(ઘોડા)ની જેમ થનથનતો હોય ને! એનો રંગ તો એવો જમીન સાથે ભળી જાય છે કે જો તે સ્થિર બેસી રહે તો તમારી નજર સામે હોય છતાં દેખાય નહિ, પરંતુ તે સ્થિર બેસે જ શેનો? અને તેના 'ચિ-સ્સિટ' અવાજ ઉપરથી તમે ઓળખી કાઢો કે દિવાળીઘોડો ઊડ્યો. તે કદી છાનો તો ઊડતો જ નથી.

કાબરો દિવાળીઘોડો (The Pied Wagtail)

દિવાળીઘોડાને ઓળખવો જેટલું સહેલું કામ છે એટલું અઘરું તેની વિવિધ જાતોને ઓળખવાનું કામ છે; કારણ કે એમના રંગ, રૂપ અને આકારમાં બહુ તફાવત નથી, એટલું જ નહિ, પણ તેઓ આપણે ત્યાં આવે છે ત્યારે એક રંગ હોય છે અને જાય છે ત્યારે બીજા રંગનો પોશાક પહેરી જાય છે! એટલે તમે દશેરા પર જે દિવાળીઘોડાને જોયો હશે તેને હોળી પર જોશો તો એમ જ લાગશે કે આ દિવાળીઘોડો તો જુદી જ જાતનો છે! પરંતુ આપણે ત્યાં બારે માસ રહેનારા કાબરા દિવાળીઘોડાને તમે તરત ઓળખી શકશો. તે દૈયડ જેવો કાબરા રંગનો છે. તે કાશ્મીરીઓની જેમ નદીનાળાંનો શોખીન છે અને તેમની જેમ હોડીની સહેલ પણ કરે છે અને હોડીમાં માળો પણ બાંધે છે! કદમાં તે બીજા દિવાળીઘોડાથી મોટો એટલે બુલબુલ જેવડો છે. રંગે પણ તે દૈયડ જેવો છે, પણ આંખ ઉપર લાંબી ધોળી લીટી છે. પાણીકાંઠાને પસંદ કરતો કાબરો દિવાળી-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘોડો કાંઠાથી બહુ દૂર નથી જતો. તે ગ્રીષ્મઋતુમાં કાંઠા કે ભેખડની દીવાલમાં ૨–૪ ઇંડાં મૂકે છે.

વસ્તી: કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત તથા ભારતના ઘણા ભાગમાં આ પક્ષી છે, કયાંય સ્થાનપલટો પણ કરે છે. પણ મુંબઇમાં નથી.

બાકીના દિવાળીઘોડા પરદેશથી શિયાળો ગાળવા આવે છે.

શ્વેત દિવાળીઘોડો (The White Wagtail)

યુરોપ અને એશિયામાંથી આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે અને મેદાનોમાં તે આપણું પરિચિત પંખી છે. તે કાળા, ભૂરા અને સફેદ રંગથી ઓળખાઈ આવશે.



સફેદ દિવાળીઘોડો

બધા દિવાળીઘોડાનો ખોરાક જીવડાં છે, જેમને તેઓ જમીનમાંથી અને ટૂંકા ઘાસમાંથી પકડે છે. નાસી જતાં અને ઊડી જતાં જીવડાંને તેઓ ઊડીને પકડી લે છે. તેઓ મેદાનનાં પંખી છે, કોઈ પાણી-કાંઠે જાય છે.

શિયાળુ દિવાળીઘોડા આપણે ત્યાં રશિયા, પશ્ચિમ એશિયા, ઉત્તર એશિયા, મોંગોલિયા, ઉત્તર યુરોપ, દક્ષિણ અને હિમાલયથી આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દિવાળીઘોડા કોઈવાર ઝાડ કે તાર પર ભલે બેસે, પણ તેઓ જમીનનાં જ પક્ષી છે. જમીન પર તેઓ ચકલીની જેમ બે પગે ઠેકડા મારીને નહિ પણ આપણી જેમ એક પછી એક પગ ઉપાડીને દોડે છે. તેમનું ઉડ્ડયન સીધી લીટીમાં નહિ પણ ઊંચાનીચા આંદોલન જેવું હોય છે અને ઊડતી વખતે તેઓ અચૂક બોલ્યા વિના નહિ રહે. જમીન પર સૌથી વધારે ધ્યાન ખેંચે એવી તેની ટેવ તો પૂંછડી અને તેની સાથે પાછળનું આખું શરીર ઝુલાવ્યા કરવાની છે અને એ ટેવ તમને તરત જ તેની ઓળખાણ આપી દે છે.

આપણે ત્યાં શિયાળુ પ્રવાસે આવતા દિવાળીઘોડાની વિવિધ જાતોને ઓળખાવવાનો મિથ્યા પ્રયાસ હું અહીં નહિ કરું; કારણ કે રંગીન ચિત્રો વિના એ વર્ણન મદદરૂપ નહિ થાય. પણ તેમાં બે પ્રકાર તરી આવે છે: કેટલાક દિવાળીઘોડા બીજા રંગ ઉપરાંત સુંદર પીળો રંગ ધરાવે છે અને કેટલાક સફેદ, કાળો, ભૂરો, લીલી ઝાંય, રાખોડી વગેરે રંગ ધરાવે છે; પરંતુ ઉનાળો આવતાં તેઓ પણ કોઈ વળી પીળાં વસ્ત્રો ધારણ કરે છે! કદાચ આમ બદલાતા રંગના કારણે તેમને કચ્છમાં ખત્રિયાણી કહે છે! ખત્રી એટલા રંગારા. સૌરાષ્ટ્રમાં કુલ સાત જાતના, કચ્છમાં છ જાતના, મુંબઈ અને ગુજરાતમાં નવ જાતના દિવાળીઘોડા નોંધાયા છે.

ધાનચીડી અથવા ચરચરી (Pipits)

અંગ્રેજીમાં જેને પીપીટ કહે છે અને જે નામ તેમના અવાજ ઉપરથી જ પડયું છે એ ધાનચીડી પક્ષીઓ રંગે ચંડૂલ જેવાં છે અને છતાં ચંડૂલ નથી. આકારમાં દિવાળીઘોડા જેવાં છે, છતાં રંગે એ દિવાળીઘોડા જેવા નહિ લાગે. તેમ છતાં દિવાળીઘોડા અને ધાનચીડી એક જ કુળનાં પંખી છે. સ્વભાવ ચંડૂલ ને દિવાળીઘોડાની વચ્ચેનો ધરાવે છે. કદમાં ચકલીથી ઝુલઝુલ જેવડાં આ પક્ષીઓ રંગે ભૂરાં અથવા બહુ જ ફિક્કી પીળી મટોડી જેવી ઝાંયવાળાં હોય છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને દિવાળીઘોડાની જેમ પૂંછડી પટપટાવ્યા કરે છે. તેઓ રંગે ભૂરા અથવા ભૂખરા છે. કોઈ દિવાળીઘોડાની જેમ ઉત્તર એશિયા અને હિમાલયથી શિયાળો ગાળવા આવે છે, તો કોઈ ચંડૂલની જેમ આપણે ત્યાં બારે માસ રહે છે. કોઈ ઝાડ નીચે ચરે છે અને ખલેલ પહોંચે તો ઝાડમાં ઊડી જાય છે. કોઈ ઉઘાડા વગડામાં વસે છે. સંવનનઋતુમાં તેમનું ગળું ખીલે છે અને મધુર ગાન નીકળે છે. ત્યારે તેઓ ચંડૂલનું અનુકરણ કરીને થોડેક ઊંચે વિહાર કરવા ઊડે છે. ક્યાં ચંડૂલ અને ક્યાં ધાનચીડી ! પણ એક અપવાદ બાદ કરતાં તેઓ આપણે ત્યાં પ્રજનન નથી કરતાં. તેઓ બી, દાણા, જીવડાં વગેરે ખાય છે. શરીરનો ઘાટ અને લક્ષણ દિવાળીઘોડા જેવાં જ છે.

દેશી ધાનચીડી

ધાનચીડીની વિવિધ જાતોને ઓળખાવવાની મહેનતમાં હું નહિ ઊતરું; કારણ કે વર્ણનથી તેમની જુદી જુદી જાતો ઓળખાશે નહિ. તમે આટલા વર્ણન ઉપરથી તેમને ઓળખી શકશો. છતાં એટલું કહી દઉં કે જે ઝાડમાં ઊડી જાય છે તે ઝાડનું ધાનચીડી (Tree Pipit) કહેવાય છે. તેઓ ખેતર, વાડી, બગીચા અને જંગલમાં આવીને વસે છે, પણ આપણે ત્યાં બહુ જાણીતાં નથી. તેઓ ચકલી જેવડાં અને કોઈ જરા મોટાં હોય છે. તેઓ હિમાલયથી આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. પથરાળ ધાનચીડી (Brown Rock-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Pipit) પથરાળ સૂકા પ્રદેશમાં શિયાળો ગાળે છે. માત્ર દેશી ધાનચીડી (Indian Pipit) આપણે ત્યાં બારે માસ રહે છે. તેનો 'પિપિટ–પિપિટ' અને 'સિપ–સિપ' એવો કોમળ અવાજ ગ્રીષ્મમાં પ્રજનનઋતુમાં સંગીતમાં ફેરવાઈ જાય છે. ધરતી પર માળો બાંધે છે. પરદેશી ધાનચીડીમાં પીળાશવાળી ધાનચીડી (Tawny Pipit) ઠીક જાણીતી છે. તે ઈરાનથી મધ્ય અને પૂર્વ એશિયા સુધીના પ્રદેશોમાંથી શિયાળો ગાળવા આવે છે.

૮ : પ્રકૃતિનું સુધરાઈખાતું

આપણાં નાનકડાં શહેરોને પણ સુધરાઈ વિના નથી ચાલતું અને મુંબઈ જેવાં શહેરોમાં તો મોટું રાજ હોય એવડું સુધરાઈ ખાતું ચલાવવું પડે છે, તો પ્રકૃતિનું મહાન સામ્રાજ્ય ચલાવનાર સર્જનહારે પણ સુધરાઈ ખાતું તો રચવું જોઈએ ને ? જેમ પશુસૃષ્ટિમાં જરખ, શિયાળ વગેરે અને પાણીની દુનિયામાં માછલાં સુધરાઈનું કામ કરે છે, તેમ પક્ષીઓની દુનિયામાં ગીધની જમાત છે. આપણી સુધરાઈઓની સરહદ જ્યાં પૂરી થાય છે, ત્યાં પ્રકૃતિની સુધરાઈઓની હદ શરૂ થાય છે. પરદેશી સરકાર હતી ત્યારે ગામડાંની અવગણના કરતી હતી, પરંતુ પ્રકૃતિમાં એવો ભેદભાવ નથી. શહેર અને ગામડાંના પાદરથી માંડીને વનવગડામાં બધે ઠેકાણે પ્રકૃતિના હરિજનો નિષ્કામ સેવા બજાવે છે. એ સુધરાઈમાં સામ્યવાદ પ્રવર્તે છે. ત્યાં કોઈ નગરપતિ નથી, શહેરીબાવા નથી, અમલદારો નથી; સૌ કામદારો જ છે. ત્યાં કોઈ કદર અને માનપત્રની અપેક્ષા રાખતું નથી. એના નિયમન માટે કોઈ કાયદા કરવા પડતા નથી કે અંદાજપત્ર ઘડવાં પડતાં નથી; કારણ કે સુધરાઈના સેવકો ખર્ચ કરાવતા નથી. અને છતાં સૃષ્ટિના આદિકાળથી આ સુધરાઈનું કાર્ય વ્યવસ્થાપૂર્વક ચાલ્યું આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગીધ (Vultures)

કુદરતે પ્રકૃતિમાં જે સૃષ્ટિ રચી છે તેનો કંઈ ને કંઈ ઉપયોગ છે. પક્ષીસૃષ્ટિમાં પણ દરેક જાતનાં પક્ષીઓને સર્જનહારે જુદું જુદું કર્તવ્ય સોંપ્યું છે. પ્રકૃતિની સુધરાઈ(મ્યુનિસિપાલિટી)ના હરિજન ગીધ છે અને તેનું કામ ધરતી પરની ગંદકીનો નાશ કરી હવા સ્વચ્છ રાખવાનું છે. આપણી સુધરાઈ કરતાં પ્રકૃતિની સુધરાઈ વધુ કુશળતા અને ઉત્સાહથી કામ કરે છે. ગીધ ગંદકી પોતાના પેટમાં પધરાવીને ધરતી સાફ કરે છે. અને જે ઉત્સાહથી અને આનંદથી ગીધ એ કામ કરે છે તે તમે જુઓ અને તમે બહુ કોમળ પ્રકૃતિના નહિ હો તો ગીધની કાર્યનિપુણતા અને કર્તવ્યનિષ્ટા જોઈને આશ્ચર્યચકિત થઈ જશો. સ્વભાવે તેઓ અહિંસક છે. તેઓ શિકાર નથી કરતાં, પણ મરેલું અને મેલું જ ખાઈને પેટ ભરે છે.

સવાર પડે એટલે ગીધ જ્યાં રાતવાસો કરતાં હોય તે બસીરા પરથી એક પછી એક હવામાં પડતું મૂકે છે અને પાંખો વીંઝતાં આકાશમાં ચડવા લાગે છે. તેઓ હવામાં વેગ પકડ્યા પછી પાંખો હલાવ્યા વિના ઊંચે ચડી શકે છે અને તે માટે તેઓ સામા પવનમાં ઊડે છે. તેઓ ચકરાવા મારે છે, પણ આ ચકરાવા સાવ ગોળાકારમાં નથી હોતા. પૂંઠના પવનમાં ગીધ પાંખો વીંઝયા વિના ઊંચે ન ચડી શકે, ઊલટું નીચે ઊતરી જાય; એટલે તેઓ ફરીને વળી પાછાં સામા પવનમાં આવી જાય છે. પાંખોની નીચે સામો પવન ભરાતાં ગીધ ઊંચકાઈને ઊંચે ચડે છે. અને કોઈવાર તો તેઓ એટલે ઊંચે ચડી જાય છે, કે નીચેથી આપણને આકાશમાં ટપકાં જ દેખાય.

આટલે ઊંચેથી ગીધને કેમ ખબર પડતી હશે કે નીચે ભક્ષણ છે? ગીધ નજરે જોઈને ખોરાક શોધે છે કે ગંધથી? તેને ખોરાકની ખબર કેમ પડે છે તે વિષે લાંબા સમય સુધી ગરમાગરમ વાદ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિવાદ ચાલ્યો હતો. એક મત એવો હતો, કે ગીધ ગંધથી ખોરાક શોધે છે; પરંતુ આધુનિક પક્ષીશાસ્ત્રીઓ એકમત છે કે ગીધ ગંધથી નહિ, પણ પોતાની તીક્ષ્ણ દૃષ્ટિથી ખોરાક શોધી કાઢે છે. પ્રયોગોએ બતાવી આપ્યું છે, કે ઢાંકી રાખેલા મડદાની ગંધ પાસેથી પણ ગીધ પારખી શકયું નથી; પરંતુ આકાશમાં નાનાં ટપકાં જેવડાં લાગે એટલી ઊંચાઈએથી પણ ગીધની તેજસ્વી આંખ જમીન ઉપર જોઈ લે છે કે ધરતી પર પ્રાણી મરેલું અથવા મરવા પડયું છે. તરત તેની પાંખો ધરતી તરફ નમે છે, નાના ને નાના થતા ચક્રાવામાં તે નીચે ઊતરવા લાગે છે. તેનું ઉતરાણ તેના પાડોશીનું ધ્યાન ખેંચે છે અને આમ માઈલોના વિસ્તારમાં ઊડતાં ગીધ ખેંચાઈ આવીને જ્યાં થોડીવાર પહેલાં એક પણ પંખી દેખાતું ન હતું ત્યાં સેંકડો ગીધ ઊતરવા લાગે છે. કોઈવાર કૂતરાં, કાગડા કે સમડી ધરતી પર પડેલા મુડદા પર જે હિલચાલ કરતાં હોય તે પણ આકાશમાં ગીધનું ધ્યાન ખેંચે છે. જ્યારે ગીધ નીચે ઊતરતાં હોય ત્યારે અર્ધબિડાયેલી અક્કડ પાંખ હવાને કાપવાથી જે અવાજ કરે છે તે તમને વિમાનનો જ ખ્યાલ આપે. એક–બે નહિ, પણ ૨૫–૫૦ કે ૧૦૦ જેટલાં ગીધ જ્યારે ઊતરવા માંડે છે, ત્યારે ગીધ પ્રત્યે તમને ગમે તેટલી ઘૃણા હોય તોપણ તમે કુતૂહલથી અનિમેષ નેત્રે એ ભવ્ય દૃશ્ય જોઈને મુગ્ધ બની જશો.

જો પ્રાણી મરી ગયેલું હોય તો ગીધ 'બાં ચડાવીને' તરત માનવસેવા અને પેટપૂજનના દ્વિવિધ કાર્યમાં પ્રવૃત્ત બને છે. 'બાં' તો ચડાવેલી જ હોય છે; કારણ કે જે લાંબી ડોક મુડદાની ભીતરમાં ઊંડે સુધી જવાની હોય છે તે પીછાં વિનાની બોડકી છે. કુદરતે આ જ કારણથી તેને મૂંડકું માથું અને બોડકી ડોક આપી છે. જો જનાવર હજી જીવતું હોય તો ગીધને અધીરાઈ નથી. 'ઈહા'ના શબ્દોમાં કહું તો અમેરિકન ખબરપત્રીની ધીરજ ને અદાથી તે રાહ જુએ છે અને જ્યારે પેલા પ્રાણીના આતમરામનો દીવડો બુઝાઈ જાય છે ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકૃતિના આ નમ્ર અને નિષ્કામ સમાજસેવકો તેને સફાચટ કરી નાખવા જે ઉત્સાહ અને ઝનૂનથી તૂટી પડે છે તે તમે જુઓ અને જો તમારી કોમળ પ્રકૃતિ હોય તો તમને અરેરાટી છૂટે.

છેડેથી વળેલી અણીદાર અને મજબૂત ચાંચ વડે ભેંસનું ચામડું પણ તોડી નાખીને માંસના લોચાના ગલોફા ભરતાં જતાં ગીધ એ વખતે શિષ્ટ હોવાનો દાવો નથી કરતાં, અને પેલા વ્યોમવિહારનું અદ્ભુત સૌંદર્ય દાખવીને પક્ષીપ્રેમીઓને મુગ્ધ કરનાર પંખી આ જ છે એમ માનતાં દિલને આંચકો લાગે. વધુમાં વધુ લોચા મેળવવા અને સારામાં સારી જગ્યા પર અડ્ડો જમાવવા સ્પર્ધા જાગે છે, પડાપડી થાય છે. તેઓ ખિખિયાટી કરે છે, પાંખોની ઝાપટ મારે છે, એકબીજાંને પ્રહાર કરી હાંકી કાઢવા મથે છે, પાંખો પહોળી કરીને નાચે છે. એક ગીધ મુડદાના પેટાળમાં ઊંડે સુધી ડોક નાખીને માંસનો લોચો લેતો હોય ત્યાં બીજું તેની ઉપર આવીને પડે છે અને ભારે હોંસાતોંસી જામે છે. એકબીજાનાં મોંમાંથી માંસના ટુકડા ઝૂંટવે છે; એકના મોંમાં માંસનો ત્રાગડો હોય અને બીજો તેનો છેડો પકડીને ખેંચે છે અને બંને ગીધ પાંખો પહોળી કરીને ખેંચતાણ કરતાં નાચે છે. ઘણીવાર સેંકડો ગીધ એક મુડદા પર પડાપડી કરતાં હોય ત્યારે મુડદું તો દેખાતું નથી, પણ ધુમાડિયા રંગનાં પક્ષીઓનો ઢગલો ખદબદતો લાગે છે. તમને એમ જ લાગે, કે આ ભૂતાવળ જ છે. થોડા જ સમયમાં ભેંસ જેવડા મોટા પ્રાણીનું મુડદું પણ તેઓ સાફ કરી નાખે છે.

જે મુડદું સડીને હવાને બગાડત અને રોગ ફેલાવત તે થોડા કલાકમાં હવે સાફ થઈ ગયું છે. માણસો જો તેને સાફ કરવા બેસત તો થોડા દિવસ લાગત. નાનાં કૂણાં હાડકાં પણ ગીધના પેટમાં સમાઈ ગયાં છે. મોટું હાડપિંજર સાફ છે. ગીધડાંઓએ એટલું બધું ખાધું છે કે હવે તેઓ ઊડી પણ નથી શકતાં. સાંજ પડે છે, રાત આવે છે. જેમનાં પેટ જરા હળવાં બન્યાં છે તેઓ જમીન ઉપર પાંખ વીંઝતાં દોડે છે અને આખરે મોટું અને ભારે વિમાન જેમ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખૂબ દોડ્યા પછી હવામાં ચડવા સમર્થ થાય તેમ માંડમાંડ તે જમીન ઉપરથી ઊંચકાઈ ને અદ્ધર થાય છે અને છેવટે લાંબા ચકરાવા લઈને ઊંચે ચડી ઝાડ પર કે પર્વતની કરાડ પર રાતવાસો કરવા પહોંચી જાય છે. પણ કેટલાક અકરાંતિયાં ગીધો તો એટલું બધું ખાધું છે કે દોડી પણ નથી શકતાં. તેઓ જમીન પર જ રાત ગાળે છે. પોતાના બસીરા પર રાતવાસો કરવા જવા તેમને ઊડવાની ત્રેવડ નથી હોતી.

ગીધ જ્યાં રાતવાસો કરે છે એ જગ્યા તેમની હગારથી ગંધાતી હોય છે. તેમની ધોળી ચરકથી તેમનો બસીરો દૂરથી ધોળકાતો હોય છે. વાળ, ચામડું, હાડકાના કકડા વગેરે જે ન પચે એવા પદાર્થો પેટમાં ગયા હોય તેના દડા બનાવીને ગીધ ઓકી કાઢે છે. આમ ગીધનો જ્યાં બસીરો હોય ત્યાં એટલી બધી ગંદકી હોય છે કે કોઈ માણસ પોતાના બગીચામાં ગીધને રાતવાસો નહિ કરવા દે. રોજ તેની ગરમ હગાર પડવાથી ઝાડને પણ નુકસાન થાય છે અને મુંબઈમાં એવી રીતે સુકાઈ જતાં તાડનાં વૃક્ષો તમે જોઈ શકશો. એ જ પ્રમાણે ગીધ જ્યાં માળા બાંધે છે ત્યાં પણ ખૂબ ગંદકી થાય છે અને દર વરસે એના એ જ માળા મઠારીને ગીધ વાપરતાં હોવાથી તે ગંદકી ચાલુ રહે છે; અને જો તેના માળા ઝાડ ઉપર હોય તો ઝાડને ઘણું નુકસાન થાય છે. ખાઉધરા અને અકરાંતિયા ગીધનાં બચ્ચાં કેટલાં અકરાંતિયાં હશે તેનો ખ્યાલ તમે જ કરી લો.

આકાશમાં ગીધ ઊડતાં હોય ત્યારે તેઓ તેમના મોટા કદ ઉપરથી ઓળખાઈ આવશે. સમડીની પૂંછડીમાં ફાટ છે, ગીધની પૂંછડીમાં નથી. સમડીની પાંખો પાછળ વળે છે, ગીધની પાંખોના છેડા આગળ વળે છે અને પાંખોનાં છેડેનાં પીછાં છૂટાં લાગે છે.

ગીધની ઘૃણાજનક જ્યાફત જોવાની જિજ્ઞાસા તો ભાગ્યે જ કોઈને થશે. અને ઘણાને તો આ વર્ણન વાંચીને પણ ચીતરી ચડશે; પરંતુ આ મહાન સમાજસેવકો ઘૃણાપાત્ર નથી. વગર પગારે તેઓ જે માનદ સેવા કરે છે તેની કદર તમે ન કરો તો કંઈ નહિ. રોગથી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મરી ગયેલાં જે ઢોરનાં મુડદાં સડીને શહેરો અને ગામડાંમાં ભયંકર રોગ ફેલાવે તેને સાફ કરી નાખી, હવા અને ધરતીને ચોખ્ખી રાખનાર આ પ્રકૃતિના હરિજનોના કાર્યમાં કળા અને સૌંદર્ય છે એવો તો તેમનો પણ દાવો નથી. પણ એવો કદરૂપો અને ગંદો ધંધો કરવાવાળાં પંખી ઈશ્વરે પેદા ન કર્યાં હોત તો માણસની તંદુરસ્તી કેવી ભયમાં આવી પડત?

હવે આપણે ત્યાં થતાં ગીધની વિવિધ જાતોની ઓળખાણ કરીએ.

રાજગીધ (The Black of King Vulture)

રાજગીધ કાળા રંગનું પંખી છે. પીછાં વિનાની લાલ ડોક, ગળા નીચે સફેદ રંગ અને ડોકની બંને બાજુ એકેક લાલ ગ્રંથિ તેને ઓળખાવવા માટે બસ છે. ઊડતું હોય ત્યારે પાંખમાં સફેદ પટો અને ડોકના મૂળમાં સફેદ રંગ તેની ઓળખાણ આપશે. રંગઢંગમાં તે બીજાં ગીધ કરતાં રળિયામણું લાગે છે.

રાજગીધ

રાજગીધ હવાનું સ્વામી છે. તેઓ ટોળામાં નહિ પણ જોડામાં કે એકલવાયાં રહે છે. સંવનનઋતુમાં નર–માદા મનોહર વ્યોમવિહાર કરે છે અને શ્રી ધર્મેંદ્રકુમાર તો લખે છે કે મેં તેમને હવામાં સંભોગ કરતાં જોયાં છે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસ્તી: કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ અને હિંદના ઘણાખરા પ્રદેશો. સ્થાયી રહેનારા.

પ્રજનન: પોષથી વૈશાખ. ઝાડમાં મોટો માળો બાંધી એક જ સફેદ ઈંડું મૂકે છે.

સફેદ પીઠવાળું ગીધ (The White-backed Vulture)

સફેદ પીઠવાળાં ગરજાડાં મેલા, કાળાશપર પડતા ભૂરા અથવા ધુમાડિયા રંગનાં હોય છે. દીંટા પરના ધોળા રંગના કારણે તેઓ ઓળખાઈ આવશે. પાંખો પહોળી કરશે ત્યારે ધોળી પીઠ દેખાઈ આવશે. ગીધ ઊડતાં હોય ત્યારે સમડીની જેમ પાંખના છેડા પાછળ વળવાને બદલે જરા આગળ વળાંક લે છે. આ ગીધની પાંખની મેલી ધોળી કોર ઉપરથી તમે તેને ઓળખી શકશો. ગળાની આસપાસ એલીઝાબેથના જમાનાના અંગ્રેજો પહેરતા એવો સફેદ રુવાંટીનો ગળપટ્ટો છે. આ ગરજાડાં ઊડતાં હોય ત્યારે અરધી પાંખના મેલા સફેદ રંગથી ઓળખાઈ આવશે.

વસ્તી: સમગ્ર હિંદ, સારી સંખ્યામાં વ્યાપક.

પ્રજનન: આસોથી ફાગણ. એક જ શ્વેત ઈંડું.

નોંધ: હિંસક પ્રાણીઓ શિકાર કરીને ખાઈ લે પછી જે વધે તેનું રક્ષણ જો તેઓ ન કરે તો ખાસ કરીને આ ગીધ વધેલું મારણ ખાઈ જાય છે. આથી સિંહ અને વાઘને ખાસ કરીને આ ગીધડાં સામે મારણનું રક્ષણ કરવું પડે છે. તેઓ એટલાં જક્કી અને હિંમતવાળાં છે કે કોઈવાર સિંહ–વાઘના હાથે માર્યાં પણ જાય છે. આશ્ચર્યની વાત એ છે કે સૌનાં મડદાં ખાઈ જનાર ગીધનાં મડદાંને ખાઈ જવા કોઈ ખુશી નથી. ગીધ પણ ગીધનું મડદું નથી ખાતાં!

આપણે ત્યાં રહેતાં બીજાં ગીધોમાં **બદામી ગીધ** (The Fulvous or Griffon Vulture) તેના બદામી રંગ અને મેલા સફેદ ગળપટ્ટાથી ઓળખાઈ આવશે. તેને ડુંગરાળ પ્રદેશ વધુ પસંદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે અને મહાગુજરાતમાં ઘણા પ્રદેશમાં વસે છે, પણ ઓછી સંખ્યામાં. તેઓ ડુંગરોની ભેખડોમાં કાર્તિકથી ચૈત્ર સુધી માળા બાંધે છે.

ભૂખરું ગીધ (The Long-billed Vulture) રંગે પહેલી નજરે બદામી ગીધ જેવું લાગે પણ તેની પીછાં વિનાની કાળી ડોક તેને ઓળખાવી દેશે. બદામી ગીધની ડોક મેલી ધોળી અથવા ભૂરી છે. હિંદમાં ભૂખરું ગીધ વ્યાપક પક્ષી છે, પણ ડુંગરાળ પ્રદેશ વધુ પસંદ કરે છે. કાર્તિકથી ચૈત્ર સુધી ડુંગરોની ભેખડો ઉપર માળા બાંધે છે.

ખેરો અથવા સફેદ ગીધ

(The Neophron or White Scavenger Vulture)

ગીધમાં જુદો તરી આવે એવો છે ખેરો. તે બીજા ગીધની જેમ ટટ્ટાર નથી બેસતો. એ રીતે તે દેખાવમાં જુદો પડે છે અને રંગે તે મેલા-ધોળા રંગનો છે. જમીન પર ચાલે ત્યારે પણ તે ગીધની જેમ નથી ચાલતો અને તે ઊડ્યા કરવાને બદલે જમીન પર ચાલવાનું વધારે પસંદ કરે છે; કારણ કે ગામને પાદર મળતી વિષ્ટા, હાડકાં, ચામડાં અને બીજી ગંદકી પર તે નભે છે! અપકવ વયના



ખેરો અથવા સફેદ ગીધ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એરા સમડી જેવા રંગના હોય છે. જંગલ, પહાડ, મેદાન, વેરાન, બધે તેની વસ્તી છે. માગશરથી વૈશાખ સુધીમાં ઝાડ કે પહાડ પર માળો બાંધી બે ઈંડાં મૂકે છે.

શમળી (The Common Pariah Kite)

શમળીનો પરિચય આપવાની શી જરૂર હોય? પણ તેના જીવન અને કાર્ય વિષે, તેના સ્વભાવ અને ઉપયોગ વિષે અહીં આપણે થોડું જાણી લેવું જોઈએ.

શમળી ગીધની જેમ ગંદું કામ કરતાં પણ નથી અચકાતી અને બાજ, ગરુડ અને શકરાની જેમ બહાદુરીથી લૂંટ ચલાવતાં પણ નથી ડરતી. અંગ્રેજોએ તેને કોમન પરિયાહ કાઈટ નામ આપીને તેને યોગ્ય ઇન્સાફ નથી આપ્યો. તે હરિજનો જેવી ઓશિયાળી નથી, લૂંટ ચલાવવવામાં તે જે ચપળતા, ઝડપ, તુલનાશક્તિ અને હિંમત બતાવે છે તે પ્રશંસનીય છે; અને તેના લૂંટારાપણાને ક્ષમ્ય બનાવે છે. કોઈ માંદલું કે કિશોર પંખી, કોઈ ઉંદર, કાચંડો, માછલી કે કોઈ પણ પ્રાણી–મરેલું કે જીવતું–તેની ઝપટમાં આવે અને તે ઉપાડી શકે તો ગેરીલા સૈનિકની જેમ શમળી એવો છૂપો અને વિદ્યુતવેગી છાપો મારે, કે શિકાર તેના પંજામાં ઊંચકાઈને અદૃશ્ય થઈ જાય ત્યારે ખ્યાલ આવે કે કંઈક બન્યું છે. જેમ નરભક્ષી વાઘ અને દીપડો માણસનો ભય છોડી દે છે તેમ લૂંટ ચલાવવાની ટેવવાળી શમળી માણસની પણ અવગણના કરે છે. પાળેલ કૂકડાનાં બચ્ચાં પર તે ઝાપટ મારવા લાગે તો રોજરોજ એમ ઝાપટ મારીને બધાં બચ્ચાંને ખલાસ કરી દે. ભરબજારમાં કોઈ ખાદ્યવસ્તુ તમે લઈ જતા હો અને શમળી જુએ કે લાગ ફાવે એમ છે તો ગમે તેટલી ગિરદીમાં પણ તે લૂંટ ચલાવતાં ડરે નહિ. રેલવે સ્ટેશનો પર ખાદ્ય વસ્તુઓ વેચતા ફેરિયાઓને જ્યારે શમળી લૂંટવા માંડે છે, ત્યારે તેઓને પોતાના માથે સતત લાકડી ફેરવ્યા કરવી પડે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેમ લૂંટારાઓમાં બને છે તેમ શમળીની જ્ઞાતિમાં પણ લૂંટ માટે અંદર અંદર અથડામણ જાગી પડે છે. શિકારને પંજામાં પકડીને ભાગતી શમળી ઊડતાં ઊડતાં જ પગમાંથી શિકારનાં બચકાં ભરી પેટમાં પધરાવતી આવે છે અને તે વખતે ઘણીવાર બીજી શમળીઓ તેને લૂંટી લે છે.

જે શમળી એક ઠેકાણે બેસીને નિરાંતે ભોજન કરી શકે તેને નસીબદાર સમજવી. તદુપરાંત કાગડાના ગાળો, ઈર્ષ્યા અને રંજાડ-માંથી તેને પસાર થવું પડે એ જુદું. આકાશમાં ઊડતી શમળીને પણ કાગડા રંજાડવા જાય છે, પણ કાગડાની લુચ્ચાઈ કંઈ શમળીની ચપળતાને થોડી જ પહોંચી શકે? પણ શેરને માથે સવાશેર હોય છે. પ્રાચીન કાળથી આપણે ત્યાં બાજબાજી ખેલનારાઓ ચરગ નામના તાલીમ પામેલા બાજને શમળી ઉપર છોડે છે અને પછી જે આકાશી દાવપેચ અને યુદ્ધ ખેલાય છે તે વિમાનોના યુદ્ધની બરોબરી કરે છે.

છાપો મારીને લૂંટવાના આ ધંધા માટે અનુકૂળ શમળીનું શરીર છે. તેની બે ફૂટ લાંબી કાયાની ઝાપટ માણસને પણ યાદ રહે એવી હોય છે. શિકારની શોધ માટે તેને આકાશમાં ગીધ જેટલા ઊંચે નહિ અને શકરા જેટલા નીચે નહિ એવી મધ્યમ ઊંચાઈએ ઊડવાનું હોય છે. નીચે ઝીણવટભરી નજર ફેરવવા માટે તેને તીક્ષ્ણ આંખો છે અને ચક્કાવા મારવા માટે અનુકૂળ પાંખો અને પૂંછડી છે. વહેતી હવા પર સવાર થવામાં તે નિષ્ણાત છે અને એટલે જ તેને ભાગ્યે જ પાંખો હલાવવી પડે છે. પતંગ જેમ સામા પવનમાં ખેંચવાથી આગળ ધપે છે, તેમ શમળી પણ સામા પવનમાં તરે છે. એટલે જ અંગ્રેજીમાં તેઓ બંને માટે કાઈટ શબ્દ વપરાય છે.

જે ખાદ્ય વસ્તુઓ—પછી પ્રાણીજન્ય હોય કે વનસ્પતિજન્ય—કોહીને હવા બગાડે તેને પણ ખાઈ જનાર પક્ષી તરીકે શમળી ઉપ-યોગી પક્ષી ગણાય છે. તે પરિસ્થિતિને અનુકૂળ થતાં જાણે છે. જેમ જમીન પર તેની પ્રવૃત્તિ ચાલે છે તેમ પાણી પર પણ ચાલે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નદીઓ, તળાવો અને બંદરોના દરિયાના બારામાં પણ તેઓ આવો કચરો કે જીવતો શિકાર શોધતી હોય છે.

તેના ચીલ્લી–લી–લી અવાજ ઉપરથી તેનું હિંદી નામ ચીલ પડયું છે. ભારતમાં કયાંક વળી એ પવિત્ર પંખી પણ ગણાય છે, એટલે જ તેનું શાસ્ત્રીય નામ 'મિલ્વસ માઈગ્રન્સ ગોવિંદ' પડયું હશે ને? આ શમળી ગોવિંદને કેમ ગમી હશે?

પ્રજનન: આપણા સ્ત્રીસમાજની દૃષ્ટિએ માદા શમળી નિર્લજ્જ ગણાય, કારણ કે સંવનનઋતુમાં તે સામેથી નરને બોલાવે છે. અને પછી કશું ખાનગી રાખવાને બદલે તે એટલો ઘોંઘાટ કરે છે કે આપણે તેના માટે કહેવું પડે કે તેનામાં સુરુચિ કે શિષ્ટતા નથી! જવા દો એ વાત. કોઈના સંવનનમાં ડોકિયું કરવું એ શિષ્ટાચાર નથી.

દિવાળીથી હોળી સુધી તેની પ્રજનનઋતુ. ત્યારે તે જમીન પર અને ઝાડ પર ઝાપટો મારતી હોય અને કરાંઠી, ડાળાંડાંખળાં ભેગાં કરી ઊંચાં ઝાડ પર માળો બાંધે. ઝાડની સૂકી ડાંખળીઓ પર જોરથી પડતું મૂકીને તોડી પાડી પગમાં ઉપાડી જાય. તેમાં બાવળના કાંટાવાળી ડાળીઓ પણ હોય! પછી ચીથરાં, રૂ, ઊન વગેરેના ગાભા ભેગા કરી માળાને પોચો બનાવે અને બેથી ત્રણ મેલાં ગુલાબી ઝાંયવાળા સફેદ રંગનાં અને રાતાં અથવા રતૂમડાં ભૂરાં છાંટણાંવાળાં ઈંડાં મૂકે. માળો બાંધવામાં, ઈંડાં અને બચ્ચાં ઉછેરવામાં નરમાદા બંને સરખો ભાગ લે છે. બજારની વચ્ચે ઝાડ હોય તોપણ તેને પોતાના કાર્યમાં ખલેલ નથી પડતી. આપણે ત્યાં એવી માન્યતા છે, કે શમળીઓ સોનારૂપાના દાગીના ઉપાડી જાય છે અને તેમનાં બચ્ચાં એ દાગીના જુએ ત્યારે જ તેમની આંખો ઊઘડે, પણ એ માન્યતા સાવ ખોટી છે. પક્ષીઓનાં બચ્ચાંની આંખો યોગ્ય ક્રમમાં પોતાની મેળે જ ઊઘડે છે.

'ઈહા'એ લખ્યું છે તેમ ચોમાસામાં જ્યારે મુંબઈ સરકાર પૂના જાય છે ત્યારે શમળી પણ પોતાની રાજધાની પૂના લઈ જાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. પણ તેનો અર્થ એ નથી, કે મુંબઈની બધી શમળીઓ પૂના ઊડી જાય છે. મુંબઈની સુખાકારીની જવાબદારી એમ કંઈ ફેંકી દઈ ને બધી શમળીઓ થોડી જ પૂનાની હવા ખાવા ચાલી જાય?

બ્રાહ્મણી અથવા શંકર શમળી (The Brahmany Kite)

એક બીજી શમળી આપણે ત્યાં થાય છે, પણ તેને બધા નહિ ઓળખતા હોય. અંગ્રેજો તેને બ્રાહ્મણી શમળી કહે છે. અંગ્રેજો અહીં બધે ઠેકાણે નાતજાતના ભેદભાવ જ જોતા, એટલે પક્ષીઓમાં પણ નાતજાત પાડી દીધા છે, પણ આ શમળી ઊંચી કક્ષાની છે, એમ તો કહેવું જ પડશે. તેનું હિંદી નામ શંકર ચીલ છે અને દેખાવમાં પણ તે વધારે સુંદર છે. આપણી સામાન્ય શમળી જેમ ધાટીલું અને સુગઠિત સ્નાયુઓવાળું શરીર ધરાવે છે, તેમ આ શંકર શમળી વધારામાં ગેરુ જેવો રતૂમડો રંગ, સફેદ માથું અને છાતી ને પાંખના કાળા છેડાથી શોભે છે. તેને પૂંછડીમાં ફાટ નથી. કદમાં તે પાંચ ઇંચ નાની છે. સામાન્ય શમળી જેમ મોટા ભાગે જમીન ઉપરથી ખોરાક મેળવે છે, તેમ આ શંકર શમળી પાણી ઉપરથી મેળવે છે. સામાન્ય શમળીનો અવાજ ઘોડાની હણહણાટી જેવો તીણો છે, ત્યારે આ શમળીનો અવાજ ગોબરો છે; જાણે ગળું બેસી ગયું હોય ને! બંદરોના બારામાં લાંગરેલાં વહાણોમાંથી જે એઠવાડ દરિયામાં ફેંકવામાં આવે છે તે આ શંકર શમળીનો ખોરાક, અને તેમાં ભાગ પડાવનારા ધોમડા અથવા કુલ્લા (Gulls) સામે ઘણીવાર તેને હરીફાઈમાં ઊતરવું પડે છે. માછલીનો પણ તેને શોખ ખરો. ચોમાસામાં મુંબઈના બારામાં તેની વસ્તી ઘટી જાય છે. એ ઋતુમાં તેઓ પાણીથી ભરેલાં ડાંગરનાં ખેતરો પર વસે છે; કારણ કે ત્યાં તીતીઘોડા, કાચંડા, દેડકા, કરચલાં, નાના સાપ વગેરે મળી રહે છે.

પ્રજનન : માગશરથી ચૈત્ર સુધી શંકર શમળીનો પ્રજનનકાળ. તે માળો તો આપણી સામાન્ય શમળી જેવો જ બાંધે છે, પણ બને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં સુધી માળા માટે પાણી પાસે હોય એવું જ ઝાડ પસંદ કરે છે અને છાંટણાં વિનાનાં અથવા ઝાંખાં ભૂરાં રતૂમડાં છાંટણાંનાં ઈંડાં મૂકે છે.

આ શમળીની વસ્તી પણ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈના ટાપુઓ અને આખા ભારતમાં વ્યાપક છે, પણ આપણી સામાન્ય શમળી જેટલી સંખ્યામાં નહિ. તેનું સંસ્કૃત નામ ક્ષેમંકરી, ભારતીય નામ મુબારક.

કાબરી શમળી અથવા કપાસી (The Black-winged Kite)

એક ત્રીજી શમળીનો પણ પરિચય આપું, જે થોડા જ માણસોએ જોઈ હશે. તેની વસ્તી પણ એકસરખી નથી. કાબરી શમળી મહાગુજરાતમાં નોંધાઈ છે અને મુંબઈના સાલ્સેટ ટાપુમાં પણ મેં જોઈ છે. તે ખરેખર રૂપાળું પંખી છે, કદમાં તે આપણા જંગલી કાળા કાગડા જેવડી છે. ઉપર રાખોડી કપાળ, ગળું અને પેટાળ ધોળા રંગનાં, રાતી આંખ પર કાળી લીટી, બેઠી હોય ત્યારે ખભા પર આવતો પાંખના મૂળનો કાળો રંગ. પગ નારંગી. ઊડતી હોય ત્યારે સફેદ પેટાળ અને પાંખોનાં શામળાં મોટાં પીંછાં વડે ઓળખાઈ આવશે. એવી એના રંગની ભાત તમે જુઓ તો આકર્ષક લાગે. વગડામાં ઝાડની ટોચે કે તારના થાંભલા પર બેઠી હોય અથવા શકરાની જેમ ધરતીથી થોડે ઊંચે પાંખો વીંઝતી શિકાર શોધતી હોય. તેની શરીરરચના અને રીતભાત શમળી અને શકરા તથા બાજને સાંધતી કડી સમાન છે.

શિકારી પક્ષીઓ

પ્રાચીન કાળથી આપણે શિકારી પક્ષીઓને પકડી, શિકારની તાલીમ આપી, તેમની જાત અને કદ પ્રમાણે હરણ અને સસલાંથી માંડીને નાનાં પક્ષીઓ સુધીનો શિકાર કરવા માટે તેમને છોડીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છીએ. આ શિકારકળા રોમાંચક છે, પણ તેનું વર્ણન કરવાની અહીં જગ્યા નથી. બધાં શિકારી પક્ષીઓ વ્યાપક અને સામાન્ય નથી. વળી માત્ર વર્ણનથી તેમને ઓળખવાં એ પણ સહેલું નથી. નર, માદા અને બચ્ચાં જુદા રંગનાં પણ હોય છે. એટલે અહીં તેમનો ઊડતો ઉલ્લેખ કરું છું. માદા ઘણે ભાગે મોટી અને વધુ હિંમતવાન હોય છે.

કુળની દૃષ્ટિએ જોઈએ તો પક્ષીશાસ્ત્રીઓએ એક કુળમાં ગીધ, ગરુડ, પટ્ટાઈ, મચ્છીમાર, શમળી, શકરા અને ટીસોને ભેગા કરીને શંભુમેળો કર્યો છે અને બીજા કુળમાં લગડ, ભેરી, શાહીન, ધોતી, તુરૂમ્તી અને લર્જીને ભેગાં કર્યાં છે. બીજું કુળ ઠીક સુગઠિત છે, પણ પહેલા કુળમાં તો અંશતઃ જુદા ગુણધર્મવાળાં પક્ષીઓનો શંભુમેળો જ છે.

કબૂતર જેવડો **શકરો** (The Indian Shikra) માથે રાખોડી અને પેટાળ પર ભૂરા ચટાપટાવાળો સફેદ રંગ ધરાવે છે અને તે જીવડાં, કાચંડા અને નાનાં પક્ષીઓનો શિકાર કરે છે. આપણે ત્યાં તે સ્થાયી અધિવાસી છે, પણ ઋતુ પ્રમાણે સ્થળાંતર કરે છે. કાગડા જેવડો **બાદશાહ** નામનો શકરો (The Sparrow Hawk) લગભગ શકરા જેવો છે અને શિયાળો ગાળવા આવે છે. માદા બાશા કહેવાય છે. વધુ પાતળી કાયા અને વધુ ઘેરા ઉપલા ભાગથી આ શકરા સામાન્ય શકરાથી જુદા પડે છે. **મધિયો બાજ** (The Crested Honey Buzzard) ઈંડાં, પક્ષી વગેરે ઉપરાંત મધપૂડા પર આક્રમણ કરી, મધમાખી, બચ્ચાં અને મધ બધાને ખાઈ જાય છે! તે મધમાખીઓ ઉપર નજર રાખી મધપૂડો શોધી કાઢે છે! શમળી જેવડા અને સમડી જેવા રંગના આ પંખીને માથે નાની કલગી છે. તે આપણા દેશનું પંખી છે.

કાળા કાગડા જેવડો **ટીસો** (The White-eyed Buzzard Eagle) બેરીસ્ટરના કોલર જેવા, ગળા ઉપરના બે સફેદ પટા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધોળી આંખ અને ઝાંખાપીળા ઉઘાડા પગ ઉપરથી ઓળખાશે. તે ખુલ્લા વગડામાં ઝાડ ઉપર બેસીને શિકાર માટે નજર ફેરવ્યા કરે છે. ટીસો આપણા દેશનો છે. **મોરબાજ** (The Crested Hawk-Eagle) શમળીથી જરા મોટો છે અને માથે મોર જેવી કલગીથી ઓળખાઈ આવશે. તે વૃક્ષોવાળો પ્રદેશ પસંદ કરે છે અને ડાળ પર બેસી શિકાર માટે નજર રાખે છે. રંગે ઉપરથી ભૂરો અને ધોળા પેટાળ પર ભૂરી રેખાઓ અને છાંટણાં. તે પણ આપણા દેશનો છે.



મચ્છીમાર

શમળી કરતાં જરા મોટો **સાંસાગરજ** (Bonelli's Eagle) શમળીથી જરા મોટો ગરુડ છે. ડુંગરાળ પ્રદેશ પસંદ કરે છે. ડાઘા-ડાઘાવાળા સફેદ પેટાળ અને વિકરાળ પીળા પંજા ધરાવનાર **આ** ગરુડના પગ છેક સુધી પીંછાંથી છવાયેલ છે. તેને છીંકારા નામના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હરણ ઉપર પણ શિકારીઓ છોડે છે તેની ઉપરથી તેનાં ઝનૂન, હિંમત અને બળનો ખ્યાલ કરી લેજો! આ ગરુડ પણ આપણા દેશનો છે. ખારા અને મીઠા પાણી ઉપર આકાશમાં ઊડતો **મચ્છીમાર** (The Osprey) તો જગવિખ્યાત છે. ઉપરથી ઘેરાભૂરા રંગનો મચ્છીમાર ઊડતો હશે ત્યારે ધોળા પેટાળ અને ગળા ઉપર ભૂરી માળા ઉપરથી ઓળખાઈ આવશે. કદમાં તે શમળી જેવડો છે.

શમળીથી ઘણા મોટા કદ અને કાળાશ પર ભૂરા રંગ ઉપરથી **શાહી ઝુમસ** (The Imperial Eagle) ઓળખાઈ આવશે. તે પાણીવાળો પ્રદેશ વધુ પસંદ કરે છે, જ્યાં પાણીકાંઠાનાં પક્ષીઓ તેને મળી રહે છે. તે શિયાળુ મુલાકાતી છે. **પરદેશી ઝુમસ** (The Steppe Eagle) રતાશ પર ભૂરા રંગનો છે અને તે ઘાસવાળો પ્રદેશ



મચ્છીમાર ગરુડ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પસંદ કરે છે. તે પણ શિયાળુ પંખી છે. **દેશી ઝુમસ** (The Indian Tawny Eagle) કોઈ શમળી જેવા રંગના તો કોઈ જરા ધોળકાતા ભૂરા રંગના હોય છે. તેઓ સ્થાયી અધિવાસી છે. પાણી-કાંઠાના ઝાડ ઉપર શમળીથી મોટા અને ભરાવદાર ગરુડને જુઓ તો એ મચ્છીમાર ગરુડ (Palla's Fishing Eagle) હશે. તે મોટા ભાગે શિયાળુ મુલાકાતી છે, બેઠો હશે ત્યારે મેલું ડોકું, ઉપર-થી કાળાશ પર ઘેરોભૂરો રંગ, ભૂરું પેટાળ અને કાળા છેડાવાળી ધોળી પૂંછડી તેની ઓળખાણ આપશે. **સાપમાર ગરુડ** (Short-toed Eagle)એક તરફ ગરુડ અને બીજી તરફ પટ્ટાઈ અને શકરાને સાંધતી કડી જેવો છે. કદમાં તે ગરુડ જેવડો પણ દેખાવમાં પટ્ટાઈ જેવો છે. ધોળા માથા ઉપર ઘેરાં છાંટણાં અને ધોળા પેટાળમાં છાતી પર આછાં છાંટણાં અને રેખાઓ તથા ઉપર ભૂરો રંગ છે. તેણે કાંટાળોવાળા વેરાન વગડા પસંદ કર્યાં છે. આપણા દેશનો વતની છે.

પટ્ટાઈ શમળીથી નાનાં અને પાતળી કાયાવાળાં શિકારી પક્ષીઓ છે. તેઓ ઊંચે આકાશમાં નહિ પણ જમીનથી થોડે ઊંચે પાંખો વીંઝતાં જાય છે અને નીચે શિકાર દેખાય તો ત્રાટકી પડે છે. તેઓ શિયાળુ મુલાકાતી છે. **રાખોડી પટ્ટાઈ** (The Pale Harrier) તો રાખોડી રંગ, પાંખની કાળી અણી અને ધોળા પેટથી તરત ઓળખાઈ આવશે. પણ કાળી પાંખવાળી શમળી–કપાસી (The Black–winged Kite) સાથે તેનો ગોટાળો નહિ કરતા. કપાસી ઘાટ અને રંગમાં શમળી જેવી નહિ પણ પટ્ટાઈ જેવી છે. પણ તેની પાંખો છેડેથી નહિ, આગળથી કાળી છે. પૂંછડી ટૂંકી ને ચોરસ છે. **પટ્ટી–પટાઈ** (Montague's Harrier) ઘેરા ભૂરા રંગનો છે. તેને પણ રાખોડી પટ્ટાઈની જેમ પાંખો છેડેથી કાળી છે અને ઢીંઢા પર શ્વેત રંગ છે. **પાન–પટ્ટાઈ** (The Marsh Harrier) ઘાસવાળા કાંઠા હોય એવાં જળાશયોવાળા ઝીલ પ્રદેશ પર ઝઝૂમતો અને શિકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શોધતો દેખાશે. તેનો રંગ શમળીને મળતો છે, પણ વય અને લિંગ પ્રમાણે રંગમાં ફેર પડે છે.



પટ્ટાઈ

શિકારીઓનાં માનીતાં અને કદના પ્રમાણમાં ભારે હિંમતવાન પક્ષી તરીકે **બાજ** (Falcons) આપણે ત્યાં પ્રાચીન કાળથી જાણીતાં છે. તેમને તાલીમ આપીને શિકાર ઉપર છોડવામાં આવે છે. તેઓ પણ શિયાળુ મુલાકાતી છે. કદમાં તેઓ કાગડાથી જરા મોટા છે અને નર તથા માદા જુદાં નામ ધરાવે છે. દાવપેચ લેવામાં લડાયક વિમાનો તેમની પાસે કશી વિસાતમાં નથી. **ભેરી** (માદા) અને **ભેરીબચ્ચો** (નર) (The Pregrine Falcon) બાજબાજીની કળામાં વિશ્વવિખ્યાત છે. રંગે ઉપરથી સલેટિયા કે રાખોડી અને નીચે મલાઈ રંગ અને પીઠ જેવા રંગનાં છાંટણાં છે. તે દરિયાકાંઠો પસંદ કરે છે. **શાહીન** (માદા) અને **શાહીંચા** (નર) (The Shahin Falcon) પણ ભેરીને મળતાં છે. પોપટના તેઓ મોટા દુશ્મન છે. કદમાં ભેરીથી જરાક નાના અને ઘેરા ભૂરા છાંટણાંવાળા ધોળા પેટાળ ઉપર રાતી ઝાંય વડે તે ભેરીથી જુદા પડશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લગડ (માદા) અને જગડ (નર) (The Lagger Falcon) સૂકા વેરાન પ્રદેશ પસંદ કરે છે અને આપણે ત્યાં સ્થાયી રહે છે. રાખોડી પીઠ, આંખો નીચે મૂછ જેવી ભૂરી રેખા, ધોળી છાતી અને ભૂરા છાંટણાવાળા ધોળા પેટાળ ઉપરથી તે ઓળખાઈ આવશે. આપણે ત્યાં બારે માસ રહે છે.

ચેરગ (નર ચેરૂગેલો) The Cherrug or Saker Falcon) આ બધામાં મોટો છે, શમળીથી થોડો નાનો. કચ્છ, સૌરાષ્ટ્ર તથા ઉત્તર ગુજરાતમાં વેરાન પ્રદેશોમાં શિયાળો ગાળવા આવે છે. ધોતી (માદા) અને ધુતાર (નર) (The Indian Hobby) કાગડાથી જરા નાનાં પક્ષી છે, અને શિયાળામાં ઉત્તર મહાગુજરાતની મુલાકાત લે છે. શહીનની નાની આવૃત્તિ લાગે.

કાટ જેવું રતૂમડું માથું, રાખોડી વાંસો અને ઝાંખી કાળી આડી રેખાઓવાળું ધોળું પેટાળ ધરાવનાર તુરમ્તી (માદા) અને ચટવો (નર) (The Red-headed Merlin) આપણે ત્યાં સ્થાયી રહે છે અને વેરાન પ્રદેશ પસંદ કરે છે. સાંજ–સવાર તેમની જોડી શિકાર માટે ઊડતી દેખાશે. લઝીર્ (માંદા), લર્ઝનાક (નટ) (The Kestrel) કબૂતર જેવડું શિકારી પક્ષી છે અને શિયાળામાં આપણી મુલાકાત લે છે. રાખોડી માથું, રાખોડી પૂંછડી, જે છેડેથી કાળી અને પછી ધોળી છે, ઉપર ઈંટ

લર્ઝનાક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેવો રાતો રંગ, પાંખોના છેડામાં કાળો રંગ અને બદામી રંગના પેટાળ પર ભૂરી રેખાઓ તેને ઓળખવામાં મદદરૂપ થશે.

ઊડતાં શિકારી પક્ષીઓને કેમ ઓળખવાં?

શિકારી પક્ષીઓને તમે જોવા માગો ત્યારે મળતાં નથી. ઘણાંને ઊંચા કરવાની ટેવ હોય છે. આથી તેઓ ઊડતાં હોય ત્યારે તેમના આકાર અને ઉડ્ડયન ઉપરથી ઓળખી કાઢવામાં આ ચિત્રો ઉપયોગી થઈ પડશે.

તેમની ઓળખ આ રહી: ૧. બદામી ગીધ (Griffon Vultre), ૨. સમડી, ૩. પરદેશી ઝુમસ ગરુડ (Steppe Eagle), ૪. મોરબાજ (Hawk Eagle), ૫. ટીસો (Buzzard), ૬. શાહીન (Falcon), ૭. બાદશાહ (Hawk), ૮. કપાસી સમડી (Blackwinged Kite), ૯. મચ્છીમાર ગરુડ (Pallas' Fisning Eagle), ૧૦. ડાકુ ગીધ (Cinerous Vulture), ૧૧. રાજગીધ (Black Vulture), ૧૨. સામાન્ય ગીધ (White–blacked Vulture), ૧૩. નાનો ઝુમસ (Large Spotted Eagle), ૧૪. સાંસાગર ગરુડ (Bonellis Eagle), ૧૫. પરદેશી સાંસાગર (Booted Eagle), ૧૬. સાપમાર ગરુડ (Short–toed Eagle), ૧૭. ચોટલિયા સાપમાર ગરુડ (Crested serpant Eagle), ૧૮. બ્રાહ્મણી સમડી, ૧૯. વિલાયતી પટ્ટાઈ (Hen Harrier male), ૨૦. લર્ઝી (Kestrel) અને ૨૧. ઘોતી (Hobby).

જે શિકારી પક્ષીઓ આકાશમાં પાંખો પસારીને તર્યાં કરે છે તેમાં નીચેનાં પક્ષીઓ ગણાવી શકાય:

સમડી, ગીધ અને ગરુડ (ગરુડમાં ટીસો, સાંસાગર અને ઝુમસનો સમાવેશ થઈ જાય છે). પાંખો વીંઝયા વિના હવામાં તર્યાં કરવું હોય તો સામો પવન ફૂંકાતો હોવો જોઈએ. જો પવન પડી ગયો હોય તો તેમને વારંવાર પાંખો વીંઝવી પડે છે. પાંખો વીંઝયા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ઊડતાં શિકારી પક્ષીઓને કેમ ઓળખવાં?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિના સામા પવન ઉપર અથવા ઊંચે ચડતી હવા પર સવાર થઈને તેઓ ઊંચે ચડી શકે છે. ટીસો એક ઠેકાણે બેસીને પણ શિકાર માટે ચાંપતી નજર રાખે છે.

શકરો એક ઠેકાણે બેસીને શિકાર માટે નજર રાખે છે. જેવો કોઈ શિકાર નજરે પડે કે એવા જોર અને વેગથી તેની ઉપર ત્રાટકે છે કે શિકારને તેના હુમલાની ખબર પડે તે પહેલાં તે ઝડપાઈ જાય છે. ટીસો અને મોરબાજ પણ એમ શિકારની રાહ જોવા બેસે છે.

શકરાનો પિત્રાઈ ભાઈ બાદશાહ, પટ્ટાઈ, ભેરી, શાહીન, લગ્ગડ, ચેરગ, ધોતી, તુરૂમ્તી અને લઝીં ધરતીથી થોડેઘણે દૂર પાંખો વીંઝતા ઊડતા જાય અને શિકાર નજરે પડે કે તરત તેની ઉપર ત્રાટકે. (મચ્છમાર એ રીતે પાણી ઉપર પાંખો વીંઝતો ઊડે છે.) કોઈ વચ્ચે વચ્ચે થોડી થોડી વાર હવા પર તરતા જાય છે તો કોઈ સતત પાંખો વીંઝયા કરે છે. લઝીં જેવા કોઈ વળી શિકારનો વહેમ જાય તો હવામાં હેલીકોપ્ટરની જેમ સ્થગિત થઈ જાય છે. લઝીંને તો મેં પાછળ ગતિ કરતાં પણ જોયેલ છે!

આમ શિકારી પક્ષીઓની ઊડવાની રીત ઉપરથી પણ તેમની ઓળખાણ થઈ શકશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૯ : રાતના રખેવાળો

સર્જનહારની સૃષ્ટિમાં ક્યાંય ખામી નથી. તેણે પાણીનાં અને પાણીકાંઠાનાં પંખી બનાવ્યાં. દિવસનો મોટો ભાગ આકાશમાં ઊડ્યા કરે એવાં પંખી બનાવ્યાં અને જેઓ જિંદગીનો મોટો ભાગ જમીન પર જ ગાળતાં હોય એવાં પંખીનું પણ સર્જન કર્યું. ગીચ જંગલો-માં વસનારાં પંખી સરજ્યાં, તેમ ઉજ્જડ વેરાનમાં અને રણપ્રદેશ-માં રહેનારાં પંખી પણ પેદા કર્યાં. ગમે એવો પ્રદેશ હોય, પણ પંખી વિનાના પ્રદેશની કલ્પના જ નથી થઈ શકતી.

આ તો થઈ દિવસની વાત. દિવસે તો બધે પંખી હોય છે, પણ રાતનું શું? શું રાત પંખી વિનાની સૂની રહે?

ના, જગત જ્યારે નિદ્રાધીન થઈ જાય છે, ત્યારે માનવજાતિની અનન્ય સેવા બજાવનાર પક્ષીઓની એક સ્વયંસેવકસેના બહાર પડે છે. એ છે વિવિધ જાતનાં ઘુવડો અને ચીબરીઓ. બધાં પક્ષીઓમાં એમનો જીવનવ્યવહાર નિરાળો છે. એમના શરીરનો આકાર પણ નિરાળો છે. ગોળ મોટું માથું એમના શાણપણનું પ્રતીક છે. બીજાં પંખીઓને મોંની બંને બાજુ આંખો હોય છે; કારણ કે તેમને સ્વરક્ષણ માટે ચારે તરફ નજર રાખવી પડે છે. ઘુવડને રાત્રે કોઈ દુશ્મનનો ડર નથી; એટલે તેની આંખો માણસની જેમ આગળ છે. એ આંખો મોટી છે; કારણ કે અંધારામાં બને એટલો વધુ પ્રકાશ તેની આંખો ગ્રહણ કરે તો જ તે અંધારામાં જોઈ શકે ને?

ઘુવડ અને ચીબરી (Owls and Owlets)

દુનિયાના સૌથી ઉપયોગી પંખીની શોધ કરવી હોય તો એવું પંખી હોવાનો દાવો ઘુવડ કરી શકે. પરંતુ ઘુવડ કદી એવી ખ્યાતિ ઇચ્છતું નથી. બધાં પક્ષીઓમાં તે સૌથી વધારે માનવસેવા કરે છે, પરંતુ એ સેવાની જાહેરાત થાય અને કદર થાય એવી તેની ઇચ્છા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી; એટલું જ નહિ, પણ તેથી તો તેને બહુ સંકોચ થાય છે. એટલે તે આ મહાન માનવસેવાનું કામ રાતના અંધારામાં કરી પ્રભાતની પહેલી ટશર ફૂટે તે પહેલાં તો પોતાના ઘરમાં સંતાઈ જાય છે. જાહેર જીવનમાં થોડુંઘણું કામ કરીને કે કંઈ કામ કર્યાં વિના પ્રસિદ્ધિ મેળવનારા આપણા કહેવાતા પ્રજાસેવકોથી ઘુવડની સૃષ્ટિ આમ નિરાળી અને ઉમદા છે.

આહારવ્યવહાર અને શરીરરચનામાં ઘુવડ અને ચીબરીનું સ્થાન વિશિષ્ટ છે. ચીબરી અથવા ભૈરવ ઘુવડની નાની આવૃત્તિ જ છે. આ કુળનાં બધાં પક્ષીઓ નિશાચર છે. એમ તો દશરથિયાં અને રાત-બગલા પણ ક્યાં નિશાચર નથી? પણ ઘુવડની વાત જ જુદી છે. પક્ષીજગતમાં એના જેવાં મુલાયમ પીછાંવાળું બીજું કોઈ પંખી તો બતાવો! તેનો અવાજ કર્કશ અને ભય ઉપજાવે તેવો છે. આવા વિશિષ્ટ પ્રકારના દેખાવ અને અવાજથી તો આપણે ઊલટા તેનાથી ભડકી ગયા છીએ. ભારતમાં, ઇંગ્લૅંડમાં અને પ્રાચીન રોમમાં પણ ઘુવડ લોકમાન્યતામાં અપશુકનિયાળ પંખી ગણાયું છે. દેશદેશની દંતકથાઓમાં તેને આફત અને મોતનું પંખી ચીતરવામાં આવ્યું છે. આપણે ત્યાં તો ઘુવડ યમદૂત જ મનાયો છે. આપણી કૃતઘ્નતાનો પણ કંઈ પાર છે?

પરંતુ પ્રાચીન ગ્રીક પ્રજા વધુ સમજુ અને વિચારશીલ હતી. ગ્રીક લોકો આપણા જેવા ગુણચોર ન હતા. તેઓએ ઘુવડ આપણી જે મહાન સેવા બજાવે છે તેની શોધ કરી, કદર કરી અને ડહાપણ તથા વિદ્યાના પ્રતીક તરીકે તેની સ્થાપના કરી.

ઘુવડના ગુણની કદર કરવામાં આપણે ડાહ્યા ગ્રીકલોકો કરતાં બે હજાર વર્ષ પાછળ છીએ; પરંતુ હજી મોડું નથી થયું. ઘુવડનું કુળ માનવજાતની જે મહાન સેવા બજાવે છે તે આપણે જાણીએ અને તેની કદર કરીએ. ડહાપણના પ્રતીક ઘુવડને આપણે એટલો બધો ઉવેખ્યો છે કે ઘુવડનું હિંદી નામ ઉલ્લુ છે!

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂર્યાસ્ત થાય છે, અંધારું જામે છે અને ખેતરાઉ ઉંદરો પાકનો નાશ કરવા બહાર આવવા દરમાંથી ડોકું બહાર કાઢે છે. ઉંદર જેટલું ખાય છે તેનાથી દશગણું બગાડે છે અને તેની ભૂખ સદા અતૃપ્ત હોય છે. તેને ખાવું ન હોય તોપણ તેના દાંત તો કંઈ ને કંઈ કરડતા જ હોય; કારણ કે તેમના દાંત વધ્યા કરે છે અને જો કંઈ ને કંઈ કરડ્યા કરીને દાંતને ઘસારો ન આપ્યા કરે તો તેમના દાંત વધીને તાળવું ફાડીને બહાર નીકળે. આવો ભયંકર ઉપદ્રવી ઉંદર આખી રાત ખેતરમાં કરડ–કરડ કરવા માટે જ્યારે દરમાંથી ડોકું બહાર કાઢે છે અને જુએ છે, કે ત્યાં કોઈ રાની બિલાડી નથી અને મેદાન સાફ છે ત્યારે ખેતરમાં વિનાશ ફેલાવવાના ઘૃણાપાત્ર કાર્યમાં પ્રવૃત્ત થવાને ગણપતિનું વાહન આગળ વધે છે. એ વખતે ઝાડની બખોલમાંથી બહાર નીકળેલા ઘુવડની તેજસ્વી આંખો તેની ઉપર ઠરે છે. બીજી જ ક્ષણે તે હવામાં ઝુકાવે છે. મેં તમને કહ્યું છે તેમ ઘુવડની પાંખો અને બધાં પીછાં એવાં મુલાયમ છે કે જ્યારે તે ઊડે છે ત્યારે બિલકુલ અવાજ ન થાય. જ્યારે ઘુવડના તીક્ષ્ણ નહોરવાળો પંજો ઉંદરની ગરદન પર પડે છે, ત્યારે જ તેને ભાન થાય છે કે તેના યુગયુગ જૂના દુશ્મનના હાથમાં પોતે આવી પડ્યો છે. પણ બીજી ક્ષણે ઘુવડની તીક્ષ્ણ ચાંચ તેની ખોપરી તોડી નાખે છે, અને તે ઘુવડના પેટમાં સમાઈ જાય છે. ઘુવડનાં બચ્ચાં પણ ખાઉધરાં હોય છે અને ઠેકઠેકાણે આ પક્ષીઓ પોતાના માટે અને બચ્ચાં માટે ઉંદરોની હત્યા કરીને તેમની વસ્તીનું જે નિયમન કરે છે તેનો ખ્યાલ આપવા માટે મારે એટલું પણ કહી દેવું જોઈએ, કે ઉંદર જેટલા ખાઉધરા છે તેટલા જ ‘ફળદ્રૂપ’ છે; જો તમે ઉંદરની એક જોડી રાખી હોય અને તેમનાં બધાં બચ્ચાંને સલામત રીતે વંશવૃદ્ધિ કરવા દેવામાં આવે, તો આંગળીના વેઢા ઉપર ગણી શકાય એટલાં વરસમાં તેઓની સંખ્યા કરોડોની થઈ જાય. જો ઉંદરોને અનિયંત્રિતપણે વધવા દેવામાં આવે તો આપણને ખાવા માટે એક દાણો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ન મળે. અને ઉંદર મરકી જેવાં ભયંકર અને જીવલેણુ દર્દ ફેલાવે છે એ પણ ભૂલી નહિ જતા. હવે તમને ખ્યાલ આવશે કે ઘુવડ ઉંદરની વસ્તીને કાબૂમાં રાખી કેવી માનવસેવા બજાવે છે. ઘુવડોની હોજરી તપાસતાં જણાયું છે કે રેવીદેવી અથવા કરેલ (Barn Owl) નામના શહેરી ઘુવડના ખોરાકમાં ૮૫ ટકા પ્રાણીઓ એવાં છે કે જેઓ પાકને નુકસાન કરે છે અને તેમાં ૬૮ ટકા ઉંદર હોય છે. વગડામાં વસતા રેવાઈ અથવા રવાઈડાં નામના ઘુવડ (Short–eared Owl) અને શીંગડિયા ઘુવડ(Great–horned Owl)ના પેટમાં ૯૦ ટકા શિકાર પાકને નુકસાન કરનાર પ્રાણીઓ માલૂમ પડ્યાં છે, જેમાં ૭૮ ટકા ઉંદર અને તેના કુળનાં પ્રાણીઓ હોવાનું જણાયું છે. ન પચે એવા ભાગ દાખલા તરીકે પીછાં, રુવાંટી, હાડકાં વગેરેને ઘુવડ ઓકી નાખે છે.

આવાં ઉપયોગી પક્ષીનો આપણને નિકટનો પરિચય હોવો જોઈએ, પણ ઘુવડ તો એવાં શરમાળ છે અને પ્રસિદ્ધિથી તો શું પણ પરિચયથી પણ છેટાં રહે છે કે તેમને શોધવાં એ પણ સહેલું કામ નથી; એટલે તમારી પક્ષીશાસ્ત્રી થવાની મહત્ત્વાકાંક્ષા ન હોય તો અહીં જુદી જુદી જાતનાં ઘુવડનો સવિસ્તર પરિચય આપવાની જરૂર નથી.

શીંગડિયો ઘુવડ (The Great–horned Owl)

શીંગડિયો ઘુવડ ખરેખર પીછાંનાં શિંગડાં ધરાવે છે અને તે શમળી જેવડું પંખી છે.

શીંગડાંને તે ઊંચાંનીચાં કરી શકે છે. તે ઘણી જાતના અવાજ કાઢે છે. પણ રાતના અંધારામાં હૂ–ઉ–ઉ–ઉ અને બુ–ઓ એવો અવાજ કરે ત્યારે કોઈ પણ અજાણ્યો માણસ ભયથી ધ્રૂજી ઊઠે! ભેખડ, ટેકરીઓ, નદીકાંઠા, ભેખડવાળા દરિયાકાંઠા અને બીડવાળાં મેદાન અને ઝાડનાં ઝુંડ તેને પસંદ છે. દિવસે તે છુપાઈ રહે છે. જો ખુલ્લો વગડો હશે તો દિવસે ઘાસમાં છુપાઈને રહેશે. કોઈ પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘુવડને જો દિવસે બહાર નીકળવું પડે તો કાગડા તેની ઉપર તૂટી પડે છે, કારણ કે રાતે ઘુવડ કાગડાને પણ મારે છે. વહેમી અને શ્રદ્ધાળુ લોકો તેના પગનું હાડકું બાળકોની ડોકમાં પહેરાવે છે. આ ઘુવડ જ્યાં રહેતો હોય ત્યાં જ માળા બાંધે છે. ઘાસમાં જમીન ઉપર રહેનાર ઘુવડ જમીન ઉપર જ માળો બનાવે છે. આથી બચ્ચાંની દિશામાં ભય આવી રહ્યો હોય તો માબાપ દુશ્મનનું ધ્યાન બીજી બાજુ ખેંચવા જાણે પોતાને ઈજા થઈ હોય એવો ઢોંગ કરવા આશ્ચર્ય-જનક અભિનય કરે છે! શ્રી ધર્મકુમારસિંહજી લખે છે કે આવા સમયે તે માથું નીચું અને પાંખો પહોળી કરી ચીસો પાડતો ઘૂમે છે! દુશ્મનનો સામનો કરવા તે પીછાં ઊંચાં કરીને ખૂબ મોટો દેખાવાનો પ્રયત્ન પણ કરે છે.

વસ્તી: મહાગુજરાત અને સમગ્ર ભારત. પ્રજનનઋતુ મુખ્યત્વે શિયાળો.

માછીમાર ઘુવડ (The Brown Fish Owl) શીંગડિયા ઘુવડ જેવડું જ અને શીંગડાવાળું પક્ષી છે, દેખાવમાં પણ તેને થોડું-ઘણું મળતું આવે છે. પણ નામ પ્રમાણે તે માછલી, કરચલાં અને દેડકા વધુ મારે છે. સાપ, કાચંડા, પક્ષીઓ વગેરેને પણ આ ઘુવડ છોડતો નથી. કચ્છ સિવાયના મહાગુજરાત, મુંબઈ અને હિંદમાં તેની વસ્તી છે.

કાગડાથી મોટો અને ટૂંકાં શીંગડાંવાળો **રેવઈ અથવા રવાઈડો ઘુવડ** (Short-eared Owl) આપણે ત્યાં શિયાળો ગાળવા છેક યુરોપથી આવે છે! તેને સૂર્ય સાથે અણબનાવ નથી અને દિવસે પણ તે ઝાડી, ઘાસ કે કંટારાના મૂળ પાસે બેઠેલો દેખાશે. ત્યાં તે ઊંઘે છે, ત્યારે પાણા જેવો લાગે છે. ખલેલ પામીને ઊડી જતાં કાગડા તેને રંજાડવા લાગે છે ત્યારે મેં તેને સહેલાઈથી આકાશમાં છટકી જતાં જોયેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રેવીદેવી અથવા કરેલ ધુવડ (The Barn Owl) પણ કાગડાથી મોટો છે અને તેની વ્યાપક વસ્તી છે. તેનું ધોળું વાંદરા જેવું મોઢું તેને તરત ઓળખાવી દેશે. તે ચીબરીની જેમ ચીસ પાડે છે તેમ હો–હૂ–ઉ–ઉ–ઉ પણ કરે છે. તે સ્થાયી અધિવાસી છે અને મુંબઈ જેવા શહેરમાં મોડી રાતે રસ્તા ઉપર ઊંચે ઊડતો દેખાય છે! પણ દિવસે જો ક્યાંય ઉઘાડો પડી ગયો તો કાગડા મારી જ નાખે.



રેવીદેવી અથવા કરેલ ધુવડ

કુળની દ્રષ્ટિએ જોઈએ તો પક્ષીશાસ્ત્રીઓએ રેવીદેવીને જુદું કુળ આપ્યું છે ત્યારે બીજાં ધુવડો અને ચીબરીઓને એક કુળમાં મૂક્યાં છે. પક્ષીઓને પોતાનું કુળ નક્કી કરવાનો પણ અધિકાર નથી! એ અધિકાર વિજ્ઞાનશાસ્ત્રીઓએ ખૂંચવી લીધો છે.

ચીબરી અથવા ભૈરવ પક્ષી (Owlets)

ચીબરીઓ ધુવડની નાની આવૃત્તિ છે. દેખાવમાં તેઓ ધુવડ જેવી જ, પણ કદમાં નાની હોય છે. તેઓ પણ નિશાચર પક્ષી છે. છતાં ખરે બપોરે પણ તેઓ ખુલ્લામાં આવતાં અચકાતી નથી અને કોઈ વાર તો તમે ખરે બપોરે તેને ઊડતાં પણ જોશો. તેમ છતાં આહારોત્પાદનનું કામ તો તેઓ સૂર્યાસ્તથી સૂર્યોદય સુધી જ કરે છે. દિવસે તેઓ કોઈ વાર પોતાના ઘરના આંગણે આવીને બેસે છે ખરી, પણ જો તેને ખલેલ પહોંચે તો જ તેઓ આંગણું છોડીને બહાર પડે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપણે ત્યાં થતી ચીબરીઓમાં ધી નોર્ધર્ન સ્પોટેડ આઉલેટ મુખ્ય છે. મરાઠીમાં તેને પીંગળા કહે છે. કદમાં તે આઠ ઇંચની (કાબર જેવડી) છે. ઉપરનો ભાગ ભૂરો છે અને ધોળાં ટપકાં અને પટા છે. નીચેનો ભાગ ધોળો છે અને છૂટાંછવાયાં ભૂરાં ટપકાં છે. મોટી, બધા ઘુવડને હોય છે તેવી, માણસની જેમ આગળપડતી અને પીળી આંખો જ્યારે તમારી સામે માંડીને તે જુએ, ત્યારે જ તમને તેના 'વ્યક્તિત્વ'નો ખ્યાલ આવે. ઝાડમાં, ભીંતમાં કે છાપરામાં પોલાણ હોય તેમાં ચીબરી ઘર માંડીને રહે છે. જો તમે તેનાં બારણાં ઠોકો તો એ જિજ્ઞાસુ પંખી તરત પોતાનું ગોળ મોઢું બહાર કાઢશે. પેલી બે વેધક પીળી મોટી આંખો તમારી સામે મંડાશે અને તમારી અશિષ્ટતાથી ક્રોધે ભરાઈને જો ચીબરી પાછી પોતાના ઘરમાં ચાલી નહિ જાય તો બહાર નીકળી સામેની ડાળી પર બેસશે, તમને ડરાવતી હોય તેમ માથું ઊંચુંનીચું કરશે અને પોતાની સમગ્ર કર્કશતા એકઠી કરીને તમને જે ગાળો દેશે તેનું ભાષાંતર તેની ભાષામાંથી ગુજરાતીમાં થઈ શકે તેમ નથી.

સૂર્ય આથમવા આવે છે ને ચીબરીની અધીરાઈ વધતી જાય છે. સૂર્યાસ્ત થાય ન થાય ત્યાં તો તે બહાર નીકળી પડે છે.

તારના થાંભલા, છાપરાં કે ઝાડની ડાળ પર તે આવીને બેસે છે અને સૂર્યાસ્ત થયા બદલનો આનંદ વ્યક્ત કરવા કંઠમાંથી કર્કશતાના ફુવારા મુક્તપણે છોડે છે. કોઈ ઉંદર, ઢાલિયું જીવડું, પંખી કે સરિસૃપ નજરે પડયું કે તરત જ ચીબરી તેની ઉપર તૂટી પડે છે. ન પચે એવા વાળ, પાછાં વગેરે વસ્તુઓને તે ઓકી કાઢે છે. તેનાં મુલાયમ રેશમી પીછાં તેને જરાય અવાજ કર્યો વિના ઊડવામાં મદદરૂપ છે. વીજળીના દીવા પાસે રાજમાર્ગ પર, ખાસ કરીને ચોમાસામાં, જે જીવડાં આકર્ષાઈ આવે છે તેમના પર પણ ચીબરી હાથ મારે છે.

જંગલ, ઉજ્જડ વગડા, ખેતરાઉ પ્રદેશ, બાગબગીચા, શહેરો અને ગામડાં; બધે આ ચીબરી જરૂર દેખાશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આસોથી ચૈત્ર સુધી તેની પ્રજનનઋતુ. નરમાદા બંને ઈંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં સરખો ભાગ લે છે. તેઓ પોતાના ઘરમાં જ થોડાં પીંછાં અને તણખલાંનો આછોપાતળો નામનો માળો બાંધે છે અને માદા ત્રણથી ચાર સફેદ ઈંડાં મૂકે છે. ઘુવડ અને ચીબરીનાં ઈંડાં લંબગોળ કરતાં ગોળાકાર વધારે હોય છે.

વસ્તી : મહાગુજરાત, મુંબઈ અને સમગ્ર હિંદમાં સ્થાયી અને વ્યાપક. ગુજરાતના જંગલ પ્રદેશમાં વનચીબરી (The Jungle Owlet) નામની એક બીજી ચીબરી વસે છે.

અન્ય નિશાચર પક્ષીઓ

જ્યારે આપણે રાતનાં પંખીઓનો પરિચય કરવા બેઠા છીએ, ત્યારે બીજાં નિશાચર પંખીઓનો ઉલ્લેખ પણ અહીં કરી લઈએ, પછી ભલે તે જુદાં કુટુંબનાં હોય.

દશરથિયું અથવા છાપું (The Nightjar)

કોઈ વખત તમારા પગ પાસેથી પંખી ઊડે, પણ પંખીની જેમ નહિ, કૂદકાંની જેમ, તો જાણવું કે એ દશરથિયું છે. દશ ઇંચ લાંબું એટલે કે કાબર જેવડું કંઈ કૂદું હોય? એનો ભૂરો રંગ



દશરથિયું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રેતાળ રંગનાં ટપકાં અને રેખાઓનો એવો સુમેળ ધરાવે છે કે તમારા પગ આગળ બેઠું હોય તોપણ તમે તેને ન જુઓ! અદૃશ્ય રહેવાની પોતાની શક્તિનું દશરથિયાને પણ ભાન છે, એટલે જ્યાં સુધી તેને કચરાઈ જવાની બીક નહિ લાગે ત્યાં સુધી તે છતું નહિ થાય. ઊડશે ત્યારે પંખીની જેમ સીધી લીટીમાં નહિ પણ કૂદાંની જેમ આડું અવળું અને જ્યાં બેસશે ત્યાં આસપાસના વાતાવરણમાં એનો રંગ એવો ભળી જશે કે પાછું તે અદૃશ્ય થઈ જશે. આસપાસની ધરતી સાથે દશરથિયાંનો ફોટોગ્રાફ લેવામાં આવે તો ફોટોગ્રાફમાં દશરથિયું તમને ભાગ્યે જ દેખાશે! કેવું અજબ આત્મગોપન!

આપણા દેશનું આ વ્યાપક અને છતાં આપણે જેનાથી અજાણ્યા છીએ એવા આ પંખીની વિશિષ્ટતા એ છે, કે તે બીજાં પક્ષીઓની જેમ ઝાડની ડાળી પકડીને બેસી શકતું નથી, એટલે જમીન પર જ બેસે છે. જો ઝાડ પર બેસે તો તેની જાડી ડાળ પર સમાંતર બેસે, બીજાં પક્ષીઓની જેમ આડું નહિ. રાતના અંધારામાં તમે ચક–ચક–ચક–ચક–ચ–ર્–ર્–ર્ એવો અવાજ સાંભળો તો જાણવું કે એ જ દશરથિયું. રાત્રે મોટરમાં ગામ બહાર પ્રવાસ કરતા હશો તો તેની બત્તીઓના પ્રકાશમાં તે રસ્તા પરથી ઊડતું દેખાશે. એની ચાંચ ટૂંકી છે, પણ મોઢાની ફાટ મોટી છે અને તેમાં તે ઊડતાં જીવડાંને પકડી પાડે છે. એ મોટી ફાટને લીધે યુરોપ જેવા સુધરેલા દેશમાં પણ એવી ખોટી માન્યતા પ્રવર્તે છે કે તે બકરી અને ગાયને ધાવી જાય છે! એટલે તેઓએ તેનું બીજું નામ 'ગોટ સકર' પાડયું છે! અજ્ઞાનનો ઇજારો કંઈ આપણે જ રાખ્યો છે?

મુંબઈમાં એક, કચ્છમાં ચાર અને સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં પાંચ જાતનાં દશરથિયાં નોંધાયાં છે. તેમાંથી પરદેશી દશરથિયું (Hume's Nightjar) યુરોપ અને પશ્ચિમ એશિયાથી મહાગુજરાતમાં શિયાળો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાળવા આવે છે. રેતલ દશરથિયું (Sykes' Nightjar) ઋતુ પ્રમાણે સ્થાનપલટો કરતું જણાયું છે. સામાન્ય દશરથિયું (The Common Nightjar) અને મોટું દશરથિયું (Franklin's Nightjar) વધુ જાણીતાં અને વ્યાપક દશરથિયાં છે. સામાન્ય દશરથિયું ઊડશે ત્યારે પાંખમાં ધોળા પટ્ટા ઝબકી ઊઠશે.

આસપાસની ધરતી અને સૂકી વનસ્પતિના રંગ સાથે ઓતપ્રોત થઈ જાય એવા રંગવાળાં પક્ષીઓમાં દશરથિયાં તો અજોડ છે. આત્મગોપનનો આથી વધુ સારો દાખલો પક્ષીસૃષ્ટિમાં ભાગ્યે જ મળશે. દિવસે તેઓ વાડ, ઝાંખરાં કે ઘાસના મૂળમાં ભરાઈને બેસી રહે છે.

દશરથિયાંને પોતાનું અલાયદું કુળ છે.

સામાન્ય રીતે ગ્રીષ્મ અને વર્ષા તેમની પ્રજનનઋતુ છે. તેઓ માળો નથી બનાવતાં.

કદના પ્રમાણમાં દશરથિયાંની આંખો મોટી છે, કારણ કે તેઓ નિશાચર પક્ષી છે. દિવસે તેઓ આંખો બંધ રાખીને સૂતાં હોય ત્યારે તમે ગુપચુપ પકડી લઈ શકો.

રાત બગલા (The Night Heron)

ક્યાં ઘુવડ, ક્યાં દશરથિયું અને ક્યાં રાત બગલા! કંઈ સગપણ જ નહિ, છતાં નિશાચર પક્ષીઓનો સામટો પરિચય કરવો હોય તો એવી છલંગો મારવી જ જોઈએ.

રાત બગલા નિશાચર પ્રકૃતિને વફાદાર છે. રાતના અંધારામાં તમે 'ઉવાક–ઉવાક' એવો અવાજ સાંભળો ત્યારે જાણવું કે રાતના રાજા બગલાભાઈ ચારો ચરવા જાય છે, અથવા ચોમાસું હોય તો બચ્ચાંને માછલી ખવડાવવા જાય છે. રાત બગલા સુંદર કાબરા રંગના હોય છે. વધુ પરિચય તો શું આપું? એમનાં અન્ય કુટુંબીઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંજન બગલા ધોળે દિવસે અને ધોળા દૂધ જેવા પોશાકમાં તમે જોઈ શકશો, અને અંધારી રાતે જ્યારે રાત બગલા માછલી મારતા હોય, ત્યારે તમે તેમની સાથે ઓળખાણ કરવા તેમની પાસે જવાના નથી એ હું જાણું છું, એટલે ટૂંકામાં તેની ઓળખાણ આપી દઉં.

ઉપરથી કાળા અને રાખોડી રંગનો અને નીચેથી ધોળા રંગનો રાત બગલો તેના અવાજ ઉપરથી 'વાક' અથવા 'અવાક' નામે પણ ઓળખાય છે. તે દિવસે ઝાડની ઘટામાં આરામ કરે છે, પણ મેઘાચ્છાદિત આકાશ હોય તો સાંજે અને સવારે પણ ખોરાક મેળવવા જાય છે. ખારા કે મીઠા પાણીનો તેને ભેદભાવ નથી. તેના ઢંગ અંજન બગલા કરતાં ખોખડ બગલાને વધુ મળતા છે. પાણીથી તેનાં પીછાં ભીંજાતાં નથી.

વસતી : દક્ષિણ યુરોપથી અગ્નિએશિયા સુધી હજારો માઈલના વિસ્તારમાં વસતા રાત બગલા આપણે ત્યાં વ્યાપક પંખી છે. વર્ષાઋતુ તેની પ્રજનનઋતુ. પાણીકાંઠાથી ઝાડમાં આવેલું તેનું બેસણું ઘણીવાર બહુ છેટું હોય છે, એટલે બચ્ચાંને ખવડાવવા તેને ઘણું ઊડવું પડે છે. તે ઝાડ ઉપર માળો બાંધી દરિયાઈ રંગનાં પાંચ ઈંડાં મૂકે છે.

૧૦ : કેટલાંક રાંક પંખીડાં

કયું પંખી રાંક નથી ? શિકારી પંખીઓ, ગીધ, ઘુવડ વગેરેને બાદ કરતાં ઘણાંખરાં પંખી રાંકડાં જ લાગે છે, છતાં ગરીબ સ્વભાવનાં માણસોને તો આપણે કબૂતર સાથે સરખાવીએ છીએ. યુરોપી લોકો હોલાને શાંતિના પ્રતીક તરીકે ઓળખે છે અને આપણે પણ તેને ભગત કહીએ છીએ; એટલે બધાં પંખીઓમાં આ બે પંખી તો સૌથી વધારે રાંક છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કબૂતર ને હોલા એક કુટુંબનાં છે અને તેતર ને લાવરી તથા બટેર પણ એક કુટુંબનાં છે; પરંતુ આ બે કુટુંબ વચ્ચે કંઈ સગપણ નથી, તેમ છતાં મારી દૃષ્ટિએ લડાયક વૃત્તિનાં તેતર, લાવરી અને બટેર પણ રાંક લાગે છે. તમે એને પક્ષપાત કહો; પણ એમ તો કબૂતર પણ ક્યાં લડાયક વૃત્તિનાં નથી? એટલે મેં તો આ બધાં પંખીને રાંક પખીઓના પ્રકરણમાં મૂકી દીધાં છે.

કબૂતર અને હોલાં

એક જ કુળમાં સમાઈ જતા આપણા સુપરિચિત હોલા અને કબૂતરના પરિચયની તો થોડી જ જરૂર છે, તેમ છતાં એમનાં કુળના કયા કયા નબીરા આપણે ત્યાં છે એની નોંધ વિના તો આ લખાણ અધૂરું ગણાય ને? સ્થળસંકોચના કારણે આપણે તેના કુળધર્મ જ જાણી લઈએ. કબૂતર અને હોલા પક્ષીસમાજમાં પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. તેઓની શરીરરચના ઝડપી ઉડ્ડયન માટે ઘડાયેલી છે. જેટ વિમાનોની જેમ તેઓની આકૃતિ સુડોળ છે અને હવાની ઓછામાં ઓછી રુકાવટ સાથે તેઓ વધુમાં વધુ ચપળતા અને ઝડપથી હવામાં દાવપેચ ખેલી શકે તેવી છે. આ ગુણો હોલા કરતાં કબૂતરમાં વધુ વિકાસ પામ્યા છે. તેઓ ચુસ્તપણે વનસ્પત્યાહારી છે, પણ શ્રી ધર્મકુમારસિંહજી કહે છે કે કબૂતર જવલ્લે જ ઊધઈ પણ ખાય છે. તેઓ જે દાણા અને બી ખાય છે તે આગલા જઠરમાં પચીને દૂધ જેવો પ્રવાહી રસ બને છે અને તે રસ ઉપર તેઓ બચ્ચાંને ઉછેરે છે. તેઓ ખોરાકના પાચન માટે દાણા અને બી સાથે કાંકરી પણ ગળી જાય છે.

આ વર્ગનાં પક્ષીઓ માળા બાંધવામાં કે માળા માટે સ્થળની પસંદગીમાં સાદી અક્કલની પણ ઊણપ હોવાનું પ્રદર્શન કરે છે. દાતણની ચારો અને સાંઠીકડાંનો આછો–પાતળો માળો બનાવીને તેઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધોળા રંગનાં ઈંડાં મૂકે છે. આ માળો એવો કઢંગો હોય છે અને તેના સ્થળની પસંદગીમાં એટલી બધી મૂર્ખાઈ બતાવવામાં આવે છે કે કોઈવાર ઇંડાં પડીને ફૂટી જાય છે અને ઘણીવાર દુશ્મનોનાં મોંમાં જાય છે. છતાં તેઓ કશો જ બોધપાઠ લેતાં નથી. પંખી પોતે પણ દુશ્મનોના શિકાર બને છે. માંસાહારી માણસોએ આ વર્ગનાં પંખી અને તેમનાં ઈંડાંને ખાદ્ય ગણ્યાં છે.

કબૂતર (The Blue Rock-Pigeon)

મૂળમાં પોચી અને છેડેથી કઠણ ચાંચ, પ્રમાણમાં જરા મોટી અને તેજસ્વી આંખ, તરેહતરેહના રંગ અને ઝડપી ઉડ્ડયનથી પ્રસિદ્ધ થયેલાં કબૂતરની સૌથી સામાન્ય જાત આપણાં વાદળી કબૂતર છે અને રોજના વધુપડતા પરિચયથી તમને તેના પ્રત્યે અણગમો આવી ગયો હોય, તોપણ તેના કુળનાં અન્ય પંખીઓ પ્રત્યે એવી ઉપેક્ષા ન કરતા. દુનિયામાં તેઓએ ઝડપ માટે, તરેહતરેહના ફાંટાબાજ ઉડ્ડયન માટે અને સંદેશવાહક તરીકે અમર નામના કાઢી છે. આપણા આ સામાન્ય કબૂતરને પણ જો તેના સ્થાનકથી દૂર લઈ જવામાં આવે તો તે પોતાનું ઘર શોધી કાઢે છે. શ્રી ધર્મકુમારસિંહજી લખે છે કે, તેમણે આ સામાન્ય કબૂતરોને ૨૦–૩૦ માઈલ છેટે લઈ જઈને છોડી મૂક્યાં હતાં અને બીજે બીજે દિવસે તેઓ પાછાં ઘેર આવી ગયાં હતાં! પોતાનું ઘર શોધી કાઢવાની તેની આ શક્તિનો ઉપયોગ કરવા માણસે સંદેશવાહક કબૂતરની એક ખાસ વર્ણસંકર જાત ઉછેરી છે. આપણા કબૂતરને તે ઘણી મળતી છે. સંદેશવાહક કબૂતર એક મિનિટના એક માઈલની ઝડપે ઊડતાં હોવાનું નોંધાયું છે. અનેક દેશોનાં લશ્કરો સંદેશવાહક કબૂતરો રાખે છે અને લડાઈમાં તેમણે રોમાંચક પરાક્રમ કરી બતાવ્યાં છે.

કબૂતર જોડું બંધાઈને રહે છે અને તે પ્રેમાળ પંખી છે. પણ હરીફ કબૂતરો ઘાતકી લડાઈ લડે છે. તેઓ તાજી ઊગી રહેલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વનસ્પતિ પણ ખાય છે અને ખેતરમાં ફૂટી રહેલા અંકુર ખાઈ ને ખેતીને નુકસાન કરે છે. આ પ્રેમી પંખીને ખાવા, લડવા અને પ્રેમ કરવા સિવાય બીજો કોઈ ધંધો નથી, એટલે પ્રજનન બારે માસ ચાલે છે!

હારિત અથવા હરિયલ (The Southern Green Pigeon)

આપણાં કબૂતરોમાં એક વિશિષ્ટ પ્રકારના કબૂતરની ઓળખાણ કરી લેવી જોઈએ. નામ પ્રમાણે રંગ ધરાવતા હારિત લીલાશ, પીળાશ અને રાખોડી રંગનાં છે અને ઝાડનાં ઝુંડમાં જ રહે છે. તેઓ સદંતર ફળાહારી છે. કદમાં આપણા કબૂતર જેવડાં જ આ પંખી આપણે ત્યાં અનુકૂળ સ્થળે મળી આવશે, પણ રંગ અને રીતભાતના કારણે તેઓ ઝાડના ઝુંડમાં એવાં અદૃશ્ય રહે છે કે બહુ કાળજીપૂર્વક તમે તેની શોધ ન ચલાવો તો તે તમારી નજરે નહિ પડે. જ્યારે વડલામાં ટેટા પાકયા હોય ત્યારે તેમની શોધ કરજો. તેઓ મનોહર સિસોટી વગાડે છે. સ્વભાવે તેઓ સમૂહચારી છે, એટલે ટોળામાં રહે છે, છતાં આખું ટોળું ઝાડની ઘટામાં કેવું અદૃશ્ય રહે છે તે જોઈને તમને આશ્ચર્ય થશે. ફળાહારી હોવાથી તેઓને પાણી પીવા પણ જમીન પર ઊતરવાની ભાગ્યે જ જરૂર પડે છે. તે ડુંગરાળ પ્રદેશનાં ઝાડ વધુ પસંદ કરે છે. શહેરી વિસ્તારમાં કદી નથી આવતાં.

સ્વભાવે તેઓ સંધ્યાચર અને નિશાચર પણ છે. ચાંદનીમાં તેઓ ખાતાં દેખાશે, પણ બપોરના પ્રકાશમાં આરામ કરવાનું પસંદ કરે છે. પોપટની જેમ તેઓ કોઈ પણ ખૂણે ઊંધે માથે નમીને પણ ફળ ચાંચમાં પકડી લે છે.

વસતિ : કચ્છમાં નથી, સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે ગીરપ્રદેશ. ગુજરાતમાં અનુકૂળ સ્થળે છે. મુંબઈમાં નથી. તે સ્થાયી અધિવાસી છે, પણ ખોરાકની છત પ્રમાણે સ્થાનપલટો કરે છે. હારિતને ઝાડની ઘટામાં ઊતરવા માટે અને ઊડવા માટે પાંખમાં વિશિષ્ટ પ્રકારની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સગવડ છે. આ ખાદ્યપક્ષી સ્વાદિષ્ટ ગણાય છે તેથી તેની ઘણી હત્યા થાય છે એ દુ:ખદ વાત છે. હારિત પણ પ્રેમાળ પંખી છે. જોડું બંધાઈને રહે છે અને બચ્ચાંને પેટમાંથી 'દૂધ' અને અર્ધપકવ ખોરાક કાઢીને ખવડાવે છે. તેની ચરકમાં ફળનાં જે બી જ્યાંત્યાં વેરાય છે તે ઊગી નીકળે છે. આથી વનસ્પતિનો ફેલાવો કરનાર પંખી તરીકે પણ હારિત ઉપયોગી પંખી છે.

હારિતની પ્રજનનઋતુ ઉનાળામાં ફાગણથી જેઠ સુધીમાં આવે છે. ઝાડમાં કઢંગો માળો બનાવી એ ધોળાં ઈંડાં મૂકે છે.

હોલાં (Doves)

અંગ્રેજીમાં શાંતિના પ્રતીકરૂપે ડવના નામે ઓળખાતાં હોલાં વિનમ્રતા અને સદાચારથી આપણા ગ્રામ્ય વિસ્તારમાં ભગતનું બિરુદ પામ્યાં છે. તેઓ રૂપાળાં પંખી નથી અને સંગીતકળા ઔરંગઝેબથી દૂર હતી તેટલી જ હોલાથી દૂર છે. મનોરંજન કરે તેવા હાવભાવ કે અંગમરોડ તેઓ જાણતાં નથી. સ્વભાવમાં દીનતા, સાદાઈ અને સાધુવૃત્તિ ભારોભાર ભરેલી છે. તેઓ એકપત્નીવ્રત પાળે છે. હિંસા કરતા નથી. આવાં રાંક પંખી ચુસ્તપણે વનસ્પત્યાહારી હોય એમાં શી નવાઈ? તેઓ પણ ગમે ત્યારે કઢંગા માળા બાંધી પ્રજનન કર્યા કરે છે અને બે ધોળાં ઈંડાં મૂકે છે. કબૂતરની જેમ હોલા પણ આપણે ત્યાં સ્થાયી અધિવાસી છે.

કબૂતર જેમ શહેરનાં પણ પક્ષી છે તેમ હોલાં નથી. હોલાં જંગલ, વગડા, સીમ, ખેતર, પાદર અને ગામડાંનાં પંખી છે. સૌરાષ્ટ્રમાં જ્યારે હું ગામડામાં રહેતો હતો, ત્યારે તેમણે મારા ઘરમાં ધામા નાખ્યા હતા અને ચાલીમાં છાપરા નીચે માળા બાંધતા હતા.

હવે આપણે ત્યાં થતી હોલાની મુખ્ય જાતોની ઓળખાણ કરી લઈએ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંઠલાવાળો અથવા ધોળ હોલો (The Indian Ring Dove)

બાવળનાં ઝાડવાળા વનવગડા આ હોલાના કૂજનથી ગાજતાં હોય છે. ઊડતી વખતે તેમની પાંખો સામસામી પછડાતાં પટ–પટ અવાજ સંભળાય છે. મહાગુજરાતનું આ વ્યાપક પંખી સંવનન-સમયે વારંવાર ઝાડમાંથી પાંખો પટપટાવતું, કૂજન કરતું સીધું ઊંચે ઊડી જાય છે અને પછી પાંખો પસારીને નીચે ઊતરતું હોય તે જોવાની મજા પડે છે.

ડોકમાં પાછળના ભાગે કાળો કાંઠલો અને શરીરે રાખ જેવો રંગ ધારણ કરનાર આ હોલો કબૂતરથી સહેજ નાનો છે. પાંખને છેડે અને પૂંછડીમાં શામળો રંગ છે. પેટાળ મેલું ધોળું છે.

વનહોલા અથવા રામહોલા (The Indian Spotted Dove)

હોલાની કોમમાં વનહોલાને ઈશ્વરે કંઈક રૂપ આપ્યું છે, કંઠમાં જરા મીઠાશ પણ આપી છે, પણ તેના કૂ–કુક–કુક–કૂઉ એવા અવાજમાં ગમગીનીની છાયા પણ છે. ઉજ્જડ વેરાન તેને પસંદ નથી એટલે



વનહોલો

તેણે કચ્છને ત્યાજ્ય ગણ્યું છે, પણ મુંબઈમાં અને મહાગુજરાતમાં તે મનપસંદ સ્થળે જાણીતું પક્ષી છે.

કાળી કાંધ પર સફેદ ટપકાં ધરાવનાર રામહોલા પણ બાર ઈંચ લાંબા છે; તેમને ગુલાબી ઝાંયવાળું ઈંટના રંગનું શરીર, રાખોડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માથું તથા ઉપર રેતાળ ટપકાં છે. પગ રાતા છે.

હોલડી અથવા ખુમરી (The Little Brown Dove)

કાબર જેવડા કદનો આ હોલો તેના ઝાંખી ઈંટ જેવા રંગથી ઓળખાઈ આવશે. તેને શેતરંજ જેવી ચિતરામણ છે, પણ કાંધ ઉપર નહિ, ડોકની બંને બાજુ અને આગળ. નર પ્રેમ કરતો ન હોય તોપણ આછા ગુલાબી માથા વડે ઓળખાઈ આવશે. માદા ઝાંખી છે. પેટ ધોળકાતું છે. મહાગુજરાતનો આ વ્યાપક હોલો છે. અને થોર તથા બાવળવાળા સૂકા વગડા અને રસ્તા તથા ગામના પાદર



હોલડી અથવા ખુમરી

તેને પસંદ છે. કાંટલાવાળા હોલાની જેમ તે સંવનન-ઉડ્ડયન કરે છે. કબૂતરની જેમ નર ડોક અને છાતી ફુલાવીને કૂ-કૂ-કૂ બોલતો માદાની આસપાસ ઘૂમે છે, પછી પાંખો પટપટાવતો સીધો ઊંચે ઊડી જાય છે અને પાંખો પસારીને તરતો તરતો નીચે ઊતરે છે. માદાને રીઝવવાના આ ઢંગ જોવા જેવા હોય છે. ગ્રામ્ય પ્રદેશમાં આ હોલા માણસની વસ્તીમાં પણ આવે છે. મારા વરંડામાં તેમણે માળા બાંધ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાતડિયો અથવા લોટણ હોલો
(The Indian Red Turtle Dove)

ઈંટ જેવા રાતા રંગનો અને કદમાં કાબર જેવડો આ હોલો પૂંછડી અને માથા ઉપર ભૂરો રંગ અને ડોક પાછળ કાળો કાંઠલો ધરાવે છે. માદા ઝાંખા રંગની છે. ગ્રૂ-ગર્ર-ગ્રૂ એવા એના અવાજમાં મીઠાશ નથી. સૂકા અને વેરાન પ્રદેશને પસંદ કરનાર હોલા પાસેથી તમે શી અપેક્ષા રાખો? મહાગુજરાતમાં તે વ્યાપક પક્ષી છે, પણ મુંબઈમાં તો શિયાળામાં જ કોઈ આવી ચડે છે.



રાતડિયો અથવા લોટણ હોલો

તેતર, બટેર અને લાવરી

આપણી સીમ, શેઢા અને વનવગડાને પ-ટી-લા, પ-ટી-લા, પ-ટી-લા, કતીતુર, કતીતુર, કતીતુર અથવા ટી-ટી-રૂ, ટી-ટી-રૂ, ટી-ટી-રૂ એવા મીઠા અને માદક લહેકાથી પ્રફુલ્લિત બનાવતાં તેતર ભલે રૂપાળાં ન હોય, પણ પોતાના બુલંદ અવાજથી આપણા ગ્રામ-પ્રદેશને શોભાવે છે. આ કુળનાં બધાં પક્ષીઓની જેમ તેતર પણ બહુપત્નીધારી છે. હજારો વર્ષો પૂર્વે માનવસમાજમાં જેવી લગ્ન-સંસ્થા હતી અને હજી આજે પણ સુલતાનો, શેખો, નવાબો, નિઝામો અને વાનરોમાં છે એવી લગ્નસંસ્થામાં આ કુળનાં પંખીઓ માને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. આવી લગ્નપ્રથામાં માનનારા સમાજમાં પિતા પુત્રોની સંભાળ કે માયા રાખે એવી આશા તો કેમ જ રાખી શકાય? પરિણામે ઈંડાં સેવવાનું અને બચ્ચાં ઉછેરવાનું કામ બિચારી માદા પર જ આવી પડે છે. વળી ઈંડાંની સંખ્યા પણ વધારે હોય છે એટલે માદાને કોઈ વાર તો નવ જેટલાં બચ્ચાંનું જતન કરવું પડે છે. સદ્‌ભાગ્યે કુદરત તેની મદદે આવે છે; કારણ કે ઈંડામાંથી નીકળતાં જ બચ્ચાં દોડવા લાગે છે અને માને ખોરાક લઈ આવીને બચ્ચાંનું પેટ ભરવું નથી પડતું. માનું અનુકરણ કરીને બચ્ચાં તરત જ ચારો ચરવા લાગે છે.

આ વર્ગનાં પંખી ખણનારાં છે. તેઓ પગ વડે ધરતી ખણે છે અને ધૂળમાં ઢંકાઈ ગયેલા દાણા, બી, જીવડાં વગેરે ખાય છે. મા ધરતી પર એક ઠેકાણે ચાંચ મારશે કે તરત જ બધાં બચ્ચાં દોડી આવશે અને ધરતી ખણવા અને ચણવા મંડી જશે. તે વખતે તેમનો વેગ અને ઉત્સાહ જોવા જેવો હોય છે.

આ વર્ગનાં પંખીઓમાં નર ઝઘડાખોર સ્વભાવના અને ઈર્ષાળુ હોય તેમાં નવાઈ શી? મોટું જનાનખાનું ધરાવતા લોકો તો એવા જ હોય ને! એટલે માદા પર પોતાના અધિકારના પ્રતિપાદન માટે ઘણીવાર બે હરીફ નર વચ્ચે યુદ્ધ જામે છે. લડાઈ જોવાના શોખીન માણસો જેમ લડતા માણસોને લડવા માટે હથિયાર પણ પૂરાં પાડે—અને મહારાજ્યો હજી સુધી એવો ધંધો કરે છે—તેમ કુદરતે પણ નરને પગ ઉપર પાછળના ભાગે અકેક અણીદાર કાંટો લડવા માટે આપેલ છે. બે નર જ્યારે લડે છે ત્યારે એકબીજાને ચંચુપ્રહાર અને પાંખોના પ્રહાર કરવા ઉપરાંત આ કાંટા વડે પ્રતિસ્પર્ધીની છાતીને ઊતરડી નાખે છે. જે હારીને રગદોળાઈ જાય તે નાસી જાય અને વિજેતા નારીગણનો પતિ બને.

આપણા પક્ષી–શોખીનોમાં તેતર માનીતું પક્ષી છે, તેનું એક કારણ તેતરની આ લડાયક વૃત્તિ પણ છે. કેટલાક શોખીનો તેતરને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લડાવવા માટે જ પાળે છે અને તેતરની હારજીત પર જુગાર રમાય છે. પણ તેતરની લોકપ્રિયતા માત્ર તેની લડાયક વૃત્તિના કારણે જ નથી, તેનો મીઠો અને બુલંદ અવાજ અને માલિક સાથે ખૂબ જ હળી જવાનો તેનો સ્વભાવ તેને શોખીનોનું લાડકવાયું બનાવે છે. પાળેલાં તેતર પાળેલાં કૂતરાંની જેમ હળી જાય છે અને માલિકની પાછળ પાછળ આવે છે. તેઓ આપણા સ્થાયી વતની છે.

નર તેતર ભલે ઈંડાં સેવવામાં માદાને મદદ ન કરતો હોય, પરંતુ બચ્ચાંને તે પોતાની સાથે ફેરવે છે. નર, માદાઓ અને બચ્ચાંનું ટોળું ફરતું અને ચરતું હોય તે જોવાની મજા પડે. નર મોટો જનાનો રાખતો હોવા છતાં પ્રજા પ્રત્યે નૃશંસ નથી. મેં નર પાસે પારકાં બચ્ચાં ઉછેરાવ્યાં છે અને તે કામ તેણે પૂરી મમતાથી કર્યું હતું.

તેતરના આ સામાન્ય ગુણો થયા. હવે આપણે તેમની જાતવાર ઓળખાણ કરીએ.

ભૂરો તેતર અથવા ખડિયો તેતર
(The Common Grey partridge)

આપણા કબૂતર જેવડું જ (બાર ઇંચનું) આ પંખી દેખાવમાં છેટેથી ભૂરું લાગે, પણ તેની ભાતમાં ભૂરા, મેલા ધોળા અને બજરિયા રતૂમડા રંગોની જમાવટ છે અને પગ ઝાંખા રાતા રંગના છે. આ પંખી ખેતરાઉ પ્રદેશ, ઉઘાડા વનવગડા અને વેરાન ઉજ્જડ પ્રદેશનું વતની છે અને ગીચ જંગલ તથા ભેજવાળા કે પાણી નીતરતા પ્રદેશમાં પ્રવેશ નથી કરતું. સંવનનકાળે તેમનાં જોડાં દેખાશે; પણ અન્ય ઋતુમાં ૪–૬–૧૦ પક્ષીઓનું ટોળું હશે. બી, દાણા, વનસ્પતિ અને જીવડાં તેમનો ખોરાક છે. તેઓ છાણ ફેંદીને તેમાંથી ઢાલિયાં જીવડાં ખાતાં ઘણીવાર દેખાશે. સાંજસવાર અને ખાસ કરીને સંવનનઋતુમાં તેઓ વનવગડાને પોતાના બુલંદ અવાજથી ગજાવતા હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેતર દોડવામાં બહુ વેગવાન પક્ષી છે. ન છૂટકે જ તે ઊડે છે અને ત્યારે પણ દૂર સુધી નહિ. થોડેક ઊડીને પાછું બેસી જાય અને ઝાડીમાં સંતાઈ જાય. ઊડે છે ત્યારે ભૂર્‌ર્‌ર્‌ અવાજ થાય છે. તેનું ઉડ્ડયન ઝડપી છે. શિકારી કૂતરા વડે કે બંદૂક વડે શિકારીઓ તેનો શિકાર કરે છે. ઊડતા તરત તેને ગોળી મારવી એ નિશાનબાજી ગણાય, પણ અન્યથા આવા પંખીને મારવામાં ઉમદા શિકારવૃત્તિ નથી, છતાં આ કુળનાં બધાં પક્ષીઓ ખાદ્ય હોવાના કારણે તેમના માંસ માટે તેમને જાળમાં પકડીને કે બીજી રીતે મોટી સંખ્યામાં મારવામાં આવે છે.

ભૂરો તેતર

રાત્રે તેતર ઝાડીમાં, ખાસ કરીને થોરમાં ચડીને રાત ગાળે છે. આ તેતરની પ્રજનનઋતુ જુદે જુદે ઠેકાણે જુદી જુદી હોય છે, પણ આપણે ત્યાં સામાન્ય રીતે મહાથી વૈશાખ સુધીમાં જમીન પર, ઘાસમાં, ઢેફાં કે ઝાંખરાંની ઓથમાં નામનો માળો બાંધી તેમાં છથી નવ મેલાં સફેદ ઈંડાં મૂકે છે. તેમનો ખોરાક દાણા, બી જીવડાં અને વનસ્પતિના અંકુર છે. આ તેતર મહાગુજરાતમાં અને ભારતમાં વ્યાપક છે, પણ મુંબઈમાં નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળાં તેતર (The Black Partridge)

કચ્છી નામ છે કારો તેતર. તે ભૂરા તેતર જેવડું જ પણ રંગે કાળું અને પુષ્કળ સફેદ અને રેતાળ રંગનાં ટપકાં અને રેખાવાળું છે. આંખ નીચે એકેક સફેદ પટો છે અને ગળે બજરિયા રંગનો રતૂમડો કાંઠલો છે. માદાનો રંગ ઝાંખો છે. આ તેતરને પાણીવાળા પ્રદેશ ગમે છે. તેની વસ્તી કચ્છથી ઓરિસાની લીટીની ઉત્તરે છે. કચ્છમાં તેની વસ્તી હરિયાળાં સ્થળોમાં છે. કચ્છમાં રાજાશાહી હતી ત્યારે કાળાં તેતર બહારથી લાવીને પણ છોડી મૂકવામાં આવતાં. કચ્છની બહાર ઉત્તર ભારતથી પશ્ચિમ એશિયા સુધી તે વસે છે.

તલિયો તેતર (The Painted Partridge)

સફેદ ટપકાં અને રેખાઓથી ભરપૂર છવાયેલ કાળા રંગનો અને પૂંછડી નીચે તથા ડોક અને માથા ઉપર રતૂમડો રંગ ધરાવતો આ તેતર સૌરાષ્ટ્ર, ગુજરાત અને મુંબઈમાં વસે છે. પગ ઉપર લડવા માટે કાંટો નથી, તે એમ બતાવે છે કે તે બીજા તેતર જેવો લડાયક વૃત્તિનો નથી. ઊંચાણ પર બેસીને તે મીઠા અવાજે કિક–કીકીરી, કિક–કીરી-કીકરી એવા અવાજે સવારસાંજ વગડાને ગજાવે છે. આ તેતર પણ સૂકા પ્રદેશનું પંખી નથી. તેને લીલોતરી જોઈએ છે. વર્ષા તેની પ્રજનનઋતુ છે. સંવનનકાળે તે ઊંચાણ પર ચડીને માદાઓને બોલાવતો દેખાશે.

હવે આપણે તેતરની નાની આવૃત્તિ જેવાં બટેર અને લાવરી પક્ષીઓની ઓળખાણ કરીએ.

ભિલબટેર અથવા હોન બટેર

The Common Bustard Quail or the Blue-legged Button-Quail.

તેતરના કુળનાં પક્ષીઓમાં નરના બેજવાબદાર લગ્નજીવન અને શિથિલ ચારિત્ર્યનું વેર વાળનાર અને બદલો લેનાર એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મેનકાને કુદરતે ઘડી છે. એનું નામ છે નાની બિલબટેર.

કુળધર્મની પ્રણાલિકાનો ભંગ કરનાર આ બિલબટેરોને પક્ષી-શાસ્ત્રીઓએ જુદું કુળ આપ્યું છે!

કદમાં તે ચકલી જેવડી પણ જાડી છે અને અણીદાર ટૂંકી પૂંછડીવાળી છે. માદા કાળા, ભૂરા, બજરિયા, રતૂમડા અને રેતાળ ધોળા રંગની ભાત ધરાવે છે. આસમાની ભૂરા પગે ત્રણ જ આંગળાં છે અને તે બધાં આગળ છે. એટલે ઝાડ પર તો ન જ બેસી શકે.

ઘાસ, ઝાડી, ઝાંખરાં અને ખેતરમાં વસતું આ પંખી એવું શરમાળ છે કે ભાગ્યે જ તમારી નજરે પડશે. ધરતી સાથે તેના રંગ એવા મળી જાય છે કે તે નજરે જ ન પડે, અને કોઈવાર તો તમારા પગ આગળથી જ ભૂર્‌ર્‌ર્ કરતી બટેર ઊડે ત્યારે તમે ચમકી જાવ. પણ તેની ટોળી વિખેરાઈને તરત જ પાસેની ઝાડીમાં ઘૂસી જાય, પછી તમે ગમે તેટલા જિજ્ઞાસુ હો અને ગમે તેટલી તેને શોધો પણ મળે જ નહિ.

પક્ષીજગતમાં નિયમ એવો છે કે જ્યાં નર–માદા બંને રંગ–રૂપમાં સરખાં ન હોય, ત્યાં નર વધુ રૂપાળા રંગ અને શણગાર ધરાવતો હોય. દા. ત. મોર–ઢેલ સરખાં નથી તો મોર વધુ રૂપાળો છે અને વધુ શણગાર ધરાવે છે, વળી જો નર–માદા કદમાં સરખાં ન ન હોય તો નર મોટો હોય. પણ બિલબટેર એક અપવાદ છે. એમાં નર નાનો છે. માદા જરા મોટી છે અને વધુ રૂપાળી છે. આમ બિલ બટેરે માનવસમાજની દેખાદેખી કરી છે. નર અને માદાના સૂરમાં તફાવત હોય તો નરનો જ અવાજ આકર્ષક હોય છે. નર જ માદા પર અધિકાર જમાવવા લડે છે. પણ બટેરના સમાજમાં એ ક્રમ ઊલટાઈ ગયો છે. માદા બટેર–નર કરતાં મોટી છે, વધારે સુંદર છે, આકર્ષક સૂર કાઢીને નરને લોભાવે છે; એટલું જ નહિ પણ નર ઉપર અધિકાર જમાવવા માટે હરીફ માદા સામે લડે છે!

બટેરના સ્ત્રિયારાજમાં વાત એટલેથી નથી અટકતી, બટેરની માદા ઈંડાં મૂકીને નરને તે સેવવા અને બચ્ચાં ઉછેરવાનું કામ સોંપી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પોતે નવા નરની શોધમાં નીકળી પડે છે અને એ નવા વિશ્વામિત્રને પણ પોતાના પ્રેમમાં સપડાવી નવાં ઈંડાં મૂકી તેને પણ બાળઉછેરનું કામ સોંપી વળી ત્રીજા નરને શોધે છે અને એ રીતે ઋતુ દરમ્યાન જેટલા નર મળે તેટલાને પરિણામ સોંપી પોતે મુક્ત જીવન ગાળે છે!

નાની બિલબટેરના પ્રજનનની ઋતુ આમ તો લાંબી છે; પણ મુખ્યત્વે વરસાદના દિવસોમાં તે ખાડામાં નામનો માળો કરી તેમાં ચારેક ઈંડાં મૂકે છે, જે રંગે મેલાં સફેદ અને ઉપર વિવિધ રંગનાં છૂંદણાં–છાંટણાંવાળાં હોય છે.

બધી જાતની બટેર સ્વભાવે શરમાળ છે અને ઝાડ, ઝાડી, ઝાંખરાં, ઘાંસ, કાંટ્યો વગેરેમાં સંતાતી ફરે છે. તેઓ ખેતરાઉ અને ખુલ્લી ધરતી પર રહે છે, પણ છુપાવા માટે ઉપર પ્રમાણે ઓથ જોઈએ.

વસ્તી : મહાગુજરાત, મુંબઈ અને ભારતના ઘણા ભાગમાં.

બિલબટેરો (Bustard Quails and Button Quails)

બીજી બટેરોથી પગનાં આંગળાંની રચનામાં જુદી પડે છે; કારણ કે તેમને પાછળ આંગળાં નથી, તેમને જુદું કુળ આપવાનું સાચું કારણ એ છે. બીજી ખાસિયત એ છે કે તેમની આંખ પીળાશ પર ધોળી છે. બાકી રંગઢંગ અને રીતભાતમાં બધી બટેરો સરખી છે.



બીલબટર

બિલબટેરની બાજી જાતો આપણે ત્યાં થાય છે તેમનાં નામ The Little Button Quail

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેના કદમાં સૌથી નાની છે અને ધોળકાતા મેલા પગ, ધોળકાતા પેટાળ અને છાતીની બંને બાજુ કાળાં ટપકાંથી ઓળખાઈ આવશે.

(૨) The Yellow-legged or Indian Button-Quail પીળી ચાંચ અને પીળા પગ ઉપરથી ઓળખાઈ આવશે. ત્રણ આંગળાંવાળી આ બિલબટેરોને જુદું કુળ આપવામાં આવ્યું છે.

હવે આપણે પાછળ પણ એટલે કે કુલ ચાર આંગળાં ધરાવતી બટેરોનો ઊડતો ઉલ્લેખ કરી લઈએ. એમને પકડ્યા કે માર્યા વિના તેમની જાતવાર ઓળખાણ કરવી એ સહેલું નથી. એટલે તેના કુળાચાર ઓળખી લીધા પછી ઝીણવટભરી વિગતોમાં ઊતરવાની જરૂર નથી. એટલું જાણી લેજો, કે આ ચાર આંગળવાળી બટેરોમાં નર રૂપાળો, લડાયક અને લડીને કે આક્રમણ કરીને મળી શકે એટલી પત્નીઓ ધરાવે છે.

ઘાઘસ બટેર (The Common or Grey-Quail)

નબળી પાંખોવાળા ગણાતા તેતરકુળનું આ પક્ષી દર વર્ષે હજારો માઈલની મુસાફરી કરીને ઠંડા પ્રદેશોમાંથી આપણે ત્યાં આવે છે અને કેટલાંક તો ઉત્તર ગુજરાત અને કચ્છ થઈને અરબસ્તાનને રસ્તે આફ્રિકામાં શિયાળો ગાળવા જાય છે! તે સમુદ્રના સાંકડા ભાગ પણ ઓળંગી જાય છે! માણસે તેને સ્વાદિષ્ટ ગણી છે અને હજારો બટેરોને જાળ કે બંદૂક વડે ઠાર મારવામાં આવે છે. સિસોટી જેવા તીણા અવાજ વડે નર માદાઓને એકઠી કરે છે તેમ તેમના સંપર્કમાં રહે છે. આથી પારધીઓ નરને પકડી લઈ તેના અવાજનું અનુકરણ કરી તેમને બોલાવી, વિશાળ સંખ્યામાં માદાઓને પકડી લે છે.

ઘાઘસ બટેર ઘાસ જેવા રંગની હોવાથી ઘાસ સાથે એવી ઓતપ્રોત થઈ જાય છે કે તે ઊડે કે હલચલ કરે ત્યારે જ દેખાય. અને દુશ્મનને જોઈ તે સ્થિર થઈને બેસી જાય છે. આત્મગોપનની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શક્તિ વિશે તેમને એટલું આત્મભાન છે! મહાગુજરાતમાં અને મુંબઈમાં પણ તે શિયાળુ પક્ષી તરીકે જોઈ શકાશે.

વર્ષાલાવરી (The Black-brested or Rain-Quail)

બધાં જ લક્ષણોમાં તેની બહેન ઘાસસ બટેરને મળતી આવતી વર્ષાલાવરી પરદેશી પંખી નથી, પણ ખોરાક અને ઋતુ પ્રમાણે સ્થાનપલટો કરે છે. તે પણ છુપાઈ રહેવામાં અને આત્મગોપનમાં નિષ્ણાત છે. નર–છાતી પરના કાળા રંગની ભાતથી ઓળખાઈ આવશે. વર્ષા એની પ્રજનનઋતુ છે અને ત્યારે નર વ્હિટવ્હિટ એવા સિસોટી જેવા અવાજથી માદાઓને બોલાવ્યા જ કરે છે અને હરીફ નરોને પડકારે છે. ટૂંકા ઘાસવાળી ધરતી પર તેઓ ફરે છે.

વર્ષાલાવરી

વસતી: મહાગુજરાત મુંબઈમાં બહુ જાણીતી નથી.

વનલાવરી (The Jungle Bush-Quail)

વનલાવરી ગુજરાત અને મુંબઈમાં વધુ જાણીતી છે. કચ્છમાં નથી. સૌરાષ્ટ્રમાં ગીરમાં છે. માણસને જોઈને એવી દબાઈને બેસી જાય છે કે માણસ સાવ નજીક આવી જાય ત્યારે જાણે ફટાકડાની કોઠી ફૂટી હોય તેમ ભુર્ ર્ ર્ એવા પાંખોના અવાજ સાથે જુદી જુદી દિશામાં ઊડી જાય અને પછી એકબીજાને બોલાવીને ભેગી થઈ જાય. આવાં જ લક્ષણ Rock Bush–Quailમાં પણ છે. તેમના અચાનક ઊડવાથી માણસ ભડકી જાય અને માણસથી ભડકીને તેઓ ઊડે તેથી કાઠિયાવાડી ભાષામાં તેને 'ભડકિયું' કહે છે. 'ભડકિયું' મુંબઈમાં નથી, કારણ કે તેનું અંગ્રેજી નામ સૂચવે છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમ તે વેરાન અને પથરાળ પ્રદેશ પસંદ કરે છે, ત્યારે વનલાવરી તેના નામ પ્રમાણે વનસ્પતિવાળો પ્રદેશ પસંદ કરે છે. પ્રજનન વર્ષમાં બે વાર: વસંતમાં અને વર્ષામાં. આ બંને લાવરી આપણે ત્યાં બારે માસ રહે છે.

તેતર, લાવરી અને બટેરનાં બંને કુળનો ખોરાક જીવડાં, અંકુર અને દાણા છે. અને એ બંને કુલને માણસે ખાદ્ય પંખી ગણ્યાં છે. તેતર અને લાવરીના કુળનાં બીજાં ત્રણ પંખીનો અહીં માત્ર ઉલ્લેખ જ કરી દઉં.

ભૂરો જંગલી કૂકડો The Grey Jungle Fowl અને **રાતો જંગલી કૂકડો** The Red SpurFowl આપણે ત્યાં માત્ર ગુજરાતના હરિયાળા અને ડુંગરાળ પ્રદેશમાં જ વસે છે. રાતા જંગલી કૂકડા મુંબઈના જંગલમાં પણ છે.

છેલ્લે આપણાં માનીતાં **મોર અને ઢેલ**(The Peafowl) ની અવગણના કેમ થઈ શકે? હિંદનાં સૌથી સુંદર અને મોટાં પક્ષીઓમાં ગણાતો મોર જો આપણે પવિત્ર ન ગણ્યો હોત તો મુંબઈના ટાપુઓમાં બન્યું છે તેમ સમગ્ર ભારતમાંથી તેનું નિકંદન નીકળી ગયું હોત; કારણ કે માંસાહારી લોકોએ તેને ખાદ્ય પંખી અને શિકારીઓએ તેને શિકાર યોગ્ય ગણ્યું છે. આથી ખાસ કરી તે તેનો શિકાર થતો હોય ત્યાં તો એટલો ચંચળ બનીને છુપાતો રહે છે કે તેનાં દર્શન દુર્લભ બને છે. બીજી બાજુ જ્યાં તેને રંજાડવામાં નથી આવતો ત્યાં તે ખૂબ હળી જાય છે. મારા બગીચામાં આવતું મોર–ઢેલનું ટોળું મારા ઘરમાં રસોડામાં હું જમતો હોઉં ત્યાં સુધી આવી જતું!

મોર વિષે વર્ણન આપવાની તો ભાગ્યે જ જરૂર છે. પણ એક વાત કહેવા જેવી છે. જેના વડે કળા પરોવીને રંગીલો નર ઢેલડીઓ પાસે નાચે છે, તે મોરપીછ પૂંછડી નથી, પણ ઢીંઢા ઉપરથી નીકળતાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પીછાં છે. જિંદગીના ચોથે વર્ષે મોર પૂરબહારમાં ખીલી નીકળે છે. વર્ષાઋતુ તેની સંવનન અને પ્રજનનઋતુ છે એટલે વૈશાખમાં મોરપીછ પૂરેપૂરાં ખીલે છે અને ઢેલડીઓને રીઝાવવાનું કામ પૂરું થતાં ભાદરવામાં ખરી પડે છે. મોરનાં આંસુ ઝીલીને ઢેલ ગર્ભવતી થાય છે એ માન્યતા સાવ ખોટી છે. માદા મુખ્યત્વે જમીન ઉપર ઘાસમાં ખાડો કરીને તેમાં ૬–૭ મેલાં ધોળાં ઇંડાં મૂકે છે. ઈંડાં સેવવામાં કે બચ્ચાં ઉછેરવામાં નર ભાગ નથી લેતો. એવું શુષ્ક કામ કોણ કરે? એ તો ઢેલડીઓને ભેગી કરી નાચવામાં અને પ્રેમ કરવામાં જ મશગૂલ રહે છે.

બટાબટ અથવા બટાવડાં (Sandgrouse)

હિંદી નામ ભાતતિતર, સંસ્કૃત નામ કપિંજલ.

જે રાંક પક્ષીઓ શિકારીઓનો શિકાર બને છે અને સ્વાદિષ્ટ ભોજન બને છે તેમાં બટ્ટા અથવા બટાવડાં પણ છે. તેમને પોતાનું અલગ કુળ છે. તેઓ સૂકા વગડા અને રણપ્રદેશના વતની છે માટે તેમને મુંબઈ જેવા હરિયાળા પ્રદેશમાં શોધશો નહિ. નામ પ્રમાણે મુખ્યત્વે રેતાળ અને વેરાન પ્રદેશનાં આ વતની સેંકડોની સંખ્યામાં



મોટા બટાવડાં: માદા અને નર

તમારી નજર સામે બેઠાં હોય અને છતાં અદૃશ્ય રહી શકે, એવી તેમના રંગની મિલાવટ છે. છતાં તમે તેમના શરીર પરનું ચિતરામણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુઓ તો ખુશ થઈ જાઓ. તેમનો મુખ્ય રંગ રેતાળ પીળો, કાળો, ભૂરો અને રતૂમડો છે. આકારમાં કબૂતર અને હોલાને મળતાં આવતાં બટાવડાંની વિવિધ જાતોને તમે ચિત્રો વિના નહિ ઓળખી શકો. વળી નર–માદાના રંગ અને ચિતરામણમાં ફેર હોય છે. તેઓ સવારસાંજ નિયમિત સમયે પાણી પીવા જાય છે. **મોટો બટાવડો** (The Large, Black-Bellied or Imperial Sand-grouse) પેટ અને ગળું કાળાં ધરાવે છે. તે શિયાળો ગાળવા આવે છે. કચ્છમાં **વાકુ–ચાકુ** નામે ઓળખાતો બટાવડો (The Spotted Sandgrouse) તેનાથી જરા નાનો એટલે કબૂતર જેવડો છે. અણીદાર પૂંછડી અને ટપકાંવાળા શરીર ઉપરથી તે ઓળખાઈ આવશે. **સામાન્ય બટાવડો** (The Common Sandgrouse) પણ અણીદાર પૂંછડી ધરાવે છે, પણ નરને છાતી ઉપર ઝીણો કાળો પટો છે. રંગીન બટાવડો (The Painted Sandgrouse) સૌથી સુંદર ચિતરામણ ધરાવે છે. જાણે ગળામાં હાર પહેર્યો હોય તેમ નરને છાતી ઉપર કાળા પટા છે.



સામાન્ય બટાવડું

બટાવડા શિયાળાથી ઉનાળા સુધી જમીન પર જરા ખાડા કરીને તેમાં જમીન સાથે મળી જાય એવા રંગનાં ઈંડાં મૂકે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમનો ખોરાક પણ કબૂતરની જેમ દાણા, બીજ અને વનસ્પતિનાં અંકુર છે. તેઓ ઝડપી ઊડનારા છે અને ઊડતાં ઊડતાં પટ–પટાટ એવો અવાજ કરે છે, તેની ઉપરથી તેમનું નામ બટાવડાં પડ્યું છે.

પોપટ અથવા સૂડો
(The Indian Rose-ringed Parakeet)

પોપટની ઓળખાણ આપવી જરૂરી છે? આપણે નાનકડા પાંજરામાં પૂરીને તેમની દુર્દશા કરીએ છીએ. આપણે અંગ્રેજી શીખ્યા છીએ કે પોપટ એટલે Parrot. પરંતુ ખરેખર આપણે ત્યાં Parrot છે જ નહિ; તે આફ્રિકામાં છે: દાખલા તરીકે કશુકો. આપણે ત્યાં–તો Parakeet જ છે. નરને પાછળ રાતો અને આગળ કાળો કાંઠલો છે. માદાને કાળો કાંઠલો નથી, પણ જાણે કાળો રંગ ધોવાઈ ગયો હોય એવો ઝાંખો મેલો કાંઠલો છે. માદાના શરીરનો લીલો રંગ અને ચાંચનો રાતો રંગ જરા ફિક્કા છે.

વસંત અને ગ્રીષ્મ પોપટની પ્રજનનઋતુ. સંવનનઋતુમાં નર માદાને રીઝવતો હોય તે જોવાની મઝા પડે. માલિક સાથે બહુ હળી ગયેલો પાળેલો નર માલિક સાથે પણ એવા લટુડાપટુડા કરે છે. ખાસ કરીને **રાજપીપળાના મોટા પોપટ**(The Large Indian Parakeet)ના આવા લટુડાપટુડા અને માલિક પ્રત્યેના અજબ પ્રેમ પર તો હું મુગ્ધ છું. તેઓ ઝાડ કે મકાનમાં દર કરીને ૩–૫ શ્વેત ઈંડાં મૂકે છે.

નાના પોપટની વસ્તી મહાગુજરાત, મુંબઈ અને સમગ્ર ભારતમાં છે, ત્યારે રાજપીપળાના પોપટ કચ્છ અને સૌરાષ્ટ્રમાં નથી. મુંબઈમાં પાંજરામાંથી છટકી છટકીને રાજપીપળાના પોપટે શહેરમાં ધામા નાખ્યા છે, પણ જંગલ વિસ્તારમાં નથી! રાજપીપળાના પોપટને ખભા પાસે પાંખ ઉપર અકેક રાતો ધાબો છે અને કદ મોટું છે તેની ઉપરથી તે ઓળખાઈ આવશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તુઈ પોપટ (The Blossom-headed Parakeet) લીલા, પીળા, ગુલાબી વગેરે રંગનું રૂપકડું પંખી છે અને સામાન્ય પોપટથી નાનું છે. નરનું આખું માથું જાંબુડા–રાતા રંગનું અને માદાનું રાખોડી છે. બંને ખભા પર એકેક લાલ ધાબું છે. ઉપરની ચાંચ નારંગીપીળી છે. નીચેનું ફાડિયું કાળું છે, જે તેના કાળા કાંઠલામાં મળી જાય છે. તુઈ નામ તેના અવાજ ઉપરથી પડયું છે. તે આપણા શબ્દોની નકલ નથી કરતો, પણ પાળેલા તુઈ સારું ગાઈ બતાવે છે. નરના રંગોની મિલાવટ, ભાત, ઘાટ, રીતભાત વગેરે મને બહુ ગમે છે.


તુઈ પોપટ

જંગલી અવસ્થામાં તુઈ બહુ જાણીતો પોપટ નથી. સૌરાષ્ટ્રમાં બરડા તથા ગીરના ડુંગરાળ જંગલમાં તે વસે છે. ગુજરાતમાં અને બધે તેણે એવા જ પ્રદેશ પસંદ કર્યા છે. મુંબઈના સરોવરવિસ્તારના જંગલમાં કોઈ દેખાય છે. હેમંતથી ગ્રીષ્મના અંત સુધી તેનો પ્રજનનકાળ છે.

ખેતી અને બાગબાની કરનાર માણસો પોપટને રાંક નહિ કહે, કારણ કે તેઓ ધાન્ય અને ફળોને ભારે નુકસાન કરે છે. પણ તુઈ પોપટ તો ખરેખર રાંક છે.

આ બધા પોપટનો એક કુળમાં સમાવેશ થાય છે. આવું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર પોપટ પોતાના કુળમાં બીજાં પક્ષીઓને કેમ સમાવવા દે?

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૧ : પાણીનાં પંખી

જેમ જમીન પર જુદા જુદા પ્રકારની પ્રકૃતિનાં પંખીઓ વસે છે તેમ પાણીનું પણ છે. જમીન પર જંગલનાં પક્ષીઓ છે, બીડનાં છે, ખેતરનાં છે, મેદાનનાં છે, આકાશનાં છે, રણનાં છે, ઝાડના ઝુંડમાં વસનારાં છે, ઝાડી અને વાડમાં વસનારાં છે, તેમ પાણીનાં પંખીઓમાં પણ પાણીકાંઠે રહેનારાં પંખી છે, પાણી પર તરનારાં છે, પાણીમાં ડૂબકી મારનારાં છે, પાણી ઉપર ઊડ્યા કરનારાં છે, પાણીકાંઠે બેસી રહીને શિકાર મળે ત્યારે તેમાં પડતું મૂકનારાં છે, અને એવાં પંખી પણ છે કે જેઓ કહેવાય પાણીનાં પંખી, પણ વસે છે ઝાડના ઝુંડમાં ને ખેતરમાં!

કલકલિયાનો જ દાખલો લો. બધા કલકલિયા પાણીકાંઠે ઝાડની ડાળ કે ભેખડ પર બેસે છે અને માછલી દેખાવાની વાટ જુએ છે. કાબરા કલકલિયા વળી પાણી ઉપર ઊડ્યા પણ કરે છે, પણ સફેદ છાતીવાળા કલકલિયા પાણીનાં જળાશયોને બદલે ભેજવાળા પ્રદેશમાં ઝાડનાં ઝુંડ પસંદ કરે છે.

બીજો દાખલો બગલાનો લો. બગલા તો પાણીકાંઠે જ વસે ને? છતાં સારસે ખેતર પસંદ કર્યાં અને કુંજ તથા કુલંગે પણ તેમનું અનુકરણ કર્યું! કુદરત પણ કેવી ફાંટાબાજ છે!

અહીં આપણે કલકલિયાથી પાણીનાં પંખીઓની શરૂઆત કરીએ.

કલકલિયાને પોતાનું અલગ કુળ છે, અને પક્ષીશાસ્ત્રીઓએ તેમના કુળમાં બીજાં કોઈ પક્ષીઓને ઘુસાડી દેવાની ધૃષ્ટતા કરી નથી.

કલકલિયો (Kingfishers)

કલકલિયાના કુળના ત્રણ નબીરા આપણે ત્યાં સુપરિચિત છે. પક્ષીસમાજમાં એક તો આ કુળ વિશિષ્ટ છે જ અને તેમાં પણ આ ત્રણે નબીરા પોતપોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. એક પોતાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અદ્દભુત ઉડ્ડયનશક્તિથી, બીજો પોતાના અવાજથી અને ત્રીજો પોતાના રંગોથી પ્રેક્ષક પર પ્રભાવ પાડે છે. ત્રણે જાતના કલકલિયા એટલી ઊંચી કક્ષાના ગુણો ધરાવે છે, કે તમે તેમની વિશિષ્ટતા જુઓ તો મુગ્ધ થઈ જાઓ. ત્રણે જાતના કલકલિયા જુદા જુદા રંગ કદ અને અમુક અંશે જુદા ગુણ ધરાવે છે અને તેથી આપણે દરેકની અલગ અલગ ઓળખાણ કરીએ. એ યાદ રાખજો કે કલકલિયાને પૂંછડી પાસે તેલગ્રંથિ હોય છે, જેના તેલ વડે તેઓ પોતાનાં પીંછાને જલાભેદ્ય રાખે છે. તેઓ આપણા સ્થાયી વતની છે.

સામાન્ય કલકલિયો (The Common Kingfisher)

ચકલીથી એક ઇંચ મોટો એટલે કે સાત ઇંચ લાંબો છે અને છતાં તે તમને નાનો લાગશે. બુઠ્ઠી પૂંછડી અને ખૂબ લાંબી, જાડી, અણીદાર તીક્ષ્ણ અને કાળી ચાંચ; ટૂંકા, નબળા અને પરવાળા જેવા લાલ રંગના પગ તથા શરીર પર ઉપર વાદળી લીલા અને નીચે નારંગી રાતા રંગની જમાવટ તેને ઓળખાવવા માટે બસ છે.

વર્ણન કરવાથી તમને આ રંગોની મિલાવટના મનમોહક સૌંદર્યનો સાચો ખ્યાલ નહિ આવી શકે; તે માટે તો તમારે આ નાનકડા કલકલિયાને નજરે જોવો જોઈએ. કયાં શોધશો તેને?

કલકલિયો ધંધે મચ્છીમાર છે. નદી, તળાવ, ખાબોચિયાં અને ખાડી–દરિયાના ખારા પાણીના કાંઠે પણ તે મળી આવશે. કાંઠા પર, પથ્થર પર કે ઝાડની ડાળી કે પાણીમાંથી બહાર નીકળતા કોઈ ઠૂંઠિયા પર તે ધ્યાન ધરીને બેસે છે. તેની એકાગ્રતા પ્રશંસનીય છે. ચિ–ચી, ચિ–ચી, ચિ–ચી એવા અવાજ સાથે ઊડશે ત્યારે જ ઘણું કરીને તમારું ધ્યાન ખેંચાશે અને તે વખતે તમારી નજર સામેથી વિવિધ રંગોનો એક લિસોટો તમારી આંખોને મુગ્ધ કરીને અદૃશ્ય થઈ જશે. એ બેઠો હશે ત્યારે તેની બુઠ્ઠી પૂંછડીને આંચકા મારતો હશે. કદાચ તેની અધીરાઈનું એ ચિહ્‌ન હશે, પરંતુ જ્યાં નામની જ પૂંછડી છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં તેમાં ખંજનની પૂંછડી જેવાં આંદોલન કે દૈયડની પૂંછડીનો મરોડ કયાંથી આવે? એવી જ અધીરાઈથી તે માથું પણ ઊંચુંનીચું કરે છે.

તપશ્ચર્યા કરતા આ કલકલિયાની જિજ્ઞાસાભરી ઝાંખી કાળી આંખો પાણી ઉપર મીટ માંડી રહે છે. જેવી કોઈ નાની માછલી પાણીમાં ગેલ કરતી પસાર થાય કે આંખના પલકારામાં કલકલિયો પાણીમાં ઝુકાવે છે અને બીજી ક્ષણે, જ્યારે તે બહાર નીકળે ત્યારે તેની ચાંચમાં આડી પકડેલી એક રૂપેરી માછલી તરફડતી હોય છે. કલકલિયો પોતાને સ્થાને જઈને બેસે છે અને માછલીને વારંવાર આમથી તેમ ઝીંકે છે અને જ્યારે એ પછડાટથી માછલી શાંત થાય છે, ત્યારે કલકલિયો એવી સિફતથી તેને ફેરવી નાખે છે કે જેથી તેનું મોં પોતાના મોંમાં આવે અને આંખના પલકારામાં તો તે માછલી કલકલિયાના પેટમાં અદૃશ્ય થઈ જાય છે. એ જરા શરમાળ પંખી છે, એટલે માણસને જોઈને ઊડી જાય છે, છતાં બંદર ઉપર ભારે અવરજવર વચ્ચે પણ મેં તેને જોયેલ છે.

નર અને માદા રંગે સરખાં છે અને સાથે જ રહે છે. કિલક–કિલક અવાજ કરીને તેઓ એકબીજાના સંપર્કમાં રહે છે. આ કલકલિયો કાબરા કલકલિયા જેવો ઊડવામાં બળવાન નથી, એટલે તે મોટા ભાગે બેઠેબેઠે શિકાર શોધે છે, છતાં કોઈવાર તે પાણીની ઉપર અદ્ધર ઝઝૂમતો રહે છે અને ત્યારે તે જાણે હવામાં પૂંછડી ઉપર ઊભો હોય તેવો લાગે છે. ત્યારે તે સકરખોરાની જેમ ઝડપથી પાંખો વીંઝે છે. એ રીતે તે નીચે પાણીમાં નજર રાખી લાગ ફાવે તો માછલી પકડવા ઝુકાવે છે. તેનું ઉડ્ડયન સીધું અને ઝડપી છે અને પાણીની સપાટીથી બહુ ઊંચે નથી ઊડતો. સ્વભાવે તે કજિયાખોર છે એટલે પોતાની હદમાં બીજા કલકલિયાને નથી આવવા દેતો.

વસ્તી : કચ્છ, ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ અને આખા ભારતનું આ વ્યાપક પક્ષી યુરોપ, આફ્રિકા અને એશિયાના ત્રણે ખંડમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ફેલાયેલ છે. આ કલકલિયો જંગલનું પંખી નથી. તે ઉઘાડા વનવગડામાં વસે છે, પણ પાણીકાંઠા વિના તો તેને ચાલે તેમ જ નથી.

પ્રજનન: ફાગણથી જેઠ સુધીમાં પાણીકાંઠાની દીવાલમાં કે બીજી કોઈ પણ જમીનની દીવાલમાં દર કોતરીને તેમાં પાંચથી સાત ગોળ સફેદ ઈંડાં મૂકે છે. દરમાં માળો નથી હોતો. દરની ઊંડાઈ ત્રણેક ફૂટ હોય છે અને છેડે તેના પ્રસૂતિગૃહનો ઓરડો હોય છે, જેમાં માછલીનાં, ઓકી કાઢેલાં હાડકાં વગેરે વેરાયેલાં હોય છે. એ જ તેનો માળો.

કાબરો કલકલિયો (The Indian Pied Kingfisher)

જે પક્ષીઓએ પોતાની ઉડ્ડયનકળાથી મને મુગ્ધ કર્યો છે, તેઓમાં કાબરા કલકલિયાનું સ્થાન પણ છે. સવારથી સાંજ સુધી કાબરા કલકલિયાને માછલી પકડતાં અને ઊડતાં હું જોયા કરું તોપણ કંટાળો ન આવે. એમાં અતિશયોક્તિ નથી. તેની ઉડ્ડયનશક્તિ એવી અદ્‌ભુત છે. હવા પર તેનું એવું પ્રભુત્વ છે. કદમાં તે બાર ઇંચ એટલે કે આપણા કબૂતરથી એક જ ઇંચ નાનો છે છતાં દેખાવમાં તે કાબર જેવડો લાગશે. પાતળું શરીર, ખંજર જેવી લાંબી અણીદાર જાડી ચાંચ, અને શ્યામ તથા શ્વેત રંગથી તે તરત ઓળખાઈ આવશે. કાળું માથું, તેની નીચે આંખ પર ધોળી રેખા, તેની નીચે કાળી રેખા અને તેની નીચે ધોળું ગળું; તેમ જ છાતી પર બે કાળા



કાબરો કલકલિયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પટા અને સફેદ પેટાળ. ઉપરના ભાગે કાબરો રંગ; ચાંચ, આંખ અને પગ કાળાં. પગ ટૂંકા અને નબળા.

હવામાં આગળ, ઊંચે કે નીચે ગયા વિના એક જ ઠેકાણે સદંતર સ્થિર રહેવાની વિરલ શક્તિ જે ગણ્યાંગાઠ્યાં પક્ષીઓમાં છે તેઓમાં આ કાબરો કલકલિયો પણ છે. અને તેથી કંઈક વિશેષ શક્તિ પણ તેનામાં છે. એ વિશિષ્ટતા છે પાછળ ઊડવાની. ઊડવાની કળામાં આ શક્તિ ખરેખર અદ્દભુત છે. પક્ષીઓ પણ પાછળ નથી ઊડી શકતાં તો વિમાનો તો ક્યાંથી જ ઊડી શકે? પણ કાબરા કલકલિયાને ઘણી વખત મેં અલ્પ સમય અને અલ્પ અંતર માટે પાછળ ઊડતાં જોયાં છે. હવામાં અજબ ઝડપથી ભમરાની જેમ પાંખો વીંઝતાં વીંઝતાં તે સ્થિર થઈને રહે છે એ દશ્ય પણ કંઈ ઓછું આશ્ચર્યજનક નથી.

ચીરક–ચીરક–ચીરકના મધુર તથા પ્રફુલ્લિત અવાજ સાથે કાબરો કલકલિયો એકલો અથવા નરમાદા ભેગાં મળીને કે ચાર–છ કલકલિયા ભેગા મળીને પાણીની ઉપર ૧૫ થી ૩૦ ફૂટ ઊંચે ઊડે છે. તેમની ચાંચ અને આંખ નીચે પાણી ઉપર મંડાયેલા હોય છે. આમ તો તે ઝડપી ઊડનારું પંખી છે, પરંતુ એમ ઊડી જાય તો નીચે શિકારની તલાશ કેમ થાય? એટલે તે પાંખો ઝડપથી પણ એવી રીતે વીંઝે છે કે જેથી પોતાની ઇચ્છા પ્રમાણે હળવે હળવે અંદર કપાય. વળી વચ્ચે જ્યારે માછલી દેખે ત્યારે તે ઊભો રહી જાય. તે વખતે હવામાં અદ્ધર પોતાની પૂંછડી ઉપર ઊભો રહે છે અને આંખ પાણી ઉપર મીટ માંડી નિશાન લે છે. જેવી કોઈ માછલી નિશાનમાં આવી કે કલ-કલિયો પાંખો બીડી તીરની જેમ પાણીમાં ઝુકાવે છે અને પાણીમાં ડૂબકી મારીને જ્યારે તે બહાર નીકળે છે, ત્યારે તેની ચાંચમાં આડી પકડેલી માછલી તરફડતી હોય છે. આનંદના કિલકિલાટ સાથે કલ-કલિયો પોતાના સ્થાનકે બેસી માછલીને આમતેમ ઝીંકીને પેટમાં ઉતારી જાય છે. કોઈ વખત તેનું નિશાન ખાલી પણ જાય છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઈ વખત તેને એમ લાગે કે નિશાન ખાલી જશે ત્યારે પાણીમાં ઝુકાવતાં ઝુકાવતાં વેગ રોકી લઈને પાછો વળી આવે છે. આ બધી ક્રિયામાં તે ઉડ્ડયનનું જે કૌશલ્ય, પાંખો પર કાબૂ અને હવા પર પ્રભુત્વ બતાવે છે અને એ હવાઈ ક્રીડામાં તેને જે આનંદ અને ઉત્સાહ આવે છે અને તે વ્યક્ત કરવા પ્રફુલ્લ અવાજથી વાતાવરણને ભરે છે, તે તમે નજરે નિહાળો ત્યારે જ તમને આ કલકલિયાની આશ્ચર્યજનક શક્તિનો ખ્યાલ આવે. સામાન્ય કલકલિયાની જેમ તે કાંઠે બેસીને પણ શિકાર માટે નજર રાખે છે.

વસ્તી : ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર અને મુંબઈના ટાપુઓ તથા આખા ભારત અને ભારત બહાર પણ કાબરા કલકલિયાની વ્યાપક વસ્તી છે. ગીચ જંગલ ન હોય અને ખારું કે મીઠું પાણી હોય ત્યાં બધે કલકલિયો વસે છે.

અવાજ ઉપરથી તેનું કચ્છી નામ કિરકિરિયા પડયું છે અને ગુજરાતી નામ કલકલિયો પડયું.

પ્રજનન : આસોથી ચૈત્ર સુધી સામાન્ય કલકલિયાની જેમ ભેખડમાં દર કરીને તેમાં સફેદ પાંચથી છ ગોળ ઈંડાં મૂકે છે.

સફેદ છાતીવાળો કલકલિયો

(The White Breasted Kingfisher)

સફેદ છાતીવાળો કલકલિયો બહુ સુંદર છે, પણ કમનસીબે તેની નીતિમત્તાનું ધોરણ ઊંચું નથી અને તે કાબેલ મચ્છીમાર નથી. અગિયાર ઈંચ લાંબું આ પંખી રંગબેરંગી સુશોભિત પોશાક પહેરે છે. જાણે સફેદ ખમીસ ઉપર તેણે લીલાશ પર વાદળી ડગલો પહેર્યો હોય એમ તેની છાતી દૂધ જેવી ધોળી છે અને ઉપરના ભાગે લીલાશ પર વાદળી રંગ છે. લાંબી, અણીદાર જાડી ચાંચ અને પગ રાતા રંગે શોભે છે; માથું, ડોક અને પડખા તથા પેટથી પૂંછડી સુધીના ભાગ ઘેરા ગેરુ રંગનાં છે. પાંખનાં લાંબાં પીછાં કાળાં છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને જ્યારે ઊડે છે ત્યારે તેમાં સફેદ પટા ચમકે છે.

આ કલકલિયો માછલી મારવામાં પાવરધો નથી. આવા ઊંચી જાતના પોશાકમાં સજ્જ થયેલા પાસેથી તમે એવી અપેક્ષા પણ કેમ રાખી શકો! એટલે તે બગીચા, જંગલ અને ઝાડના ઝુંડમાં વધારે વસે છે. બીજા કલકલિયાની સરખામણીમાં તે પાણીનું નહિ પણ ઝાડનું પંખી છે, અને દેડકાં, કાચિંડા, ઢાલિયાં જીવડાં, અળશિયાં, તીડ, ખડમાંકડી, તીતીઘોડા વગેરેને પકડીને ખાય છે. ચાસની જેમ તે પણ ઝાડની ડાળે, તાર કે તારના થાંભલા પર બેસે છે અને ચાસની જેમ ચારે બાજુ ચકોર આંખો ફેરવતો રહી, જેવો કોઈ શિકાર નજરે પડે કે તરત તેની ઉપર તૂટી પડે છે. ઝાડની ટોચ કે ઊંચી જગ્યાએ બેસીને તે ચિ–રી–રી–રી એવા અવાજથી વારંવાર પોતાનો આનંદ પ્રદર્શિત કરે છે. સંવનનઋતુમાં તો તેનો એ અવાજ અચૂક સંભળાશે.

ધોળી છાતીવાળો કલકલિયો

આ કલકલિયો પોતાના કુળનો ધંધો સાવ છોડી દેવા નથી માગતો. જ્યારે ખાબોચિયા અને તળાવડીઓ સુકાતાં હોય અને તેમની જીવસૃષ્ટિ લાચાર બનતી હોય, ત્યારે શિકારની નીતિમત્તાનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિચાર કર્યા વિના આ કલકલિયો એ નિરાધાર જીવસૃષ્ટિ ઉપર તૂટી પડે છે અને માછલીઓ, દેડકાં, કરચલાં, જીવડાં વગેરે પકડીને ખાઈ જાય છે. ભાઠોડાંવાળો સમુદ્રકાંઠો, ખાડીકાંઠો અને નદી–તળાવના કાંઠા પણ તેણે ત્યાજ્ય નથી ગણ્યા.

ઠસ્સાદાર પોશાકમાં સજ્જ થયેલા આ કલકલિયાના એક બચ્ચાંને કેટલાંક છોકરાંઓ એક વખત મારા ચીડિયાખાના માટે પકડી લાવ્યા હતા. પણ મેં તેમને કહ્યું છે તેમ તેની નીતિમત્તા માટે મને માન નથી એટલે મેં તેને મારા ચીડિયાખાનામાં સ્થાન ન આપ્યું. 'ઇહા' એક પ્રસંગનો ઉલ્લેખ કરે છે: તેના મિત્રે પોતાના વિશાળ ચીડિયાખાનામાં આ કલકલિયાને સ્થાન આપવાની ગંભીર ભૂલ કરી હતી અને તરત જ તેમાંથી મુનિયા ભેદી રીતે ગુમ થવા લાગ્યા. છેવટે ઠગારો ખૂની પકડાઈ ગયો અને તેને તેમાંથી દેશવટો દેવામાં આવ્યો.

સફેદ છાતીવાળા કલકલિયાની વસ્તી કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈના ટાપુ અને આખા ભારતમાં છે. ભારતની બહાર તુર્કીથી મલાયા સુધી તે વસે છે. ગીચ જંગલ અને રણપ્રદેશને તેણે ત્યાજ્ય ગણ્યાં છે. વેરાન પ્રદેશમાં છૂટાછવાયા ઝાડના છાંયડા હોય તો એવા પ્રદેશમાં તે વસે છે ખરો.

પ્રજનન: ફાગણથી જેઠ સુધીમાં બીજા કલકલિયાની જેમ તે ભેખડ કે કાંઠાની દીવાલમાં દર કરી તેમાં ચારથી સાત સફેદ ગોળ ઈંડાં મૂકે છે.

દક્ષિણ ગુજરાતમાં બે વધુ કલકલિયા વસે છે. **ઢોંકચાંચ કલકલિયો** (Brown-headed Stork-billed Kingfisher) ઢોંક બગલાની જેમ મોટી લાલ ચાંચ ધરાવે છે. ભૂરું માથું, ઉપર લીલાશ પર વાદળી રંગ અને નીચે પીળાશ પર ભૂરો રંગ અને એવો જ ફરતો કાંઠલો કબૂતર જેવડા આ કલકલિયાને ઓળખાવી દેશે. વૃક્ષ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ્યવાળાં નદીનાળાં પર તેની વસ્તી છે. **કાળા માથાવાળો કલકલિયો** (Black-capped Kingfisher) રાતી ચાંચ, ચળકતી કાળી ટોપી, સફેદ ખમીશ, આસમાની કાળો કોટ, સફેદ કોલર અને પીળકાતું પાટલૂન પહેરે છે! તે શિયાળામાં મુંબઈના મુલાકાત લે છે.

કુંજ અને કુલંગ (Cranes)

પક્ષીઓના ઉડ્ડયનનાં ભવ્ય દશ્યોમાં પણ ભવ્ય લાગે એવું જેમનું ઉડ્ડયન છે એવાં કુંજ અને કુલંગ પક્ષીઓ આપણે ત્યાં હજારોની સંખ્યાના ટોળાંમાં શિયાળો ગાળવા આવે છે અને ફાગણ ઊતરતાં પાછાં જાય છે. તેઓએ ઉચ્ચ પ્રકારની સમૂહભાવના અને સમાજ-વ્યવસ્થા ખીલવી છે. તમે હજારો માઈલ દૂરથી હજારોની સંખ્યામાં આવતાં કુંજ અને કુલંગ જુઓ, પણ તેઓમાં તમને ક્યાંય અવ્યવસ્થા કે વિખવાદ નહિ દેખાય. તેઓનું શિસ્તપાલન આશ્ચર્યજનક છે. હજારોનું ટોળું નાનીમોટી કેટલીય ટોળીઓમાં વહેંચાયેલું હોય છે. એ દરેક ટોળીનો એકેક નાયક હોય છે. નાયકની જગ્યા પણ વારા પ્રમાણે પુરાતી આવે છે. શ્રી. ધર્મકુમારસિંહજી કુંજની સમૂહભાવનાનો એક દાખલો આપે છે. શિકાર માટે પાળેલા એક ભેરી બાજને કુંજ પર છોડવામાં આવતાં ટોળાની બીજી કુંજો પાછી વળીને ભેરી ઉપર તૂટી પડી હતી!


કુલંગ

નાયક આગળ ઊડે છે અને તેની ટોળીનાં પંખી તેની પાછળ અંગ્રેજી અક્ષર V નાં બે પહોળાં પાંખિયાંની જેમ બે કતારમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઊડતાં આવે છે. નાયકો પોતપોતાના અનુયાયીઓને દોરવણી માટે સતત સૂચનાઓ આપ્યા કરતા હોય છે અને પરસ્પર આપલે કરતા હોય છે. તેમના કર્–કર્–કર્ અવાજથી આકાશ અને ધરતી ગાજતાં હોય છે. તેમની સ્વરનળી વાજાંની નળીની જેમ એવા આંટા લેતી હોય છે કે તેમનો તીણો અવાજ બુલંદ બનીને દૂરદૂર સુધી, માઈલો સુધી પહોંચી શકે છે.

પ્રાતઃકાળે કે સંધ્યાકાળે જ્યારે કુંજો અને કુલંગોનાં ટોળાં ક્ષિતિજ ઉપરથી આવતાં દેખાય છે, ત્યારે તેમના બુલંદ અવાજ તેમના આગમનની નેકી પુકારે છે. જ્યારે એ કાળા વાદળ જેવો લાગતો સમુદાય આગળ આવતાં આકાર ગ્રહણ કરે છે, જ્યારે વાદળાંની કિનારીઓની જેમ એ ટોળેટોળાં ઉપર આકાશમાં આગળ આવે છે, ત્યારે જે ભવ્ય દૃશ્ય નજરે પડે છે તેનો ખ્યાલ તો જોનારને જ આવી શકે. ઉડ્ડયન વખતે તેઓ લાંબી ડોક આગળ લંબાવીને અને લાંબા પગ પાછળ લંબાવીને ઊડે છે.

કુંજ અને કુલંગ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને આખા ઉત્તર ભારતમાં પથરાઈ જાય છે. અલ્પ સંખ્યામાં પૂર્વમાં આસામ અને બરમા સુધી અને દક્ષિણમાં મહીસૂર સુધી તેઓ પહોંચે છે; પરંતુ મુંબઈ બાજુ નથી આવતાં. તેઓ સવારસાંજ ચારો ચરે છે અને બપોરે ગરમીમાં કોઈ બીડમાં, નદીકાંઠે કે કોઈ શીતળ જગ્યાએ આરામ કરે છે. જેમ ઉડ્ડયનમાં તેમ બધા વ્યવસાયમાં તેઓ શિસ્તપૂર્ણ વ્યવસ્થાને ચુસ્તપણે વળગી રહે છે. તેઓ ચારો ચરતાં હોય કે આરામ કરતાં હોય, પણ અમુક પક્ષીઓ સંત્રી તરીકે સાવધાનીપૂર્વક ચોકી ભરે છે અને કંઈ પણ ભય દેખાય તો તરત ચેતવણીનો અવાજ કરે છે. એ જ ક્ષણે જાણે કેળવાયેલા સૈન્યની જેમ આખું ટોળું સાવચેત બની ખડેપગે થઈ જાય છે.

કુંજ અને કુલંગનો ખોરાક અનાજ, બી અને વનસ્પતિ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ દેડકાં, કાચંડા, જીવડાં, સાપ વગેરેને પણ તેઓ છોડતાં નથી. જો ખેતરમાં ઊતરે તો તેઓ ભારે નુકસાન કરે છે. તીડ આવ્યાં હોય ત્યારે તો આ પક્ષીઓ આશીર્વાદરૂપ છે, પણ ઘઉં, શીંગદાણા વગેરેના પાકને ભારે નુકસાન કરે છે. માંસાહારી લોકોએ તેમને શ્રેષ્ઠ ખાદ્ય પંખી ગણ્યાં છે અને એ ચકોર, સાવચેત પંખીનો શિકાર કરવામાં જે ચપળતા અને નિશાનબાજીની જરૂર પડે છે તે કારણે શિકારીઓ તેમને અચ્છો શિકાર ગણે છે. આ બે કારણોથી કુંજ અને કુલંગની હત્યા બહુ મોટા પાયા પર થાય છે. અને જ્યાં તેમનો શિકાર થતો હોય ત્યાં તેઓ બહુ સાવચેત બની જાય છે.

કુંજ, કુલંગ અને સારસ એક કુળનાં પક્ષીઓ છે. સારસને સંસ્કૃતમાં સારંગ પણ કહે છે અને શ્રી. હરિનારાયણ આચાર્યે આ કુળને સારંગકુળ કહ્યું છે.

કોણ કુંજ અને કોણ કુલંગ તેના વિશે જુદા મત પ્રવર્તે છે. શ્રી. હરિનારાયણ આચાર્ય, શ્રી. ધર્મકુમારસિંહજી, શ્રી. પદ્મકાન્ત દેસાઈ, વગેરે The Eastern Common Craneને કુંજ કહે છે, અને મને તેમનો મત યોગ્ય લાગે છે. ત્યારે શ્રી. સાલિમઅલી પોતાનાં પુસ્તકોમાં The Demoiselle Craneને કુંજ કહે છે. સાચી વાત એ છે કે સામાન્ય લોકો આ બંને પક્ષીઓને કુંજ તરીકે ઓળખે છે.

કુલંગ, ઘઉંલા અથવા કરકરા (The Demoiselle brane)

કરકરા ઘણીવાર કુંજ ભેગા પણ હોય છે. આ બંને પક્ષીઓ સીમ, ખેતર અને બીડમાં વસે છે, છતાં પોતે એક જાતના બગલા છે એ ભૂલી ન જાય તે માટે બપોરની ગરમીમાં નદીકાંઠે ખાસ કરીને નદીના મુખ્ય કાંઠે આરામ કરે છે. જો તેમને રંજાડવામાં ન આવે તો તેઓ માણસથી ડરતા નથી. ભાદરના મુખમાં હજારો કુંજ અને કુલંગના ટોળામાંથી તદ્દન નજીકમાંથી હું હોડી લઈને પસાર થયો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હતો. કુંજની પહેલાં, કોઈવાર તો વર્ષાના અંત પહેલાં કુલંગ આવી પહોંચે છે. દક્ષિણ યુરોપ અને ઉત્તર આફ્રિકાથી પૂર્વ એશિયામાં સાઈબેરિયા અને મંચુરિયા સુધી તેનું વતન છે અને ત્યાં તે પ્રજનન કરે છે.

કુંજ અને કુલંગ ઊડતાં હોય ત્યારે કયું કુંજ અને કયું કુલંગ તે ઓળખવું મુશ્કેલ છે. પરંતુ જ્યારે બેઠાં હોય ત્યારે બારીકાઈથી જોતાં તેમને જુદાં તારવી શકાશે.

કુલંગ કુંજ કરતાં નાનું પંખી છે. ગળાથી છાતી સુધી તેની કાળી ડોકનાં લાંબાં પીછાં છાતી ઉપર લટકે છે અને આંખ આગળ ધોળા પીછાનું એકેક ફૂમતું છે. શરીરનો રંગ રાખોડી અને આંખો રાતી છે.

ઘઉંના ઊભા મોલમાં નુકસાન કરનાર પંખી તરીકે કુલંગનું નામ ઘઉંલા પડયું છે. યુરોપી શિકારીઓ તેને કુલમના અપભ્રંશ નામે પણ ઓળખે છે.

કુંજ (The Eastern Common Crane)

કુંજ પોણાચાર ફૂટ લાંબું પક્ષી છે તેને આંખ આગળ સફેદ ફૂમતું હોવાને બદલે કાળી ડોકની બંને બાજુ એકેક સફેદ પટો છે. ડોક પાછળ એક ઝાંખું રાતું ધાબું પણ છે. શરીર રાખોડી રંગનું છે. પગ કાળા છે. કુંજ સારસને મળતું પંખી છે, પણ સારસના પગ રાતા હોય છે. સારસને ડોક ઉપર એટલા લાંબા ધોળા અને કાળા પટા નથી. સારસના માથા ઉપર વધુ મોટા વિસ્તારમાં રાતો રંગ છે અને સારસનાં એવડાં મોટાં ટોળાં નથી હોતાં. કુંજ અને કુલંગના પગ કાળા હોય છે, સારસના રાતા છે. પુખ્ત વયનાં કુંજની પૂંછડી ઉપર છોગાં જેવાં વાંકડિયાં પીછાં ફરફરે છે. ખરેખર તો એ પીછાં પાંખોના છેવાડેથી નીકળેલાં હોય છે.

કુંજ મોટા ભાગે મહાગુજરાતમાં દશેરા અને દિવાળી પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેખાવ દે છે. શ્રી. ધર્મકુમારે તેમના ઉડ્ડયનની ઝડપ કલાકના ૪૦ માઈલ માપી છે, પણ કહે છે કે જો તેમનો પીછો પકડવામાં આવે તો ૬૦ માઈલ સુધીની ઝડપે કુંજ ઊડી શકે છે!

મેં કુંજ અને કુલંગનાં ટોળાંમાં કુંજની વસતિ ઘણી વધારે જોઈ છે. તે સૌરાષ્ટ્રમાં સમુદ્રકાંઠા પાસે નદી અને ખાડીના મુખપ્રદેશો વધુ પસંદ કરે છે. કુંજ અને કુલંગ પહાડી કે જંગલપ્રદેશ પસંદ નથી કરતાં. ખેતી, બીડ, નદી, સરોવર, મોલ અને વેરાન સૂકા પ્રદેશ પણ તેમને ગમે છે. તીડનો વિશાળ પ્રમાણમાં નાશ કરનાર પક્ષા તરીકે તેઓ જેટલા ઉપયોગી છે તેથી અનેકગણા તેઓ ખેતીને નુકસાન કરનાર તરીકે ઉપદ્રવી છે.

કુંજનું વતન છે હિમાલયના ઉત્તરે તિબ્બટ, ચીન, અને સાઇબેરિયા સહિત રશિયા.

આ કુળનાં પક્ષીઓનાં આંગળાંની રચના એવી છે કે ઝાડ પર બેસવું તેમને ન ફાવે. તેઓ જમીન પર જ રહે છે અને રાત પણ જમીન પર ગાળે છે. એટલે સ્વરક્ષણ માટે કુદરતે તેઓને રાત્રે જોઈ શકવાની શક્તિ આપી છે અને ઘણીવાર તેઓ અંધારી રાતે પ્રવાસ પણ કરતાં હોય છે.

વૈશાખ માસમાં કુંજ અને કુલંગ પોતપોતાના દેશમાં પહોંચી જાય છે અને ત્યાં ઝીલપ્રદેશમાં જમીન પર માળા બાંધી પ્રજનન કરે છે. સંવનન વખતે તેઓ સમૂહનૃત્ય કરે છે.

સારસ (Sarus Crane)

સોરઠી નામ સરસડાં અથવા સારસ, ગુજરાતી નામ સારસ અથવા ડાઘાં.

કવિઓએ બહુ ગાયેલાં આ પંખીનું નામ તો કોણે નહિ સાંભળ્યું હોય? આદર્શ દંપતીજીવન માટે પંકાયેલાં સારસ સુંદર અને વિશાળ પંખી છે. તેમની લંબાઈ પાંચ ફૂટ છે. ઊંચાઈમાં આપણા બરોબર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે. રાખોડી કપાળ, ઉપરની અરધી ડોક અને માથું રાતા રંગની ઉઘાડી ચામડીવાળાં, નીચેની અડધી ડોક ધોળી થઈને બાકીના શરીરના આસમાની રાખોડી રંગમાં ભળી જાય છે. પાંખના છેવાડેનાં પીછાં શામળાં. રાતા પગ અને ઉપરની અરધી રાતી ડોકના કારણે અને મોટા કદ વડે તેને કુંજથી અલગ કરી ઓળખી શકાશે.

વસ્તી: સારસ સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં જાણીતું પક્ષી છે. કચ્છમાં પણ તેની વસ્તી છે, પણ બહુ નહિ. તેની વસ્તી ઉત્તર ભારત, પૂર્વ ભારત અને મધ્યભારતમાં પણ છે. સારસ પાણીવાળા અને ખેતરાઉ પ્રદેશ પસંદ કરે છે એટલે તે વેરાન પ્રદેશ અને જંગલમાં જોવા નહિ મળે. તળાવડી કે નદીકાંઠે, ઝીલ પ્રદેશમાં કે છેવટે ખેતરવાડીમાં તમે સારસના યુગ્મને કે તેના કુટુંબને ગૌરવપૂર્વક પગલાં ભરતાં નજરે જુઓ ત્યારે જ તમને તેની ભવ્યતાનું ભાન થાય. સીતાજી અને રામચંદ્રજી જેવું આદર્શ લગ્નજીવન જીવતા હોવાની જે પંખી વિષે માન્યતા હોય તે શુકનિયાળ અને પવિત્ર ગણાય એમાં નવાઈ શી? એટલે સારસને આપણે ત્યાં શિકારીઓ સિવાય ભાગ્યે જ કોઈ રંજાડનારાવાળું નીકળશે. પરિણામે ખેતરમાં અને સીમમાં માનવવસ્તી પાસે વસનારાં આ પંખી માણસની વસ્તીથી ટેવાઈ ગયેલાં હોય છે અને ખેતરમાં કામ કરતા માણસોથી ડર્યા વિના તેઓ ખેતરમાં ટહેલતાં હોય છે. આ પ્રેમી પંખીઓનું જોડું લગ્નજીવનમાં પરસ્પર એવી મમતા અને વફાદારી ધરાવે છે કે જો એક મરી જાય તો બીજું કલ્પાંત કર્યા કરશે અને પોતાના જીવન સાથી માટે ઝૂર્યા કરશે, એ જ સ્થાને ફર્યા કરશે અને ઝૂરીઝૂરીને મરી પણ જશે.

સારસનું ઉડ્ડયન આકર્ષક હોય છે. તે પોતાની લાંબી ડોકને આગળ લંબાવીને અને લાંબા પગને પાછળ લંબાવીને હળવે હળવે પાંખો વીંઝીને ઊડે છે. તેઓ આકાશમાં ઊંચે નથી ઊડતા, જમીનથી થોડે ઊંચે ઊડે છે. આવા કદાવર પંખીને ઊડતાં વાર લાગે એ તો દેખીતું છે, એટલે હવામાં અદ્ધર થતા પહેલાં તેને થોડું દોડવું પડે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. પણ એક વખત હવામાં ચડી ગયા પછી તેઓ પોતાની વિશાળ પાંખો વીંઝીને આસાનીથી ઊડે છે. ઊડતાં ઊડતાં પણ તેઓ ઘણીવાર પોતાના બુલંદ મીઠા અવાજથી વગડાને ગજાવે છે. ચારો ચરતી વખતે તેઓ મૂંગા રહે છે, પણ જો ખલેલ પહોંચે તો પોકાર કરે છે. દાણા, કુમળી વનસ્પતિ, દેડકાં, તીડ, કરચલાં, કાચંડા, સાપ વગેરે તેમનો ખોરાક છે. કુંજ અને કુલંગની જેમ સારસ પણ ઝાડ પર બેસી નથી શકતા. તેમની જિંદગી જમીન પર જ જાય છે. કુંજ અને કુલંગ મોટાં ટોળાંમાં રહે છે, સારસ નહિ.

પ્રજનનઋતુ આષાઢથી કાર્તક મહિનાની વચ્ચે આવે છે. પ્રેમ કરતા સારસનું જોડું જોવામાં રમૂજ પડે. તેઓ પાંખો પહોળી કરીને જે રીતે નાચે છે, કૂદે છે, ઠેકડા મારે છે તે જોઈને હસવું આવે. તેઓ આપણા સ્થાયી અધિવાસી છે, પરંતુ પ્રજનન ઋતુમાં તેઓ સ્થાનપલટો કરે છે; કારણ કે ઈંડાં અને બચ્ચાંના રક્ષણ સારુ તેઓને પાણીથી રક્ષાયેલા સ્થળે માળો બાંધવો જોઈએ. તે માટે નદી કે તળાવની વચ્ચે આવેલું બેટડું પસંદ કરે છે. તે ન મળે તો ડાંગરની પાણી ભરેલી કયારીમાં, ઘાસમાં, તળાવના કે નદીના છીછરા પાણીમાં સાંઠીકડાં, ડાળીઓ, ઘાસ વગેરેનો વિશાળ ઢગલો કરી તેમાં માળો બનાવે છે. માદા ફિક્કા લીલા કે ગુલાબી સફેદ રંગનાં બે ઈંડાં મૂકે છે. કોઈવાર ભૂરા કે જાંબુડા રંગનાં છાંટણાં પણ હોય છે. ઈંડાં સેવવાનું કામ મુખ્યત્વે માદા કરે છે અને નર સંત્રી બનીને ચોકી કરે છે. બચ્ચાંના ઉછેરમાં મા-બાપ બંને ભાગ લે છે. બચ્ચાં ઈંડાંમાંથી નીકળીને તરત દોડી શકે છે.

સારસનાં બચ્ચાંને નાનેથી પાળ્યાં હોય તો તેઓ કૂતરાની જેમ હળી જાય છે; એટલું જ નહિ પણ કૂતરાની જેમ ચોકી પણ કરે છે. અજાણ્યા માણસ કે કૂતરા સામે તેઓ ડોક લાંબી કરી, પાંખો વીંઝીને દોડીને હુમલો કરે છે અને તેની ખંજર જેવી અણીદાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાંબી ચાંચની મર્યાદા તો સૌને રાખવી પડે.

સારસનાં બચ્ચાં મોટાં થઈને પરણી જાય ત્યાં સુધી માબાપ સાથે રહે છે. ઘણીવાર તમે સારસનાં નરમાદા અને બચ્ચાંનું આખું કુટુંબ સાથે જોશો. એ બતાવે છે, કે સારસનું કુટુંબજીવન કેવું પ્રેમાળ છે! બીજાં પક્ષીઓમાં આવું નથી હોતું. ત્યાં તો બચ્ચાં ખોરાક મેળવવામાં સ્વાશ્રયી થાય એટલે પોતાના પંથે પડી જાય છે.

કાજિયાં અને જળકૂકડી

હવે આપણે વિશિષ્ટ પ્રકારનાં પક્ષીઓના કુળનો પરિચય કરીએ છીએ. તેઓ નિષ્ણાત માછીમાર છે. એમ તો ઘણાં પક્ષી માછલી મારે છે, પણ કાજિયાં અને જળકૂકડીની તોલે તો કોઈ ન આવે. વિમાન, આગબોટ અને સબમરીન–ત્રણેના સંયુક્ત ગુણ ધરાવનાર કોઈ પંખી હોય તો તે કાજિયાં અને જળકૂકડી. તેઓ હવામાં ઊડી શકે છે, પાણીમાં તરી શકે છે એટલું જ નહિ પણ મગરની જેમ પાણીની અંદર આસાનીથી હરીફરી શકે છે અને થોડીથોડી વારે હવા લેવા અને પકડેલી માછલીને ગળી જવા બહાર ડોકું કાઢે છે. ખાસ કરીને મોટા કાજિયા એવા નિષ્ણાત માછીમાર છે, કે દુનિયાના કેટલાક દેશોમાં કેટલાક માછીમાર લોકો તેમને માછલી પકડી લાવવા માટે પાળે છે. તેમની ડોકે લોઢાની વીંટી પહેરાવવામાં આવે છે કે જેથી તેઓ પકડેલી માછલી ગળી ન શકે.

જે માછલીઓ કાજિયા, જળકૂકડી અને બગલાનો શિકાર બને છે તેઓ ઘણીવાર જીવતીજાગતી શિકારીની લાંબી ડોકમાં થઈને પેટ સુધી પહોંચી જાય છે અને ત્યાં મરે છે! કાજિયાં અને જળકૂકડીના ચામડીથી જોડાયેલાં આંગળાંવાળા પગ પાણીની અંદર હલેસાનું અને પૂંછડી સુકાનનું કામ કરે છે. તેઓ બંને એક જ કુળનાં પક્ષી છે અને શ્રી. હરિનારાયણે તે કુળનું નામ મુંડીકાક આપ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાના કાજિયા અથવા જળકાગડા
(The Little Cormorant)

ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ જેટલે છેટે છે, એટલું છેટું સગપણ કાગડા અને કાજિયાંનું છે. તેમ છતાં કોણ જાણે કેમ તેમને અને તેમના આખા કુળને પાણીના કાગડાનું નામ મળ્યું છે. તેમના કુળનું નામ, શાસ્ત્રીય નામ, મરાઠી નામ અને હિંદી નામ, બધાનો અર્થ પાણીના કાગડા થાય છે! કાગડા અને કાજિયાં વચ્ચે કંઈ સામ્ય હોય તો એટલું જ કે તેઓ બન્ને રંગે કાળાં છે અને કાજિયાંને છેટેથી તમે ઊડતાં જુઓ તો બિનઅનુભવી આંખને તે કાગડા જેવા લાગે.

નાનાં કાજિયાં કદમાં ૨૦ ઇંચ એટલે કે આપણા કાગડાથી બે ઇંચ મોટાં છે. રંગે સાવ કાળાં છે. ગળા ઉપર જરા ધોળો રંગ છે, જે પ્રજનન-ઋતુમાં અદૃશ્ય થઈ જાય છે; પરંતુ ડોકાં ઉપર છૂટાંછવાયાં ધોળાં પીછાં ઊગે છે. ચાંચ સપ્રમાણ લાંબી અને છેડેથી હૂકવાળી છે. ગળામાં સંકોચાયેલી કોથળી છે, જે માછલી સમાવવા મોટી થઈ શકે છે. પગનાં આંગળાં ચામડીથી જોડાયેલાં હોય છે. પાણીમાં તેમની પૂંછડી સુકાનનું કામ કરે છે.



નાનું કાજિયું

કાજિયાં આખા ભારતમાં અને અગ્નિ એશિયામાં વ્યાપક પંખી છે. તેઓ આપણે ત્યાં સ્થાયી અધિવાસી છે. આખી દુનિયામાં જાણીતાં છે. નદી, તળાવ, ખાડી અને દરિયાકાંઠે પણ તેઓ વસે છે. ભાઠોડા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પથ્થર, ભેખડ, ઝાડ કે ઠૂંઠા પર તમે કોઈ કાળા પંખીને એકલદોકલ કે આખી જમાતમાં બેઠેલાં અને પાંખો પસારીને તડકામાં તાપતાં કે હવા ખાતાં જુઓ તો જાણવું કે તેઓ કાજિયાં જ છે. આ કાળાં પક્ષીઓની આખી જમાત જ્યારે મૂંગે મોઢે સ્થિર થઈને બેઠી હોય ત્યારે તમે જુઓ તો તેઓ અશુભ અને અમંગળ લાગે અને યુરોપમાં તેઓ અમંગળ ગણાયાં પણ છે. થોડીવાર તમે તેમને જોયા કરો તો એમ લાગે કે યમદૂતો કે ડાઘુઓની જમાત બેઠી છે. તેઓ રોજ જ્યાં બેસે છે એ બેસણું તેમની ધોળી ચરકથી ધોળકાતું બની ગયું હોય છે. યાદ રાખજો કે પાણીનાં બધાં પક્ષીઓને તેલગ્રંથિ હોય છે, જેના તેલ વડે તેઓ પીછાંને જલાભેદ્ય બનાવે છે.

મત્સ્યસૃષ્ટિ માટે કાજિયાં ખરેખર યમદૂત જ છે. તેઓ એવાં અકરાંતિયાં પંખી છે કે કેટલેક ઠેકાણે તો માછીમારોએ કાજિયાંને નિર્વંશ કરવાનો પોકાર પણ ઉઠાવ્યો છે. જંગલી કૂતરાંની જેમ તેઓ વ્યૂહરચના રચીને માછલીઓનાં ટોળાંને કાંઠા તરફ હાંકીને ફસાવી તેમનો ભારે વિનાશ કરે છે.

કાજિયાંનું ઉડ્ડયન ઝડપી છે. તેઓ ઝડપથી પાંખો વીંઝતાં જાય છે અને વચ્ચે વચ્ચે પાંખો હલાવ્યા વિના તરતાં પણ જાય છે. પાણીમાંથી તેઓને ઊડવું હોય ત્યારે ભારે પ્રયત્નપૂર્વક પાંખો વીંઝીને મુશ્કેલીથી ઊંચે ચડતાં દેખાય, પણ એકવાર પાણીની બહાર આવી ગયાં એટલે આસાની અને ઝડપથી ઊડે છે. જ્યારે ઊડીને તેઓ પાણીમાં ઊતરતાં હોય ત્યારે પહેલાં ચડઊતર પીછાંવાળી ફાચર જેવી પૂંછડી વડે તેઓ પાણીનો સ્પર્શ કરે છે અને એ રીતે પૂંછડી પાણી સાથે અથડાઈને તેનો વેગ રોકવા બ્રેકનું કામ કરે છે. પછી તેના પગ અને શરીર પાણીના સંસર્ગમાં આવે છે. પાણીમાં તેઓ બતકની જેમ પાણીની સપાટી પર નથી તરતાં, પણ શરીર પાણીમાં ડૂબી જાય છે અને માત્ર ડોકું જ બહાર દેખાતું હોય છે. માછલી પકડવા માટે તે સબમરીનની જેમ પાણીમાં ઊતરી જાય છે અને જ્યારે તે બીજે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ ઠેકાણે બહાર નીકળે ત્યારે તેની ચાંચની મક્કમ પકડમાં તરફડતી માછલીનું રૂપેરી પેટાળ ચમકતું હોય છે. ડોકું બહાર કાઢ્યા પછી એવી સિફતથી કાજિયાં માછલીને અદ્ધર ઉડાડે છે કે જેથી માછલી જ્યારે પડે ત્યારે કાજિયાં તેનું મોં પોતાના મોંમાં આવે એવી રીતે ઝીલી લે છે અને તમે આ ચાલાકીથી હેરત પામીને તે જોતા હો ત્યાં તો એ માછલી આંખના પલકારામાં કાજિયાના પેટમાં અદૃશ્ય થઈ જાય છે.

કાજિયાં પેટમાં અરધી પચાવેલી માછલી ઓકીને બચ્ચાંને ખવડાવે છે. બીજાં પક્ષીઓની જેમ તેઓ બચ્ચાંના મોંમાં ખોરાક નથી નાખતાં પણ ઓકીને પોતાના મોઢામાં લાવે છે અને બચ્ચાં તેમના ગળા સુધી પોતાની ચાંચ નાખીને એ ખોરાક ખાઈ જાય છે!

વસતી: મહાગુજરાત, મુંબઈ અને આખા દેશમાં સ્થાયી અધિવાસી.

પ્રજનન: તેમની પ્રજનનઋતુ ઉત્તર ભારતમાં અને આપણે ત્યાં ચોમાસામાં અને દક્ષિણ ભારતમાં શિયાળામાં આવે છે. પાણી-કાંઠાના ઝાડ પર અને કોઈ વાર ઝીલપ્રદેશના બીડમાં. ઝાડ પર તેઓ સામુદાયિક માળા બાંધે છે અને ચારથી પાંચ લાંબા આકારના લંબગોળ, આસમાની ઝાંયવાળાં સફેદ ઈંડાં મૂકે છે. કેટલાક ઝાડવાના ઝુંડ પર, કાંકણ, અંજન, ધોકડાં, કાજિયાં, જળકૂકડી વગેરે પાણીનાં વિવિધ પંખીઓના માળા બાંધેલા હોય ત્યારે પક્ષીઓનાં એ નગર જે પ્રવૃત્તિથી ગાજતાં હોય તે નજરે જુઓ તો જ તેનો ખ્યાલ આવે.

મોટાં કાજિયાં (The Indan Large Cormorant)

મોટા કાજિયાને તેના મોટા કદ ઉપરથી ઓળખી શકાશે. પ્રજનનઋતુમાં માથા ઉપર થોડાંક ધોળાં પીછાં અને એક લટકતી કલગી અને બંને પડખાં પર ધોળું ધાબું દેખાશે.

મોટા કાજિયા ખાડી અને દરિયાને કાંઠે દેખાશે, પણ તેઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મીઠા પાણીનાં તળાવ અને નદીઓ વધુ પસંદ કરે છે. શ્રાવણથી મહા મહિના સુધી તેમની પ્રજનનઋતુ છે અને ત્યારે ગેગ–ગેગ, ગેગ–ગેગ એવા અવાજ વડે શ્રોંઘાટ કરે છે. શ્રી ધર્મકુમારસિંહજી કહે છે કે મોટા કાજિયા ૬૦ ફૂટની ઊંડાઈ સુધી પાણીમાં ડૂબકી મારે છે! માળાવાળા ઝાડ પર તેમને તમે ખલેલ પહોંચાડો તો બધા કાજિયા જાણે આપઘાત કરવો હોય તેમ પાણીમાં પડતું મૂકે અને ડૂબકી મારીને દૂર દૂર નીકળી જાય! જ્યાં જાત જાતના બગલા, જલકૂકડી અને કાજિયા સમૂહમાં પ્રજનન કરતા હોય ત્યાં તેમનો અને તેમનાં બચ્ચાંનો ઘોંઘાટ સાંભળીને તમને આશ્ચર્ય થાય.

જળકૂકડી અથવા સર્પગ્રીવ

(The Indian Darter or Snake Bird)

જળકૂકડી કાજિયાંની અનેક સુધારાવધારા સાથેની છેલ્લામાં છેલ્લી ઢબની આવૃત્તિ કહી શકાય. જેમ વિમાનો, સબમરીનો વગેરેની અદ્યતન આવૃત્તિ નીકળે છે તેમ! તેની ત્રણ ફૂટની કાયામાં અરધી લંબાઈ તેની ખંજર જેવી ચાંચ અને સાપ જેવી ડોકે રોકી છે. બાકીનો ભાગ સબમરીન જેવા શરીર અને સુકાનરૂપી લાંબી પૂંછડીનો બનેલો છે. કાજિયાથી જળકૂકડીનો દેખાવ તેની સાપ જેવા આકારની ઝીણી લાંબી ડોક અને ખંજર જેવી અણીદાર સીધી લાંબી ચાંચના કારણે, એટલા પૂરતો જુદો પડે છે. એટલું બાદ કરો તો જળકૂકડી પણ એક કાજિયું જ છે.

ડોકને પીઠ ઉપર ટકવીને આરામ કરતી જળકૂકડી

જળકૂકડીની ડોક આગળના ભાગે ભૂરી અને પાછળના ભાગે કાળાશ પર છે અને ગળું ધોળું છે. શરીરનો રંગ કાળો છે, પણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પીઠ પર રૂપેરી ભૂરી રેખાઓ આવેલી છે. પૂંછડી કાજિયાની જેમ ચડઊતર પીંછાંની, ફાચર જેવી અને અક્કડ છે.

જળકૂકડી સહકારી પ્રવૃત્તિમાં નથી માનતી એટલે એકલદોકલ પક્ષીઓ પણ સ્વતંત્રપણે પાણીમાં મગરની જેમ પેસીને શિકાર કરતાં હોય છે. થોડીથોડીવારે ફેણ ચડાવેલા સાપની જેમ તે પાણીમાંથી માત્ર ડોક જ બહાર કાઢે છે અને આસ-પાસ નિરીક્ષણ કરી, હવા લઈ ફરીથી ડૂબકી મારી જાય છે. કાજિયા તો ડોકું બહાર રાખીને પણ પાણીની સપાટી નીચે તરે છે, પણ જળકૂકડી તો પાણીમાં ઊતરી જાય



જળકૂકડી

છે અને પાંખો અરધી ઉઘાડી ને અરધી બીડેલી રાખી, ડોકને પણછ ખેંચેલા ધનુષની જેમ ખેંચી રાખી માછલીનો પીછો પકડે છે. પાણીની નીચે તે બહુ સારી ઝડપથી તરી શકે છે અને ડોકમાં કરોડરજ્જુના હાડકાની રચના એવી હોય છે કે જેમ ધનુષમાંથી બાણ છૂટે તેમ ખેંચીને તંગ રાખેલી ડોક બાણની જેમ છૂટે ત્યારે ચાંચ તીરનું કામ કરે છે અને ખંજર જેવી તીક્ષ્ણ ચાંચ નાસી જતી માછલીને વીંધી નાખે છે. કાજિયાની જેમ તેઓ માછલીને ચાંચથી પકડતી નથી, પણ ચાંચ વડે વીંધીને તેમાં પરોવી લે છે અને પછી પાણી બહાર ડોકું કાઢીને આ વખતે એવો પાછળ આંચકો મારે છે કે ચાંચમાં પરોવાયેલી માછલી છૂટી પડી જાય છે, અને આંખના એક પલકારામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તો જળકૂકડી તેને પોતાના મોંમાં ઝીલી લેતાં માછલી તેના પેટમાં અદૃશ્ય થઈ જાય છે. જળકૂકડીની ચાંચ છેડે ચપટી, સીધી અને અણીદાર હોય છે ત્યારે કાજિયાની છેડેથી જરા વળેલી હોય છે. કારણ કે જળકૂકડી ચાંચ વડે માછલીને વીંધી નાખે છે ત્યારે કાજિયા પકડી લે છે. તેઓ ૧૦૦–૧૫૦ ફૂટ લાંબી ડૂબકી મારે છે.

જળકૂકડીમાં પાણીકાંઠાનાં પક્ષીઓ જેવી સમૂહભાવના નથી, પરંતુ અનુકૂળ સ્થળે પાંચ-પચીસ કે પચાસ-સો જેટલી જળકૂકડીઓ સ્વતંત્ર રીતે શિકાર કરતી દેખાય છે. તેઓ સહકારી પ્રવૃત્તિમાં નહિ તો સમાજજીવનમાં તો માને છે જ; અને માળા પોતાની જમાત તથા કાજિયાં, ઘોકડાં, અંજન, કાંકણ વગેરેની જમાતો સાથે પક્ષી-નગરો વસાવીને તેમાં બાંધે છે અને પ્રજનન કરે છે.

જળકૂકડી આખા ભારતમાં વ્યાપક, સામાન્ય અને સુપરિચિત પંખી છે. નદી–તળાવ ઉપરાંત દરિયાનાં ખારાં પાણીવાળી ખાડીમાં પણ વસે છે. ઊડતી વખતે કાજિયા અને જળકૂકડી થોડીવાર પાંખો વીંઝે છે અને થોડીવાર હવામાં તરતાં જાય છે.

જ્યારે પેટ ભરાઈ જાય ત્યારે તેઓ બહાર નીકળી પાણીમાં ઊભેલા ઠૂંઠિયા કે ઝાડ ઉપર પાંખો પસારીને કાજિયાંની જેમ બેસે છે. તેમનું ટોળું બેઠું હોય ત્યાં તમે જઈ ચડો તો પહેલાં તો કુતૂહલથી તમારા સામે જોઈ રહે અને પછી પાણાની જેમ એક પછી એક પાણીમાં પડતું મૂકીને અદૃશ્ય થઈ જાય અને છેટે નીકળી જઈને પાણીમાંથી ડોકાઈને જુએ.

પ્રજનન: પ્રજનનઋતુ ઉત્તર ભારતમાં અને આપણે ત્યાં ચોમાસામાં અને દક્ષિણ ભારતમાં શિયાળામાં આવે છે. પાણીમાં કે પાણીકાંઠે ઊભેલાં ઝાડોમાં તેઓ રાતવાસો કરે છે અને માળા બાંધે છે. માદા લીલી–વાદળી ઝાંયનાં સફેદ રંગનાં ૩થી ૪ ઈંડાં મૂકે છે. સબમરીન જેવાં આવાં લાંબાં પક્ષીઓનાં ઈંડાં પણ લાંબાં જ હોય ને! ઈંડાં બહુ લાંબાં, લંબગોળ અને છેડે વધારે અણીદાર હોય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૨ : પાણીકાંઠે

આપણે ઘણું રખડ્યા છીએ. હવે આપણે પાણીકાંઠાનાં પક્ષીઓ સાથે ઓળખાણ કરીએ. પાણીકાંઠાનાં વિહંગોનું આ વિહંગાવલોકન જ છે; કારણ કે બધાં ગામને પાણીકાંઠા નથી હોતા અને તમને બધાને પાણીકાંઠાનાં પક્ષીઓ જોવાની તક પણ ન હોય.

ટિટોડી અને તેનાં સગાં

ટિટોડી પાણીકાંઠાનું જ પંખી છે એમ તો કેમ કહેવાય? એ સૂકા પ્રદેશમાં પણ વસે છે. પણ તેનાં સગાં પાણીનાં નહિ તો પાણી-કાંઠા પર વસનારાં પંખી છે, એટલે સગવડને ખાતર ટિટોડીને હું અહીં પકડી લાવ્યો છું. એક જ કુળનાં બે પંખી જુદા પ્રકારનો પ્રદેશ પસંદ કરે છે એ તો તમે હવે જોયું હશે. આપણામાં બે સગા ભાઈની પ્રકૃતિ જુદી હોય છે તો પક્ષીના એક કુળનાં પક્ષીઓમાં એવું હોય તેમાં નવાઈ શી!

જો તમે મુંબઈ જેવા મોટા શહેરમાં જ જિંદગી ગાળી હોય તો જ તમને ટિટોડીની ઓળખાણની જરૂર પડશે. વ્રત કરતી'તી, વ્રત કરતી'તી, એવા અવાજ વડે ગ્રામ્ય પ્રદેશને ગજાવતી ટિટોડી ખુલ્લા મેદાનનું પંખી છે. ચહેરા પર લાલ રંગ ધરાવતી ટિટોડી (The Red–wattled Lapwing) ખેત-રાઉ તેમ જ પાણીવાળી ધરતીને પસંદ કરે છે અને ખેતી માટે હિતકારી પંખી છે, ત્યારે ચહેરા પર પીળો રંગ ધરાવતી ટિટોડી (The Yellow–wattled Lapwing)



પીળા ચહેરાવાળી ટિટોડી

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

વેરાન વગડાનું પંખી છે.

ટિટોડી ધરતી પર માળો કર્યા વિના કાંકરા વચ્ચે અને જરા સરખા ખાડામાં ઈંડાં મૂકે છે. ગ્રીષ્મ અને વર્ષા તેની ઋતુ. ઈંડાં અને બચ્ચાંનું રક્ષણ કરવા એ બળ અને કળ બંને કેવી રીતે વાપરે છે, દુશ્મનને કેમ છેતરે છે અને હલ્લો કરે છે, ઈંડાં કાંકરા સાથે અને બચ્ચાં ધરતી સાથે કેમ મળી જાય છે એ તો તમે નજરે જુઓ તો આશ્ચર્ય પામો.

ટિટોડી તો આપણા દેશની છે, પણ ટિટોડીના કુળનાં બીજાં પક્ષીઓ આપણે ત્યાં પરદેશોથી શિયાળો ગાળવા આવે છે. તેમને અંગ્રેજીમાં Plovers અને ગુજરાતીમાં **બાટણટિટોડી** કહે છે. ટિટોડીથી તેઓ નાનાં છે. તેમાં પણ The Little Ringed Plover–**કાંઠલાવાળી ઝીણી ટિટોડી** અને The Kentish Plover–**ઢોંગીલી ટિટોડી** તો જાણે ટિટોડીની નાનકડી આવૃત્તિ છે. તેઓ બંને દરિયાકાંઠે વસે છે.

કાંઠલાવાળી ઝીણી ટિટોડી

આ કુળનાં બીજાં પક્ષીઓને તમે માત્ર વર્ણનથી નહિ ઓળખી શકો. છતાં એટલું કહી દઉં કે કેટલાંક તો લાંબામાં લાંબું અંતર કાપનારાં મહાન શિયાળુ યાત્રી છે અને છેક ધ્રુવપ્રદેશમાંથી પણ આવે છે! તેઓ છે તો ટિટોડીના કુળનાં, પણ આ પરાક્રમી પંખીઓને પક્ષીશાસ્ત્રીઓએ એ જ કુળમાં એક અલગ ઉપકુળ આપીને તેમનું ‘બહુમાન’ કર્યું છે.

રંગ અને દેખાવમાં પીળી ગ્રંથિવાળી ટિટોડીની યાદ આપે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એવા **મોટા ચકવા**(The Great Stone Curlew)ને **ખલેલી** (Curlew) સાથે નહિ ભેળવી દેતા. કૂકડી જેવડું કદ, અણીદાર, જાડી, સીધી અને મૂળમાં પીળી ચાંચ, મોટી મોટી પીળી આંખો અને પીળી ગ્રંથિવાળી ટિટોડીને મળતો રંગ મોટા ચકવાનો પરિચય આપે છે. તે છે તો પાણીકાંઠાનું પંખી, પણ પાણીથી જરા દૂર રેતી અને પથ્થરમાં ફરતો દેખાશે. તે આપણું સ્થાયી વતની છે. તે ભડકીને ઊડે છે ત્યારે સિસોટી જેવો તીણો પણ ઊંચી માત્રાનો અવાજ કરે છે. **નાનો ચકવો** (The Indian Stone Curlew) કદમાં તેતરથી જરા મોટો છે, તેના પગ જાડા છે અને તેણે પાણી-કાંઠો છોડી પથ્થર અને ઝાડીઝાંખરાવાળા વનવગડા વસાવ્યા છે. આ બંને પંખીની મોટી આંખો સૂચવે છે કે તેઓ વહેલી સવાર, મોડી સાંજ અને રાત પસંદ કરે છે. આ બંને ચકવાને એક જુદા કુટુંબ-માં મૂકવામાં આવ્યા છે.



હિંદી રણગોધલો

સપાટ, વેરાન કે ખેડાણ પ્રદેશમાં તેતર જેવડા **રણગોધલા** (The Indian Courser) પણ પીળી ગ્રંથિવાળી ટિટોડી-ની યાદ આપે છે. રેતાળ ભૂરું શરીર તો ઘણાં પંખીને હોય છે, પણ રણગોધલાને વધારામાં ધોળા લાંબા પગ, પૂંછડીનો ધોળો છેડો, ઈંટ જેવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રતૂમડી ડોક છે અને છાતી નીચે જતાં કાળાશપર થઈ જાય છે. ધોળું પેટ અને આંખથી માથાની પાછળ સુધી ધોળી અને કાળી પટ્ટી તેની ઓળખાણ આપશે. એટલાથી તે ન ઓળખાય તો તેને ઝડપથી દોડતાં અને વળી અટકી જતાં અને વળી દોડતાં જોજો. દાણા અને જીવડાં તેનો ખોરાક છે. છાણ નીચેથી જીવડાં શોધીને ખાતો હોવાથી તેને કચ્છીમાં **છેણઓડી** કહે છે. તે પણ સ્થાયી રહેનાર છે અને વસંત તથા ગ્રીષ્મમાં ટિટોડીની જેમ જમીન પર માળો કર્યા વિના એ ઈંડાં મૂકે છે, જે તમે શોધી ન શકો. યાદ રાખજો કે રણગોધલાને ટિટોડી સાથે સગપણ નથી. તેને પોતાનું અલગ કુળ છે.

કાળી કાંકણસાર (The Black Ibis)

આપણે ત્યાં બે કાંકણ બહેનો જાણીતી છે: એક કાળી અને બીજી ધોળી. કાળી કાંકણે પાણીકાંઠો છોડી દીધો છે અને ઉઘાડા મેદાનમાં જ તે વસે છે. તમે તેને તરત ઓળખી શકશો. તેના માથા પર પીછાં વિનાની લાલ ચામડી છે. બંને ખભા પર એકેક સફેદ ધાબું છે. શરીરનો રંગ કાળો છે અને તેની પર લીલાશ પર જાંબુડી ઝાંય છે. પગ ઈંટિયા રંગના છે. લાંબી ચાંચ વડે તે જમીનમાંથી જીવડાં પકડતી હશે. તેને ઉઘાડા વગડા, ઉજ્જડ પ્રદેશ, સૂકી કે જળાશય પાસેની જમીન, ખેતરાઉ પ્રદેશ તથા પાદરના ઉકરડા પ્રિય છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં કાળી કાંકણ સુપરિચિત છે. તેઓ યુગ્મમાં અથવા નાના ટોળામાં ધરતીમાંથી લાંબી, ચીપિયા જેવી ચાંચ વડે દાણા, જીવડાં, નાના સાપ, કાચંડા, કીડા વગેરે પકડી પાડે છે. સવારથી સાંજ સુધી, ખરે બપોરે ધીખતી ધરતી પર પણ કાળી કાંકણ પેટ ભરવાના વ્યવસાયમાં પડી હશે. તેઓનાં નિશ્ચિત ચરિયાણ હોય છે અને રાતવાસો કરવા માટે નિશ્ચિત ઝાડ હોય છે. તેઓ નદી–તળાવ પાસે પણ જાય છે ખરી, પણ આ કાંકણને તેમની જરૂર નથી. અને પાણીમાં તો જતી જ નથી. નદી–તળાવના સૂકા કાંઠા પરથી જ તેઓ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ખોરાક મેળવે છે.

બધી જાતની કાંકણનું ઉડ્ડયન વેગવાન હોય છે. તેઓ ડોક આગળ અને પગ પાછળ લંબાવીને જોરથી પાંખો વીંઝે છે અને વચ્ચે વચ્ચે જરાવાર પાંખો વીંઝ્યા વિના તરતી જાય છે. કાંકણનું ટોળું V આકારે અથવા સીધી ઊભી લીટીમાં ઊડે છે.

સાધારણ રીતે કાંકણ બોલકણું પંખી નથી, પણ પ્રજનન-ઋતુમાં તેઓ કોશની ગરેડી જેવા તીક્ષ્ણ અને બુલંદ અવાજથી વગડો ગજાવી મૂકે છે. કાંકણને જો પજવવામાં ન આવે તો તે શરમાળ પંખી નથી. માંસાહારી લોકોએ તેને ખાદ્ય પંખી ગણ્યું છે.

પ્રજનનઋતુ ઉત્તર ભારતમાં અને આપણે ત્યાં ફાગણથી ભાદરવા સુધીમાં અને દક્ષિણ ભારતમાં આસોથી માગશર સુધીમાં આવે છે. ઊંચા ઝાડમાં માળો બાંધીને બેથી ત્રણ લીલાશ પડતા રંગનાં ઈંડાં મૂકે છે. માળા બાંધવામાં બીજા બગલા જેવી સમૂહભાવના કાળી કાંકણમાં નથી, પણ એક ઝાડ પર બે–ત્રણ માળા સાથે દેખાય ખરા. ઈંડાં પર કોઈવાર ભૂરાં છાંટણાં પણ હોય છે.

કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કયાંક કયાંક **પાનકાંકણાસાર** નામની એક બીજી કાળી કાંકણ (The Glossy Ibis) પાણીકાંઠે વસે છે. તેને માથા ઉપર રાતો અને ખભા પર ધોળો રંગ નથી.

સફેદ કાંકણાસાર (The White Ibis)

સફેદ કાંકણાસાર કાળી કાંકણાસાર કરતાં જરા મોટી એટલે ત્રીસ ઇંચની છે. માથું અને ડોક પીછાં વિનાનાં ઉઘાડાં છે અને તેની ચામડી કાળી છે. બાકીનું શરીર ધોળું છે. ખભા પર થોડો રાખોડી રંગ છે.

પ્રજનનઋતુમાં આ કાંકણને ડોક અને છાતી પર સફેદ લાંબા વાળ ઊગે છે. બચ્ચાંને ડોક પર પણ સફેદ પીછાં હોય છે.

સફેદ કાંકણ પાણીકાંઠાનું પંખી છે. તળાવ, સરોવર, નદી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નાળાં અને ખાડીકાંઠે પણ તે વસે છે અને પાણીમાંથી દેડકાં, કરચલાં, માછલી વગેરે પકડીને ખાય છે. પાણીથી નીતરતાં બીડ અને ખેતરમાં પણ તે આવે છે. તેઓ સમૂહચારી છે. પોતાની જાતનાં નાનાં ટોળાંમાં વસે છે; એટલું જ નહિ પણ કંગડા, અંજન, ચમચા વગેરેની સાથે પણ છૂટથી ભળે છે. ખાસ કરીને ચમચા તેમના નિકટના સગા હોવાથી તેમની સાથે વધુ દેખાય છે. તેઓ કાદવ ડહોળીને તેમાંથી પણ શિકારને બહાર કાઢે છે. સ્વભાવે તેઓ બહુ ચપળ છે અને ચમચાની સાથે અંધારું થયા પછી પણ ચારો ચરતી હોય છે. તે મૂંગું પક્ષી છે.

સફેદ કાંકણ આખા ભારતમાં વ્યાપક અને સુપરિચિત પંખી છે. કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં તેઓ જાણીતાં છે. પરંતુ મુંબઈમાં તેમની વસ્તી નથી. ઇજિપ્તમાં સફેદ કાંકણ પવિત્ર અને શુકનિયાળ પંખી ગણાય છે.

પ્રજનનઋતુ આપણે ત્યાં ચોમાસામાં આવે છે. પાણીમાં કે પાણી પાસે ઊભેલાં ઝાડમાં કંગડા, અંજન, ચમચા વગેરેની સાથે તેઓ પણ માળા બાંધે છે. ઈંડાંની સંખ્યા બેથી ત્રણની હોય છે અને તે રંગે આસમાની લીલી ઝાંયવાળાં સફેદ હોય છે.

ચમચો (The Indian Spoonbill)

હવે તમને કાંકણસારના કુળના છતાં કાંકણસાર જેવું નહિ પણ બગલા જેવું પંખી ઓળખાવું. કોઈ સફેદ બગલાની ચાંચનો છેડો ગોળાકાર થઈને ચમચા જેવો દેખાય તો તમારે જાણવું કે એનું નામ પણ ચમચો છે! તમે જ્યારે સફેદ કાંકણને જુઓ ત્યારે તેની સોબતમાં ચમચાને પણ જોવાની અપેક્ષા રાખશો. એમને ભાઈબંધી છે. તેનાં લક્ષણ પણ સફેદ કાંકણ જેવાં જ છે. કોણે કોના પર પોતાનાં લક્ષણની છાપ નાંખી તે તો હું કેમ કહી શકું?

કાંકણસારની આખી ચાંચ વળાંક લેતી છે, જ્યારે ચમચાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સીધી અને છેડેથી ચમચા જેવી પહોળી છે. આમ તો તેનું શરીર ધોળું અને ચાંચ તથા પગ કાળાં છે, પણ પ્રજનનઋતુમાં આ શુષ્ક વૃત્તિનું પંખી આપણા માછીમારોની જેમ શણગાર સજે છે. માથા પર ફરફરતી કલગી, ચાંચનો છેડો પીળો, ગળા પર સુંદર પીળો રંગ, છાતી અને ડોક પર તજ જેવો ઊજળો રંગ એ તેનો સંવનન-ઋતુનો શણગાર છે. ચમચાનું ઉડ્ડયન ઝડપી છે. ઝડપથી પાંખો વીંઝતો જાય અને જરાવાર વળી પાંખો હલાવ્યા વિના તરતો જાય, ડોક અને પગ લંબાવેલ હોય. આમ ઊડતા ચમચાને છેટેથી પણ ઓળખી શકાય.

ચમચો કાદવવાળાં પાણી પસંદ કરે છે. તે પાણીમાં ઊતરી અર્ધચંદ્રાકારે ચાંચને પાણીમાં હલાવીને પાણી ડહોળી નાખીને કાદવ-માંથી કરચલાં, છીપ, દેડકા, માછલી વગેરેને પકડીને ખાઈ જાય છે.

મહાગુજરાતનું આ વ્યાપક પંખી વર્ષાઋતુમાં ઝાડ પર માળા બનાવી બીજા બગલા અને કાંકણુસારના 'પક્ષીનગર'માં પ્રજનન કરે છે. ઉપર કહ્યું તેમ કાંકણુસાર અને ચમચો એક જ કુળનાં પક્ષીઓ છે. તેમની મારફત આપણે વિવિધ જાતના બગલાના સમુદાયમાં આવીએ છીએ.

ઢોકડા (Storks)

જે બગલા ઊડતી વખતે ડોક આગળ લંબાવીને અને પગ પાછળ પસારીને ઊડે છે તે બગલાનું નામ ઢોકડા છે એમ તમારે માની લેવું. ઢોકડા બેઠા હશે ત્યારે તેમની જાડી મોટી ચાંચ, બોડકું માથું, કાબરો રંગ અને ગળાની કોથળીથી ઓળખાઈ આવશે. સૌરાષ્ટ્રમાં તેમને કંગડા પણ કહે છે. ફાટી ચાંચ સહિત આ બધા ઢોકડા એક કુળમાં સમાઈ જાય છે.

આપણે ત્યાં પાંચ જાતના ઢોકડા થાય છે. ઘાટ અને રીત-ભાતમાં કઢંગો પણ રંગે રૂપાળો **ઢોંક** (The Painted Stork)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાંકણુની જેમ જરા વળાંક લેતી પણ જાડી રાતી ચાંચ, રાતું માથું, રાતા લાંબા પગ, ધોળું શરીર, છાતી અને પાંખ પર લીલાશ પર કાળી પટ્ટીઓ અને રેખાઓ વડે શોભે છે. પ્રજનનઋતુમાં શરીરને છેડે રતૂમડી રેખાઓ તેના શરીર પર આકર્ષક ચિતરામણ બતાવે છે.

ઊજળી અથવા **ધોળો ઘોકડો** (The White Stork) ધોળા રંગ, અરધી કાળી પાંખો, ઝાંખા રાતા પગ અને છેડેથી કાળી અણીદાર રાતી ચાંચ વડે ઓળખાઈ આવશે. સારસની જેમ તે સૂકી જમીન પર પણ દેખાશે. તે આપણો શિયાળુ મુલાકાતી છે.

કાળીટુલ અથવા **ધોળી ડોકવાળો ઘોકડો** (The White-necked Stork) તેના કાળા શરીર, ધોળી ડોક તથા પૂંછડી, રાતા છેડાવાળી કાળી ચાંચ અને રાતા પગ વડે ઓળખાઈ આવશે. તેનાથી ઊંધી રંગ-રચના **અનારસ** અથવા **કાળી ડોકવાળા** ઘોકડા (The Black-necked Stork)ની છે. એને કાળી ડોક, ધોળું શરીર અને કાબરી પાંખો છે. ચાંચ કાળી અને પગ રાતા છે.

કાળીટુલ અથવા
ધોળી ડોકવાળો ઘોકડો

ફાટી ચાંચ અથવા **ગુગલા** (The Openbill Stork) ધોળું શરીર, કાળી પૂંછડી, પાંખો પર છેડા તરફ કાળો રંગ, રાતા પગ અને છેડેથી ફાટી કાળી ચાંચથી ઓળખાઈ આવશે. ધોળો રંગ ધુમાડિયો મેલો પણ હોય છે. ચાંચનાં બે ફાડિયાં વચ્ચે છેડા તરફ ફાટ રહે છે. આવી ચાંચ છીપ અને શંખલાંને ભાંગી નાખવા માટે સૂડી જેવું કામ કરે છે. ભાંગીને અંદરથી પોચાં જીવડાંને તે ખાઈ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જાય છે. ખોરાકની છત–અછત પ્રમાણે સ્થાનપલટો કરે છે. તે દરિયાકાંઠા કરતાં અંદરનાં જળાશયોને વધારે પસંદ કરે છે.

ઘોકડા ભારે અને મોટાં પક્ષી હોવા છતાં સારું ઊડી શકે છે અને ગીધની જેમ આકાશમાં ઊંચે પણ કોઈ વાર ચડે છે અને ગીધની જેમ ગગનવિહાર કરે છે. પુખ્ત વયના ઘોકડા બહુધા મૂંગા હોય છે. મોટા ભાગે વર્ષાઋતુ તેમની પ્રજનનઋતુ છે, જ્યારે તેઓ ઝાડ પર મોટા માળા બાંધી ૨–૩ ધોળાં ઈંડાં મૂકે છે. શ્રી ધર્મકુમારસિંહજીએ કાળી ડોકવાળા (બનારસ) ઘોકડાની કલાકના ૫૫ માઈલની ઝડપ માપી છે.

આ બધા ઘોકડા કાદવવાળાં છીછરાં પાણી પસંદ કરે છે.

અંજનબગલા (Herons and Egrets)

જે બગલા ઊડતી વખતે સાપ જેવી ડોક સંકેલી લે છે અને પગ પાછળ પસારીને ઊડે છે એમનું નામ અંજનબગલા. બેઠા હોય ત્યારે તેમની સંગીન જેવી ઝીણી, અણીદાર ચાંચ અને સુઘડ કાયા તેમની ઓળખાણ કરાવી આપશે. એમની વિવિધ જાતો વિવિધ કદ અને વિવિધ રંગની છે. નીચે ઓળખાવેલા બધા બગલા (Herons, Egrets and Bitterns) એક કુળનાં છે.

ખારા કે મીઠા પાણીને કાંઠે આ બગભગત એકલા કે સંગાથમાં દેખાશે. કોઈ તો વળી એક પગ સંકેલી લઈ, એક જ પગે ઊભા રહી, લાંબી ડોક સંકેલી લઈ માછલીનું ધ્યાન ધરે છે અને માછલી દેખાતાં જ અસાધારણ ચપળતાથી તેને ઝડપી લે છે. તેમનો મુખ્ય રંગ ધોળો કે રાખોડી છે.

કબૂત અંજન (The Grey Heron) રાખોડી શરીર, ધોળી ડોક, ડોકની આગળ માળાના મણકા જેવાં કાળાં ટપકાં, પવનમાં ઊડતી કાળી કલગી, ઝાંખી પીળી ચાંચ અને ઝાંખા લીલા પગથી ઓળખાઈ આવશે. અંજનબગલામાં તે સૌથી મોટો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનાથી જરા નાનો **નદી** અથવા **આસમાની અંજનબગલો** (The Purple Heron) વાદળી ભૂરા શરીર વડે ઓળખાઈ આવશે. ડોક પર રતૂમડા ધોળા અને કાળા ઊભા પટા છે. છાતી પર રતૂમડો ને કાળો રંગ છે. માથે લાંબી ઝીણી કલગી લટકે છે.

મોડી સાંજે અને વહેલી સવારે પાણીકાંઠાની વનસ્પતિમાં છુપાતી **લીલી અંજનબગલી** (The Little Green Heron) એનાથી પણ ઘણી નાની છે અને લીલાશ પર રાખોડી રંગ, લાંબી કાળી કલગી અને કાળા વાળની જેમ કાળું માથું તેની ઓળખાણ આપશે. નીચેનો ભાગ રાખોડી છે.

ખોખડબગલો અથવા **કાણી બગલી** (The Pond



ખોખડબગલો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

Heron) સંકોચાઈને બેઠેલી હોય ત્યારે ઉપરના ધૂળિયા મેલા ભૂરા રંગ નીચે દૂધ જેવી ધવલ કાયા છુપાવી રાખે છે. તે ઊડે ત્યારે જ આંખે વળગે. ઢોરબગલાથી એ જરા નાનો છે. નામ પ્રમાણે મોટા ભાગે તે તલાવડી, ખાબોચિયાં, ડાંગરના ક્યારા વગેરેને કાંઠે ગુપચુપ, સ્થિર, સંકોચાઈને બેઠો હશે.

ભાઠોડાના અંજનબગલા(The Indian Reef Heron)ની વિચિત્રતા એ છે કે એક મા–બાપને કાળાં બચ્ચાં પણ થાય અને ધોળાં પણ થાય! અને એ બેની વચ્ચેના રંગનાં પણ થાય! કાળો રંગ ધરાવનારનો રંગ ઝાંખો સલેટિયો કાળો છે અને ગળું ધોળું છે. ધોળાનું આખું શરીર દૂધ જેવું ધોળું છે. માથે કલગી અને ડોક તથા ઢીંઢા ઉપર લાંબાં વાળ જેવાં પીછાં હવામાં ફરફરે છે.

ઢોરબગલો (The Cattle Egret) ઢોરની સાથે અને ઘાસવાળા મેદાનમાં પોતાના ધોળા રંગ વડે તરત નજરે પડે છે. ઢોરના શરીર પર ચોટેલાં અને ઢોરના ચાલવાથી ખલેલ પામી ઊડતાં જીવડાંને તેઓ ખાઈ જાય છે. આમ કાળી કાંકણસારની જેમ ઢોરબગલાએ પણ પાણીકાંઠો છોડી નવી કેડી પાડી છે. પ્રજનનઋતુમાં ડોક, છાતી અને પીઠ પર લાંબાં નારંગી રંગના વાળ જેવાં સુંદર પીછાં આવે છે ત્યારે, ચૈત્રથી શ્રાવણ સુધી તેઓ ખૂબસૂરત લાગે છે.

બુલા અથવા સફેદ અંજનબગલો (The Indian Smaller Egret) આખા શરીરે ધોળો છે, ચાંચ અને પગ કાળાં છે. પ્રજનનઋતુમાં છાતી ઉપરથી વાળ જેવાં પીછાં લટકે છે. **મોટો સફેદ અંજનબગલો** (The Eastern Large Egret) તેનાથી મોટો છે અને પ્રજનનઋતુમાં તેને પીઠ પર લાંબા વાળ જેવાં પીછાં આવે છે. પીળાશ પર કાળા પગ અને પીળાં આંગળાં વડે પણ તે નાના સફેદ અંજનથી જુદો પડી આવશે.

કીલીચિયો અંજન (The Little Egret) તેની સફેદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લાંબી કલગી અને છાતીનાં સફેદ લાંબાં લટકતાં પીછાં વડે પ્રજનન-ઋતુમાં ઓળખાઈ આવશે. અન્યથા તે ધુળા અથવા સફેદ અંજન-બગલા જેવો છે. કદમાં તે ઢોરબગલા જેવડો છે. પણ ઢોરબગલાની ચાંચ પીળી હોય છે ત્યારે ફીલીચિયાની કાળી.

વર્ષાઋતુ આ બધા બગલાની પ્રજનનઋતુ છે, જ્યારે તેઓ ઝાડ ઉપર સમૂહમાં માળા બાંધે છે અને બચ્ચાંના કચ-કચ, કચ-કચ અવાજથી બગલા નગરી ગાજી ઊઠે છે. તેઓ મોઢું ખોલીને અરધો પચેલો ખોરાક ઓકે છે અને બચ્ચાં માબાપના મોઢામાં ચાંચ નાખીને તે ખોરાક લઈ લે છે. આમ બીજાં પક્ષીઓ કરતાં તેમની ખવડાવવાની રીત જુદી છે.

વર્ષામાં મેઘાચ્છાદિત કાળા આકાશમાં ધોળા બગલા પાંખો વીંઝતા ઊડી જતા હોય એ દૃશ્ય ખરેખર મનોહર લાગે. ઘણાખરા બગલા વહેલી સવારે અને મોડી સાંજે, રાત સુધી શિકાર કરે છે. કેટલાક બહુ શરમાળ છે અને કાંઠાની વનસ્પતિમાં છુપાઈને માછલી મારવાનો હલકો ધંધો કરે છે! આપણે **રાતબગલા**(Night Heron)નો પરિચય તો રાતનાં પંખી સાથે કરી ગયા છીએ.

જો તમારે પક્ષીશાસ્ત્રી ન થવું હોય તો **પાનબગલી**(Bittern)ને જોવાની આશા બહુ નહિ રાખતા. આપણે ત્યાં **રતૂમડી** અથવા **સુરંગી પાનબગલી** (The Chestnut Bittern) બારે માસ રહે છે અને **પરદેશી પાનબગલી** (The Bittern) શિયાળો ગાળવા આવે છે. પણ તેઓ નદી અને તળાવકાંઠાના બરુ અને ઘાસમાં છુપાઈ રહે છે. તમે એ બીડને ઝૂડવા લાગો તો માંડ તેમાંથી નીકળે.

સુરખાબ, બજો અથવા હુજ (The Flamingo)

રાજહંસ જેવું શરીર, બગલા જેવા લાંબા પગ અને સાપ જેવી ઘણી લાંબી ડોક ધરાવનાર સુંદર અને આશ્ચર્યકારક પંખી સુરખાબ પક્ષીજગતમાં એક અને અજોડ છે. પક્ષીશાસ્ત્રીઓએ તેને અલગ કુળ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ્યું છે. પોપટના જેમ વળેલી, રાતી અને છેડેથી કાળી ચાંચ, રાતા પગ, ગુલાબી સુરખીવાળું ધવલ શરીર, પાંખોમાં છુપાતો કાળો અને રાતો રંગ તેને ઓળખાવી દેવા માટે બસ છે. **નાના સુરખાબ-** (The Lesser Flamingo)નું કદ નાનું અને પગ સલેટિયા રંગના છે.

સુરખાબ બગલા નથી અને હંસ પણ નથી. એટલે જ તેમને પોતાનું અલગ કુળ છે. સરોવર, સમુદ્ર, ખાડી અને નદીકાંઠે–ખાસ કરીને તેમના મુખ પાસે કાદવવાળા પાણીમાં ઊતરી તેઓ સમૂહમાં કાદવ-માંથી ખોરાક મેળવતાં હોય અથવા લાંબી ડોક પીઠ પર પાથરીને ઊંઘતાં હોય, પણ એક સુરખાબ ચોકી કરતો હોય. ઊડતી વખતે તેઓ પાણીમાં દોડીને ઊડે છે. લાંબી ડોક આગળ અને લાંબા પગ પાછળ લંબાવીને ઊડે છે. આ દેખાવ અત્યંત મનોહર લાગે છે. ત્યારે જો આથમતા કે ઊગતા સૂર્યનાં કિરણો તેમની પર પડે તો જોઈ લ્યો એ શોભા!

સુરખાબ કચ્છના રણમાં પાણી ભરાય ત્યારે લાખોની સંખ્યામાં ત્યાં પ્રજનન કરવા જાય છે અને કાદવમાં માળા કરે છે.

ધોમડા અથવા કુલા અને વા બગલી (Gulls and Terns)

તમે કદી દરિયાઈ રસ્તે મુસાફરી કરી છે? વહાણો પાસે ઊડતા અને પાણી પર તરતાં ધોળાં અને મોતિયા રંગનાં પંખી છ માસ જ આપણે ત્યાં વસે છે અને છ માસ ઉત્તર એશિયા અને યુરોપમાં ગાળે છે. એમનું નામ છે ધોમડા (ઢોમડા) અથવા કુલા. તેઓ કદી ડૂબકી મારતાં નથી, ઊડતાં થાકતાં નથી અને પાણીમાં જે કંઈ ખાઈ શકાય એવો કચરો પડે તેની ઉપર તેઓ નભે છે. તેઓ દરિયાની સુધરાઈના સેવકો છે. તેઓ નદી, ખાડી અને સરોવર પર પણ દેખાય છે. વા બગલી પણ તેના જેવું પંખી છે અને તેઓ બન્નેને એક કુળ આપવામાં આવ્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પક્ષીઓ પ્રજનનઋતુમાં રંગ બદલતાં હોવાથી આપણે ત્યાં આવે છે ત્યારે હજી થોડો વરરાજાનો પોશાક હોય છે અને જાય છે ત્યારે ફરીથી વરરાજાનો પોશાક પહેરવા માંડ્યો હોય છે.

શી આસાનીથી તેઓ ઊડે છે એ તો તમે જોજો.

કાળા માથાવાળા બે ધોમડા–નાનો અને મોટો (The Black-headed Gull અને The Great Black-headed Gull) આપણી મુલાકાત લે છે. પણ મોટી સંખ્યામાં નહિ. નાનાનું ગળું પણ કાળું છે ત્યારે મોટાનું માથું જ કાળું છે. નાનો ધોમડો કાગડા કરતાં જરા મોટો છે.


કાળા માથાવાળો નાનો ધોમડો

ભૂરા માથાવાળા ધોમડા(The Brown-headed Gull)નું માથું શિયાળામાં મેલું ધોળું હોય છે અને કદમાં તે આપણા મોટા કાળા કાગડા જેવડો છે. મધ્ય એશિયા અને તિબ્બટથી તે આવે છે; અને તે મોટી સંખ્યામાં.

સમડીથી જરા નાનો **કાળો ધોમડો**(The Eastern Black-backed Gull) તેના સલેટિયા કાળા રંગ અને મોટા કદથી ઓળખાઈ આવશે. એવા રંગ વચ્ચે તેની પીળી ચાંચ અને નારંગી પીળા પગ શોભે છે.

દક્ષિણ યુરોપથી રશિયા સુધીના પ્રદેશમાંથી આપણે ત્યાં આવતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પીળા પગવાળો ધોમડો (The Yellow Legged Herring Gull) પીળી ચાંચ, પીળા પગ, ધોળું શરીર, પાંખના કાળા છેડા, ખૂલતા રાખોડા રંગની પાંખો અને પીઠ વડે ઓળખાશે.

વા બગલી અથવા ધોમડી

વા બગલી અથવા ધોમડી બગલાની વહુ નથી તેમ ધોમડાની વહુ પણ નથી એમ જો હું તમને ન કહી દઉં તો તમે કંઈ ભૂલ કરી બેસો એવો ભય છે. વા બગલી પણ બિનઅનુભવી આંખને ધોમડા જેવી જ લાગે. તે પાણી ઉપર ઊડ્યા જ કરે છે અને ક્યાંય પણ માછલી નજરે પડી તો પાણીમાં ધુબાકો મારીને, ડૂબકી મારીને પણ તેને પકડી આવે છે. જ્યારે પેટ ભરાઈ જાય ત્યારે કાંઠે બેસે છે.

વા બગલીઓ (Terns) ધોમડાના કુળની જ છે, પણ તેઓ પાણી પર ઊડતાં ઊડતાં માછલી નજરે પડતાં જ પાણીમાં પડતું મૂકે છે અને ડૂબકી પણ મારે છે. તેઓ સમુદ્ર, સરોવર, તળાવ, નદી અને ખાડી પર અને તલાવડી પર પણ ઊડતી હોય છે, કોઈ એકલ-દોકલ તો કોઈ ટોળામાં.

કાળા પેટવાળી વા બગલી (The Black–bellied Tern)



આપણા પ્રદેશની વતની છે, પણ સ્થાનપલટો કરે છે. કાબર જેવડું

કદ, ઊંડી ફાંટવાળી લાંબી પૂંછડી, કાળું પેટ, કાળી ટોપી, ખૂલતા રાખોડી ઉપરના ભાગ અને ધોળું ગળું તેની ઓળખાણ આપે છે. એને મળતી **થોભિયાંવાળી વા બગલી** (The Indian Whiskered Tern) ઉત્તરમાંથી શિયાળામાં આવે છે. તેનું પેટ ઉનાળામાં કાળું થઈ જાય છે. પણ નામની જ ખાંચવાળી ટૂંકી પૂંછડી અને રાતા પગ ઉનાળામાં તેને કાળા પેટવાળી વા બગલીથી જુદી પાડશે. કદમાં તે મોટી એટલે કબૂતર જેવડી છે.

ધોમડા જેવી ચાંચવાળી વા બગલી (The Gull-billed Tern) નીચેથી ધોળી ને ઉપરથી ખૂલતા રાખોડી રંગની, કદમાં કાગડા જેવડો છે. ઈરાનથી કાસ્મીર સુધીના પ્રદેશમાં વ્યાતર કરીને તે વહેલી પાછી આવી જાય છે. ઉનાળામાં તે પણ માથે કાળી ટોપી પહેરી લે છે. ચાંચ અને પગ કાળાં છે. તેના જેવી જ છે **સામાન્ય વા બગલી** (The Common Tern), કદમાં પણ સરખી, પણ સામાન્ય વા બગલીનાં પગ અને ચાંચ ચળકતા લાલ રંગનાં છે. તે યુરોપથી ઉત્તર એશિયા સુધી વસે છે, પણ આપણે ત્યાં જૂજ સંખ્યામાં જ આવે છે.

દરિયાઈ વા બગલી (The Caspian Tern) સમડી જેવડા મોટા કદ, લાંબી રાતી ચાંચ, કાળી ટોપી અને મેલા તથા ધોળા રંગથી તરત ઓળખાઈ આવશે. એ સૌથી મોટી વા બગલી છે અને ધોમડામાં ખપી જાય. પણ ધોમડાની ચાંચ ઉપરના છેડાથી જરા વળેલી હોય છે ત્યારે વા બગલીની સીધી. ઈરાની અખાતમાંથી આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે.

નદીની વા બગલી (The Indian River Tern) આપણા દેશની છે અને તે નામ પ્રમાણે નદી અને તળાવ પસંદ કરે છે. કબૂતર જેવડું પણ પાતળી કાયાનું આ પંખી પીળી ચાંચ, રાતા પગ, અબાબીલ જેવી ઊંડી ખાંચવાળી પૂંછડી અને રાખોડી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તથા ધોળું શરીર ધરાવે છે. તે પણ પ્રજનનઋતુમાં કાળી ટોપી પહેરી લે છે. મહાથી ચૈત્ર સુધીમાં બેટડાંમાં ધરતી પર ઈંડાં મૂકે છે.

નાની વા બગલી (The Ternlet) કાબર જેવડી નાની છે અને દેખાવમાં થોભિયાવાળી વા બગલીને મળતી છે. આ નાજુક વા બગલીનું ટોળું પાણી ઉપર ઊડતું હોય અને જ્યાં કોઈ માછલી દેખે ત્યાં તે પાણીમાં પડતું મૂકતી જતી હોય. તે સામા પવનમાં ઊડવું વધુ પસંદ કરે છે. યુરોપ અને એશિયાથી તે આપણા સાગર અને ખાડીઓ પર શિયાળો ગાળવા આવે છે અને કેટલીક સ્થાયી અધિવાસી પણ જણાય છે.

પેણ અથવા ઢીંણબતક (The Pelican)

ગીધ કરતાં મોટું અને જાજરમાન ચાંચવાળું આ પંખી ચિત્ર વડે કે અંગ્રેજી નામ વડે તમને વધુ પરિચિત હશે. મધ્ય યુરોપથી ચીન સુધી વસતી **ચોટીલી પેણ** (The Dalmatian or Grey Pelican) આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. ગળામાં વિશાળ પણ સ્થિતિસ્થાપક કોથળી ધરાવનાર આ પંખી ઊડવામાં, તરવામાં અને માછલી મારવામાં ભારે કુશળ છે. ખાડી અને નદીનાં મુખ તેને વધુ પસંદ છે. તમે તેની દિનચર્યા જોઈને ખુશ થઈ જાવ. તેઓ અર્ધચંદ્રાકારે ટોળે મળી પાણીમાં પાંખો વીંઝી માછલીને છીછરા પાણી તરફ ભગાડે છે અને પછી વિશાળ ચાંચમાં તેમને ભરી લે છે, જાણે માછીમાર માછલીને છાબડી વડે પકડી લેતો હોય ને! પેટ ભરાઈ જાય ત્યારે પાણી ઉપર તર્યા કરે અથવા કાંઠે આવી પીછાંમાં તેલ પૂરે અને સાફ કરે અથવા આરામ કરે. આકાશમાં તે નિરાંતે પાંખો વીંઝતી આસાનીથી ઊડે છે. પાંખની કિનાર કાળી છે. મેલું ધોળું શરીર અને મોટું કદ તેને **ગુલાબી પેણ** (The White or Rosy Pelican)થી જુદી પાડશે. ગુલાબી પેણને ધોળા શરીર પર ઝાંખી ગુલાબી ઝાંય છે. તે પણ મધ્ય યુરોપથી મધ્ય એશિયા સુધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વસે છે અને આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. પેણ આકાશમાં ચડીને ગીધની જેમ હવામાં તરે છે. ઊડતી વખતે લાંબી ડોકને સંકોચી લે છે.

પેણને બીજી બતકો સાથે નહિ ભેળવી દેતા, તેઓ વિરોધ કરશે! વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવનાર પેણને પોતાનું અલગ કુળ છે.

રાજહંસ (Swans), **હંસ** (Geese) **અને બતક** (Ducks)

આ પુસ્તકમાં ઓછામાં ઓછું સ્થાન મળવા માટે આ પક્ષીઓ ફરિયાદ કરે તો તેમાં દોષ તેમનો જ છે; કારણ કે તેઓ લોકભોગ્ય સંખ્યામાં વ્યાપક નથી. અલબત્ત, મોટાં જળાશયો પર બતકો વિશાળ સંખ્યામાં આવે છે અને કચ્છમાં સારું ચોમાસું ગયા પછીના શિયાળામાં ત્યાં ગાજ નામે ઓળખાતા **ગાજહંસ** (The Grey Lag Goose) સારી સંખ્યામાં આવે છે.

આ બધાં હંસ, રાજહંસ અને બતકોને પક્ષીશાસ્ત્રીઓએ એક જ કુળમાં સમાવી દીધાં છે. રેઢિયાળ બતકો સાથે પોતાને મૂકી દેવા માટે રાજહંસે પક્ષીશાસ્ત્રીઓ સામે વિરોધ કરવો જોઈએ. કેટલીક બતકોમાં નરના રંગ માદા કરતાં ઘણા જુદા પડે છે. અહીં નરનો જ પરિચય કરાવેલ છે. રાજહંસ આપણી મુલાકાતે નથી આવતા, હંસ દુર્લભ છે અને બતકોને તો નદી અને સરોવર જોઈએ.

ચાચી (કચ્છી) અથવા **નાની સીસોટીબતક** (The Commonor Lesser Whistling Teal) ઉપર સલેટિયા અને કાટ જેવા રંગની ભાત ધરાવે છે અને નીચે રતૂમડા ભૂરા રંગની છે. સંસ્કૃત અને ગુજરાતી કવિઓએ ગાયેલો **ચકુવાક અથવા બ્રાહ્મણી બતક** (The Ruddy Sheldrake or Brahmany Duck) ભાગ્યે જ શિયાળામાં ઉત્તર મહાગુજરાતમાં દેખાય છે. **ટીલાવાળી બતક** The Spot Bill or Grey Duck) સ્થાયી અધિવાસી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રંગે ગ્રેરી અને પીછાંની કિનારી આછી હોવાથી સાપનાં ભીંગડાંની યાદ આપે છે. પાંખમાં ધોળો તથા ઝાંખો લીલો રંગ, છેડેથી પીળી ચાંચ અને કપાળ પર એ રાતા ડાઘથી તે ઓળખાશે. **લુહાર** (The Gadwall) રેખાઓવાળા ભૂરા શરીર અને કાળી પૂંછડી તથા પાંખને છેડે ધોળા, કાળા અને કાટ જેવા રંગથી ઓળખાશે. તે આપણી સામાન્ય શિયાળુ બતક છે. એવી જ બીજી સામાન્ય શિયાળુ બતક છે, **પિયાસણ બતક** (The Wigeon). કાટ જેવું રતૂમડું માથું, પેન્સિલથી દોરેલી રેખાઓ હોય એવી રેખાઓવાળું ભૂરું શરીર, કાળી પૂંછડી, ઝાંખી ગુલાબી છાતી તેને બીજી બતકોથી જુદી તારવી આપશે. સૌથી નાની બતકોમાં બીજો નંબર ધરાવતી **મુરઘાબી** અથવા **નાની બતક** (The Common Teal) રતૂમડી ડોકની બંને બાજુ ઝાંખો લીલો ઊભો પટો ધરાવે છે. બાકીનું શરીર લુહારને મળતું છે. તે યુરોપ અને ઉત્તર એશિયાથી શિયાળો ગાળવા આવે છે. **શીંગપર** અથવા કચ્છીમાં જેને **ધ્રુગુચ્છો** કહે છે તે The Pintail નામ પ્રમાણે અણીદાર લાંબી પૂંછડી ધરાવતી બતક છે. ચોકલેટ રંગની ભૂરી ડોકને બંને પડખે ધોળો પટો નીકળી ધોળા પેટાળ સાથે મળી જાય છે. તેને પણ પેન્સિલની રેખાઓવાળું ભૂરું શરીર છે અને પાંખની કિનારી પર કાળું, પીળું અને રાતું ચિતરામણ છે. પેટને છેડે પણ કાળો અને ઝાંખો પીળો રંગ છે. આમ તેને ઓળખવી સહેલ છે. એ પણ શિયાળુ બતક છે. **ચેતવા** (The Garganey or Blue-winged Teal) પણ શિયાળુ બતક છે. ધોળું પેટ, ભૂરો વાંસો, છાતી અને ડોક, આંખ પર ધોળો પટો અને પાંખમાં ધોળું તથા ઝાંખું આસમાની ચિતરામણ એ તેની સજાવટ છે. **ફટફજે** (કચ્છી) અથવા **પગતી ચાંચ** (The Shoveler) તેની પહોળી ચાંચ વડે પાણી ઉપર તરતી શેવાળ, મચ્છરનાં બચ્ચાં, જીવડાં અને બીજી ચીજોને નીચલા ફાડિયા ઉપર ચડાવતી તરતી જાય છે. જાણે પાવડા પર શેવાળ ચડાવતી જતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય ને, તેમ તે પાણીમાં ચીલો પાડતી અને ટૂંકી પૂંછડી પટપટાવતી જાય છે. એટલી ઓળખાણ પૂરતી ન હોય તો લીલી ઝાંયવાળું કાળું માથું, સફેદ છાતી, કાટ જેવું રાતું ભૂરું પેટ અને ચિતરામણવાળી પાંખો તેને છેટેથી ઓળખાવી દેશે. શિયાળામાં તેની વસ્તી વ્યાપક અને બહોળી હોય છે. **લાલચાંચ** (The Red crested Pochard) ચળકતી લાલ ચાંચ, ઝાંખી રાતી ડોક, કાળી છાતી, ધોળું અને છેડેથી કાળું પેટ, પાંખમાં ધોળો અને ઝાંખો રતૂમડો રંગ તેની વિશિષ્ટતા છે. માથે કલગી છે પણ તરત નજરે નથી પડતી. એ પણ શિયાળુ મુલાકાતી છે. **લાલશિર** (The Common Pochard) એની બહેન છે. તફાવત એટલો કે તેની ચાંચ કાળી છે અને પીઠ તથા પાંખોમાં ધોળાશપર રાખોડી રંગ છે. એ પણ શિયાળુ બતક છે. ત્રીજી બહેન **ચોટલીવાળી કાબરી બતક.** (The Tufted Pochard)ને ઉપર અને છાતી સુધી ઝાંખો કાળો રંગ છે, તેમાં ધોળી આંખ ચળકે છે. માથે ચોટલી લટકે છે અને પેટ ધોળું છે. પૂંછડી પણ ઝાંખી કાળી છે. શિયાળુ મુલાકાતી. ચોથી બહેન **કારચિયા**(The White-eyed Pochard)ને ઉપર ભૂરો આગળ અને નીચે રતૂમડો ભૂરો રંગ છે. તેમાં સફેદ આંખ ધોળકાય છે. એ પણ યુરોપ અને ઉત્તર એશિયાની વતની છે.

નકટો (The Nukta or Comb Duck) દેખાવમાં બતક કરતાં હંસને વધુ મળતો આવે છે અને તે નકટો નથી પણ બહુ મોટું નાક ધરાવે છે. નરને ચાંચ ઉપર મોટી ગ્રંથિ છે. રંગે ઉપરથી કાળો, જેમાં લીલી અને જાંબુડી ઝાંય પડે છે, નીચે ધોળો, ડોક ઉપર છાંટણાં. તે આપણા દેશ–પ્રદેશનો વતની છે.

આ બધી આપણી જાણીતી બતકો છે. શિયાળુ બતકો મોટી સંખ્યામાં આપણે ત્યાં આવે છે. હિમાલય ઓળંગતાં તેઓ હિમાચ્છાદિત શિખરો પરથી ઘણે ઊંચે આકાશમાં ઊડે છે અને વિશાળ સંખ્યામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેઓ આપણા દેશમાં પણ શિકારીઓની બંદૂકનો ભોગ બને છે.

પાણીની વનસ્પતિ, શેવાળ, દાણા, બી, જીવડાં, કૂણું ઘાસ, માછલી અને પાણીના જીવો તેમનો ખોરાક છે. ઘણીખરી બતક પાણીની સપાટી ઉપરથી ખોરાક મેળવે છે ત્યારે Pochard બતકો ડૂબકી મારીને તળિયેથી ખોરાક મેળવે છે. નકટો ગંદું પાણી પસંદ કરે છે, પગતી ચાંચ નામની બતક શેવાળવાળું તેમજ ગંદું પાણી પસંદ કરે છે. ટીલાવાળી બતક સ્વચ્છ પાણી પસંદ કરે છે. આમ તેમના જીવનમાં વૈવિધ્ય છે. મોટા ભાગે તેઓ મીઠાં જળાશયો પસંદ કરે છે. બતકોને તરતી અને ચારો ચરતી જોવી, રમતી અને લડતી જોવી એમાં મજા છે.

ડૂબકી (The Little Grebe or Dabchick)

વનસ્પતિવાળાં તળાવ, નદી કે સરોવરના પાણી પર કબૂતર જેવડું, ઉપરથી મેલું, પેટાળ પર ધોળું, જાડું, ટૂંકું, પૂંછડી વિનાનું પક્ષી સપાટી પર તરતું અને વારંવાર ડૂબકી મારતું જુઓ તો જાણવું કે એનું પોતાનું નામ **ડૂબકી** છે. તેને સારું ઊડતાં આવડે છે, છતાં ભાગ્યે જ તમે તેને ઊડતાં જોશો અને તે ડૂબકી મારીને કયાં અદૃશ્ય થઈ ગયું તે વિસ્મય પામીને જોઈ રહેશો. પાણીના જીવો તેનો ખોરાક છે, જેને માટે તે ડૂબકી મારે છે. અને પાણીમાં તરતી વનસ્પતિ પર તે વર્ષાઋતુમાં માળો બાંધે છે. મહાગુજરાત અને મુંબઈમાં એ જાણીતું પંખી છે અને સ્થાયી વતની છે. યાદ રાખજો કે **ડૂબકી** બતકને મળતી આવતી હોવા છતાં આકાર અને ડૂબકી મારવાની કળામાં બતકથી જુદી પડે છે અને તેથી તેને પોતાનું જુદું કુળ છે.

સંતાકૂકડી અને જલમુરઘી (Crakes and Moorhens)

શેવાળ, ઘાસ અને બીજી વનસ્પતિવાળાં સરોવરો, તળાવો, તળાવડીઓ અને મંદ વહેતી નદીના પટ ઉપર ટૂંકી પૂંછડીને ઊંચી રાખીને તરતાં અથવા મોટાં આંગળાંવાળા પગ વડે વનસ્પતિ પર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચાલતાં પક્ષીઓને જુઓ તો જાણવું કે તેઓ સંતાકૂકડી કે જલમુરઘી છે. પોતે પૂંછડી વિનાનાં બાંડાં પક્ષી નથી એમ જાણે જગતને જાહેર કરવું હોય તેમ તેઓ પોતાની ટૂંકી બુટ્ટી પૂંછડી ઊંચી જ રાખે છે, અને જોનારનું ધ્યાન ખેંચવા તેઓ ત્યાં ધોળો કે રાતો રંગ ધારણ કરે છે!

સંતાકૂકડી તેના નામ પ્રમાણે માણસથી સંતાતી ફરે છે. નજરે પડી તો તે જાણે ખૂબ શરમાઈ ગઈ હોય તેમ માથું સાવ નીચું અને પૂંછડી તથા પાછલું શરીર ખૂબ ઊંચે કરીને નાસી જશે! આ પક્ષીઓ તેતરથી નાનાં, બટેર અને લાવરી જેવડાં કે જરા મોટાં છે.

ઉપર ઘેરા ભૂરા રંગની અને પેટાળ પર રાખોડી રંગની **ભૂરી સંતાકૂકડી** (The Brown Crake) આપણે ત્યાં સ્થાયી રહે છે, ત્યારે ભૂરા રંગની અને **સફેદ છાંટણાવાળી સંતાકૂકડી** (The Spotted Crake) શિયાળો ગાળવા આવે છે.

સંતાકૂકડી અને જલમુરઘી એક કુળનાં પક્ષી છે, અને એ કુળમાં આડ્યો(Coots)નો પણ સમાવેશ થાય છે.

નીલ જલમુરઘી (The Purple Moorhen) તેના આસમાની જાંબુડા રંગથી ઓળખાઈ આવશે. જો એનું મોઢું તમારી સામે હશે તો અને તેની લાલ ચાંચ, અને ટૂંકી ઊંચી પૂંછડી તમારી તરફ હશે તો તેનો ધોળો રંગ તમારું ધ્યાન ખેંચશે. તેનું શરીર ઝાંખા જાંબુડા રંગનું છે. ડવાક અથવા **સફેદ છાતીવાળી જલમુરઘી** (The White-breasted Waterhen) ઉપરથી કાળા અને નીચેથી ધોળા રંગ વડે ઓળખાઈ આવશે. ઊંચી કરેલી પૂંછડી નીચે અને પેડુ ઉપર રતૂમડો રંગ તમારું ધ્યાન ખેંચશે. પ્રજનનઋતુમાં તે ભારે ઘોંઘાટિયું પંખી છે અને કુ-વાક, કુ-વાક, કુ-વાક અવાજથી દિવસ ને રાત ગજાવી મૂકે છે. મુંબઈમાં ઉપનગરોની ભરચક વસ્તી વચ્ચે પણ જ્યાં તલાવડી કે વનસ્પતિથી ઢંકાયેલ મોટાં ખાબોચિયાં મળે ત્યાં ધામા નાખીને ઘોંઘાટ મચાવે છે! આ બંને પક્ષી તેતર જેવડાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સફેદ છાતીવાળી જલમુરઘી

છે. તેમનાથી જરા મોટી છે **હિંદી જલમુરઘી** (The Indian Moorhen). ખાસ કરીને પ્રજનનઋતુમાં ચાંચ માથે લાલ રંગ વડે શોભતી આ જલમુરઘી ડોક અને પેટાળ પર સલેટિયો અને ઉપર ઘેરો ભૂરો રંગ ધરાવે છે, પાંખની કિનારી પાસે ધોળો પટો છે, અને ઊંચી કરી રાખેલી પૂંછડી નીચે ધોળો રંગ છે. એટલી ઓળખાણ પૂરતી ન હોય તો પ્રજનનઋતુમાં કુત્રક, કુત્રક, કુત્રક, કક–કક એવા અવાજથી તે પોતાની હાજરીની જાહેરાત કરશે.

જલમુરઘીઓ સ્થાયી વતની છે, પણ પાણી સુકાઈ જાય ત્યારે સ્થાનાંતર કરે છે. વર્ષા તેમની પ્રજનનઋતુ અને કોઈ પાણીકાંઠે ઝાડમાં તો કોઈ ઝાડી કે ઘાસમાં માળો બાંધે છે.

આડ અથવા દસાડી (The Coot)

કપાળ સુધી ધોળી ચાંચવાળી અને ઝાંખા કાળા રંગની, બતક જેવી લાગતી આડ્યો નદી, તળાવ કે સરોવરની સપાટી પર તરતી હશે. તેઓ ડૂબકી પણ મારે છે. થોડીક આડ્યો આપણે ત્યાં રહે છે, પણ ઘણી શિયાળો ગાળવા આવે છે. તેઓ શરમાળ નથી તેમ બોલબોલ પણ નથી કરતી. વર્ષામાં તેઓ પાણીમાં ઊગેલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘાસમાં માળો બાંધે છે.

વનસ્પતિ, તેનાં બી અને પાણીનાં જીવ આ બધાં પક્ષીઓનો ખોરાક છે.

જલમાંજાર અથવા પીહો (Jacanas)

કુદરતની ફાંટેબાજીની યાદ આપે એવાં આ પંખીનાં આંગળાં જોઈને તમે ચકિત થઈ જાવ. જેવડાં પગ લગભગ એવડાં આંગળાં; પણ એ કુદરતની ફાંટેબાજી નથી, તેની વિચારપૂર્વકની યોજના છે. પાણી ઉપર તરતાં કમળનાં પાન, શીંગોડાં અને બીજી તરતી વનસ્પતિ પર એ કરોળિયા જેવાં પણ સીધાં લાંબાં આંગળાં વડે શરીરનો ભાર વહેંચાઈ જાય છે અને તેથી તેઓ કમળપત્ર ઉપર પણ દોડાદોડ કરી જીવડાં પકડી શકે છે. આ પક્ષીઓ સૂકા વેરાન પ્રદેશમાં જોવા નહિ મળે, પણ પાણી અને વનસ્પતિવાળા ઝીલ-પ્રદેશમાં દેખાશે. તરતી વનસ્પતિ પર જે ચપળતા અને ઝડપથી તેઓ હરફર કરીને જીવડાં પકડે છે, તે તમે જોયા કરો તો મજા પડે. આવાં વિચિત્ર પક્ષીઓને પોતાનું અલાયદું કુળ હોય એમાં નવાઈ શી ?

કાબરો જલમાંજાર (The Pheasant-tailed Jacana)

વનમોરની જેમ લાંબી, દાતરડા જેવી, નીચે વળાંક લેતી પૂંછડી, ચોકલેટ–કાળો અને ધોળો રંગ અને ડોકની પાછળ સોનેરી પીળો રંગ તેને ઓળખાવી દેવા બસ છે. આ ઠઠેરો પ્રજનનઋતુનો છે. બીજી ઋતુમાં ડોક ઉપર પીળો રંગ અને લાંબી પૂંછડી નથી હોતાં. લાંબી પૂંછડી અને ટચું–ટચું એવા

કાબરો જલમાંજાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બિલાડી જેવા અવાજથી તેને જલમાંજાર કહેવો યોગ્ય છે. પૂંછડી બાદ કરો તો તેનું કદ આશરે તેતર જેવડું છે. એનો ભાઈ **કાળો જલમાંજાર** (The Bronze-winged Jacana) કાબરા જલમાંજાર જેવડો છે, પણ તેને એવી પૂંછડી નથી, એટલે દેખાવમાં તે જલમુરઘી જેવો લાગે. જલમુરઘીની જેમ કાળા જલમાંજારને પણ પાછળથી રાતી દેખાતી અને ઊંચી રહેતી ટૂંકી પૂંછડી છે. તેના કાળા શરીર પર કાંસા જેવી લીલી ઝાંય મારતી પાંખો છે.


કાળો જલમાંજાર

બન્ને જલમાંજાર આપણા સ્થાયી અધિવાસી છે. કાબરો જલમાંજાર મહાગુજરાત અને મુંબઈમાં છે, પણ કાળો જલમાંજાર સૌરાષ્ટ્રમાં નથી. પ્રજનનઋતુ વર્ષા છે અને તરતી વનસ્પતિ પર ઈંડાં મૂકે છે.

ગજપાઉં (The Black-winged Stilt)

પાણીકાંઠે છીએ તો અહીંનાં બીજાં પંખીનાં પણ ખુશીખબર પૂછી લઈએ. કીચડવાળા છીછરા પાણીમાં, બગલો નથી છતાં બગલા જેવા લાંબા રાતા પગ પર ફરતો, કદમાં તેતર જેવડો પેલો ગજપાઉં જોયો? કેવા ઝીણા લાંબા પગ છે! ધોળું શરીર, કાળી પાંખો, રાતી આંખો અને ઝીણી લાંબી કાળી ચાંચ. સ્વભાવે સમૂહચારી છે અને ક્લાંક–ક્લાંક એવા અવાજથી જળાશય ગજાવે છે. તેઓ ખાડીના ખારા પાણીના કાંઠા પણ પસંદ કરે છે. છીછરું પાણી, નીચે કાદવ અને પ્રજનન માટે વનસ્પતિવાળો કાંઠો જોઈએ. તેમના હાવભાવ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ગજપાઉં

ટિટોડીની યાદ આપે, ઈંડાં પણ ટિટોડી જેવાં અને ઉશ્કેરાય ત્યારે ટિટોડીની જેમ ઊડાઊડ કરી ટયુ–ટી–ટી–ટી એવો અવાજ કરે. ગ્રીષ્મ અને વર્ષા તેની પ્રજનનઋતુ છે. ખોરાકમાં પાણીનાં જીવડાં અને ઝીણી માછલી. વસ્તી મહાગુજરાત અને યુરોપથી મલાયા સુધી. આપણે ત્યાં સ્થાયી વતની.

ઊલટીચાંચ (The Avocet)

કુદરતની ફાંટાબાજીની યાદ આપે એવું આ બીજું પક્ષી જુઓ. કોઈ પંખીની ચાંચ સીધી હોય છે, કોઈની નીચે વળેલી હોય છે, પણ સૌમાં વિશિષ્ટતા ધરાવતું આ પંખી ઉપર વળેલી ચાંચ ધરાવે છે. યુરોપથી કચ્છના રણ સુધી પ્રજનન કરતું ઊલટીચાંચ આપણે ત્યાં શિયાળુ મુલાકાતે આવે છે. તેતરથી જરાક મોટું, નીચેથી ધોળું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust



ઊલટીચાંચ

અને ઉપરથી કાબરું આ પંખી કંઈ નહિ તો તેની ચાંચ ઉપરથી ઓળખાઈ આવશે. લાંબા ઝીણા પગ પર તે છીછરા પાણીમાં કાદવ વલોવીને પાણીના જીવોને કેવી રીતે પકડે છે તે જોશો ત્યારે તેની ઊલટી ચાંચ તમને સાર્થક જણાશે. ગજપાઉં અને ઊલટીચાંચે ભેગા મળીને એક કુળ રોકી લીધું છે.

તમે દરિયાકાંઠે મોજાનાં વળતાં પાણીની પાછળ દોડતાં અને મોજું આવતાં ભાગતાં નાનકડાં પંખી જોયાં છે? દરિયાકાંઠે રેતીમાં ઘૂમતાં, ભાકોડાં તપાસતાં, ખાબોચિયાંને ડોળતાં, કાદવ વલોવતાં અને પાણી ઉપર ટોળે વળીને ઊડાઊડ કરતાં પંખીઓ જોયાં છે? દૂર દૂરના દેશોમાંથી તેઓ આપણા મહેમાન તરીકે શિયાળો ગાળવા આપણે ત્યાં આવે છે. એમાંથી પહેલી નજરે ઓળખાઈ આવે તેમની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાથે તમને ઓળખાણ કરાવી આપું.

તેતરથી જરા મોટું કાબરું પંખી લાંબી રાતી ચાંચ વડે રેતી કે ભાઠોડાવાળા કાંઠે શંખલાં, છીપલાં, કરચલાં વગેરે પકડીને ખાતું હોય તો જાણવું કે એ **દરિયાઈ અબલખ** (The Oyster-Catcher) છે. તેનો કાળો અને ધોળો રંગ, રાતી ચાંચ, રાતી આંખ અને રાતા પગ તેની ઓળખાણ આપશે. યુરોપ અને ઉત્તર એશિયાથી તે શિયાળો ગાળવા આવે છે, ત્યારે આપણા કાંઠેથી પસાર થાય છે, થોડા રહી પણ જાય છે. પાછા ચૈત્રમાં વતન ભણી જતાં પસાર થાય છે. તેનો દેખાવ અને તીણો લાંબો અવાજ સાગરકાંઠાને સુરમ્ય બનાવે છે. તેના કુળનું તે એક માત્ર પ્રતિનિધિ આપણી મુલાકાતે આવે છે અને સાગરકાંઠે વસે છે.



દરિયાઈ અબલખ

આપણે ઉપર ટિટોડીના કુળની ઓળખાણ કરી. એ જ કુળમાં પણ એક જુદા ઉપકુળમાં પક્ષીશાસ્ત્રીઓએ એવાં પક્ષીઓનો શંભુમેળો ભેગો કર્યો છે કે જો તેમને આ ગોઠવણીની ખબર પડે તો તેઓ વિરોધમાં ઘોંઘાટ કરી મૂકે! અને તમે પણ બોલી ઊઠશો કે ક્યાં ટિટોડી અને ક્યાં આ પક્ષીઓ! આમ આ કુળની એક કુળશાખામાં ટિટોડીઓ અને બાંટણ ટિટોડીઓ છે અને બીજી કુળશાખામાં ખલેલી, તુતવારી, ગારખોદ, ગડેરા, ટીમટીમા વગેરે છે. આવો, તેમની સાથે તમને ઊડતી ઓળખાણ કરાવી દઉં. તેઓ તમને જોઈને ઊડી ન જાય તેની સંભાળ રાખજો. તેઓ આપણા શિયાળુ મહેમાનો છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રભાત અને સંધ્યાના સુરમ્ય પાણીકાંઠાને પોતાના મધુર, વાંસળી જેવા સૂરથી વધુ સુરમ્ય બનાવતાં પક્ષીઓમાં **ખલેલી** (The Estern Curlew) પણ છે. તમે તેને મોટા કદ અને ઘણી લાંબી, વળેલી, પાતળી ચાંચ ઉપરથી ઓળખી શકશો. એશિયાઈ રશિયાથી આવતું આ પંખી ખાખી રંગનું અને ઉપર શામળી રેખાઓ-વાળું, લાંબા પગ અને ટૂંકી પૂંછડીવાળું અને કદમાં કૂકડી જેવડું પંખી છે અને દરિયા-કાંઠે, ખાડી, નદી, અને સરો-વરકાંઠે પણ પહોંચે છે. **નાની ખલેલી** (The Whimbrel) તેની નાની આવૃત્તિ છે. તેતરથી જરા મોટું અને વધારે ઘેરા રંગનું છે.

ખલેલી

દરિયા, નદી કે સરોવરકાંઠે તમારાથી ભડકીને કોઈ પંખી ચમકારો મારતું ઊડી જાય અને ટ્યૂ–ટ્યૂ–ટ્યૂ એવા સ્વરથી વાતા-વરણમાં મીઠાશ રેડતું જાય તો જોજો, એ **લાલપગો ટીમટીમા** (The Redshank) હશે. તે પાણીની સપાટી નજીક, લાંબા, ઝીણા, રાતા પગ પાછળ લંબાવીને ઊડે છે અને ત્યારે પાંખોમાં અર્ધ-ચંદ્રાકારે ધોળો રંગ તથા ધોળું ઢીંઢું ચમકે છે. શરીર ઉપરથી ખાખી ભૂરા રંગનું અને પેટાળ ધોળું છે. ચાંચ મૂળમાં રાતી અને છેડેથી કાળી છે. કદમાં તેતરથી ઘણું નાનું છે.

લીલાપગો ટીમટીમા (The Greenshank) ઉપરના ભાગે વધુ ઘેરો રંગ ધરાવે છે. પેટાળ ધોળું છે. તેના પગ લીલાશ પર છે અને ઊડે છે ત્યારે પાંખમાં અર્ધચંદ્રાકાર ધોળો પટો નથી દેખાતો. **ઊલટીચાંચ**ની જેમ તેની ચાંચ પણ છેડેથી જરા ઉપર વળેલી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાનલૌવા(The Painted Snipe)ની ખાસ ઓળખાણ મારે કરાવવી જોઈએ; કારણ કે તેના જીવનમાં ઊલટીગંગા વહે છે. એમાં માદા મોટી અને સુંદર છે અને તે બહુપતિની પ્રથામાં માને છે. પ્રેમ કરીને માદા નરને રીઝવે છે અને તેને ફસાવીને પછી ઈંડાં સેવવા બેસાડી દઈ પોતે બીજા નરને ફસાવવા નીકળી પડે છે. આમ આખી વર્ષાઋતુ દરમ્યાન તે લહેરી જીવન ગાળે છે. અહીં માદા માટે નર વચ્ચે નહિ, પણ નર માટે માદા વચ્ચે સ્પર્ધા અને લડાઈ પણ થાય છે ! આવું ચારિત્ર્ય ધરાવનાર પાનલૌવાને એક અલાયદું કુળ આપવામાં આવ્યું છે એ યોગ્ય જ છે.



પાનલૌવા

પાનલૌવા આપણું સ્થાયી વતની છે અને માદા આવા રેઢિયાળ જીવનથી તથા નર બુધ્ધુ બનવા માટે શરમાતા હોય તેમ કાદવવાળા પાણીકાંઠે ઝાડીમાં તેઓ સંતાતા ફરે છે. કાટ જેવા રતૂમડા, ઝાંખા લીલા અને ધોળા રંગ વડે તેઓ સુંદર લાગે છે. આંખની આસપાસ ધોળી કિનારી શોભે છે. પણ કાદવ વચ્ચે તેઓ સ્થિર રહીને કેવાં અદૃશ્ય રહી શકે છે તે જોજો.

શિકારીઓ જે Snipeને હમેશાં શોધતા હોય છે તેનું નામ **ગારખોદ** (Common or Fantail Snipe) તથા **નાનો ગારખોદ** (The Jack Snipe). તેઓ આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે. ખાદ્ય પંખી તરીકે તેમની કિંમત છે. જાણે શિકારીની ગોળી છટકાવી નાખવા માગતા હોય તેમ તેઓ એવા વાંકાચૂંકા ઊડીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચીસો પાડતા ભાગે છે કે તેમને પાડી લેવામાં શિકારીની નિશાન-બાજીની કસોટી થાય. તે ભારે શરમાળ પક્ષી છે અને કાદવવાળા કાંઠે વનસ્પતિમાં છુપાતું ફરે છે. વહેલી સવારે અને મોડી સાંજે તે પોતાની વધુપડતી લાંબી સીધી ચીપિયા જેવી ચાંચ વડે ગારામાંથી જીવડાં પકડીને ખાતું હોય છે. સ્થિર રહીને આત્મગોપનની કળા પણ તે જાણે છે. આ બંને ગારખોદ આપણા શિયાળુ મહેમાન છે. પાન-લૌવા અને ગારખોદ બંનેનું અંગ્રેજી નામ Snipe હોવા છતાં બંનેનાં કુળ જુદાં છે.

તેતરથી જરા મોટા, છતાં પાતળી કાયા, લાંબી ડોક અને લાંબા પગના કારણે મોટા નહિ લાગતા બે જાતના **ગડેરા** (Godwits) આપણે ત્યાં શિયાળો ગાળવા આવે છે, તેમાં **કાળી પુચ્છવાળા ગડેરા** (The Black-tailed Godwit) વધુ જાણીતો છે. કાદવમાંથી જીવડાં પકડતો દેખાશે અને ઊડશે ત્યારે ટી–ઉ એવો તીણો અવાજ કરશે. બીજો છે **પટાપુચ્છ ગડેરા** (The Bar-tailed Godwit). એ બહુ જાણીતો નથી.

પટાપુચ્છ ગડેરા

બટેર જેવડાં પણ લાંબી ચાંચ અને લાંબા પગવાળા **તુતવારી**-(Sandpipers)ની કેટલીક જાતો આપણે ત્યાં ખારા અને મીઠા પાણીના કાંઠે અને કાદવકાંડે શિયાળો ગાળવા આવે છે. દિવાળીઘોડાની જેમ ટૂંકી પૂંછડીને પટપટાવ્યા કરતું અને શરીરને ઝુલાવ્યા કરતું **સામાન્ય તુતવારી** (The Common Sandpiper) બહુ ઝાંખી લીલી ઝાંયવાળા ભૂરા શરીર, સફેદ પેટાળ અને પટાવાળી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂંછડીથી ઓળખાઈ આવશે. ઊડતી વખતે ટવી-વી-વીઈ એવો તીણો મીઠો અવાજ કરે છે.

લીલું તુતવારી (The Green Sandpiper) સામાન્ય તુતવારી જેવું હોય છે. પણ ઉપર લીલી ઝાંય વધુ સ્પષ્ટ હોય છે.

લીલું તુતવારી

અને સમુદ્રની લહેરોની આગળ-પાછળ આ નાનકડાં પંખીઓ આટલી બધી ઝડપથી દોડાદોડ કરે છે તે કોણ છે?

માફ કરો ભાઈ, એ બધાને ઓળખાવવા માટે અહીં જગ્યા ક્યાં છે? જો તમારે પક્ષીજગતની અજાયબીઓ જોઈને મુગ્ધ થવું હોય, જો તમારે જ્ઞાન સાથે આનંદ મેળવવો હોય તો ઘર અને ગામ છોડીને વનવગડા અને ખેતર-પાદર જ ખૂંદવાં જોઈએ, પાણી-કાંઠે જવું જ જોઈએ.

✶

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કક્કાવારી અનુક્રમણિકા

પક્ષીનું નામ	પૃષ્ઠ
અગન (જુઓ ચંડૂલ)	
અધરંગ અથવા નીલતવ	૧૬૩
અબલખ, દરિયાઈ ...	૨૭૯
અબાબીલ ...	૧૪૧
,, સામાન્ય અથવા દેરાસરી	...૧૪૨–૪૫
,, તારોડિયું અથવા તારી અથવા લેશરા	૧૪૨–૪૫
,, મસ્જિદ	૧૪૨–૪૫
,, ભેખડ ...	૧૪૫
,, ગાર અથવા અબાલી	૧૪૬
અબાબીલ લટોરો, રાખોડી	૮૮
અંજન બગલા ...	૨૬૦
અંજન, કબૂત ...	૨૬૦
,, આસમાની ...	૨૬૧
,, ભાઠોડાનો ...	૨૬૨
,, સફેદ અથવા ખુલા	૨૬૨
,, મોટો સફેદ ...	૨૬૨
,, ફીલીચિયો ...	૨૬૨
અંજન બગલી, લીલી	૨૬૧
આડ અથવા દસાડી ...	૨૭૪
ઉલટીચાંચ ...	૨૭૭
કબૂતર	૨૧૦
,, હારિત ...	૨૧૨
કલકલિયો	૨૩૦
,, સામાન્ય ...	૨૩૧
,, કાબરો ...	૨૩૩
,, સફેદ છાતીવાળો	૨૩૫
,, ઢોંકચાંચ ...	૨૩૭
,, કાળા માથાવાળો	૨૩૮
કસ્તૂરો, આસમાની ...	૫૦
,, શ્યામશીર્ષ ...	૫૨
કંસારો અથવા ટુકટુકિયો	૬૯
,, લીલો ...	૭૨
કાકડિયો અથવા કુકડિયો–કુંભાર ...	૧૧૪
કાગડો, ઘરઆંગણાનો	૪૧
,, જંગલનો ...	૪૧
કાજિયાં અને જળકૂકડી	૨૪૫
,, નાના અથવા જળકાગડા ...	૨૪૬
,, મોટા ...	૨૪૮
કાબર	૫૩
કાનકડિયા	૧૩૫
,, કલગીવાળા ...	૧૪૦
,, પહાડી ...	૧૩૯
,, તાડી ...	૧૪૦
કાળિયોકોશી ...	૨૬
,, સફેદપેટો ...	૨૮

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાળિયો કોશી, રાખોડી કાળો ૨૯
,, ભૃંગરાજ અથવા
ભીમરાજ ... ૨૯
કાળીદેવી (જુઓ દેવચકલી)
કાંકણસાર કાળો ... ૨૫૫
,, ધોળી ... ૨૫૬
,, પાન ... ૨૫૬
કુંજ ૨૪૧
કુંજ અને કુલંગ ... ૨૩૮
કુલંગ, ધઉંલા અથવા કરકરા ૨૪૦
કૂકડો, ભૂરો જંગલી ... ૨૨૫
,, રાતો જંગલી ૨૨૫
કોયલ ... ૧૦૩
,, પરદેશી ... ૧૧૨
,, નાની રાખોડી ૧૧૩
કોયલ અને તેનાં કુટુંબીઓ ૧૦૨
ખલેલી ૨૮૦
,, નાની ... ૨૮૦
ખંજન (જુઓ દિવાળી ઘોડા)
ખુમરી (જુઓ હોલડી)
ખેરખટ્ટો અથવા ખખેડો ૯૨
ખેરો (જુઓ ગીધ, સફેદ)
ખોખડ બગલો અથવા કાણી
બગલી ... ૨૬૧
ગજપાઉં ૨૭૬
ગડેરા ૨૮૨
,, કાળીપુચ્છ ... ૨૮૨
,, પટાપુચ્છ ... ૨૮૨
ગરુડ, મચ્છીમાર ૧૯૩,૧૯૬–૯૭
ગરુડ, સાપમાર ૧૯૩,૧૯૬–૯૭
,, ચોટલિયો ... ,, ,,
,, સાંસાગર (જુઓ સાંસાગર)
ગંદમ ૧૩૨
,, કાળા માથાવાળા ૧૩૨
,, રાતા માથાવાળા ૧૩૨
,, રાખોડી માથાવાળા
અથવા પથરાળ ૧૩૩
,, કલગીવાળા ... ૧૩૩
,, લેરિયા ... ૧૩૩
ગંગામેના, ઘોડાકાબર અથવા
શિરાજી ... ૫૭
ગારખોદ ૨૮૧
,, નાનો ... ૨૮૧
ગીધ ૧૭૮
,, રાજ ૧૮૨,૧૯૬–૯૭
,, સફેદ પીઠવાળું અથવા
સામાન્ય ૧૮૩,૧૯૬–૯૭
,, બદામી ,, ,, ,,
,, સફેદ અથવા ખેરો ૧૮૪
,, ભૂખરું ... ૧૮૪
,, ડાકુ ...૧૯૬–૯૭
ઘંટીટાંકણો અથવા હુડહુડ ૭૩
ઘુવડ અને ચીબરી ... ૧૯૯
,, કરેલ અથવા
રેવીદેવીં ૨૦૨,૨૦૪
,, રેવઈ અથવા
રવાઈડાં ૨૦૨–૦૩

P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

ઘુવડ અને ચીબરી, શિંગડિયો ૨૦૨
,, માછીમાર ... ૨૦૩
ધોકડા ૨૫૮
ધોકડો, ધોળો અથવા ઊજળી ૨૫૯
,, ધોળી ડોકવાળો,
અથવા કાળીટુલ ૨૫૯
,, કાળી ડોકવાળો,
અથવા બનારસ ૨૫૯
,, ફાટીચાંચ, અથવા
ગુગલા ... ૨૫૯
ઘોડા કાબર (જુઓ ગંગામેના)
ઘોમડા અથવા કુલા ... ૨૬૪
,, કાળા માથાવાળા ૨૬૫
,, ભૂરા માથાવાળા ૨૬૫
,, કાળા ... ૨૬૫
,, પીળા પગવાળા ૨૬૬
ઘોમડી (જુઓ વા બગલી)
ઘોયરો (જુઓ કુકડિયો કુંભાર)
,, ખાખી અથવા સરકર ૧૧૩
ચકલી ૧૧૬
,, પહેલવાન, અથવા
રાજી ... ૧૧૮
,, ગુલાબી (જુઓ
તુતી, ગુલાબી)
ચકવો, મોટો ... ૨૫૪
,, નાનો ... ૨૫૪
ચક્રવાક (જુઓ બંતક)
ચટકી (જુઓ તુર્રો)
ચટવો (જુઓ તૃમ્તી)
ચરચરી (જુઓ ધાનચીડી)
ચમચો ૨૫૭
ચાતક અથવા મોતીડો ૧૧૦
ચંડૂલ અથવા ચંડોળ ૧૪૬,૧૫૧
,, ખેતરિયો ... ૧૬૦
ચંડૂલ, દેવ અથવા મલબારી ૧૫૨
,, અગન ... ૧૫૫
,, જલઅગન અથવા
નાનું ભરત ... ૧૪૮
,, આગિયા અગન ૧૫૩
,, રણનું અથવા રેતલ ૧૫૬
,, નાનું રેતલ અથવા
પુલક ... ૧૫૬
ચાતક અથવા મોતીડો ૧૧૦
ચાસ અથવા નીલકંઠ ૭૬
,, કાસ્મીરી ... ૭૮
,, ભારતીય અથવા દેશી ૭૯
ચીબરી અથવા
ભૈરવીપક્ષી ૧૯૮,૨૦૪
ચેરગ ૧૯૫
છાપું (જુઓ દશરથિયું)
છેણખોડી (જુઓ રણગોધલ્લા)
જગડ (જુઓ લગડ)
જલમાંજાર અથવા પીડો ૨૭૫
,, કાબરો ... ૨૭૫
,, કાળો ... ૨૭૬
જલમુરઘી અથવા સંતાકૂકડી ૨૭૨
,, નીલ ... ૨૭૩
,, સફેદ છાંટણાંવાળી ૨૭૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જલમુરઘી સફેદ છાતીવાળી ૨૭૩
,, હિંદી ... ૨૭૪
જળકૂકડી અથવા સર્પગ્રીવ ૨૪૯
ઝુમસ શાહી ... ૧૯૨
,, પરદેશી ૧૯૨, ૧૯૬–૯૭
,, દેશી ... ૧૯૩
ઝુમસ, નાનો ૧૯૬–૯૭
ટિટોડી ૨૫૨
,, લાલ ચહેરાવાળી ૨૫૨
,, પીળા ચહેરાવાળી ૨૫૨
,, બાટણ ... ૨૫૩
,, કાંઠલાવાળી બાટણ ૨૫૩
,, ઢોંગી બાટણ ૨૫૩
ટીકટીકી (જુઓ કુકી)
ટીમટીમા ૨૮૦
,, લાલપગો ... ૨૮૦
,, લીલાપગો ૨૮૦
ટીસો ... ૧૯૦, ૧૯૬–૯૭
ટુકટુકિયો (જુઓ કંસારો)
ડૂબકી ૨૭૨
ઢેલ (જુઓ મોર)
ઢોરબગલો ... ૨૧૨
તેલિયામેના અથવા
તિલિયરમેના... ૫૯
તુઈ (જુઓ પોપટ)
તુતવારી ... ૨૮૨
,, સામાન્ય ... ૨૮૨
,, લીલું ... ૨૮૩
તુતી, ગુલાબી ... ૧૬૪
તૂરી અથવા ચટકી ... ૧૬૨
તુરમ્તી (માદા) અને
ચટવો (નર) ૧૯૫
તેતર ૨૧૬
,, ભૂરો અથવા ખડિયો ૨૧૮
,, કાળો ... ૨૨૦
,, તલિયો ... ૨૨૦
થરથરો, કાશ્મીરી ... ૪૬
દરજીડો ૩૦
દરિયાઈ અબલખ
(જુઓ અબલખ)
દશરથિયું અથવા છાપું ૨૦૬
,, પરદેશી ... ૨૦૭
,, રેતલ ... ૨૦૮
,, સામાન્ય ... ૨૦૮
,, મોટું ... ૨૦૮
દસાડી (જુઓ આડ)
દિવાળીઘોડા અથવા ખંજન ૧૭૧
દિવાળીઘોડો, કાબરો ૧૭૩
,, શ્વેત ... ૧૭૫
દૂધરાજ અથવા શાહી
બુલબુલ ... ૧૬૧
દેવચકલી અથવા કાળીદેવી ૪૩
દૈયડ ૧
દૈયડનાં કુટુંબીઓ ... ૪૨
ધાનચીડી અથવા ચરચરી ૧૭૫
,, ઝાડનું ... ૧૭૬
,, પથરાળ ... ૧૭૬
,, દેશી ... ૧૭૭

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધાનચીડી, પીળાશવાળી ૧૭૭
ધુતાર (નર),ધોતી(માદા) ૧૯૫–૯૭
નાચણ અથવા પંખો... ૧૬૩
,, પહાડી ... ૧૬૫
નીલકંઠ (જુઓ ચાસ)
નીલકંઠી અથવા હુસેની પિદ્દો ૪૮
નીલતવ (જુઓ અધરંગ)
પતરંગા અથવા હજામડા ૧૬૭
પતરંગો, નાનો અથવા
હજામડો ... ૧૬૯
,, મોટો ... ૧૭૦
પદ્દાઈ ૧૯૩
,, રાખોડી ... ૧૯૩
,, પટ્ટી ... ૧૯૩
,, પાન ... ૧૯૩
,, વિલાયતી ૧૯૬–૯૭
પપીહા (જુઓ બપૈયો) ૧૦૭
પંખો (જુઓ નાચણ)
પાનબગલી... ... ૨૬૩
,, રતૂમડી અથવા
સુરંગી ... ૨૬૩
,, પરદેશી ... ૨૬૩
પાન લૌવા... ... ૨૮૧
પિદ્દી અથવા શ્વેતકંઠ મુનિયા ૧૩૦
પિદ્દો, કાબરો ... ૪૫
,, મેંદિયો ... ૪૭
,, પીળો ... ૪૮
,, લાલપૂંછ ... ૪૮
પિદ્દો, રણ–... ... ૪૯
,, હુસેની (જુઓ નીલકંઠી)
પીદ્દો (જુઓ જલમાંજાર)
પીળક ૯૭
,, શ્યામશિર ... ૧૦૧
પેણ અથવા ફીણબતક ૨૬૮
,, ચોટીલા ... ૨૬૮
,, ગુલાબી ... ૨૬૮
પોપટ અથવા સૂડો ... ૨૨૮
,, રાજપીપળાનો ૨૨૮
,, તુઈ ... ૨૨૯
ફીણ (જુઓ પેણ)
ફૂલચકલી અથવા સક્કરખોરો ૩૩
,, જાંબુડો ... ૩૪
,, જાંબુડી પીઠવાળો ૩૯
ફૂલરાજ ૪૦
ફૂલસૂંઘણી ૪૦
,, જાડી ચાંચવાળી ૪૦
,, પીળી ચાંચવાળી ૪૧
ફુલ્કી ૮૯
,, કાઠિયાવાડી ... ૯૧
,, કાળું પાન ... ૯૧
,, શ્વેત કંઠ, નાનું ૯૧
,, ,, મોટું ... ૯૧
,, પાન ટીકટીકી ૯૧
બગલા (જુઓ અંજન, ધોકડા, ઢોરબગલો, રાતબગલો, પાનબગલી વગેરે)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બટામટ અથવા બટાબડાં ૨૨૬
બટાવડો, મોટો ... ૨૨૭
,, વાકુ-વાકુ ... ૨૨૭
,, સામાન્ય ... ૨૨૭
,, રંગીન ... ૨૨૭
બટેર ૨૧૬
,, બિલ અથવા
હાન ૨૨૦,૨૨૨
,, ધાધસ ... ૨૨૩
બતક ૨૬૯
,, ચાથી અથવા નાની
સીસોટી ... ૨૬૯
,, ચક્રવાક અથવા
બ્રાહ્મણી ... ૨૬૯
,, ટીલાવાળી ... ૨૬૯
,, લુહાર ... ૨૭૦
,, પિયાસણુ ... ૨૭૦
,, મુરઘાબી અથવા
નાની ... ૨૭૦
,, શીંગપર અથવા
મુગુચ્છો ... ૨૭૦
,, ચેતવા ... ૨૭૦
,, ફટફજો અથવા
પગતીચાંચ ... ૨૭૦
,, લાલચાંચ ... ૨૭૧
,, લાલશિર ... ૨૭૧
,, ચોટલીવાળી કાબરી ૨૭૧
,, કારચિયા ... ૨૭૧
,, નકટો ... ૨૭૧
બપૈયો ૧૦૭
બબ્બઈ (જુઓ મેના)
બાજ, મધિયો ... ૧૯૦
,, મોર- ૧૯૧,૧૯૬-૯૭
બાદશાહ શકરો ૧૯૦,૧૯૬-૯૭
બુલબુલ ૧૨
,, સફેદ ગાલવાળું ૧૪
,, સિપાહી અથવા
લાલથોભિવાળું ૧૪
,, સફેદનેણુ અથવા ખર ૧૪
ભડકિયું (જુઓ લાવરી)
ભરત (જુઓ ચંડૂલ)
ભૃંગરાજ અથવા ભીમરાજ
(જુઓ કાળિયોકોશી)
ભેરી (માદા-ભેરી-
બચ્ચો-નર)... ૧૯૪
ભૈરવપક્ષી (જુઓ ચીબરી)
ભોંયચકલી અથવા
ડમક ચીડી ... ૧૫૭
મચ્છીમાર ૧૯૨
મચ્છીમાર ગરુડ ... ૧૯૩
માખીમાર પંખીડાં ... ૧૧૦
,, આસમાની ભૂરો ૧૬૬
,, ખાખી ... ૧૬૬
,, પીરોજી ... ૧૬૭
,, ભૂરો ... ૧૬૭
,, રાખોડી પીળો ૧૬૬
(વધુમાં જુઓ દૂધરાજ, તૂરી
અથવા ચટકી, અધરંગ
અથવા પંખો.)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુનિયા ૧૨૫
,, કાબરા ... ૧૩૨
,, લાલ અને સુરખ ૧૨૬
,, લીલા ... ૧૨૯
,, શ્વેતકંઠ અથવા પિદ્દી ૧૩૦
,, ટપકાવાળા અથવા
તલિયા ... ૧૩૧
મેના, ગંગા— ... ૫૭
,, તેલિયા, તલિયા
અથવા તિલિયર ૫૯
,, બ્રાહ્મણી ... ૬૦
(વધુમાં જુઓ કાબર)
મોતીડો (જુઓ ચાતક)
મોર અને ઢેલ ... ૨૨૫
મોર બાજ (જુઓ બાજ)
રણગોધલા અથવા છેણમોડી ૨૫૪
રણચંડૂલ (જુઓ ચંડૂલ)
રાજાલાલ ૨૩
,, નાનો ... ૨૫
,, કાબરો ... ૨૫
,, કેસરિયો ... ૨૫
,, ટૂંકી ચાંચવાળો ૨૫
રાજી (જુઓ ચકલી)
રાત બગલો ... ૨૦૮
રેતલ (જુઓ ચંડૂલ)
લક્કડખોદ... ... ૬૩
,, કાબરો ... ૬૫
,, સોનેરી પીઠવાળો ૬૬
,, બજરિયો ... ૬૮
લક્કડખોદ, કાળો ... ૬૯
,, નાનો ... ૬૯
લગડ (માદા), જગડ (નર) ૧૯૫
લટોરા ૭૯
લટોરો, દૂધિયો ... ૮૦
,, મટિયો ... ૮૨
,, પચનક અથવા કાજી ૮૪
,, પરદેશી ... ૮૪
,, રેતિયો ... ૮૫
,, કસ્યા ... ૮૬
,, કાંટનો કસ્યો... ૮૬
,, મોટો કસ્યો ... ૮૮
,, કાળા માથાનો કસ્યો ૮૮
,, અબાબીલ ... ૮૮
લર્ઝી (માદા), લર્ઝનાક
(નર) ૧૯૫, ૧૯૬–૯૭
લાવરી ૨૧૬
,, વર્ષા ... ૨૨૪
,, વન ... ૨૨૪
,, ભડકિયું ... ૨૨૪
લેલાં ૧૫
,, ભૂરાં ... ૧૯
,, પીળી આંખવાળાં ૧૯
,, શ્વેતકંઠ ... ૧૯
,, વાપી ... ૧૯
,, જંગલ ... ૧૮
,, સામાન્ય ... ૧૮
વા બગલી અથવા ધોમડી ૨૬૬
,, કાળા પેટવાળી ૨૬૬

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વા બગલી, થોભિયાંવાળી ૨૬૭
,, ઘોમડા જેવી ચાંચવાળી ૨૬૭
,, સામાન્ય ... ૨૬૭
,, દરિયાઈ ... ૨૬૭
,, નદીની ... ૨૬૭
,, નાની ... ૨૬૮
વૈયાં ૫૫
,, કાળાં (જુઓ તેલિયા અથવા તીલિયર મેના)
શકરો ૧૯૦
શમળી ૧૮૫
,, બ્રાહ્મણી અથવા શંકર ૧૮૮,૧૯૬-૯૭
,, કાબરી અથવા કપાસી ૧૮૯,૧૯૬-૯૭
શાહીન (માદા) શાહીંચા (નર) ... ૧૯૪
શિકારી પક્ષીઓ ... ૧૮૯
શોબીગી ૧૯
,, ભારતીય ... ૨૨
,, માર્શલનું ... ૨૨
શ્યામા (શામા) ... ૧૨
શ્વેતનયના ... ૨૬
સક્કરખોરા (જુઓ ફૂલચકલી)
સમડી (જુઓ શમળી)
સંતાકૂકડી (જુઓ જલસુરઘી)
સારસ ૨૪૨
સાંસાગર ... ૧૯૧, ૧૯૬-૯૭
,, પરદેશી ...૧૯૬-૯૭
સુરખાબ, બજો અથવા હુંજ ૨૬૩
,, નાના ... ૨૬૪
સુગરી ૧૧૯
હજામડો (જુઓ પતરંગો)
હરિયલ અથવા હારિત ૨૧૨
હરેવા ૨૨
,, સોનેરી માથાવાળો ૨૨
,, સામાન્ય ... ૨૨
હંસ અને રાજહંસ ... ૨૬૯
હુડહુડ (જુઓ ઘંટી ટાંકણો)
હુસેનીપિદ્દો (જુઓ નીલકંઠી)
હોલાં ૨૧૩
હોલો, વન અથવા રામ ૨૧૪
,, કાંટલાવાળો અથવા ધોળ હાલો ... ૨૧૪
,, રાતડિયો અથવા લોટણ ... ૨૧૬
હોલડી અથવા ખુમરી ૨૧૫

×

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'સસ્તુ' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

સંસ્થાનાં ઉપયોગી પ્રકાશનો

ધર્મગ્રંથો

તુલસીકૃત રામાયણ ૧–૨ ૧૦–૦
વાલ્મીકિ રામાયણ ૧–૨ ૧૧–૦
ગિરધરકૃત રામાયણ ... ૪–૮
શ્રીમદ્ ભગવતી
  (દેવી) ભાગવત ૬–૮
શ્રીશિવમહાપુરાણ ૧–૨ ૧૨–૦
એકાદશ સ્કંધ
  (શ્રીમદ્ ભાગવતનો) ૨–૮
એકાદશ સ્કંધ
  (એકનાથી ટીકા) ૬–૦
મહાભારત ભાષાંતર
  (સાત ગ્રંથોમાં) ૫૨–૦
શાંતિપર્વ–મહાભારતનું ૮–૮
શ્રીમદ્ ભાગવત ૧–૨ ૧૦–૦
વિષ્ણુપુરાણ ... ૪–૦
એકાદશ ઉપનિષદ ... ૩–૦
બૃહદારણ્યક ઉપનિષદ ૨–૦
સો ઉપનિષદો ... ૫–૦
તૈત્તિરીય ઉપનિષદ (આ.શ્રે.) ૦–૩
મોહમુદ્ગર અને બીજાં
  દશ રત્નો ... ૧–૦
શતશ્લોકી અને બીજાં
  ચાર રત્નો ... ૦–૧૨
સ્તોત્રસંગ્રહ ... ૦–૧૦
સર્વવેદાંત સિદ્ધાંત-સારસંગ્રહ ૧–૪
વિવેકચૂડામણિ ... ૧–૦

*

તુલસી રામાયણનાં
  મહાવાક્યો (આ. શ્રે.) ૦–૮
હસ્તામલકસ્તોત્ર અને
  વાક્યસુધા ... ૦–૨
પ્રશ્નોત્તરમાળા અને
  જીવન્મુક્ત આનંદલહરી ૦–૩
શિક્ષાપત્રી ૦–૬
જપજી ૦–૧૦

સ્વ. પઢિયારનાં પુસ્તકો

સ્વર્ગનો ખજાનો ... ૨–૦
સ્વર્ગનો પ્રકાશ ... ૨–૦
સ્વર્ગની સીડી ... ૨–૦
સ્વર્ગનો આનંદ ... ૨–૦
સાચું સ્વર્ગ ... ૨–૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવદ્દગીતાઓ

ભગવદ્દગીતા—પુરુષાર્થ-બોધિની ટીકા ...	૧૨—૮
શ્રીમદ્દ ભગવદ્દગીતા—શાંકરભાષ્ય ...	૪—૦
શ્રીમદ્દ ભગવદ્દગીતા—નીલકંઠી ટીકા સાથે	૩—૦
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્દગીતા	૪—૮
શ્રીમદ્દ ભગવદ્દગીતા (મોટા અક્ષરોમાં)	૦—૧૨
જ્ઞાનસત્રગીતા ... (ગુજરાતી લિપિ)...	૧—૪
શ્રીમદ્દ ભગવદ્દગીતા (ગુટકો)	૦—૬
પંચરત્નગીતા (મૂળ મૂળ)	૦—૮

*

ગીતાસાર	૦—૪
ગીતાપોથી ...	૦—૬
ગીતાસંકલન ...	૦—૩
ઉત્તરગીતા ...	૦—૬
શ્રીમદ્દ ભગવદ્દગીતા (૧૨ અને ૧૫ અધ્યાય)	૦—૩
અવધૂતગીતા	૧—૪
અષ્ટાવક્રગીતા	૦—૮
પાંડવગીતા ...	૦—૪

ધર્મકથા—પ્રાર્થના

શ્રીચંડીપાઠ ...	૧—૪
શ્રીસત્યનારાયણની કથા	૦—૧૦
નિત્યપાઠ (સાદું પૂંઠું)	૦—૧૨
શ્રીએકાદશીમાહાત્મ્ય	૧—૮
જપ અને નામસ્મરણ	૧—૦
તુકારામગાથા ૧—૨	૬—૦
આખ્યાનમાળા (ભાગ ૧લો)	૩—૦
સંતની વાતો ...	૧—૮
સંતોની અનુભવ—વાણી	૧—૮
શ્રી રામકૃષ્ણ વાર્તાલાપ (પુ. ૧લું)	૨—૮
,, ,, (પુ. ૨જું)	૨—૦
તુલસીસતસઈ ...	૧—૮
સદ્દબોધસરિતા ...	૧—૮
પ્રભુમય જીવનનું રહસ્ય	૧—૦
પ્રભુમય જીવન	૦—૧૨
મનોબોધ	૦—૮

*

શિવમહિમ્નઃસ્તોત્ર	૦—૮
શ્રીવિષ્ણુસહસ્રનામ ...	૦—૪
હનુમાનચાલીસા ...	૦—૧
ગજેન્દ્રમોક્ષ ...	૦—૬
ભગવત્પ્રસાદ ...	૦—૪
કંઠાભરણમ્ ...	૦—૩
નારદનાં ભક્તિસૂત્રો ...	૦—૩
યક્ષ ને યુધિષ્ઠિર ...	૦—૩
ગંગામાતા ...	૦—૬
દત્તાત્રેય અવધૂત ...	૦—૪
મણિરત્નમાળા ...	૦—૧॥

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

વેદાંત–તત્ત્વજ્ઞાન

યોગવાસિષ્ઠ
મહારામાયણ ૧–૨ ૧૪–૦
પક્ષપાતરહિત અનુભવપ્રકાશ ૫–૦
પંચદશી ૪–૮
તત્ત્વાનુસંધાન ... ૩–૦
વિચારસાગર ... ૩–૦
પાતંજલ યોગસૂત્ર ... ૧–૦
ધર્મજ્યોતિ (સ્વામી
પ્રકાશાનંદજી) ... ૧–૮
વેદાંત–રસબિંદુ ... ૦–૧૨
મનુષ્યધર્મ... ... ૨–૦
શ્રીવેદાંતમાર્ગદર્શિની ૧–૮
સનાતન ધર્મ ... ૧–૦
મહાવાક્યરત્નાવલી ... ૦–૧૨
સૂર્યકાંત ૨–૦
આત્મસાક્ષાત્કારની કસોટી ૧–૪
પંચીકરણ ૨–૦
જીવન્મુક્તિવિવેક ... ૧–૪
સ્વરૂપવિચાર ... ૦–૧૦
મોક્ષમાળા ૧–૪
યુક્તિપ્રકાશ ... ૧–૮
ભક્તિયોગ (વિવેકાનંદ) ૨–૦
કપિલ અને દેવહૂતિ ૦–૧૦

જીવનસંગ્રામ ... ૦–૮

*

જ્ઞાનનાં ઝરણાં ... ૦–૩
સ્વપ્નમાં ૦–૮
લઘુ યોગવાસિષ્ઠસાર ... ૦–૬
જ્ઞાનલહરી ૦–૮
વિચારસાગર (પદ્ય)... ૦–૬
દૃગ્દૃશ્યવિવેક ... ૦–૨
ધ્યાન અને જ્ઞાન ... ૦–૩
યોગવાસિષ્ઠનાં સૂત્રો ૦–૪
તંત્રની સાધના ... ૦–૪
ઉચ્ચ જીવન ... ૦–૪
શ્રીરામકૃષ્ણ વાર્તાલાપ ૧લો ૦–૮
વિચારમાળા ... ૦–૮
બળવાન બનો ... ૦–૧૨
સત્સંગમાળા ... ૦–૬
બોધમાળા ... ૦–૩
સમાધિશતક ... ૦–૮
જ્ઞાનેશ્વર ને ચાંગદેવ... ૦–૬
પ્રવાસી ૦–૬
પુરોગામી ૦–૪
ગીતાંજલિ ... ૦–૬
શાંડિલ્ય ભક્તિસૂત્ર ૦–૬
મદાલસા અને અલર્ક ૦–૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્ત્રી તથા બાળોપયોગી પુસ્તકો

ભારતનાં સ્ત્રીરત્નો ...	૩–૦
મહાસતી વૃંદા ...	૧–૦
નળાખ્યાન ...	૧–૦
ઓખાહરણ ...	૦–૮
શ્રી શારદામણિદેવી	૦–૮
ગૃહિણી	૧–૦
સુખી જીવનની પગદંડી (અથવા ગૃહજીવનનું માંગલ્ય)	૧–૮
કલ્યાણમયી	૧–૮

*

બાળક	૧–૪
ગૃહજીવનની કલા ...	૦–૧૨
મીરાં દાસી જનમજનમકી	૦–૧૨
કંકુ ને કન્યા	૧–૪

•

મેનાવતી ને ગોપીચંદ તથા ભર્તૃહરિ ને વિક્રમ	૦–૩
જેસલ–તોરલ તથા જાલંધર–ગોપીચંદ	૦–૪
મદાલસા અને અલર્ક	૦–૫
શ્રમણ નારદ અને પાંડુ ઝવેરી	૦–૩
સુશીલા	૦–૪
પ્રેમપંથ–ભાગ ૧–૨	૦–૭
દયાળુ માતા	૦–૪
મદન–મોહના	૦–૪
દુષ્યંત ને શકુંતલા અને બીજી વાતો ...	૦–૬
ધાવણની ધાર ને બીજી વાતો ...	૦–૩
બાલભારત	૧–૮
બાલરામાયણ	૧–૦
બાલસદ્બોધ	૦–૮
વિદ્યાર્થી	૦–૮
વિક્રમની વાતો ...	૨–૮
બિરબલ અને બીજા ...	૨–૦
ધર્મની બાળપોથી ...	૦–૬
વાંચો, વિચારો ને અનુસરો	૦–૧૨
બોધક જીવનપ્રસંગો	૦–૮
પ્રમાણિક બાળકો ...	૦–૫
દયાળુ બાળકો ...	૦–૬
કુમાર કથાઓ ...	૦–૮
આદર્શ બાળકો ...	૦–૬
વીર બાળકો ...	૦–૬
વીર બાળાઓ ...	૦–૫
સદ્ગુણી બાળકો ...	૦–૧૦
ઠંડા પહોરની વાતો ...	૦–૧૨
બરાસ–કસ્તૂરી ...	૦–૮
સુંદર કામદારની વાર્તા	૦–૧૨
ઈસપની બાલવાર્તાઓ	૧–૪

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભીમનાં પરાક્રમો ...	૧–૮
ગદાધારી ભીમ ...	૨–૪
વિશ્વની વિચિત્રતાઓ	૦–૧૨
જગતમાં જાણવા જેવું	૦–૧૨
હાસ્યતરંગ	૦–૧૨
પ્રકાશનાં પગલાં (સચિત્ર)	૦–૧૨
સાહસકથાઓ ...	૦–૧૨
પાંચ લોકકથાઓ ...	૧–૮
વૈતાલની વાતો ...	૧–૮
નાની નાની વાતો ...	૧–૪
*	
કાકાનો સંજય ...	૧–૧૨
રાજર્ષિ	૨–૦
*	
વસંતનું આગમન ...	૦–૪
આકાશના તારા ...	૦–૬
અમારા માધવકાકા ...	૦–૩
સૌથી પહેલા દાદાજી...	૦–૬
કુણાલ	૦–૮
ધાણીચણા ...	૦–૪
બાળકોનો આનંદ ...	૦–૩
બાળકોની રીતભાત ...	૦–૪
બાળકોના આચાર ...	૦–૪
સદ્બોધવાટિકા ...	૦–૩
પ્રૌઢ વાચનપોથી ...	૦–૪
પ્રૌઢ વાચનપૂર્તિ ...	૦–૪
શિશુસાથી ભા. ૧–૨–૩ દરેકના ...	૦–૨
દેશપાઠો	૦–૪
રસપોળી	૦–૪
વિધિના લેખ અને બીજી વાતો	૦–૫
સમીસાંજની વાતો ...	૦–૬
ધીરામારુની વાર્તા ...	૦–૫
ઢોલામારુ ...	૦–૬
સિંદબાદનાં સાહસો ...	૦–૮
એક હતો શેઠ... ...	૦–૪
એક હતાં શેઠાણી ...	૦–૮
કચ્છુ અને બચ્છુ ...	૦–૬
રમૂજી ટુચકા ...	૦–૬
કેરીની મોસમ અને બીજી વાતો ...	૦–૫
નંદબત્રીસી ...	૦–૫
તરંગલોલા ...	૦–[illegible]
બાળકોની વાતો (ભાગ ૧લો)	૦–[illegible]
સદ્ગુણી પુત્રી ...	૦–

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો :

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકીર્ણ ગ્રંથો

પાઘડીનો વળ છેડે ૧ાા

સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જે અનર્થો સર્જાઈ રહ્યા છે તેનું આ પુસ્તકમાં લેખકે પોતાની રોચક અને મર્મવેધી કટાક્ષયુક્ત શૈલીથી ચિત્રણ ચીતર્યું છે અને સાથે સાથે સમાજ અને દેશની શુદ્ધિ તથા ઉન્નતિ માટે શું કરવું જોઈએ તે દિશામાં વેધક પ્રકાશ પાડ્યો છે.

સાહિત્ય પ્રવેશિકા ૨ાા

ગુજરાતી ભાષા-સાહિત્યના ઇતિહાસમાં પ્રવેશ કરાવતા આ પુસ્તકમાં ગુજરાતી ભાષાની ઉત્પત્તિથી માંડીને આજ સુધીનો તેનો ઉત્તરોત્તર વિકાસ આપેલો છે.

ભારતીય શિલ્પકળા ૦ાૅ

શ્રી રવિશંકર મ. રાવળના આમુખ સાથે, ભારતીય શિલ્પકળા વિષેની સંપૂર્ણ માહિતી આપતા, તેમજ આપણી પ્રાચીન શિલ્પપ્રતિમાઓમાં આકારબદ્ધ થયેલ કલાતત્ત્વ, ભાવસંનિવેશ અને ચેતનાઓનું રસદર્શન રજૂ કરતા નિબંધો.

હિંદુસ્થાની સંગીત ૦ાા

સંગીત શીખનાર માટે રાગરાગિણીનો પરિચય તથા તાલ વગેરેની સમજ આપતું પ્રથમ પુસ્તક, જેમાં શાસ્ત્રીય રાગોનો અભ્યાસ આપવામાં આવ્યો છે.

અંતર નિરીક્ષણ ૧)

સરળ સંવાદાત્મક શૈલીમાં સ્વાર્થથી માંડીને પરમાર્થના વિષયોમાં લેખકના સ્વાનુભવ સાથે માર્ગદર્શન આપતું પુસ્તક.

વ્યાયામ અને સૂર્યનમસ્કાર ૦ાા

અનાદિકાળથી સૂર્યનમસ્કાર એ ધાર્મિક ક્રિયા તરીકે મનાયેલ છે. લેખકે સૂર્યનમસ્કાર કેમ અને કેવી રીતે કરવા તેની રીતો તથા તેનાથી શરીર પર થતી જુદી જુદી અસરોને તલસ્પર્શી રીતે રજૂ કરી છે.

સુખ, સામર્થ્ય ને સમૃદ્ધિ અને વિચારોના ચમત્કાર ૩)

વિચારોના ફેરફારથી મનુષ્યનાં શરીર અને ચારિત્ર્યમાં કેવી રીતે પલટો થાય છે અને નિરાશ થયેલાઓને એમાંથી કઈ રીતે ઉત્સાહ અને ચેતના મળે છે, તે સમજાવતો ગ્રંથ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust